૨૧૮ અદેવ.

# કામરેજ લઘુ વિસ્તાર આયોજન

## ( જિલ્લો સુરત )

અહેવાલ લેખન :

સાયમન ફ્રા. મેકવાન

સંકલન :

ડૉ. ઠા. ભા. નાયક

ડૉ. સિદ્ધરાજ સુ. સોલંકી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૮૭

૨૧૮

# કામરેજ લઘુ વિસ્તાર આયોજન

( જિલ્લો સુરત )


અહેવાલ લેખન :

સાયમન ફ્રા. મેકવાન

સંકલન :

ડૉ. ઠા. ભા. નાયક

ડૉ. સિદ્ધરાજ સુ. સોલંકી



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૮૭



૨૧૮

## અ નુ ક્ર મ ણિ કા


| પ્રકરણ નં. | વિગત | પાન નંબર |
| --- | --- | --- |
| ૧. | પ્રારંભ | ૧ થી ૧૪ |
| ૨. | પૃષ્ટભૂમિ | ૧૫ થી ૪૧ |
| ૩. | કામરેજ લઘુ વિસ્તારની સામાજિક સંરચના | ૪૨ થી ૬૪ |
| ૪. | કામરેજ લઘુ વિસ્તારની અર્થવ્યવસ્થા | ૬૫ થી ૧૧૭ |
| ૫. | કામરેજ લઘુ વિસ્તારના આયોજનના સિધ્ધાંતો અને હેતુઓ | ૧૧૮ થી ૧૩૬ |
| ૬. | કામરેજ લઘુ વિસ્તારનું આયોજન | ૧૩૭ થી ૧૪૩ |
| ૭. | સુચનો અને ભલામણો | ૧૪૪ થી ૧૬૩ |
| | પ્રરિશિષ્ટ -૧ | |
| | '' ૨ | |
| | '' ૩ | |
| | '' ૪ | |

# કોઠાની યાદી


| કોઠા ક્રમાંક | વિગત |
| --- | --- |
| ૩:૧ | પસંદ કરાયેલા ગામોની જાતિવાર વસતિ |
| ૩:૨ | પસંદ કરાયેલા કુટુંબોના સભ્યોનું વયજૂથ મુજબ વર્ગીકરણ |
| ૩:૩ | પસંદ કરાયેલા કુટુંબોના સભ્યોનું વૈવાહિક દરજ્જા મુજબ વર્ગીકરણ |
| ૩:૪ | પસંદ કરાયેલા કુટુંબોના સભ્યોનું શિક્ષણ |
| ૩:૫ | પસંદ કરાયેલા કુટુંબોના ભણતા બાળકોની સંખ્યા |
| ૪:૧ | પસંદ કરાયેલા કુટુંબોના રહેઠાણની વિગતો-૧ |
| ૪:૨ | પસંદ કરાયેલા કુટુંબોના રહેઠાણની વિગતો-૨ |
| ૪:૩ | પસંદ કરાયેલા કુટુંબોની ઘરવખરી-(વાસણો) |
| ૪:૪ | પસંદ કરાયેલા કુટુંબોની અન્ય ઘરવખરીની વિગતો |
| ૪:૫ | પસંદ કરાયેલા કુટુંબોની માલિકોની જમીનની વિગતો |
| ૪:૬ | પસંદ કરાયેલા કુટુંબોની માલિકીના વૃક્ષોની વિગતો |
| ૪:૭ | પસંદ કરાયેલા કુટુંબોના પશુધનની વિગતો |
| ૪:૮ | પસંદ કરાયેલા કુટુંબોના ખેતીસાધનોની વિગતો |
| ૪:૯ | પસંદ કરાયેલા કુટુંબોની અન્ય અસ્કયામતોની વિગતો |
| ૪:૧૦ | પસંદ કરાયેલા કુટુંબોના સભ્યોનું મુખ્યધંધા અને ગૌણધંધા મુજબ વર્ગીકરણ |
| ૪:૧૧ | પસંદ કરાયેલા કુટુંબોના સભ્યોનું કમાનાર અને નહિંકમાનાર મુજબ વર્ગીકરણ |
| ૪:૧૨ | પસંદ કરાયેલા કુટુંબોના કમાનાર સભ્યોનું ધંધા મુજબ વર્ગીકરણ |
| ૪:૧૩. | પસંદ કરાયેલા કુટુંબોની સાધનવાર આવક |
| ૪:૧૪ | પસંદ કરાયેલા કુટુંબોની ચોખ્ખી આવક |
| ૪:૧૫ | પસંદ કરાયેલા કુટુંબોનું વપરાશી ખર્ચ |
| ૪:૧૬ | પસંદ કરાયેલા કુટુંબોનું દેવું |
| ૪:૧૭ | પસંદ કરાયેલા કુટુંબોના દેવાના હેતુઓ |
| ૫:૧ | પસંદ કરાયેલા કુટુંબોને મળેલ લાભની વિગતો |
| ૫:૨ | પસંદ કરાયેલા કુટુંબોની જરૂરિયાતોની વિગતો |

# પ્રકરણ - ૧

## પ્રારંભ

### ગુજરાતના આદિવાસીઓ :

દેશમાં આદિવાસી વિસ્તારો ધરાવતા રાજ્યોમાં ગુજરાતનું સ્થાન ગણનાપાત્ર રહયું છે. ૧૯૭૧ની વસતિ ગણતરીમાં વસતિની દ્રષ્ટિએ ગુજરાતનો ક્રમ ચોથો હતો.

૧૯૮૧ની વસતિગણતરી મુજબ રાજયમાં કુલ વસતિ ૩૪૦૮૫૦૭૯૯ની હતી જેમાં આદિવાસી વસતિ ૪૮૪૮૫૮૬ની હતી જે કુલ વસતિના પ્રમાણમાં ૧૪.૨૨% હતી. આ રીતે જોતાં ગુજરાતમાં આદિવાસી વસતિ એક મહત્વનું લક્ષણ છે. ગુજરાત રાજયના આઠ જિલ્લાઓમાં આવેલા ૩૩ તાલુકાઓમાં આદિવાસી વસતિનું પ્રમાણ વધુ હોવાથી આદિવાસી વિસ્તાર તરીકે જાહેર કરાયેલા છે.

બિનઆદિવાસી લોકોની જેમ આદિવાસીઓમાં પણ આમુલ પરિવર્તન આવી રહયું છે. વળી તેઓએ પણ અનેકવિધ સમસ્યાઓનો સામનો કરવો પડતો હોવાથી આદિવાસીઓની જંગલમાં રહેતા માનવી તરીકેની ઓળખમાં ફેરફાર થયો છે. જંગલોનો નાશ અને તેમની જમીનો ઉદ્યોગો અને સિંચાઈ યોજનાઓમાં મોટા પાયે જતી રહેવાને કારણે તેમના જીવનને ભારે અસર પહોંચી છે. તેમને સ્થળાંતર કરવાની જરૂરિયાત ઉભી થઇ છે અથવા ફરજ પડી છે. આમ તો પરિભ્રમણ કરવાની ટેવ તો તેમના જીવનમાં વણાયેલી છે. પરંતુ પોતાનો નિર્વાહ ચલાવવા માટે મજૂરી મેળવવા બીજા સ્થળે સ્થળાંતર કરવુ એ પરિવર્તનની પ્રક્રિયામાંથી ઉદ્દભવેલી બાબત છે. આજે 'જંગલનો આદિવાસી' વિશાળ જનસમુદાયમાં રહેતો થયો છે. આજે આદિવાસી જંગલથી માંડીને મોટા શહેરોના અદ્યતન વિસ્તાર સુધી રહેતો થયો છે. અથવા બીજા શબ્દોમાં એમ કહી શકાય કે ફરજ પડી છે.

૧:૧. આપણે જોયું કે આદિવાસીઓમાં પરિવર્તનની પ્રક્રિયાને કારણે તે માત્ર 'જંગલનો માનવી' ન રહેતા જુદા જુદા સ્થળે રહેતો થયો છે અને ત્યાં પોતાનું આગવું વ્યકિત્વ ઉભું કર્યું છે.

હાલમાં આદિવાસીઓ જે જુદા જુદા સ્થળોએ વસવાટ કરે છે તેને નાના-મોટા પાંચ વિભાગોમાં વહેંચી શકાય. સરકારી વહીવટીતંત્રે પણ તેમને આ રીતે વહેંચ્યા છે.

(ક) સંપૂર્ણ આદિવાસી વિસ્તાર :

જે વિસ્તારમા લગભગ પૂરેપૂરા (સંપૂર્ણ પણે) આદિવાસીઓ વસવાટ કરતા હોય તેનો સમાવેશ આ પ્રકારમા થઇ શકે ગુજરાતમા માત્ર ડાંગ જિલ્લો આ વિભાગમા આવી શકે. ૧૯૮૧ની વસતિગણતરી મુજબ ડાંગ જિલ્લામા કુલ વસતિના ૯૨.૩૧% વસતિ આદિવાસીઓની હતી. આ રીતે આ વિસ્તાર આ પ્રકારમા ગણાવી શકાય.

(ખ) આદિવાસી વિસ્તાર :

વહીવટી પરિભાષા મુજબ રાજયના જે જિલ્લામાં તેની કુલ વસતિની ૫૦% આદિવાસી વસતિ હોય તેને આદિવાસી જિલ્લા તરીકે ગણવામાં આવે છે. તેમ છતા આદિવાસી જિલ્લા જાહેર થયેલા જિલ્લામા આવેલા તાલુકાઓમા પણ જે તાલુકામાં કુલ વસતિના ૫૦% વસતિ આદિવાસી હોય તેની આદિવાસી તાલુકા તરીકે ગણતરી થાય છે. ગુજરાતમા પૂર્વ વિભાગમા આવેલા બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ,વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ અને ડાંગ જિલ્લાઓમા આવેલા ૩૩ તાલુકાઓ આદિવાસી તાલુકા તરીકે ગણાય છે. આ વિસ્તારો મોટા ભાગે જંગલ અને પહાડી વિસ્તાર સાથે સંકળાયેલા છે.

(ગ) લઘુ વિસ્તાર : (Pocket Area )

આદિવાસીઓમા સ્થળાંતર વ્યાપક હોય છે પરંતુ ઘણી મોટી સંખ્યામા આદિવાસીઓ દૂર દૂર સુધી સ્થળાંતર કરવાનુ ટાળે છે. તેઓ તેમના મૂળવતનથી નીકળીને થોડા દૂરના ગામોમાં જાય છે કે જ્યા તેમને જીવન નિર્વાહ ચલાવવા માટેનો આધાર મળી શકે.

લઘુ વિસ્તારને બિનઆદિવાસી તાલુકાના ચોકકસ ગામોમાં કુલ વસતિના ૫૦% વસતિ આદિવાસીઓની હોય અથવા તો એક વિભાગની આદિવાસી વસતિનું પ્રમાણ ૧૦,૦૦૦થી વધીજાય તો આવા ગામોના બનેલા જૂથને લઘુ વિસ્તાર તરીકે ઓળખવામાં આવે છે. લઘુ વિસ્તારના ગામોના સૌથી વધુ આદિવાસી વસતિ ધરાવતા ગામના નામ ઉપરથી જે તે લઘુ વિસ્તારનું નામ નકકી

..૩..

કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં હાલમાં આવા ૧૭ લઘુ વિસ્તારો છે. અને તેમાંના એક કામરેજ લઘુ વિસ્તારને ધ્યાનમાં રાખીને આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

(ધ) છૂટાછવાયા આદિવાસીઓ : (Dispersed Tribals)

આ દિવાસી વિસ્તાર અને લઘુ વિસ્તાર ઉપરાંત અનેક ઠેકાણે તેઓ છુટાછવાયા વિસ્તારોમાં પણ વસવાટ કરે છે. કચ્છ જિલ્લામાં આવેલા કોળી આદિવાસીઓ છૂટાછવાયા વિસ્તારોમાં વસવાટ કરે છે. આ સિવાય પણ અનેક ઠેકાણે છૂટાછવાયી રીતે રહેતા જોવા મળે છે.

(ચ) શહેરના આદિવાસીઓ :

જે આદિવાસીઓ પોતાના વિસ્તારમાંથી અથવા તો આસપાસના વિસ્તારમાંથી જીવન નિર્વાહ પૂરતી મજૂરી મેળવી શકયા નથી તેઓ રોજગારોની શોધમાં અથવા તો દશકાઓ પૂર્વે રોજીની શોધમાં શહેરમાં આવેલા અને ત્યારબાદ કાયમી ધોરણે ત્યાં સ્થિર થઈ ગયેલા આ દિવાસીઓનો આ વિભાગમાં સમાવેશ થાય છે. બાવરા અને પારધી જાતિના આદિવાસીઓ તો સંપૂર્ણપણે શહેરી આદિવાસીઓ બની ગયા છે.

આમ તેમની વસતિને ધ્યાનમાં રાખીને જુદા જુદા પેટા-વિભાગો પાડવામાં આવ્યા છે તેમાં લઘુ વિસ્તાર પણ એક પેટા-વિભાગ છે.

૧:૨. લઘુ વિસ્તાર આયોજન :

દેશના રાજ્યબંધારણમાં દર્શાવેલા રાજનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ રાજ્યને સમાજના નબળા અને કચડાયેલા વર્ગો જેની અનુસૂચિ તૈયાર કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખવામાં આવે છે. તેમના કલ્યાણ અને વિકાસ માટે પૂરતા પ્રયાસો કરવા એવું સ્પષ્ટ સૂચવવામાં આવ્યું છે. આ હેતુ સિધ્ધ કરવા માટે પંચવર્ષિય યોજનાઓમાં જુદી જુદી યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મુકવામાં આવ્યા છે.

અનુસૂચિત જનજાતિના કલ્યાણ અને વિકાસના સંદર્ભમાં છઠ્ઠી પંચવર્ષિય યોજના અગાઉની તમામ પંચવર્ષિય યોજનાઓમાં આદિવાસી

વિસ્તાર તરીકે જાહેર થયેલા જિલ્લાઓ અને તાલુકાઓ પૂરતુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હતું. તેમનામાં વધતા જતા સ્થળાંતરના વ્યાપને કારણે તેમને પહોંચી વળવા માટે નવીન અભિગમો અને માર્ગો શોધવાની જરૂરિયાત ઉભી થઈ હતી.

છઠ્ઠી પંચવર્ષિય યોજનામાં આદિવાસી વિસ્તાર સિવાયના લઘુવિસ્તારમાં આવેલા આદિવાસીઓના કલ્યાણ અને વિકાસ ઉપર ખાસ ધ્યાન આપવાનું નક્કી કરવામાં આવ્યુ હતું. પરંતુ કમનશીબે છઠ્ઠી પંચવર્ષિય યોજના દરમિયાન આ દિશામાં કશી પણ કામગીરી થઈ શકી નહોતી. આ એક ખૂબજ મહત્વનું પાસું હોવાથી તેના પ્રત્યે દુર્લક્ષ્ય પણ ન રાખી શકાય. તેથી સાતમી પંચવર્ષિય યોજનામાં આ દિશામાં કામ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

લઘુ વિસ્તાર અને તેમાં વસતા આદિવાસીઓ અને આદિવાસી વિસ્તારોમાં વસતા આદિવાસીઓ વચ્ચે કોઈ મૂળભૂત ભિન્નતા નથી બલ્કે ઘણી સામ્યતા જોવા મળે છે, તેમ છતા કલ્યાણ અને વિકાસના અભિગમ સાથે નિસ્બત છે ત્યાં સુધી અનેક પાસાઓ આગવા અને વિભિન્ન છે. લઘુ વિસ્તારના આદિવાસીઓની સમસ્યાઓ એક સરખી હોવા છતાં તેમાં ઘણી ભિન્નતા જોવા મળે છે. બન્ને વિસ્તારમાં વસતા આદિવાસીઓમાં ગરીબાઈની સમસ્યા છે તેમાં જંગલ વિસ્તારમાં વસતા આદિવાસીઓ અર્ધભૂખમરા અને ભૂખમરાની પરિસ્થિતિને આસપાસના જંગલમાંથી ભાજીપાલો લાવીને સામનો કરે છે જ્યારે લઘુ વિસ્તારના આદિવાસીઓમાં ભુખમરાની સ્થિતિ નથી પરંતુ અર્ધભૂખમરાની સ્થિતિનો સામનો કરવા પોતાના ધણિયામાના ઘેરથી મળતા રાંધેલા ખોરાક ઉપર આધાર રાખવાનો રહે છે. અથવા બીજી વ્યવસ્થા વિચારવાની રહે છે. આ ઉપરાંત બંને વિસ્તારમાં વસતા આદિવાસીઓમાં અર્ધબેરોજગારી અને બેરોજગારીની સમસ્યા રહેલી છે જેમાં આદિવાસી વિસ્તારમાં વસતા આદિવાસીઓને જંગલમાં અને ખેતરમાં મજૂરીની તકો ઉભી કરીને અથવા જીવન ઉપયોગી વસ્તુઓ બનાવીને આ પરિસ્થિતિ નિવારી શકાય છે જ્યારે લઘુ વિસ્તારના આદિવાસીઓમાં થોડું શિક્ષણ છે નવા ધંધાઓ છે, આવડત છે, દ્રષ્ટિ છે. તો તેમનામાં અર્ધબેરોજગારી અને બેરોજગારીની સમસ્યા ઉકેલ

..૫..

માટે આ પાસાંઓને તરફ ખ્યાલમાં રાખવાના રહે છે. આ બન્ને વિસ્તારના આદિવાસીઓમાં આગવી વિશિષ્ટતા રહેલી છે. આમ લઘુ વિસ્તારમાં વસતા આદિવાસીઓના કલ્યાણ અને વિકાસ માટે ખાસ પ્રકારના આયોજન કરવાની તાતી જરુરિયાત છે. આ જરુરિયાતને ધ્યાનમાં રાખીને લઘુ વિસ્તારમાં વસતા આદિવાસીઓના સામાજિક, આર્થિક અને સાસ્કૃતિ સર્વેક્ષણ સહિત આયોજન તૈયાર કરવા માટે સર્વેક્ષણ કરવાનું અનિવાર્ય હતું. આમ ઉપરોકત પાસાંઓ ધ્યાનમાં રાખીને જુદા જુદા લઘુ વિસ્તારોનું સર્વેક્ષણ કરવાનું નકકી કરવામાં આવ્યું હતું. સર્વેક્ષણ બે ગાળામાં જેમાં પ્રથમ ગાળામાં ૧૦ લઘુ વિસ્તારો અને બીજા ગાળામાં ૭ લઘુ વિસ્તારોનું સર્વેક્ષણ ~~કરવાનું~~ કેન્દ્ર ધ્વારા કરાવવામાં આવ્યું હતું. પ્રથમ ગાળાના લઘુ વિસ્તારોમાં અમને સુરત જિલ્લાના કામરેજ તાલુકાના લઘુ વિસ્તારના સર્વેક્ષણ અને આયોજન તૈયાર કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. અને આ સંદર્ભમાં કરેલા સર્વેક્ષણના આધારે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

## ૧:૩. આયોજન અભ્યાસના હેતુઓ :

આયોજન અભ્યાસમાં સમાવેશ કરાયેલા પાસાંઓને ધ્યાનમાં રાખતાં અભ્યાસ માટે નીચે પ્રમાણેના હેતુઓ ધ્યાનમાં રાખવામાં આવ્યા હતા.

(ક) કામરેજ લઘુ વિસ્તારના પસંદ કરાયેલા ગામો સહ સમગ્ર તાલુકાનો ખ્યાલ મેળવવો.

(ખ) પસંદ કરાયેલા ગામોના પસંદ કરાયેલા કુટુંબોના સામાજીક આર્થિક સર્વેક્ષણ ધ્વારા તેમનું સામાજીક અને આર્થિક જીવન તપાસવું. ખાસ કરીને હાલમાં તેઓ કયા કયા વ્યવસાયો કરે છે? તેમાંના પરંપરાગત કયા છે અને નવા કયા છે? તેનો ખ્યાલ મેળવવો અને આ વ્યવસાય માટે જરૂરી કૌશલ્યતા થોડે અંશે પ્રાપ્ત કરી છે? આમ તેમના વ્યવસાયના સંદર્ભમાં બીજા અનેક પાસાઓ વણી લઈ તેમના આર્થિક જીવનની વિશેષ વિગતો એકઠી કરવી.

(ક) કામરેજ લઘુ વિસ્તારના ગામોમાં વસતા બિન-આદિવાસીઓ અને આદિવાસીઓ વચ્ચેના સંબંધો ખાસ કરીને આર્થિક સંબંધોનો ખ્યાલ મેળવવો અને આ સંબંધો આયોજન માટે કેટલે અંશે ઉપયોગી થઈ પડે એ દિશામાં પણ વિચારણા કરવી.

(ધ) સાતમી પંચવર્ષિય યોજના દરમિયાન કામરેજ લઘુ વિસ્તારના ઓછામાં ઓછા ૫૦% કુટુંબોને ગરીબાઈની રેખાની બહાર લાવી શકાય એ માટે રોજગારીની તકો કેવી રીતે ઉભી કરી શકાય? એ માટેનું આયોજન તૈયાર કરવું અને આવું આયોજન ~~ઉંડાણના~~ લઘુ સ્તરનું ( Micro-level) રહે એ પ્રમાણે કરવું.

૧:૪. <u>સંશોધન પ્રવૃત્તિઓ અને પધ્ધતિઓ :</u>

લઘુ વિસ્તારના આયોજન સર્વેક્ષણ માટે દરેક વિસ્તારના વધુ મોટા એવાં પાંચ ગામો નકકી કરવાં અને આ ગામો નકકી કરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવું કે આ ગામો વિસ્તારના વ્યાપને મળી શકે તેમજ તાલુકાના મથકથી ઓછામાં ઓછા ૧૦ કિ.મી. દૂર અને ઉંડાણના વિસ્તારમાં આવેલા હોય એવાં ગામો પસંદ કરવા એવી નીતિ સ્વીકારવામાં આવી હતી. આ નીતિ ધ્યાનમાં રાખીને કામરેજ લઘુ વિસ્તારના આયોજન સર્વેક્ષણ માટે ~~લોટરી~~ દૈવનિદર્શ પધ્ધતિથી નીચે પ્રમાણેના પાંચ ગામો પસંદ કરવામાં આવ્યા હતા.

(૧) વેલંજી (૨) દેલાડ (૩) શામપુરા

(૪) મોરથાણા અને (૫) ડુંગરા

પસંદ કરાયેલા ગામોની વિગતો આગળ તપાસીશું.

<u>કુટુંબની પસંદગી :</u>

~~લોટરી~~ દૈવનિદર્શ પધ્ધતિ ધ્વારા નકકી થયેલા ગામોના કુટુંબોને આયોજન અભ્યાસ માટે પસંદ કરવાના હતા. કુટુંબની પસંદગીમાં આર્થિક માપદંડ રાખવામાં આવ્યા હતો. દરેક ગામમાંથી ૨૦ કુટુંબો પસંદ કરવા એટલે પાંચે ગામોના કુલ કુટુંબોની સંખ્યા ૧૦૦ થાય.

કુટુંબોની પસંદગી કરવા માટે પ્રથમ, પસંદ કરાયેલ ગામમાં આવેલી પંચાયત કચેરીએથી કુટુંબના ધંધા, જેવાકે ખેતી, ખેતમજૂરી, પશુપાલન, ગૃહઉદ્યોગ, માછીમારી, હીરાઘસુ એમ ગામની પરિસ્થિતિ આધારે ધંધાઓ અને તેમાં જોડાયેલા કુટુંબોની સંખ્યા નકકી કરી યાદી બનાવવી અને દરેક વ્યવસાય જુથમાંથી ચોકકસ ટકાવારી નકકી કરવી અને ટકાવારીના આધારે યાદીના ક્રમમાં આવતા કુટુંબને પસંદ કરાયેલ કુટુંબ તરીકે સ્વીકારવું. દા.ત. એક ગામમાં ૫૦ કુટુંબો ખેતમજૂરી કરે છે. એક ગામમાંથી ૨૦ કુટુંબોની મર્યાદાને

ધ્યાનમાં રાખતા ખેતમજૂરી વ્યવસાય જૂથમાંથી ૧૦% કુટુંબો પસંદ કરવા એવું નક્કી થાય તો યાદીના ક્રમાંક ૫-૧૦-૧૫-૨૦-૨૫-૩૦-૩૫-૪૦-૪૫-૫૦માં આવેલા કુટુંબ સર્વેક્ષણ માટે પસંદ કરવા. આજ પધ્ધતિ ગામના અન્ય વ્યવસાયને ધ્યાનમાં રાખીને વાપરવામાં આવી હતી. આ પધ્ધતિની મર્યાદા એ રહી જતી કે ખેતમજૂરીકે પશુપાલન જેવા વ્યવસાયમાં રોકાયેલા મોટી સંખ્યામાં કુટુંબોમાંથી પસંદ કરાયેલા કુટુંબોની સંખ્યા ઓછી હતી જયારે હીરાઘસુ અને જરીકામ જેવા વ્યવસાયમાં રોકાયેલા ઓછી સંખ્યા ધરાવતા કુટુંબોમાંથી પસંદગી કરાયેલા કુટુંબોની સંખ્યા એકંદરે વધુ હતી. પરંતુ કોઈપણ પધ્ધતિને પોતાની આગવી વિશિષ્ટતા સાથે અમુક મર્યાદાઓનું બંધન પણ રહેતુ હોય છે.

**ક્ષેત્રકાર્યની ગોઠવણી અથવા પૂર્વ તૈયારી :**

ક્ષેત્રકાર્યમાં જતાં અગાઉ ગામોની પસંદગી કામચલાઉ ધોરણે [illegible] ~~લોટરી~~ પધ્ધતિથી કરવામાં આવી હતી. અને તાલુકા પંચાયત કચેરીની મુલાકાત દરમિયાન ત્યાંના સંબંધિત અધિકારીઓ સાથે પસંદ કરાયેલ ગામ બરાબર છે કે કેમ? તેની ચકાસણી કરીને તે યાદી કાયમી રાખવી. આવી વ્યવસ્થા રાખવી જરુરી બને છે. કામરેજ લઘુ વિસ્તારના આયોજન સર્વેક્ષણ માટે પસંદ કરાયેલા ગામોમાં છેડછા ગામનો સમાવેશ અગાઉ કરાયો હતો. પરંતુ તાલુકા પંચાયત કચેરીની મુલાકાત દરમિયાન જાણવા મળ્યુ હતું કે આ ગામ લઘુ વિસ્તારનું હોવા છતાં પણ ત્યાં અભ્યાસ માટે પૂરતાં થઈ શકે એટલા આદિવાસી કુટુંબો પણ નથી. મતલબ કે સર્વેક્ષણ સમયે ત્યાંની પરિસ્થિતિમાં પલટો આવ્યો હતો. આવાં અનેક કારણોસર છેવટની યાદી બનાવતા પહેલા જે તે સ્થળના પદાધિકારીઓનો સંપર્ક કરવાનું જરુરી બનતું હોય છે.

ક્ષેત્રકાર્યની ગોઠવણી અથવા પૂર્વ તૈયારીમાં ગામોની કામચલાઉ પસંદગી ઉપરાંત અભ્યાસ માટે પસંદ કરાનાર ૧૦૦ કુટુંબોના સામાજિક આર્થિક અભ્યાસ માટેના પત્રકો જે અગાઉથી તૈયાર કરાયા હતા તે, ગામની આંકડાકીય અને માળખાકીય માહિતી ધરાવતુ ગામ પત્રક અને સમગ્ર લઘુ વિસ્તારને ધ્યાનમાં રાખીને સમગ્ર લઘુ વિસ્તારનો ચિતાર આપી શકે એ માટે તૈયાર કરેલ લઘુ વિસ્તાર પત્રક લેવામાં આવ્યા હતા.

આ ઉપરાંત અભ્યાસ માટે ઉપયોગ થઈ પડે એવી મુલાકાત માર્ગ-દર્શિકા તૈયાર કરવામા આવી હતી.

કામરેજ લઘુ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય માટે જવાનો પ્રથમ પ્રસંગ હોવાથી આ સ્થળે જવા અંગેની માહિતી પણ મેળવી હતી.

ક્ષેત્ર સ્થળે પહોચ્યા બાદ સૌ પ્રથમ તાલુકા પંચાયત કચેરીની મુલાકાત લીધી હતી. કોઈપણ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય કે અભ્યાસ કરવા માટે તાલુકા પંચાયત કચેરીનો સહકાર મેળવવો એ અનિવાર્ય ઉપયોગિતા છે. તેમના સહકારથી કામ ઘણું વ્યવસ્થિત અને સરળ બની શકે છે. પ્રસ્તુત અભ્યાસ માટે તો આ કારણ સિવાય પણ તાલુકા પંચાયત કચેરીને સાંકળવાનું અનિવાર્ય હોવાથી સૌ પ્રથમ તેની મુલાકાત લેવાનું ઠરાવ્યું હતું. તાલુકા પંચાયત કચેરીમાં તાલુકા વિકાસ અધિકારી શ્રી ઠક્કર, આંકડા મદદનીશ શ્રી શેખ, સમાજ કલ્યાણ નિરિક્ષક શ્રી પટેલ સહ અનેક અધિકારીની મુલાકાત લઈ ક્ષેત્રકાર્ય અંગે ચર્ચા કરી હતી અને પસંદ કરાયેલા ગામોમાં અને આશ્રમશાળા જેવી સંસ્થામાં સહકાર આપે તો માટે કચેરી તરફથી ભલામણ પત્ર પણ લેવામાં આવ્યા હતા. આ ઉપરાત ચર્ચા દ્વારા સૌ પ્રથમ તો પસંદ કરાયેલ ગામોની ચકાસણી કરી હતી. તેમાં છેલ્લા ગામમાં પૂરતા આદિવાસી કુટુંબો ન હોવાથી ઉંડાણમાં આવેલું અને અંત્યનું એવું ડુંગરા ગામ પસંદ કરવામાં આવ્યું હતું. આ ઉપરાત જે તે ગામમા કેવી રીતે જવું તેની વિગતવાર માહિતી પણ મેળવી હતી જેથી ગામોમાં જવાની સુગમતા રહે. વળી જે તે ગામમાં સર્વેક્ષણ માટે અને અન્ય રીતે ઉપયોગી થઈ શકે એવી વ્યક્તિઓ/સંસ્થાઓના નામ સરનામા સહ તેમની ખાસ પ્રવૃતિઓ અંગે પણ પ્રાથમિક માહિતી મેળવી હતી જેથી કરીને તે ગામમા જવાના સમયે આવી વિશિષ્ટ વ્યક્તિનો સહકાર મેળવી શકાય. તાલુકા પંચાયત કચેરીના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપયોગી માહિતી પૂરી પાડીને ઉમદા સહકાર આપ્યો હતો. બીજા દિવસે તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી યુસુફભાઈ કારાએ પણ ચર્ચામાં રસપૂર્વક ભાગ લીધો હતો અને તેમણે પણ ઉપયોગી બને તેવી વ્યક્તિઓના નામ-સરનામા આપ્યા હતા. આમ ક્ષેત્રકાર્ય શરુ કરવાની પ્રાથમિક ગોઠવણીમા તાલુકા પંચાયત કચેરીનો ઉપયોગી સહકાર પ્રાપ્ત થઈ શકયો હતો.

ક્ષેત્રકાર્ય જૂન-જૂલાઈ માસ દરમિયાન કરવામાં આવ્યું હતું. પસંદ કરાયેલા પાંચે ગામોમાં સળંગ ક્ષેત્રકાર્ય કરવામાં આવ્યું હતું. ક્ષેત્રકાર્યમાં મુખ્યત્વે પસંદ કરાયેલા ગામોમાં પસંદ કરાયેલા કુટુંબોના વડા અથવા જવાબદાર વ્યકિત, ફળિયાના આગેવાનો, ગ્રામ પંચાયતના સરપંચ, તલાટી-કમ-મંત્રી, શિક્ષકો, સામાજિક-રાજકીય કાર્યકરો, ઉપરાંત જાણીતા સામાજિક કાર્યકરો, સંસ્થાઓ, ધારાસભ્યશ્રી, તાલુકા પંચાયત કચેરીના અધિકારીગણ સહ પ્રમુખશ્રી વગેરેની મુલાકાત લીધી હતી. આ તમામ વ્યકિતઓ સાથે આ વિસ્તારમાં વસતા આદિવાસીઓ અને મુખ્યત્વે હળપતિઓના વિકાસ માટે શું કરી શકાય? અને છેલ્લામાં છેલ્લા સ્તરે રહેલા હળપતિને કંઈક અંશે પણ મદદરૂપ બની શકાય તે માટે શું કરીશું? કરવું જોઈએ? કેવા પ્રકારનું માળખું ગોઠવવું જોઈએ? કઈ કઈ સંસ્થાઓનો કેટલે અંશે સહકાર મેળવવો જોઈએ? આવા અનેક નાના-મોટાં પાસાઓને વણીને તેમની સાથે વધુ ને વધુ ઊંડાણપૂર્વક ચર્ચા કરીને માહિતી મેળવવાના તમામ પ્રયત્નો કર્યા હતા. આ રીતે મુલાકાત પધ્ધતિની ઉપયોગથી અભ્યાસ માટે ઉપયોગી માહિતી મેળવવામાં સરળતા રહી હતી સાથે સાથે આયોજકો અને મુલાકાતદાતાઓને ખૂબજ આનંદ અને સંતોષની લાગણી થઈ હતી જેને કારણે સમગ્ર ક્ષેત્રકાર્ય ગત્યાત્મક બની શક્યું હતું. ક્ષેત્રકાર્ય દરમિયાન જે જે વ્યકિતઓ/સંસ્થાઓની મુલાકાત લીધી હતી એવી વિશિષ્ટ વ્યકિતઓ/સંસ્થાઓની યાદી પરિશિષ્ટ પ્રમાણે છે.

સામાન્ય રીતે આદિવાસી વિસ્તારમાં ક્ષેત્રકાર્ય કર્યાનો સારો એવો પાછલો અનુભવ હતો પરંતુ બિન-આદિવાસી વિસ્તારમાં વસતા આદિવાસીઓમાં ક્ષેત્રકાર્ય કરવાનો અનુભવ પ્રથમવાર લેવાનો હોવાથી કેટલીક શંકાકુશંકાઓ પૂર્વગ્રહો વગેરે અમારા મનમાં હતાં. ગામના બિન-આદિવાસીઓ અમારા તરફ કેવું વલણ રાખશે? તેઓ સહકાર આપશે કે કેમ? આ વિસ્તારના આદિવાસીઓ અમને સહકાર આપશે કે કેમ? વગેરે. પરંતુ જેમ જેમ ક્ષેત્રકાર્ય આગળ વધ્યું તેમ તેમ અમારી શંકાકુશંકાઓ અને પૂર્વગ્રહો ઓગળવા લાગ્યા અને અમને ક્ષેત્રકાર્યના આ નવીન અનુભવનો આનંદ મળ્યો.

માહિતી એકત્રિકરણ પધ્ધતિઓ :

કામરેજ લઘુ વિસ્તારના આયોજન માટે ક્ષેત્રકાર્ય દરમિયાન પસંદ કરાયેલા કુટુંબોની તેમજ ગામોની, લઘુ વિસ્તારની વિગતવાર માહિતી મેળવવા માટે તેમજ આયોજન માટે જરુરી માહિતી મેળવવા માટે કેટલીક સંશોધન પધ્ધતિઓનો ઉપયોગ કર્યો હતો તેની વિગતો નીચે ચર્ચી છે.

(૧) મુલાકાત પધ્ધતિ :

ક્ષેત્રકાર્ય દરમિયાન મુખ્યત્વે આ પધ્ધતિનો ઉપયોગ મોટા પાયા ઉપર કરવામાં આવ્યો હતો. મુલાકાત પધ્ધતિનો ઉપયોગ બે સ્તરે કર્યો હતો. પ્રથમ તો પસંદ કરાયેલા પાંચે ગામના પસંદ કરાયેલા કુટુંબોની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન કુટુંબના વડા અથવા તો અન્ય જવાબદાર વ્યકિતઓ પાસેથી તેમના કુટુંબની માહિતી કુટુંબ-પત્રકમા દર્શાવ્યા પ્રમાણે કુટુંબના સભ્યોની ઉંમર, શિક્ષણ, વૈવાહિક દરજ્જો, વ્યવસાય, મિલ્કત: રહેઠાણ, પશુધન, વૃક્ષો, ઘરવખરી, જમીન ખેતીનાં અને ધંધાના સાધનો, રોકડ, ઘરેણા, કુટુંબનો જુદા જુદા વ્યવસાયોમાંથી મળતી આવક, કુટુંબના ભરણપોષણ પાછળ થતા ખર્ચની વિગતવાર માહિતી, દેવાની વિગતો, જુદી જુદી કલ્યાણ અને વિકાસ યોજનાઓનો લાભ મળ્યો છે કે કેમ? તેમજ તેમના વિકાસ માટેની ખાસ કરીને આર્થિક વિકાસ માટેની જુદી જુદી જરુરિયાતો વગેરે પાસાંઓને આવરી લેતી મુલાકાત લેવામા આવી હતી. આ માહિતી ઉપરાંત કેટલાક ઉત્સાહી વડાઓ સાથે આયોજન અંગેના સૂચનો પણ માંગ્યા હતા. અને ઘણા માહિતીદાતાઓ કિમતી સૂચનો આપી શક્યા હતા.

મુલાકાતના બીજા સ્તરમા ~~આ આગ~~ પરિશિષ્ટ મુલાકાતી યાદી આપી છે તેવી વિશિષ્ટ વ્યકિતઓની મુલાકાત લીધી હતી અને આ મુલાકાત દાતાઓની કિંમતી ચર્ચા અને સૂચનોને ખ્યાલમા રાખીને જ આયોજન કરવામાં આવ્યું છે. આ મુલાકાતોના આધારે આયોજન અભ્યાસનું યોગ્ય માળખું તૈયાર કરવામાં અથવા વળાંક આપવામા પૂરતું માર્ગદર્શન મળી શકયુ હતું. આ મુલાકાતમા વણી લેવાયેલા પાસાઓની વિગતો આગળ આપી હોવાથી તેની ચર્ચા આગળ લંબાવતા નથી.

થાય એ મહત્વનું છે. એ હેતુને ધ્યાનમાં રાખીને આ અભ્યાસમાં પણ માત્ર વિશિષ્ઠ વ્યક્તિઓના જ વિચારો-સૂચનો સાથે સાથે જે કુટુંબોને ધ્યાનમાં રાખીને આ અભ્યાસ થઈ રહયો છે તેમનો સહકાર મળી શકે એ માટે આ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પસંદ કરાયેલા તમામ કુટુંબો સાથે ઊંડાણપૂર્વક ચર્ચા કરવાનું શકય નથી ઉપરાંત બધા લોકો પ્રથમવારની મુલાકાતમાંજ માહિતી ન આપી શકે. આ સંજોગોમાં આ પધ્ધતિ ઘણી ઉપયોગી થઈ પડે. કામરેજ લઘુ વિસ્તારના ક્ષેત્રકાર્ય દરમિયાન દેલાડગામમાં અને મોરથાણા ગામમાં રાત્રે આદિવાસી ભાઈ-બહેનોની સભા રાખવામાં આવી હતી. બન્ને ગામમાં ભાઈઓ અને બહેનોએ હાજરી આપી ચર્ચામાં ભાગ લીધો હતો અને કિંમતી સૂચનો પણ કર્યા હતા. દેલાડ ગામની સભા તો મોડી રાત સુધી ચાલી હતી. આ જૂથ ચર્ચાથી કેટલાક ભાઈ-બહેનો આ સર્વેક્ષણનો હેતુ વધુ સારી રીતે સમજીશકયા હતા અને તેઓ ચર્ચા દરમિયાન સારો પ્રતિભાવ આપી શકયા હતા. આમ જૂથ-ચર્ચા પધ્ધતિ-નો ઉપયોગ સફળતાપૂર્વક કરવામાં આવ્યો હતો.

અભ્યાસના સમગ્ર સમયગાળા દરમિયાન ગ્રંથાલયનો ઉપયોગ કર્યો છે. અલબત ગ્રંથાલયનો વધુ ઉપયોગ આ અભ્યાસને વધારે અર્થપૂર્ણ બનાવવામાં મદદરૂપ બન્યો હોત.

૧:૬. સર્વેક્ષણ સહિત સમગ્ર ક્ષેત્રકાર્ય પૂરતું કર્યાબાદ એકઠી કરેલી બધી માહિતીની ગોઠવણી થાય એ માટે કોષ્ટીકરણ કર્યું હતું. માહિતીનું કોષ્ટીકરણ તો ખાસ કરીને પસંદ કરાયેલા કુટુંબોના સામાજિક-આર્થિક અભ્યાસને ધ્યાનમા રાખીને તેને ઉપયોગી બની શકે એ માટે કર્યું હતું. અને આ કોષ્ટીકરણથી અહેવાલમા રજુ કરવા માટે કોઠા તૈયાર થઈ શકયા હતા. અહેવાલમા ~~અંતભાગમાં આપેલ પરિશિષ્ટમાં~~ કોઠાઓની યાદી આપવામાં આવી છે.

૧:૭. <u>પ્રકરણીકરણ</u> :

ક્ષેત્રકાર્ય અને કોષ્ટીકરણની ફળશ્રુતિ સ્વરૂપે તૈયાર કરાયેલો આ અહેવાલ જુદા જુદા પ્રકરણો સમાવે છે તેની ટૂંકી વિગતો નીચે પ્રમાણે છે.

સગવડોની પૂર્તિના કાર્યક્રમો, વ્યવસાયિક કૌશલ્યતા વધારવાના કાર્યક્રમો, ધીરાણ માળખું, ખેતી-વિકાસ, સાંસ્કૃતિક આયોજન વહીવટી માળખું અને તેના સુધારણા માટેના સુઝાવો વગેરે

<u>પ્રકરણ : ૭</u> :

તારણો અને સુઝાવો પરિશિષ્ટો, સંદર્ભસૂચિ વગેરે.

# પ્રકરણ : ૨

## પૃષ્ઠભૂમિ

### ૨:૧. લઘુ વિસ્તારની ઐતિહાસીક માહિતી :

હાલના કામરેજ લઘુ વિસ્તારને સમાવતા, સુરત જિલ્લાનું ઐતિહાસિક દ્રષ્ટિએ ઘણું જ મહત્વ છે. ઈ.સ. પૂર્વે ૩૧૯માં ચંદ્રગુપ્ત મૌર્ય પોતાના સામ્રાજયના લાટ પ્રદેશમાં આ પ્રદેશનો સમાવેશ કર્યો હતો. ઈ.સ. પૂર્વે ૨૦૦ સુધી આ વિસ્તાર લાટ પ્રદેશના એક ભાગ તરીકે ચાલુ રહયો હતો. ઈ.સ. ૧૫૫૬માં સુલતાન ત્રીના અમલ દરમિયાન ફિરંગીઓથી બચવા માટે કિલ્લો બાંધવામાં આવ્યો હતો. આ પહેલા ફિરંગીઓએ ત્રણ વખત હુમલા કર્યા હતા. ત્યારબાદ ૧૭૧૯માં ફ્રેન્ચોએ સુરતમાં કોઠી સ્થાપી હતી. પાછળથી અંગ્રેજોની હકુમત વધવાથી ફ્રેન્ચોનો પ્રભાવ ઘટી ગયો. ઈ.સ. ૧૮૦૦ થી ૧૯૪૭ દરમિયાન અંગ્રેજોએ આ જિલ્લામાં પોતાનું આધિપત્ય જાળવી રાખ્યુ હતું. ૧૯૬૦માં મુંબઈ રાજય દ્વિભાષી રાજયમાં પરિવર્તન થતાં આ જિલ્લો ગુજરાતનો એક ભાગ બન્યો હતો. હાલનો સુરત જિલ્લો ૧લી જુન ૧૯૬૪થી અમલમાં આવ્યો છે.

સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં આવેલો કામરેજ લઘુ વિસ્તાર અગાઉ વડોદરા રાજયનો ભાગ હતો. કામરેજમાં ગાયકવાડ સરકારના ઘોડાઓ રાખવામાં આવતા હતા અને ત્યાં તેમની માવજત કરવામાં આવતી હતી. કામરેજ લઘુ વિસ્તારનું કામરેજ ગામ તાપી નદીને કિનારે આવેલું છે. નદીને કાંઠે પુરાણો ઓવારો છે. આ ઉપરાંત અનેક મંદિરો આવેલા છે. હાલમાં આ પ્રદેશ શેરડી અને ડાંગરની ખેતી માટે ઉત્તમ ગણાય છે. સમગ્ર લઘુ વિસ્તારમાં કાકરાપાર સિંચાઈ યોજનાની નહેરોને કારણે બે-ત્રણ પાક લઈ શકાય છે. આસપાસના સ્થળોએ ખાંડ અને ખાંડસરીનો ઉદ્યોગ ખૂબજ મોટા પાયે વિકસી રહયો છે. આ સિવાય નજીક સુરતમાં નાના-મોટા અનેક ઉદ્યોગો ખાસ કરીને હિરા અને જરી ઉદ્યોગ પણ વિકસી રહયો છે. આ વિસ્તારમાં સિંચાઈની સગવડને કારણે ઘાસચારાની પણ સારી સવલત હોવાથી પશુપાલનનો વ્યવસાય પણ દિનપ્રતિદિન વિકસી રહયો છે. હાલના આ આર્થિક પરિવર્તનમાં આદિવાસીઓ પણ સામેલ થઈ રહયા છે.

**પ્રકરણ : ૧ : પ્રારંભ :**

વિષય પસંદગી, ક્ષેત્રકાર્યની તૈયારી, ક્ષેત્રકાર્ય, માહિતીનું કોષ્ટીકરણ વગેરે.

**પ્રકરણ : ૨ : પૃષ્ઠભૂમિ :**

લઘુ વિસ્તારની ઐતિહાસિક ભૂમિકા, ભૌગોલિક સ્થાન, કુદરતી સંપતિ, આબોહવા, વૃક્ષો અને જંગલો, પશુ-પંખી, ખનીજસંપતિ, શહેરો વગેરે.

**પ્રકરણ : ૩ :**

લઘુ વિસ્તારના ગામોની વસતિ (વિગતવાર), જાતિઓ, આંતરજાતિય સંબંધો, જીવનક્રમ, તહેવારો અને ઉત્સવો, સામાજિક સંગઠન, ગ્રામપંચાયત, અને નેતાગીરી, સમાજસેવા સંસ્થાઓ, સહકારી મંડળીઓ, મજૂર સંગઠનો, શૈક્ષણિક સંસ્થાઓ વગેરે.

**પ્રકરણ : ૪ : લઘુ વિસ્તારની અર્થવ્યવસ્થા :**

ભૌતિક સંપતિ : રહેઠાણ, ઘરવખરી, ધંધા-રોજગાર, ખેતી, હસ્તઉદ્યોગ, સહ અન્ય ધંધાઓની વિગતો, પસંદ કરાયેલા કુટુંબોમાં આવક-ખર્ચ અને દેવાની વિગતો, વેચાણ, ખરીદ વ્યવસ્થા, ધીરાણ, આર્થિક સ્તરીકરણ, તણાવો, લડાઈઝગડા વગેરે.

**પ્રકરણ : ૫ : આયોજનના સિધ્ધાંતો અને હેતુઓ :**

લઘુ વિસ્તારમાં અત્યાર સુધીમાં જુદી જુદી કલ્યાણ અને વિકાસ પ્રવૃતિઓ હેઠળ અમલમાં મૂકાયેલ યોજનાઓનું વિહંગાવલોકન, આદિવાસી કુટુંબોની જરુરિયાતો, વ્યવસાયિક કૌશલ્યતાઓ, વિસ્તારના લોકોને મળતી પાયની સગવડો અને તે માટે સામાજિક આર્થિક માળખું, શોષણ વગેરે, આયોજનના હેતુઓ.

**પ્રકરણ : ૬ : આયોજન :**

લઘુ વિસ્તારમાં વસતા ગરીબ કુટુંબોમાથી સાતમી પંચવર્ષીય યોજના દરમિયાન ૫૦% કુટુંબો બહાર આવી શકે એ હેતુ ધ્યાનમાં રાખીને જુદા જુદા આર્થિક કાર્યક્રમો તૈયાર કરવા, લોકોની પાયાની લઘુત્તમ

૨:૨:૧. લઘુ વિસ્તારની ભૌગોલિક માહિતી :

કામરેજ લઘુ વિસ્તાર દક્ષિણ ગુજરાતમાં આવેલા સુરત જિલ્લાના કામરેજ તાલુકાનો એક ભાગ છે. સુરત જિલ્લો થી ૨૧° ૨૩° ઉત્તર અક્ષાંસ અને ૭૨.૩૮ થી ૭૪.૨૩ રેખાંશ ઉપર આવેલો છે. કામરેજ તાલુકાની પૂર્વ દિશામાં માંડવી તાલુકો પશ્ચિમ દિશામાં ચોર્યાસી તાલુકો દક્ષિણ દિશામાં પલસાણા તાલુકો અને ઉત્તર દિશામાં ઓલપાડ તાલુકો અને માંગરોળ તાલુકો આવેલા છે. કામરેજ લઘુ વિસ્તાર કામરેજ તાલુકાના ગામોને આવરી લે છે. તાલુકાનું મુખ્ય મથક કામરેજ છે. તાલુકાના મામલતદારની કચેરી કામરેજ ગામમાં આવેલી છે. પરંતુ તાલુકા પંચાયત કચેરી કામરેજ ગામથી ૨ કિ.મી. દૂર રાષ્ટ્રિય ધોરી માર્ગ ઉપર આવેલા કામરેજ ચારરસ્તા પાસે આવેલી છે. આ સિવાય પણ બીજી કચેરીઓ, સહકારી અને શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે. આમ આ વિસ્તારના બે મુખ્ય મથક છે, એમ કહેવામાં વાંધો નથી. કામરેજ ચારરસ્તા સુરતથી ૧૭ કિ.મી. દૂર, મુંબઈ – દિલ્હી ધોરીમાર્ગ ઉપર આવેલુ છે. જ્યારે કામરેજ ગામ કામરેજ ચાર રસ્તાથી ૨ કિ.મી. દૂર અંદરના ભાગમાં આવેલુ છે. કામરેજ ગામ પ્રાચીન નગર છે. તાપી નદી કિનારે આવેલું છે ત્યાં નાનાં મોટાં અનેક મંદિરો આવેલા છે. કામરેજ લઘુ વિસ્તારમાંથી કોઈ રેલ્વે પસાર થતી નથી. કામરેજ લઘુ વિસ્તાર સહિતના તમામ ગામો જિલ્લાના મુખ્ય મથક ~~એવા~~ સુરત સાથે કાચા યા પાકા માર્ગે જોડાયેલા છે.

૨:૨:૨. કામરેજ તાલુકાના મધ્ય ભાગમાં થઈને જિલ્લાની મુખ્ય તાપી નદી પસાર થાય છે. આ નદી ઉપર મુખ્યત્વે નનસાડ, કામરેજ, ખોલેશ્વર, કોસમાડા, કોસમાડી વગેરે ~~એવા~~ ગામો આવેલા છે. કામરેજ વિસ્તારના અર્થકારણમાં આ નદીનું ખૂબજ મહત્વ રહેલું છે. આ સિવાય બીજી કોઈ નદી આ લઘુ વિસ્તારમાંથી પસાર થતી નથી. પરંતુ આ લઘુ વિસ્તારના ગામોને જોડતી કાકરાપાળ સિંચાઈ યોજનાની બે નહેરો પસાર થાય છે. તેમાં એક નહેર નવાગામ થી શરૂ થઈ ચીખલી, છેડછા, જાતભરથાણા, ટીંબા, મોરથાણા, શામપુરા વગેરે ગામો સમાવીને આગળ જાય છે. જ્યારે બીજી નહેર ખાનપુર, ચલુરા, આખાખેલ વગેરે ગામોને સમાવી ભરુચ જિલ્લા તરફ

આગળ જાય છે. બન્ને નહેરોમાં બારે માસ પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે છે. આને કારણે શેરડી અને ડાંગરની ખેતી ખૂબજ સારી થાય છે. ઉપરાંત બારેમાસ પાણી રહેવાને કારણે તેમજ નદી હોવાને કારણે લઘુ વિસ્તારના ગામોમાં મત્સ્યદ્યોગનો વિકાસ સારો થયો છે. આ ઉપરાંત વેલંજા, ઉંભેળ વગેરે જેવા અનેક ગામોમાં નાના-મોટા તળાવો પણ આવેલા છે. ઉંભેળ ગામ પાસે રાષ્ટ્રિય ધોરી-માર્ગ ઉપર આવેલા તળાવમાં પુશ્કળ પ્રમાણમાં કમળ થાય છે. આ ઉપરાંત આ તળાવોમાં લીલા-વેલાની વનસ્પતિ સહ અન્ય પ્રકારની વનસ્પતિ પણ ખૂબ પ્રમાણમાં ઉગી નીકળે છે. આવી વનસ્પતિને કારણે કેટલાક ગામોના તળાવો બિનઉપયોગી બની ગયા છે. અને અગાઉ ચાલતી મત્સદ્યોગની પ્રવૃતિ પણ બંધ પડી ગયેલ છે એવું અમારા માહિતીદાતાઓએ જણાવ્યું હતું. આવાં તળાવો ધરાવતા ગામોના બેરોજગાર યુવાનો જેઓ મત્સદ્યોગ કરવા તૈયાર હોય એવા ઘણા યુવાનોને મત્સ્યદ્યોગની તાલીમ આપવામાં આવી હતી અને સાધનો માટે રૂા. ૩,૦૦૦ની સહાય અને રૂા.૩,૦૦૦ની લોન એવી યોજના તેમાંથી સાધનો પૂરો પાડયાં હતાં. પરંતુ આ તળાવો બિનઉપયોગી બનતાં આ યોજના નિષ્ફળ નિવડી છે. અને આ તાલીમ મેળવનાર બેરોજગાર યુવાનોને બેન્કનું દેવું થયું છે. ક્ષેત્રકાર્યના સમયગાળા સુધીમાં પણ તેઓ બેન્કના ધિરાણના હપ્તા ભરી શકયા નહોતા. આમ તળાવો બિનઉપયોગી બનતા આર્થિક રીતે નિષ્ફળ પુરવાર થયા છે.

૨:૨:૩. આબોહવા :

સુરત જિલ્લામાં આબોહવાનું પ્રમાણ એક સરખું નથી. ઓલપાડ અને ચોર્યાસી તાલુકાઓ જે સમુદ્રની નજીક આવેલા છે ત્યાં આબોહવા સમધાત છે. આ વિસ્તારમાં જુન-જુલાઈથી સપ્ટેમ્બર મહિના સુધી વર્ષાઋતુ તેમજ આકેટોબર થી ફેબ્રુઆરી સુધીમાં હવામાન ઠંડુ અને સુકુ રહે છે. આ સિવાયનો સમયગાળો એટલે કે માર્ચથી મે-જૂન માસની દરમિયાન ઉનાળો રહે છે. તમામ તાલુકાઓમાં નૈઋત્યના મોસમી પવનો સારો વરસાદ લાવે છે. પરંતુ ઈશાન ખૂણામાં આવેલો નિઝર તાલુકો આ વરસાદથી વંચિત રહી જાય છે. જિલ્લાનું સરાસરી ઉષ્ણતામાન ૭ સેન્ટીગ્રેડ થી ૪૮ સેન્ટીગ્રેડનું છે જ્યારે સરેરાશ વરસાદ ૧૦૦૦ મી.મી. થી ૧૨૦૦ મી.મી.નો છે.

કામરેજ તાલુકામાં ૧૯૮૧ના વર્ષમાં વધુમાં વધુ ઉષ્ણતામાન ૩૨ સેન્ટીગ્રેડ એપ્રિલ મહિનામાં નોંધાયું હતું જયારે ઓછામાં ઓછું ઉષ્ણતામાન ૧૪ સેન્ટીગ્રેડ માર્ચ માસમાં નોંધાયું હતું. જયારે વરસાદનું વધુમાં વધુ પ્રમાણ ૧૯૮૧-૮૨ના વર્ષમાં ૩૩૯ મી.મી. જૂન માસમાં નોંધાયું હતું. જયારે ઓછામાં ઓછો વરસાદ ૨૨ મી.મી ઓકટોબર માસમાં નોંધાયો હતો. માસ દરમિયાન વરસાદના દિવસો તપાસીએ તો તાલુકામાં વધુમાં વધુ વરસાદ ૨૬ દિવસ જુલાઈ માસમાં નોંધાયા હતા જયારે ઓછામાં ઓછા ૧-૧ દિવસ ઓકટોબર અને નવેમ્બર માસમાં નોંધાયો હતો. ૧૯૮૧-૮૨ના વર્ષમાં સમગ્ર તાલુકામાં ૬૦ દિવસમાં ૧૦૦૭ મી.મી. વરસાદ પડયો હતો.

આબોહવાની દ્રષ્ટિએ કામરેજ લઘુ વિસ્તારમાં વાતાવરણ સારુ રહે છે. પૂરતા વરસાદ અને નહેરની સગવડને કારણે ખેતી આર્થિક રીતે પોષાણક્ષમ છે. તેમછતાં આદિવાસીઓ કે જેઓ મુખ્યત્વે ખેત-મજૂરના વ્યવસાય પર આધારિત છે તેમની રોજગારીમાં ઉત્તરોતર ઘટાડો થતો રહયો છે. તેના મુખ્ય બે કારણો હોય એવું ક્ષેત્રકાર્ય દરમિયાન જોવા મળ્યું હતું. પ્રથમ તો આ વિસ્તારમાં કયારીની જમીન હોવાથી ડાગરનો પાક વધુમાં વધુ લેવાય છે. ડાગરની ખેતીમાં રોપણી અને કાપણીના દિવસો સિવાયના દિવસોમાં કોઈપણ પ્રકારની ખેતમજૂરી મળતી નથી. અલબત ડાગરની રોપણીનું કામ સખત મજૂરી માગી લે તેવું હોય છે. બીજો મહત્વનો પાક શેરડી છે. આ વિસ્તારમાં એટલે કે આસપાસના વિસ્તારમાં નવી નવી ખાંડ મીલો ઊભી થઈ રહી છે. છેલ્લામાં છેલ્લા સમાચાર મુજબ સાતમી પંચવર્ષીય યોજનામાં કામરેજ વિસ્તારમાં પણ આગવી ખાંડ મીલ સ્થાપવામાં આવશે. આમ પણ શેરડીના પાકને વધુ પ્રોત્સાહન મળશે. શેરડીની ખેતીમાં પણ ખાસ ખેતમજૂરી મળતી નથી. કાપણી-કામમાં ખેતમજૂરી મળી શકે તેમ છે. પરંતુ આસપાસની સહકારી ખાંડ મીલો જેઓ ખેડૂત પાસે શેરડી ઉગાડાવે છે. તેઓ પોતાના ખાનદેશી મજૂરો પાસે કાપણીનું કામ કરાવે છે. ખાનદેશી મજૂરોની કાપણી કામમાં નિપુણતા સારી છે. ઉપરાંત ખેતમજૂરોની સ્પર્ધામાં ટકવાનું હોવાથી તેઓ ખૂબ મજૂરી કરી શકે છે. આને પરીણામે સ્થાનિક હળપતિ ભાઈઓની ખેતમજૂરીની તકો છૂટવાઈ ગઈ છે.

તો બીજી તરફ સારા વરસાદ અને નહેરોને કારણે આ વિસ્તારમાં ઘાસચારો બારે માસ મળી રહે છે. બિનખાતેદાર આ દિવાસીઓ પણ નહેર આસપાસથી કે નજીકના વિસ્તારમાંથી ઘાસચારો લાવી શકે છે. આને કારણે તેમનામાં પશુપાલનનો વ્યવસાય ખૂબજ ખીલ્યો છે. તેઓ તેમના ધણિયાતાઓને ત્યાં પશુઓની દેખભાળ કરતા હોવાથી તેમને પશુપાલનને સારોએવો અનુભવ પણ છે. આ બન્ને કારણોને લઈને તેઓ પશુપાલનનો વ્યવસાય સફળતાપૂર્વક કરવા સક્ષમ બન્યા છે. દિન-પ્રતિદિન વધુને વધુ કુટુંબો આ વ્યવસાય અપનાવી રહયા છે. તો જે કુટુંબો પાસે એક પશુ છે તે બીજા પશુની અને જેમની પાસે બે પશુ છે તે ત્રીજા પશુની તજવીજ કરી રહયા છે. આમ આબોહવાનો તેમના વિકાસમાં સારોએવો ફાળો રહેલો છે.

૨:૨:૪. વૃક્ષો અને વનસ્પતિ :

સુરત જિલ્લામાં વિશાળ જંગલ વિસ્તારો આવેલા છે. પરંતુ કામરેજ લઘુ વિસ્તાર આ જંગલ વિસ્તારથી ઘણે દૂર છે. તેમ છતાં વરસાદનું પૂરતું પ્રમાણ અને નહેરની સગવડને કારણે આ વિસ્તાર બારેમાસ લીલો-છમ રહે છે. શેરડી અને ડાંગરની ખેતીવાળા વિશાળ ખેતરોથી સમગ્ર પ્રદેશ હરિયાળો લાગે છે.

કામરેજ લઘુ વિસ્તારમાં જંગલો નથી પરંતુ કેટલાક ગામોમાં ખાખરા અને ટીમરુના વૃક્ષો સારી એવી સંખ્યામાં મળી આવે છે. ખાખરાના વૃક્ષોના પાનમાંથી કોઈક-કોઈક કુટુંબ પડીયા-પતરાળા બનાવે છે અને ગામના વેપારીને વેચી દે છે. આ વ્યવસાય હજુ બાલ્યાવસ્થામાં જ છે. અને આ ધંધો વિકસાવી શકાય તેમ છે એવું આ વિસ્તારના માજી ધારાસભ્યશ્રી અને આગેવાન સામાજિક કાર્યકરશ્રીએ જણાવ્યું હતું. જયારે ટીમરુના પાનમાંથી હળપતિઓ ઘરગથ્થુ ઉપયોગ માટે બીડી બનાવે છે તો કયાંક કયાંક બીડી વાળવાનો ધંધો ચાલે છે. ક્ષેત્રકાર્યમાં પસંદ કરેલા મોરથાણા ગામમાં એક ભાઈ જેઓ સામાજિક કાર્યકર છે તેઓ પોતાના ઘરે બીજા હળપતિ ભાઈઓ રોકીને બીડી વાળવાનું કામ કરે છે. આ ધંધાના વિકાસ માટેની શકયતાઓ પણ રહેલી છે. ક્ષેત્રકાર્ય દરમિયાન બીડી વાળવાના ધંધામાં સંકળાયેલા આ ભાઈ સાથેની ચર્ચામાં તેમણે એવું વિધાન પણ કર્યું હતું કે જો હળપતિ ભાઈઓ આ કામમાં જોડાવા માગે તેઓ ૫૦ માણસોને

કામ આપી શકે અને આ કામ કરનાર હળપતિભાઈ દિવસના ઓછામાં ઓછા રુા.૧૦/-ની મજૂરી મેળવી શકે છે. અમે તેમના આ એકમની પણ મુલાકાત લીધી હતી અને તે સમયે ચાર હળપતિ કારીગર ભાઈઓ બીડી વાળવાનું કામ કરતા હતા. તેઓ આસપાસના ગામોમાંથી આ કામ કરવા માટે આવતા હતા.

આ ઉપરાંત લઘુ વિસ્તારના ગામોમાં ફળાઉ વૃક્ષો જેવા કે કલમી આંબા, ચીકુ, પપૈયા, દાડમ, જમરૂખ વગેરે પણ થાય છે. શામપુરા ગામમાં તો તાલુકા સામાજિક ન્યાય સમિતિ ધ્વારા દરેક કુટુંબોને ઉપર જણાવેલા ફળોની કલમો આપવામાં આવી હતી. અને ક્ષેત્રકાર્ય દરમિયાન જોયુ હતું કે દરેક કુટુંબના વાડામાં એકાદ સારી રીતે ઉછેરેલું ફળાઉ વૃક્ષ હતું. ~~તાલુકાના સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ અને મામલતદારશ્રીના પ્રવાસી મુલાકાત દરમિયાન અમને [illegible] ઉત્તમ પ્રકારની કેરી ખાવા મળી હતી~~. આ ઉપરાંત મોરથાણા ગામના કેટલાક કુટુંબોમાં પણ ફળાઉ વૃક્ષો ખૂબ જૂજ સંખ્યામાં પણ હતા.

ગામના હવડ તળાવમાં કે જ્યાં બારેમાસ પાણી ભરાઈ રહેતુ હોય એવા સ્થળોએ કેટલીક વનસ્પતિ ઉગી નીકળી હતી. તેમાં એક પ્રકારની ઘાસ જેવી ~~પુરત~~ લગભગ ૫'-૬" ઉંચી વનસ્પતિની ઉપર (ઉગતા) ડુંડાનો ઉપયોગ શરીર ઉપર પડેલા ઘાને રુઝ લાવવા માટે કરવામાં આવતો હતો. દરેક આદિવાસી ઘરમાં આવા ડુંડા સાચવીને રાખતા હતા જેથી અકસ્માતના સમયે ઉપયોગમાં લઈ શકાય. આ સિવાય પાણી ભરાયેલા ભાગમાં લીલી વેલ ઉગી નીકળી હતી. આ વેલ બિનઉપયોગી છે અને ખૂબજ ઝડપથી વિસ્તરે છે. આ વનસ્પતિ દુષિત પાણીને કારણે થાય છે એવું કેટલાક માહિતીદાતાઓએ જણાવ્યુ હતું. આ વનસ્પતિ ફેલાતાં ભરાયેલા પાણીનો ઉપયોગ થઈ શકતો નથી. વળી આ વેલ નીચે લીલા રંગના નાના-નાના સાપ હોય છે તેથી ભેંસ જેવા પશુ જેઓ ભરાયેલા પાણીમાં પડી રહે છે તેમના માટે પણ જોખમરુપ બની જાય છે.

વનસ્પતિમાં બીજૂ તો આ વિસ્તારમાં પાણીની સગવડને કારણે ઘાસ ઉગે છે. પરંતુ આ ઘાસ પધ્ધતિસર ઉગાડવામાં આવતુ હોય એવું ક્ષેત્રકાર્ય દરમિયાન ક્યાય જોવા મળ્યું નહોતું. નહેરની શાખાઓની આસપાસ ઝમતા અને જમા થયેલા પાણીને કારણે ઘાસ ઉગી નીકળતુ જે ગામના ઢોરોના નીરણ માટે ઉપયોગમાં લેવાતું હતું. વળી આ

પ્રકારના ઘાસને કારણે જ બિનખાતેદાર એવા હળપતિઓ ભેંસ જેવાં દૂધાળાં ઢોર પાળી શકતા હતા. જેની વિગતો આગાઉ જોઈ ગયા છે. શેરડી કાપ્યા પછી તેના પાન અને ડાગરના પૂળા પણ પશુ આહાર માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ટીંબા ગામમાં અને શામપુરા ગામમાં કેટલાક સ્થળોએ ખેતરો અને રસ્તાની વાડમાં એક ઝીણા પાનની કાંટાવાળી વનસ્પતિ ખૂબજ આકર્ષક લાગતી હતી. આ વનસ્પતિનો કોઈ ઉપયોગ થતો નહતો પરંતુ શોભાયમાન વનસ્પતિ તરીકે ઉપયોગી હતી. આમ વૃક્ષો અને વનસ્પતિ ક્ષેત્રે પણ આ વિસ્તાર સમૃધ્ધ હતો. અને હળપતિઓના અર્થકારણમાં આ વનસ્પતિનું ઘણું મહત્વ હતું.

૨:૨:૫. <u>પશુપંખી</u> :

આ વિસ્તારમાં પશુની મોટી સંખ્યા હતી જયારે પંખીની નહિવત અથવા ઓછી. પશુમાં આ વિસ્તારના તમામ ગામોમાં દૂધાળા ઢોર ખાસ કરીને ભેંસો જોવા મળતી હતી. આ વિસ્તારના ખેડૂતો દૂધ માટે ભેંસ, ગાય, ~~બળદ~~ વગેરે રાખતા. તો ખેતમજૂરી કરતા હળપતિ ભાઈઓને પણ દૂધાળા ઢોરની યોજના હેઠળ મળેલી ભેંસોનો ઠેર ઠેર ~~પશુઓના~~ ઘણ જોવા મળતાં હતાં. આ વિસ્તારમાં ધાર્મિકવૃતિને કારણે તેમજ ખેતીમાં ઉપયોગી થઈ શકે એવા બળદ મેળવવા માટે ગાયો પાળનારની સંખ્યા પણ ઠીકઠીક હતી. આ સિવાય બકરીઓ, ઘેટાં વગેરે પણ જોવા મળતા હતા.

પક્ષીઓમાં હળપતિ કુટુંબોમાંના ઘણા કુટુંબો મરઘાં પાળતા હતાં. સામાન્ય રીતે હળપતિઓ માંસાહારી હોવાથી મરઘાં પાળવાનું ફાવે છે. જોકે આ વિસ્તારમાં મોક્ષમાર્ગ સંપ્રદાયનો પ્રભાવ વધુ હોવાથી ઘણા આદિવાસી કુટુંબોએ પણ આ સંપ્રદાય અપનાવ્યો છે. આ સંપ્રદાયવાળા કુટુંબો બિનમાંસાહારી હોય છે. તેથી તેઓના ઘરમાં મરઘાં જેવા પક્ષીઓ જોવા મળતા નથી. આ વિસ્તારમાં જંગલ ન હોવાથી જંગલી પશુપંખી જોવા મળતા નથી.

૨:૨:૬. કામરેજ લઘુ વિસ્તાર સપાટ પ્રદેશ હોવાથી તેમજ જંગલો અને પહાડોથી દૂર હોવાને કારણે ખનીજ ખાસ મળતી નથી. આ વિસ્તારની એક માત્ર ખનીજ ગણીએ તો તે રેતી છે. કામરેજ લઘુ વિસ્તારના ટીંબા, ખોલેશ્વર વગેરે જેવા ગામો જે તાપી નદી કિનારે આવેલા છે. ~~ત્યાં~~ આ

(૨) નિરીક્ષણ પધ્ધતિ :

મુલાકાત પધ્ધતિને બાદ કરતાં વધુમાં વધુ નિરીક્ષણ પધ્ધતિનો અને તેમાં પણ સહભાગી નિરીક્ષણ પધ્ધતિનો ઉપયોગ કર્યો હતો. ક્ષેત્રકાર્યનો વિસ્તાર થોડો નવો હોવાથી આ પધ્ધતિનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરવાનું અનિવાર્ય હતું. આ સિવાય પણ ક્ષેત્રકાર્યનો વિષય પણ એવો હતો કે જેમાં ઊંડાણપૂર્વકનું નિરીક્ષણ કરવું ખૂબજ જરુરી હતું. ક્ષેત્રકાર્ય દરમિયાન આ પધ્ધતિનો ઉપયોગ જુદા જુદા સ્થળોએ જરુરિયાત મુજબ કર્યો હતો. કુટુંબની મુલાકાત દરમિયાન કુટુંબની આર્થિક પરિસ્થિતિ અંગે આપવામાં આવતી માહિતી વચ્ચે સુસંગતતા રહેલી છે કે કેમ? તે માટે ઘરમાં રહેલી ઘરવખરી સાધનો વગેરેનું નિરિક્ષણ કરવામાં આવતું હતું અને જયાં માહિતીદાતા માહિતી આપવાનું ટાળતા હોય અથવા ખોટી માહિતી આપતા હોય ત્યાં તેમનું ધ્યાન દોરવામાં આવતું હતું. ઘરમાં ઘરેણાં છે કે કેમ? એ પ્રશ્નનો જવાબ પ્રથમ નકારમાં અપાતો પરંતુ ઘરમાં હાજર રહેલી સ્ત્રીઓનું નિરીક્ષણ કરતાં નજરે પડતાં ઘરેણાં તરફ તેમનું ધ્યાન દોરવામાં આવતું આ રીતે માહિતીની ચકાસણી પણ થતી રહેતી હતી. આ ઉપરાંત નિરીક્ષણ પધ્ધતિનો બીજો ઉપયોગ તેમનામાં રહેલી જુદી જુદી કૌશલ્યતા શોધવામાં કરવામાં આવ્યો હતો. જે હળપતિ કુટુંબોને દૂધાળા ઢોરની યોજના હેઠળ ભેંસ આપવામાં આવી હતી. આમાંના કેટલાક કુટુંબોએ પશુપાલન ખૂબજ વ્યવસ્થિત ધોરણે કરતા હતા. જેમાં પશુની કાળજી રાખતા હતા તેમને રાખવાની જગ્યા સુઘડ અને સ્વચ્છ રખાતી, પશુઓને જરુરી લીલો ઘાસચારો અપાતો હતો. દૂધ વ્યવસ્થિત રાખવામાં આવતું હતું વગેરે પાસાઓનું નિરીક્ષણ કર્યું હતું. ડુંગરા ગામમાં જરીકામ કરતાં કુટુંબોમાં પણ વિગતવાર માહિતી મેળવી હતી અને આ ઉદ્યોગ બીજા લોકો અપનાવી શકે તે અંગે કેવી શકયતા રહેલી છે? તેનું પણ નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત તેમની રહેણી-કરણી, શિક્ષણ પ્રત્યે દુર્લક્ષ્યતા, સમસ્યાઓ, મર્યાદાઓ વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને પણ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

(૩) જૂથ ચર્ચા :

Planning from bottom એટલે કે પાયામાંથી આયોજન એ સમગ્ર આયોજન પ્રક્રિયાનું મહત્વનું પાસું છે. લધુ વિસ્તાર આયોજનના વિષયને જોતાં પણ આ આયોજનમાં નીચલા સ્તરે કુટુંબોનો સહયોગ

કાંઠાના ભાગમાં રેતી ખુબ મળે છે. આ બન્ને ગામોમાં ચોમાસા સિવાયના દિવસોમાં નિયમિત રીતે રેતી ભરવાનું કામ ચાલે છે. બહારથી ટ્રકો આવીને રેતી લઈ જાય છે. આ રેતીનો ઉપયોગ મુખ્યત્વે તાલુકામાં અને સુરત શહેરમાં મોટાપાયે ચાલતા બાંધકામમાં ઉપયોગમાં લેવાય છે. આ ઉપરાંત આ રેતીને કારણે નજીકના બારડોલી-માં સીમેન્ટ પાઈપ બનાવવાનો ઉદ્યોગ વિકશ્યો છે. આ સિવાય બીજી કોઈ ખનીજ ઉપલબ્ધ નથી.

કામરેજ લઘુ વિસ્તારમાં અને આસપાસના મોટા ગામો અને શહેરો તરફ દ્રષ્ટિ કરીએ તો તાલુકાનું મથક એવું કામરેજ નાનું સરખુ ગામ છે. કઠોર ગામ એક કસબો છે. તેમાં ઘણી સરકારી કચેરીઓ આવેલી છે. ઉપરાંત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહિત વ્યાપારી મથક પણ છે. નજીકમાં સાયણમાં ખાંડનું કારખાનું છે. કઠોરમાં ખાડસરીનો ઉદ્યોગ, હીરા ઘસવાનો ઉદ્યોગ ચાલે છે, લઘુ વિસ્તારના શામપુરા વગેરે ગામોમાં હીરા ઘસવાની ઘંટીઓ ચાલે છે. ગામના અને આસપાસના હળપતિ ભાઈઓ અથવા છોકરાઓ આ ધંધામાં જોડાવા લાગ્યા છે. આ ધંધામાં ખેતમજૂરીની સરખામણીમાં સારી મજૂરી મળતી હોવાથી આ ધંધામાં જોડાવાનું ઘેલુ લાગ્યુ છે. કેટલાય યુવકોએ ભણવાનું છોડી આ કામમાં જોડાઈ ગયા છે. અને આજે સારી કમાણી કરે છે. ડુંગરા ગામમાં હળપતિ ભાઈઓ જરીકામ કરે છે. ગામના લગભગ ૧૮ યુવકો આ કામની જાણકારી અને કૌશલ્યતા ધરાવતા હતા.

કામરેજ લઘુ વિસ્તારની આસપાસ આવેલા નગરો અને શહેરોમાં બારડોલી મહત્વનું નગર છે. ત્યાં આસપાસ ઘણા નવા નવા ઉદ્યોગો આકાર લઈ રહયા છે. કામરેજ લઘુ વિસ્તારના હળપતિઓ ~~અહિંયા~~ ત્યાં મજૂરી મેળવવા જાય છે. બીજુ મહત્વનું સ્થળ છે કડોદરા ગામ. કડોદરા ગામ રાષ્ટ્રિય ધોરીમાર્ગ ઉપર આવેલી ચોકડીનું ગામ હોવાથી તેનો સારો વિકાસ થયો છે. ~~અહિંયા~~ ત્યાં મીલ છે ~~ત્યાં~~ ઘણા હળપતિ ભાઈઓ મજૂરી કરે છે.

છેવટે સુરત કામરેજથી માત્ર ૧૭ કિ.મી. દૂર આવેલું પૌરાણિક શહેર જે આજે એક મહત્વનું ઔદ્યોગિક નગર બની ગયું છે. સુરત શહેર હીરા ઉદ્યોગ અને જરીઉદ્યોગ માટે પંકાયેલું છે. સુરતની આસપાસ નાની-મોટી અનેક સિલ્ક મિલ્સ આવેલી છે. આ ઉપરાંત શહેરમાં હીરાઉદ્યોગ તો

એક ગૃહોદ્યોગની રીતે દિનપ્રતિદિન વિકસી રહયો છે. અને આ ધંધામા જોડાવા માટે ગુજરાતના તમામ ભાગોમાંથી ખાસ કરીને ~~તો~~ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારના ગામડાઓમાંથી ~~તો~~ રોજ-રોજ કારીગરો ઠલવાઈ રહયા છે. આ ધંધાને કારણે આજે સુરતના સામાજિક અને આર્થિક જીવનને ભારે અસર પહોંચી છે અને સાથે સાથે અનેક સમસ્યાઓ પણ ઉભી થયેલી છે. અગાઉ જણાવી ગયા કે હળપતિ ભાઈઓમાં પણ હીરા ઘસવાની કૌશલ્યતા છે. આથી કામરેજ લઘુ વિસ્તારના ઘણા ગામોના હળપતિભાઈઓ સુરતમા હીરા ઘસવાના કામમા જાય છે. કેટલાક ત્યાં જ રહે છે તો ઘણા લોકો રોજે રોજ આવ-જા કરીને પણ આ વ્યવસાયમાં જોડાયેલા રહયા છે.

સુરત શહેરમાં ઉદ્યોગો ઉપરાંત બાંધકામ પણ ખૂબજ મોટા પાયા ઉપર ચાલે છે. તેથી અર્ધકુશળ અને કુશળ કામદારો તરીકે પણ આ લઘુ-વિસ્તારના હળપતિ ભાઈઓ જાય છે.

## કામરેજ લઘુ વિસ્તાર આયોજન માટે પસંદ કરાયેલા ગામોની વિગતો :

કામરેજ તાલુકામાં કુલ ૬૯ વસવાટી ગામો અને એક શહેર - કઠોર આવેલુ છે. અને તાલુકાના ૪૩ ગામોનો સમાવેશ લઘુ વિસ્તારમાં કરાયેલો છે. અલબત ૧૯૮૧ની વસતિ ગણતરીના ગામવાર આંકડા તપાસતા જણાય છે કે લઘુ વિસ્તારના ગામો સિવાય પણ મોટી આદિવાસી વસતિ ધરાવતા ગામો આવેલા છે. હાલમા તો તાલુકાનું ભાગ્યેજ કોઈ ગામ એવું હશે જેમા આદિવાસી વસતિ વસવાટ કરતી ન હોય. પરંતુ આ ગામોનો કામરેજ લઘુ વિસ્તારમાં સમાવેશ કરાયો નથી. તાલુકા પંચાયતના પ્રમુખશ્રીની મુલાકાત દરમિયાન તેઓશ્રીએ એવી માહિતી આપી હતી કે કામરેજ તાલુકામાં વધેલી આદિવાસી વસતિ જેનું પ્રમાણ લગભગ ૪૮% થી વધુ હોવાથી આ તાલુકાને આદિવાસી તાલુકો જાહેર કરવાની કાર્યવાહી ટૂંક સમયમા કરવામાં આવશે. પરંતુ અભ્યાસની મર્યાદાને ધ્યાનમાં રાખતાં આ અભ્યાસ માટે પાંચ ગામો અનુક્રમે વેલંજા, દેલાડ, શામપુરા, મોરથાણા અને ડુંગરા પસંદ કરવામા આવ્યા હતા. આ પાંચે ગામો એવી રીતે પસંદ કરાયા છે જેમાં સમગ્ર તાલુકાનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે અને આ રીતે તાલુકાની વિવિધતાની માહિતી પણ મેળવી શકાય. પાચે ગામો અભ્યાસ માટે પસંદ કરાયા હોવાથી આ ગામોની વિગતવાર માહિતી આપવી ઉપયોગી બની રહેશે એ હેતુથી દરેક ગામવાર ટૂંકમાં માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે.

(૧) વેલંજા ગામ :

વેલંજા ગામ તાપી નદીના ઉત્તર કિનારા તરફ આવેલુ છે. વેલંજા કઠોર-સાયણ માર્ગ ઉપર કઠોરથી લગભગ ત્રણ કિ.મી. દૂર આવેલું છે. આમ કામરેજ ગામથી લગભગ ૭ કિ.મી. દૂર છે. વસતિ અને વિસ્તારની દ્રષ્ટિએ આ ગામ ઘણું મોટું છે.હોવાથી માત્ર એક ગામ સાથેની ગ્રૃપ ગ્રામપંચાયત છે. ગામમાં અનાવિલો પટેલોનું વર્ચસ્વ છે પરંતુ લગભગ બધીજ જાતિના લોકો આ ગામમા વસવાટ કરે છે. ગામના જમીનદારો અને ખેડૂતો આર્થિક રીતે ઘણા સધ્ધર છે. એવું પ્રથમ દ્રષ્ટિએ પણ લાગે છે. આ સિવાય ગામમાં આદિવાસીઓ અને હરિજનોની વસતિ પણ છે. આદિવાસીઓમાં મુખ્યત્વે રાઠોડ-હળપતિઓ સહિત વસાવા અને ગામીત કુટુંબો પણ વસવાટ કરે છે. હાલમાં ગામ બે સ્પષ્ટ ભાગોમાં વહેંચાઈ ગયું હોય તેમ લાગે છે. મૂળ ગામમાં બિનઆદિવાસીઓ અને હરિજનવાસમાં વસતા કુટુંબો છે. જયારે ગામથી લગભગ અડધા કિ.મી. દૂર આવેલ ગૌચરની જમીનમા મફત ઘરથાળના પ્લોટની યોજના હેઠળ આદિવાસી ભાઈઓને રહેઠાણ માટે પ્લોટ આપવામાં આવ્યા છે. જયા તેઓ પોતાના વસવાટો બાંધીને રહે છે. આ વિસ્તારમાં એટલે કે ગૌચરની જમીનમાં સ્વામીનારાયણ સંપ્રદાય તરફથી આદિવાસી ભાઈઓની એક ચાલી બનાવવામા આવી છે. એક ખંડવાળુ પાકુ મકાન અને દિવાલો પણ પ્લાસ્ટરવાળી તેમજ છાપરા ઉપર સિમેન્ટના પતરાં હતાં. આ ચાલીમાં લગભગ ૨૦ કુટુંબો વસવાટ કરતા હતા. આ રહેઠાણમા રહેતા કુટુંબોએ ઘાસના પૂળાની દિવાલ બનાવીને તેમનું રહેઠાણ મોટુ બનાવ્યું છે અને બે હાર વચ્ચેની જગ્યા જે રસ્તા માટે અનામત રાખી છે ત્યાં પોતાના ઢોર બાંધે છે તો કેટલાક કુટુંબોએ નાવણીયા બનાવ્યા છે.

ખેતી :

કામરેજ લઘુ વિસ્તારમા ખેતી ખૂબ સારી થાય છે. આ વિસ્તારની જમીન પણ સારી છે. વરસાદ સારો પડે છે તે સિવાય સિંચાઈની સગવડ પણ પૂરતા પ્રમાણમાં છે. પરંતુ વેલંજા ગામ સહિત તાપી નદીની ઉત્તરના ~~આ વિસ્તારના~~ ગામોમા સિંચાઈની સગવડ ઉપલબ્ધ નથી. આ ગામોમાં કૂવા અને તળાવના પાણીથી સિંચાઈ થાય છે. ખેતીમાં શેરડી, જુવાર ડાંગર, વાલ વગેરે થાય છે. નજીકમાં આવેલા સાયણમાં ખાંડની મીલ હોવાથી મીલ ધ્વારા શેરડીનો પાક ઉગાડવામા આવે છે અને તે માટે

બિયારણ સહિત અન્ય સગવડો પણ આપવામાં આવે છે. ગામમાં પાંચ ખેડુતો ટ્રેક્ટર ધરાવે છે. આ ગામના ઘણા પટેલ અને અનાવિલ લોકો વિદેશોમાં વસવાટ કરે છે.જેઓ ખેતીમાં રોકાણ કરી શકે છે. આમ ખેતી ખૂબ સારી રીતે થઈ શકે છે.

ખેતમજૂરી :

ખેતી ઉપરાંત બીજો મહત્વનો ધંધો ખેતમજૂરીનો છે, જેમાં મુખ્યત્વે હળપતિ આદિવાસી કુટુંબો જોડાયેલા છે. આ ગામમાં ખેતમજૂરીનો દર રૂા. ૪/- છે. જેમાં ખેતમજૂર તરીકે બોલાવનાર કુટુંબે બપોરનું જમણ આપવાની ફરજ નથી. આ ઉપરાંત વાર્ષિક ધોરણે હાળીઓ રાખવાની પ્રથા પ્રચલિત છે.

અન્ય ધંધાઓ :

આ ગામમાં તળાવ મોટું અને સારું હોવાથી તે મત્સ્યઉદ્યોગ માટે ખૂબ ઉપયોગી હોવાથી મત્સ્યઉદ્યોગ ખાતા દ્વારા આ ગામના બેરોજગાર આદિવાસી યુવકોને મચ્છીમારીની તાલીમ તેમજ સાધનો ~~પણ~~ આપવામાં આવ્યા હતા. મત્સ્યઉદ્યોગ સારી રીતે થઈ શકે તે માટે તાલીમાર્થીઓના લાભાર્થે આ તળાવનું સમારકામ કરવામાં આવ્યું છે. પરંતુ આ સમારકામ અધુરુ હોવાથી આ તળાવમાં પૂરતું પાણી રહેતું નથી. હાલમાં થોડું પાણી હોવાથી તેમાં મત્સ્યઉદ્યોગ થઈ શકે તેમ નથી. તેથી તાલીમ પામેલ બેરોજગાર યુવાનો આજે પણ બેરોજગાર છે અને તેઓ બેન્કના દેવામાં આવી ગયા છે. આને કારણે તેમનામાં ઘોર નિરાશા વ્યાપેલી જોવા મળેલી હતી. આ સિવાય કેટલાક આદિવાસીઓ જુદી જુદી છુટક મજૂરી કરે છે.

દેલાડ ગામ :

દેલાડ ગામ બારડોલી-ટીંબા માર્ગ ઉપર શામપુરા ગામથી ૩ કિ.મી. દૂર અંદરના ભાગમાં આવેલું છે. અને કામરેજ ચાર રસ્તાથી શામપુરા વાયા ઓરણા માર્ગ ઉપર આવેલું છે. ગામની સ્વતંત્ર ગ્રામ પંચાયત છે.

..૨૬..

વિસ્તાર :

ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૭૨૫ એકર ૨૯ ગુંઠા છે. ગામની જમીનનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે.

| | | એકર - ગુંઠા |
|---|---|---|
| (૧) | ખેડવા લાયક જમીન | ૧૫૪૦- ૨૪ |
| (૨) | ખરાબા | ૧૧- ૩૬ |
| (૩) | રસ્તા | ૨૯- ૧૩ |
| (૪) | નિશાળ | ૭- ૦૦ |
| (૫) | પેટા-માર્ગ | ૧- ૩૬ |
| (૬) | નહેર | ૭૩- ૧૭ |
| (૭) | પાકોરોડ | ૨- ૦૩ |
| (૮) | પીરનો દરગાહ | ૦- ૦૨ |
| (૯) | ગૌચર | ૪૧- ૧૭ |
| (૧૦) | ગામતળ | - |
| (૧૧) | તળાવ | ૨૦- ૧૧ |
| (૧૨) | ઉકરડા | ૦- ૧૬ |
| (૧૩) | કુવા-ખરાબો | ૦- ૩૬ |
| (૧૪) | અન્ય | ૦- ૨૬ |
| (૧૫) | ઈંટવાડો- પરબડી | ૦- ૨૧ |
| | કુલ | ૧૭૨૫- ૨૯ |

દેલાડ ગામની પૂર્વમાં શામપુરા ગામ, પશ્ચિમમાં ઓરણા ગામ, ઉત્તરમાં ટીંબા અને દક્ષિણમાં સેવણી ગામ આવેલું છે.

વસતિ :

૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ દેલાડ ગામની વસતિ ૧૧૪૦ હતી જેમાં અનુ.જાતિ ૨૫૦ અને અ.જનજાતિની ૪૮૧ હતી. ગામમાં પાટીદાર, વાણીયા, આહીર, રજપુત, મુસ્લીમ, હરિજન અને આદિવાસી વગેરે જાતિના લોકો વસવાટ કરે છે. ગામમાં આદિવાસીઓ 'હળપતિ'નું વર્ચસ્વ હોવાથી ગ્રામ પંચાયત ઉપર તેમનું આધિપત્ય રહેલું છે. આ ગામમાં સરપંચના હોદ્દા ઉપર હળપતિ વર્ષોથી ચૂંટાતા આવે છે. તાજેતરમાં થયેલી ચૂંટણીમાં અગાઉના સરપંચ હારી ગયા હતા અને હાલમાં ચૂંટાયેલા સરપંચ પણ હળપતિ છે. ગામમા પટેલ, આહીર, મુસ્લીમ અને થોડી સંખ્યામાં હળપતિ ભાઇઓ ખેતીની જમીન

ધારણ કરે છે. મુસ્લીમ ભાઈઓ જુદા જુદા વ્યાપાર કરે છે. જયારે હળપતિઓ મુખ્યત્વે ખેતમજૂરીના કામમાં રોકાયેલા છે. હાલમાં કેટલાક લોકો બાજુના શામપુરા ગામમાં હીરા ઘસવાના ઉદ્યોગમાં જાય છે. તો કેટલાક ભાઈઓ મચ્છીમારીના કામમાં પણ જોડાયેલા છે. જેઓ જાતે મચ્છીમારી કરતા નથી એવા કેટલાક ભાઈઓ સુરતથી મચ્છી લાવીને સાયકલ ઉપર વેચવા જાય છે. મચ્છીમારીમાં રોકાયેલ કુટુંબ જાળ ગુંથવાનું કામ જાણે છે. અને જરૂરીયાત પૂરતી જાળ ગૂંથી લે છે.

**શિક્ષણ :**

ગામમાં પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા છે. પરંતુ માત્ર ધો.૧ થી ધો.૪ સુધીનુંજ શિક્ષણ આપવામાં આવે છે. જયારે ધો.૪ થી ૭ સુધીનું અને માધ્યમિક શિક્ષણ, ઉચ્ચ માધ્યમિક શિક્ષણની વ્યવસ્થા ઓરણા ગામમાં છે. જયારે કોલેજ કક્ષાનું શિક્ષણ મેળવવા માટે કામરેજ ચાર રસ્તા જવું પડે છે. ક્ષેત્રકાર્ય સમયે ગામની પ્રાથમિક શાળામાં વર્ગવાર વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ હતી.

| ધોરણ | કુમાર-કન્યા | | અ.જ.જા | | અનુસૂચિત જાતિ | |
|---|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| ૧ | ૧૦ | ૧૫ | ૫ | ૯ | ૩ | ૪ |
| ૨. | ૨૮ | ૧૬ | ૧૫ | ૧૧ | ૪ | ૨ |
| ૩. | ૨૦ | ૧૨ | ૫ | ૪ | ૭ | ૪ |
| ૪. | ૧૦ | ૧૩ | ૪ | ૬ | ૨ | ૧ |
| કુલ | ૬૮ | ૫૬ | ૨૯ | ૩૦ | ૧૬ | ૧૧ |

ગામની પ્રાથમિક શાળામાં ભણતા અનુસૂચિત જાતિના અને અનુસૂચિત જનજાતિના બાળકોને સમાજ કલ્યાણ ખાતા તરફથી કેટલીક સહાય આપવામાં આવે છે. શાળામાં દાખલ થનાર દરેક વિદ્યાર્થીને એક જોડ ગણવેશ આપવામાં આવે છે. જયારે શાળામાં ભણતા અનુસૂચિત જાતિનાં અને અનુસૂચિત જનજાતિના બાળકોને પુસ્તકો પણ આપવામાં આવે છે. પુસ્તકો સમયસર અપાય છે આ અંગે શાળાના આચાર્યશ્રીને કોઈ પ્રશ્ન નથી. હાલમાં શરૂ કરાયેલી મધ્યાહન ભોજન યોજના પણ આ શાળામાં ચાલુ છે. આ યોજના અંગે આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે મધ્યાહન ભોજન યોજનાથી બાળકોની હાજરીમાં વધારો થયો છે અને આ હાજરી સ્થિર થયેલી છે. ગામની પંચાયતનો પૂરતો સહયોગ મળતો

હોવાથી યોજનાના સંચાલનમાં કોઈ ખાસ મુશ્કેલી પડતી નથી. તેમજ ધારાધોરણ મુજબ ઠરાવેલ ક્વોટા પણ બાળકોના ભોજન માટે લગભગ પૂરતા પ્રમાણમાં છે. છેવટે આ યોજના ચાલુ રહે એ જરૂરી છે એવો તેમનો અભિપ્રાય હતો.

ગામના બાળકોને ધો.૭ સુધીનું તેમજ ઉચ્ચતર માધ્યમિક સુધીનું શિક્ષણ ગામથી ૩ કિ.મી. દૂર આવેલા ઓરણા ગામમાં સગવડ મળી રહે છે. ત્યાં બાળકોના પ્રવેશ માટેની કોઈ સમસ્યા નડતી નથી અને પ્રવેશ ન મળ્યાને કારણે કોઈપણ બાળકનું ભાવિ જોખમાયુ હોય એવો કિસ્સો આજદિન સુધીમાં બન્યો નથી એવો અભિપ્રાય આચાર્યશ્રી ઉપરાંત સરપંચશ્રી અને તલાટી-શ્રીએ આપ્યો હતો.

માળખાકીય સગવડો :

દેલાડ ગામનું સ્થાન એવું છે કે ગામમાં અનેક માળખાકીય સગવડો ઉપલબ્ધ છે અને જે સગવડો ઉપલબ્ધ નથી તે નજીકના ગામે મળી રહે છે. તેથી ગામના લોકોને ખાસ તકલીફ પડતી નથી. કેટલીક માળખાકીય સગવડોની વિગત નીચે મુજબ છે.

(૧) પોસ્ટ અને ટેલીગ્રાફ :

ગામ મોટું હોવા છતાં બ્રાન્ચ પોસ્ટ ઓફિસની સગવડ નથી. પરંતુ ૨ કિ.મી. દૂર આવેલા ઓરણા ગામમાં આ સગવડ છે. જ્યારે તાર કચેરી અહીંયાથી ૧૫ કિ.મી. દૂર આવેલા બારડોલી ગામમાં મળી શકે છે.

(૨) વાહનવ્યવહાર :

દેલાડ ગામ પાકા માર્ગ ઉપર આવેલું હોવાથી વાહનવ્યવહારની સગવડ ઉપલબ્ધ છે. અલબત ક્ષેત્રકાર્ય સમયે પાકા માર્ગનું સમારકામ ચાલતુ હોવાથી કામરેજ અને સુરત જવા માટે તેમને શામપુરા અથવા ૪ કિ.મી. દૂર આવેલા વિહાણ ગામે જવું પડતું હતું. ગામમાં કેટલાક લોકો પોતાના સ્વતંત્ર વાહન ધરાવે છે.

(૩) રેલ્વેસ્ટેશન :

ગામ રેલ્વેસ્ટેશનથી ખૂબજ દૂર છે. રેલ્વે સેવા માટેનુ સ્ટેશન સુરત છે જે ૩૦ કિ.મી. દૂર આવેલુ છે. આ ઉપરાંત ગામથી ૧૫ કિ.મી. દૂર આવેલા

બારડોલી ગામમાં રેલ્વે સ્ટેશન છે. ત્યાંથી સુરત અને ભુસાવળ તરફ જવાની સુવિધા મળી શકે છે.

(૪) <u>બજાર</u> :

ગામના ફળિયાઓમાં નાની-નાની દુકાનો આવેલી છે જેમાં જીવન જરુરિયાતની ચીજવસ્તુઓ મળી રહે છે. આ રીતે ગામના લોકોનો વ્યવહાર ચાલે છે. પરંતુ પ્રસંગોચિત વધુ ખરીદી કરવાની હોય તો બજારમાં જવુ પડે છે નજીકનું બજાર બારડોલી છે જે ગામથી ૧૫ કિ.મી. દૂર આવેલુ છે.

(૫) <u>અનાજ દળવાની ઘંટી</u> :

ગામમાં અનાજ દળવાની ઘંટી આવેલી છે. આ વિસ્તારના ગામોમાં એવી યોજના હોય છે કે ગામમાં વારીગૃહ હોય છે. તે સાથે ઘંટી-એકમ પણ રાખવામાં આવે છે. ગામના કુટુંબો આ ઘંટીએથી અનાજ દળાવે છે. આ ઘંટીની માલિકી ગ્રામ પંચાયતની હોય છે. ગ્રામ પચાયત નિયત સમય માટે ઘંટી ભાડે આપે છે અને ભાડા પેટે વારીગૃહનું વિજળી બીલ આ ઘંટી ભાડે રાખનારે ભોગવવાનું હોય છે. આમ પંચાયતને માત્ર વારીગૃહના વહીવટની કામગીરી જ કરવાની હોય છે.

(૬) <u>બેન્ક</u> :

ગામમાં બેન્ક સેવાની સગવડ નથી. ઓરણાગામ જે ૨ કિ.મી. દૂર છે ત્યા રાષ્ટ્રિયકૃત સેન્ટ્રલ બેન્કની શાખા આવેલી છે જેનો લાભ દેલાડ ગામના લોકો લઈ શકે છે.

(૭) <u>પરબડી</u> :

ગામમાં પંચાયત ધ્વારા પરબડી ચલાવવામા આવે છે. પરબડી એટલે નાનું સરખું આરામ કરવા માટે વ્યવસ્થિત બનાવેલું સ્થળ. આ વિસ્તારના લગભગ તમામ ગામોમા ગામદીઠ આગવી પરબડી હોય છે. જે મોટાભાગે બસસ્ટેન્ડ પાસે અથવા જયા અવરજવર વધુ હોય એવા સ્થળે બાંધવામાં આવે છે. પરબડીનું મકાન પાકું હોય છે. અને ત્યાં બેસવા માટે બાંકડા અથવા અન્ય સગવડ હોય છે. ઉપરાંત ખાસ તો ત્યા નળ હોય છે અને ગ્રામ પંચાયત ધ્વારા સંચાલન માટે રોકાયેલ વ્યકિત મોટાભાગે સ્ત્રી, માટલામાં પાણી ભરી રાખે છે અને વટેમાર્ગુઓને ઠંડુ પાણી પીવડાવે છે. વળી કેટલીક

પરબડીઓની આસપાસ વૃક્ષો ઉગાડવા હોવાથી પરબડીમાં ખૂબજ ઠંડક રહે છે આમ વટેમાર્ગુઓને આરામ માટેનું આ ઉત્તમ સ્થળ છે. આમ આ વિસ્તારની એક વિશિષ્ટ પ્રથા દરેક ગામમાં જોવા મળે છે. પરબડીનું સંચાલન કરનાર બાઈને પંચાયત ધ્વારા મહેનતાણુ રૂા.૩૦, રૂા.૫૦ ~~વગેરે~~ ચૂકવવામાં આવે છે. સંચાલન કરનાર બાઈએ ત્યાંની સ્વચ્છતા જાળવવી, પાણી ભરવું અને આવનાર વટેમાર્ગુઓને મફત પૂરતું પાણી પીવડાવવું.

(૮) વારીગૃહ :

ગામમાં વારિગૃહની સગવડ છે. આ વારીગૃહ ધ્વારા દરેક ફળિયાઓમાં નળ મુકવામાં આવ્યા છે. દરરોજ બે-ત્રણ ટાઈમ એક એક કલાક માટે પાણી આપવામાં આવે છે. ગામમાંથી નહેર પસાર થતી હોવાથી ગામના ઘણા કુટુંબો કપડાં ધોવા અને વાસણ માંજવા માટે આ પાણીનો ઉપયોગ કરે છે. એકંદરે ગામમાં પાણીની સારી સગવડ છે.

(૯) દૂધ ઉત્પાદક સહકારી મંડળી :

ગામમાં સ્વતંત્ર દૂધ મંડળી નથી પરંતુ ઓરણા ગામની દૂધ મંડળીના પ્રતિનિધિ ગામનું દૂધ ઉપરાવીને લઈ જાય છે. આ ગામ સહિત આસપાસના ગામોના આદિવાસી અગ્રણીઓ આદિવાસી દૂધ મંડળી ઉભી કરવા માટે પ્રયત્ન કરી રહયા છે.

શામપુરા ગામ :

કામરેજ તાલુકાના મહત્વના ગામનો આ ગામનો સમાવેશ થાય છે. શામપુરા ગામ બારડોલી-ટીંબા માર્ગ ઉપર બારડોલીથી ૧૨ કિ.મી. દૂર આવેલું છે. ઉપરાંત સુરત-શામપુરા માર્ગ સાથે સીધી રીતે સંકળાયેલુ છે. તાલુકાના મથક કામરેજ થી ૨૩ કિ.મી. અને જિલ્લા મથક સુરતથી ૩૮ કિ.મી દૂર આવેલુ છે. ગામની પૂર્વમાં તાપી નદી, પશ્ચિમમાં દેલાડ, ઉત્તરમાં ટીંબાગામ અને દક્ષિણમાં વિહાણ આવેલું છે. નજીકમાં ૨ કિ.મી. દૂર આવેલ વિહાણ ગામ વાહનવ્યવહારની દ્રષ્ટિએ મહત્વનું છે.

વિસ્તાર :

ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૯૫૮ એકર અને ૦૮ ગુંઠા છે. ગામનો ભૌગોલિક વિસ્તારનું વર્ગીકરણ અથવા જમીનનુ વર્ગીકરણ નીચે પ્રમાણે છે.

| | | એકર - ગુંઠા |
|---|---|---|
| (૧) | ગૌચર અને ઘાસની જમીન | ૯૧ - ૩૯ |
| (૨) | અન્ય | ૫૮૯ - ૦૩ |
| (૩) | એક કરતાં વધુ વખત ખેડાણ હેઠળની જમીન | ૩૭૦ - ૦૦ |
| (૪) | ચોખ્ખી ખેડાણ હેઠળની જમીન | ૧૨૬૯ - ૦૫ |
| (૫) | કુલ પાક નીચેનો વિસ્તાર | ૧૨૬૯ - ૦૫ |
| (૬) | પિયત હેઠળનો વિસ્તાર | ૮૬૫ - ૦૦ |
| | કુલ : | ૧૮૫૮ - ૦૮ |

વસતિ :

૧૯૮૧ની વસતિગણતરી મુજબ ગામની કુલ વસતિ ૨૬૭૧ની હતી. ગામમાં જુદી જુદી બિન અનુસૂચિત, અનુસૂચિત જાતિ અને અને અનુસૂચિત જનજાતિની વસતિ વસવાટ કરે છે. બિનઅનુસૂચિત વસતિમાં પટેલ, વાણિયા, મારવાડી, બ્રાહ્મણ, મુસ્લીમ, અનુસૂચિત જાતિમાં ભંગી, રોહિત, અને અનુસૂચિતજનજાતિમાં રાઠોડ, હળપતિ ઓની છે. હળપતિ ઉપરાત વસાવા જનજાતિના થોડાં કુટુંબો વસવાટ કરે છે.

ધંધા :

ખેતી : ગામની જમીનના વર્ગીકરણના આંકડા જોતાં ખૂબજ સ્પષ્ટ જણાય છે કે ગામની મોટાભાગની જમીન ખેડાણ હેઠળ છે. એટલે ગામમાં મુખ્ય ધંધો ખેતીનો છે. ગામના જમીનધારકો પોતે ~~એ~~ હળપતિ મજૂરો ધ્વારા ખેતી કરે છે. હળપતિઓ મુખ્યત્વે ખેતમજૂરી કામમાં રોકાયેલા છે.

ગામમાં મુખ્ય પાક શેરડીનો છે. ગામની ખેડાણ હેઠળની કુલ જમીનમાંથી ૭૨૫ એકરમાં શેરડી રોપવામાં આવી હતી. આ ઉપરાત ડાંગર-૪૫૦ એકર જમીનમાં, ઘઉં-૨૭૫ એકરમાં, તુવેર-૧૦૫ એકરમાં, ઘાસ-૨૭૫ એકરમાં અને દિવેલા-૫૮ એકરમાં જમીનમાં ઉગાડવામાં આવ્યા હતા.

ખેતમજૂરી :

ગામમાં બીજો મહત્વનો ધંધો ખેતમજૂરીનો છે. મુખ્યત્વે હળપતિ ભાઈઓ ખેતમજૂરીના કામમાં રોકાયેલા છે. તેઓ ગામના અને આસપાસ જ્યાં કામ મળે ત્યાં ખેતમજૂરી કરવા જાય છે. શેરડીમાં રોપણી માટે, ડાંગરમાં રોપણી

અને કાપણીમાં ઘાસ કાપવા વગેરે જેવાં અનેક કામોમાં ખેતમજૂરી મળી રહે છે. આ ગામમાં શેરડીનો પાક મોટા પ્રમાણમાં થાય છે. એ બાબત જોઈ ગયા છે. અહિયા પણ શેરડીના પાકની કાપણી ખાંડ મીલોના ખાનદેશી મજૂરો આવીને ~~શેરડીની કાપણી~~ કરે છે તેથી હળપતિ ખેતમજૂરોને પૂરતું કામ મળી રહેતુ નથી.

<u>છૂટક મજૂરી</u> :

ગામમાં ખેતમજૂરી કામમાં રોકાયેલા લોકો ખેતીની મોસમના સમય બાદ જુદી જુદી છૂટક મજૂરીમાં કામ કરે છે.

<u>વ્યાપાર</u> :

ગામનુ સ્થાન એવું છે કે ત્યાં આસપાસના ગામોનો વ્યવહાર પણ આ ગામ સાથે ચાલે છે. એટલે વ્યાપારનો સારો વિકાસ થયો છે. ગામમાં આવેલી નાની-મોટી દુકાનોમાં જીવન ઉપયોગી તમામ ચીજવસ્તુઓ ઉપલબ્ધ બને છે. ગામમાં અનાજ કરિયાણુ, કાપડ, વાસણ વગેરે મળે છે.

ગામના આદિવાસી ફળિયાઓમાં પણ નાની-નાની દુકાન આવેલી છે જયાં તેમને અનુકુળ એવી જીવન ઉપયોગી વસ્તુઓ મળી રહે છે. કેટલાક આદિવાસી યુવકો સુરતથી લીલોતરી શાકભાજી લાવીને લારીમાં રાખી ગામમાં વેચવા જાય છે.

<u>હીરાઘસવા</u> :

સુરત અને આસપાસના વિસ્તારમાં હિરાઉદ્યોગનો ખૂબજ વિકાસ થયેલો છે. આ ધંધો ધીમે ધીમે ગામડાઓમાં પણ પ્રસરવા લાગ્યો છે. શામપુરા ગામમાં હીરા ઘસવાની ૪ ઘંટીઓ ચાલે છે ત્યાં ગામના અને આસપાસના ગામના આદિવાસી યુવાનો કામ કરવા આવે છે.

<u>સિંચાઈ</u> :

આ વિસ્તારમાં વરસાદ પૂરતા પ્રમાણમાં પડે છે. શામપુરા ગામને નહેર યોજનાનો લાભ મળે છે. આ ઉપરાંત કુવાના પાણી દ્વારા પણ સિંચાઈ કરવામાં આવે છે. ગામની ૮૬૫ એકર જમીનમાં સિંચાઈની સગવડ છે. તેમાં ૪૯૦ એકર જમીનમાં નહેર દ્વારા અને ૩૭૦ એકરમાં કુવાઓ દ્વારા સિંચાઈ કરવામાં આવે છે. આમ સિંચાઈની ખૂબ સારી સગવડ હોવાથી ખેતીનો સારો વિકાસ થયો છે.

માળખાકીય સગવડો :

ગામની મહત્વતા અને વિકાસનો આધાર માળખાકીય સગવડોની ઉપલબ્ધિમાં છે. શામપુરા ગામમાં અનેક માળખાકીય સગવડો ઉપલબ્ધ બની છે.

માર્ગ અને વાહનવ્યવહાર :

શરુઆતમાં જોઈ ગયા છે કે શામપુરા સુરત-શામપુરા માર્ગ અને બારડોલી - ટીંબા માર્ગ સાથે સંકળાયેલું છે. આ બન્ને પાકા અને બારમાસી માર્ગો છે. સુરત સાથે વાયા વિહાણ માર્ગ જે ક્ષેત્રકાર્ય સમયે ચાલુ હતો અને જ્યારે વાયા ઓરણા જે માર્ગનું સમારકામ ચાલુ હતું. એમ બે રીતે માર્ગ સાથે સંકળાયેલું છે.

શામપુરા ગામથી બારડોલી જવા અને સુરત જવા માટે બસની સગવડ ઉપલબ્ધ છે. દિવસમાં અનેક સેવાઓ મળે છે. ઉપરાંત ટીંબા પાસે તાપી નદીના કિનારાએથી રેતી મળતી હોવાથી ટ્રકો દ્વારા આ રેતી સુરત, બારડોલી, કામરેજ વગેરે સ્થળોએ લઈ જવામાં આવે છે. આ ટ્રકો દ્વારા પણ મુસાફરોની આવજા નિયમિત રીતે થતી હોય છે. આમ વાહન-વ્યવહારની સારી સગવડ છે.

રેલ્વે સ્ટેશન :

શામપુરા રેલ્વેથી દૂર આવેલું છે. રેલ્વે સેવા ૧૩ કિ.મી દૂર આવેલા બારડોલી સ્ટેશને જવાથી સુરત અને ભુસાવળ તરફ જતી ગાડીઓ મળી શકે છે. જ્યારે ૩૮ કિ.મી. દૂર આવેલા સુરત સ્ટેશનેથી મુંબઈ, અમદાવાદ, દીલ્હી સહિત દેશના અન્ય ભાગોમાં જવાનો લાભ મળી શકે છે.

તાર-ટપાલ-કચેરી :

ગામમાં તાર-ટપાલ સેવા ઉપલબ્ધ નથી. આ બન્ને સેવાઓ શામપુરાથી ૫ કિ.મી. દૂર આવેલા ઓરણા ગામમાં આ બન્ને સેવાઓ મળી શકે છે.

બજાર :

શામપુરા ગામમાં આવેલી દુકાનોમાંથી બધીજ જીવન ઉપયોગી વસ્તુઓ મળી શકે છે. શામપુરાથી ૧૧ કિ.મી. દૂર આવેલા બારડોલીમાં મુખ્ય બજાર આવેલું છે. આ સિવાય ૩૮ કિ.મી. દૂર સુરત શહેર પણ આવેલું છે. વ્યાપારીઓ આ બન્ને સ્થળોએથી માલ ખરીદી લાવીને ગામમાં વેચે છે.

અનાજ દળવાની ઘંટી :

અનાજ દળવાની ઘંટી ગામમાં છે.

તબીબી સારવાર :

ગામમાં ખાનગી તબીબી સારવારની સેવા ઉપલબ્ધ છે. શામપુરાથી ૩ કિ.મી. દૂર આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સેવણી ગામમાં આવેલું છે. ત્યાં અંદરના દરદી તરીકેની સારવાર મળી શકે છે. આ સિવાય ૩૮ કિ.મી. દૂર આવેલા સુરત શહેરમાં સીવીલ હોસ્પિટલમાં તમામ તબીબી સેવા મળી શકે છે.

યુકતાહાર કેન્દ્ર/ મધ્યાહન ભોજન યોજના :

ગામમાં બન્ને યોજના ચાલુ છે. ગામની પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન યોજના ચાલે છે જેનો લાભ શાળાના બાળકો લે છે. જયારે ગામમાં ચાલતી યુકતાહાર યોજનાનો લાભ અન્ય બાળકો લે છે.

સહકારી મંડળી :

શામપુરાએ ગામ સહકારી પ્રવૃતિમાં આગળ પડતુ છે. ગામમાં ક્ષેત્રકાર્ય સમયે ત્રણ સહકારી મંડળીઓ ચાલતી હતી જેમા,

(૧) શામપુરા સેવા સહકારી મંડળી લીમીટેડ.

(૨) શામપુરા ખેત-મજૂર સહકારી મંડળી લી.

(૩) શામપુરા બેર સામુદાયિક મંડળી લીમીટેડ.

ઉપર્યુકત સહકારી મંડળીઓમાં ખેતમજૂર સહકારી મંડળી સંપૂર્ણ રીતે આદિવાસીઓ ધ્વારા ચલાવવામાં આવે છે. ગામના ખેતમજૂરો પોતાનો જીવનનિર્વાહ ચલાવી શકે તે માટે ગામના ખેતમજૂરોની સહકારી મંડળી ઉભી કરવામાં આવી છે. મંડળીને જમીન આપવામાં આવી છે તેમજ ખેતી ઉપયોગ માટે બળદગાડુ આપવામાં આપ્યું છે. વધુમાં મંડળીએ બેન્ક ધિરાણ મેળવીને કુવો બનાવી મોટર બેસાડી છે. પરંતુ ક્ષેત્રકાર્ય દરમિયાન જુદા જુદા માહિતીદાતાઓએ આપેલી માહિતી મુજબ આ મંડળી વ્યવસ્થિત ચાલતી નથી અને કુવા મોટર પેટે લીધેલુ ધિરાણ પણ પાછું ભરપાઈ કરી શકાયું નથી. પસંદ કરાયેલા કુટુંબોના દાતાઓએ તો એવો આક્ષેપ પણ કર્યો હતો કે આ જમીનમાં મંડળીના સંચાલકો પોતાની ખાનગી જમીન

હોય એ રીતે પોતાના સગાઓને કાળવીને ખેતીકામ કરે છે. બાકીની જમીન બિનઉપયોગી પડી છે. તાલુકામાં આવી ખેત મજૂર સહકારી મંડળીઓ અનુક્રમે (૧) મોરથાણા (૨) શામપુરા (૩) ટીંબા (૪) દેલાડ, (૫) નનસાડ (૬) સેધણી (૭) એરણા અને (૮) કરજણ ગામમાં ચાલે છે.

ગ્રામપંચાયત :

શામપુરા ગામ શામપુરા-દેથલી જૂથ પંચાયત હેઠળ આવેલું છે. દેથલી ગામ નજીકમાંજ છે. ગ્રામ પંચાયતમાં ૬ આદિવાસી સભાસદો છે.

શિક્ષણ :

ગામમાં પ્રાથમિક શાળાની સુવિધા છે. જ્યાં ધો.૧ થી ધો.૫ સુધીનું શિક્ષણ મળે છે. ધો.૬થી આગળ એટલે કે ધો.૭ સુધીનું પ્રાથમિક શિક્ષણ અને ધો.૮ થી ધો.૧૦ સુધીનું માધ્યમિક શિક્ષણ અને ધો.૧૧-૧૨ સુધીનું ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ શામપુરાથી ૨ કિ.મી. દૂર આવેલા વિહાણ ગામની ઉચ્ચતર માધ્યમિક શાળામાં મળે છે. ચાલુ શૈક્ષણીક વર્ષમાં ગામની પ્રાથમિક શાળામાં ભણતા બાળકોની સંખ્યા નીચે પ્રમાણે હતી.

ગામની પ્રાથમિક શાળામાં ભણતા બાળકો

| | ધોરણ-૧ | ધોરણ-૨ | ધોરણ-૩ | ધોરણ-૪ | ધોરણ-૫ |
|---|---|---|---|---|---|
| આદિવાસી કુમાર | ૨૫ | ૨૫ | ૧૭ | ૧૫ | ૧૦ |
| કુલ કુમાર | ૩૩ | ૩૬ | ૩૦ | ૪૩ | ૧૮ |
| આદિવાસી કન્યા | ૩૨ | ૩૨ | ૧૪ | ૯ | - |
| કુલ કન્યા | ૩૯ | ૪૩ | ૨૬ | ૨૬ | ૭ |
| કુલ આદિવાસી બાળકો | ૫૭ | ૫૭ | ૩૧ | ૨૪ | ૧૦ |
| કુલ બાળકો | ૭૨ | ૭૯ | ૫૬ | ૬૯ | ૨૫ |

પ્રાથમિક શાળામાં અન્ય બાળકોની સંખ્યામાં આદિવાસી બાળકોનું પ્રમાણ વધુ હોવા છતાં પણ ફરજીયાત શિક્ષણમાં આવી શકે એવા સંખ્યાબંધ બાળકોના વાલીઓ જુદા જુદા કારણોસર તેમના બાળકોને શાળામાં મોકલતા નથી. તેમાં મુખ્ય કારણ તેમની આર્થિક પ્રવૃત્તિ અને ગરીબાઈ જણાવે છે. શામપુરા ગામ સહિત સમગ્ર લઘુ વિસ્તારના અગ્રણી આદિવાસી નેતાઓએ

ક્ષેત્રકાર્ય દરમિયાન એવી રજુઆત કરી હતી કે આ વિસ્તારમાં ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ઘણી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ચલાવવામાં આવે છે અને આ માધ્યમિક શાળાઓ સાથે ધો.પ પછીનુ પ્રાથમિક શિક્ષણ આપી શકાય એવી સગવડ પણ હોય છે. તેથી આ શાળામા પૂરતા વિદ્યાર્થીઓ મળી રહે તે માટે શૈક્ષણિક મંડળોના સંચાલકો પંચાયત ઉપર દબાણ લાવીને ધો.૭ સુધીનું પ્રાથમિક શિક્ષણ આપતી શાળાઓ બંધ કરાવી માત્ર ધો.પ સુધીનુ શિક્ષણ આ શાળામાં મળે એવી જોગવાઈ કરાવે છે. જેથી માધ્યમિક શાળામાં ધો. ૬-૭ ચલાવી શકાય. આવી ફરિયાદો વ્યાપક પ્રમાણમા મળી હતી. આને કારણે ગામના ગરીબ અને ખાસ કરીને શૈક્ષણિક અને આર્થિક રીતે પાછળ એવા હળપતિઓને ખૂબજ માઠી અસર થાય છે. કારણ કે જ્યાં માંડ ગામની પ્રાથમિક શાળામા રહીને ધો.૭ સુધીનું શિક્ષણ મેળવતા બાળકોમાંથી ખૂબજ થોડા બાળકોના વાલીઓ તેમના બાળકોને માધ્યમિક શાળામાં દાખલ કરાવી શકે છે. આ ખાનગી માધ્યમિક શાળામા મોકલવા માટે બાળકોના વાલીઓએ ખર્ચ કરવો પડે છે જે તેમને પરવડે તેમ ન હોવાથી સામાન્ય બાળકો તો ધો.પ સુધીનુ શિક્ષણ જ મળેવે છે. અલબત્ત જે હોશિયાર બાળકો છે અને જેમને વાલીઓ દ્વારા પ્રોત્સાહન મળે છે.અને શાળામાં પ્રવેશ મળે છે તેવા બાળકો વધુ સારુ શિક્ષણ મેળવીશકે છે. આ એક મહત્વનો લાભ છે.

<u>મોરથાણા</u> :

મોરથાણા ગામ સુરત-વિહાણ માર્ગ ઉપર આવેલુ છે. મોરથાણા ગામ જિલ્લા મથક સુરતથી ૧૭ કિ.મી. અને તાલુકા મથક કામરેજથી ૧૪ કિ.મી. દૂર આવેલું છે. મોરથાણાની પૂર્વમાં સેગવા પશ્ચિમે સીમાડી, ઉત્તરે વલણ અને દક્ષિણમાં થેબા ગામ આવેલું છે. તાલુકાના પ્રગતિશીલ અને મહત્વના ગામોમાં મોરથાણા ગામનો સમાવેશ થાય છે.

<u>વિસ્તાર</u> :

મોરથાણા ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૬૬૦ હેક્ટર, ૧૭ આર અને ૨૦ પ્રતિઆર છે. ગામની જમીનનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે.

| | | હેક્ટર | આર | પ્રતિઆર |
|---|---|---|---|---|
| (૧) | ખેડવા લાયક જમીન | ૫૯૯ | ૭૩ | ૭૮ |
| (૨) | ગૌચર અને ઘાસ | ૩૯ | ૫૯ | ૭૮ |
| (૩) | અન્ય | ૪ | ૨૨ | ૬૭ |
| (૪) | ચાલુ પડતર | ૫૮ | ૫૦ | ૮૫ |
| (૫) | કુલ પાક નીચેનો વિસ્તાર | ૫૯૯ | ૭૩ | ૭૮ |
| (૬) | પિયત હેઠળનો વિસ્તાર | ૩૭૯ | ૬૫ | ૭૫ |
| | કુલ : | ૬૬૦ | ૧૭ | ૨૦ |

વસતિ :

૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ ગામની વસતિ ૧૨૯૬ હતી, જેમાં ૬૩૦ પુરુષો અને ૬૬૬ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. ગામમાં મીશ્ર વસતિ છે એટલે કે ગામમાં બિનઅનુસૂચિત, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની જુદી જુદી જાતિઓ વસવાટ કરેછે. બિનઅનુસૂચિત જાતિઓમાં મુખ્યત્વે પટેલ, વાણિયા, બ્રાહ્મણ, અનુસૂચિત જાતિમાં ભંગી, રોહિત, અનુસૂચિત જનજાતિમાં મુખ્યત્વે રાઠોડ, હળપતિ અને થોડા વસાવા જાતિના કુટુંબો વસવાટ કરે છે.

શિક્ષણ :

આગાઉ જણાવી ગયા છે કે આ ગામ કામરેજ તાલુકાનું એક મહત્વનું અને પ્રગતિશીલ ગામ હોવાથી તેમાં શિક્ષણનું પ્રમાણ સારુ છે. ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ ગામમાં કુલ ૧૨૯૬ વ્યક્તિમાંથી ૯૬૬ વ્યક્તિઓ અક્ષારજ્ઞાન પામેલ હતી જેમાં ૫૨૫ પુરુષો અને ૪૪૧ સ્ત્રી હતી. જયારે ૧૦૫ પુરુષો અને ૨૨૫ સ્ત્રીઓ અક્ષારજ્ઞાન વિનાની હતી.

ગામમાં ધો.૧ થી ૭ સુધીનું શિક્ષણ આપતી ~~પ્રાથમિક~~ નઈ તાલીમશાળા આવેલી છે. આ શાળામાં બાળકોને જીવનઉપયોગી તાલીમ ખાસ પ્રકારથી આપવામાં આવે છે. બાળકો અને શિક્ષકો સાથે મળીને શાળાનું સુંદર વાતાવરણ ઊભું પાડતા જોવા મળ્યા હતા. આ શાળામાં બાળકોની છૂપી શકિતઓ શોધી કાઢીને તેનો વિકાસ કરવાના પ્રયત્નો કરવામાં આવતા હતા. આ શાળામાં વર્ગવાર ભણતા બાળકોની સંખ્યા નીચેના કોઠામાં બતાવવામાં આવીછે.

મોરથાણા નઇ તાલીમ શાળામાં ભણતા બાળકોની વર્ગવાર સંખ્યા દર્શાવતો કોઠો.

| ધોરણ | બિન આદિવાસી | | | આદિવાસી | | |
|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૧. | ૧૫ | ૭ | ૨૨ | ૧૫ | ૬ | ૨૧ |
| ૨. | ૧૬ | ૧૧ | ૨૭ | ૪ | ૩ | ૭ |
| ૩. | ૨૫ | ૨૯ | ૫૪ | ૧૭ | ૧૫ | ૩૨ |
| ૪. | ૧૧ | ૧૧ | ૨૨ | ૨ | ૧ | ૩ |
| ૫. | ૧૦ | ૨૦ | ૩૦ | ૨ | ૨ | ૪ |
| ૬. | ૨૨ | ૨૧ | ૪૩ | ૫ | – | ૫ |
| ૭. | ૧૮ | ૮ | ૨૬ | ૧ | – | ૧ |
| કુલ | ૧૧૭ | ૧૦૭ | ૨૨૪ | ૪૬ | ૨૭ | ૭૩ |

કોઠામાં દર્શાવેલા આંકડા જોતાં સ્પષ્ટ થાય છે કે ધો.૧ અને ધો.૩ ને બાદ કરતા તમામ ધોરણોમા આદિવાસી બાળકોની સંખ્યા નહિવત છે જે ચિંતાજનક બાબત છે.

માધ્યમિક શિક્ષણ મેળવવા ઓરણા ગામમા જવુ પડે છે. જયારે કોલેજ શિક્ષણ કામરેજ ચાર રસ્તા સ્થળે આવેલી કોલેજમાં મળી શકે છે.

માળખાકીય સગવડો :

વારીગૃહ :

ગામના નાગરિકોને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે એ માટે વારિગૃહ બનાવવામાં આવ્યું છે. હાલમાં તેના વિસ્તરણની કામગીરી પણ ચાલુ છે. આમ પીવાના પાણીની સગવડ એકંદરે સારી છે.

તાર અને ટપાલ :

ગામમા તાર અને ટપાલ કચેરી નથી. મોરથાણાથી ૮ કિ.મી. દૂર રાષ્ટ્રિય ધોરીમાર્ગ ઉપર આવેલા ઉંભેળ ગામમા પેટા ટપાલ કચેરી છે.

માર્ગ અને વાહનવ્યવહાર :

મોરથાણા ગામ પાકા માર્ગ ઉપર આવેલું છે.અને આ જિલ્લા માર્ગ છે. ગામથી ૪ કિ.મી. દૂર આવેલા કોસમાડી ગામ પાસેથી રાષ્ટ્રિય ધોરીમાર્ગ મુંબઈ-દિલ્હી સાથે જોડાણ થાય છે. ગામ પાકા માર્ગથી સંકળાયેલું હોવાથી વાહનવ્યવહારની સગવડ છે. મોરથાણાથી સુરત, કામરેજ વગેરે સ્થળે બસ દવારા જવાની સગવડ છે. માલની હેરફેર પણ ભારે વાહનો ધ્વારા કરવામાં આવે છે. આ ભારદારી વાહનો ધ્વારા પણ લોકો મુસાફરી કરતા હતા. ગામની પાસેથી પસાર થતા માર્ગ ઉપર બસ સ્ટેન્ડ આવેલું છે.

રેલ્વેસ્ટેશન :

મોરથાણા ગામ રેલ્વેથી દૂર છે. ગામથી ૧૦ કિ.મી. દૂર આવેલા ચલથાણ ગામમાં રેલ્વે સ્ટેશન છે જયાંથી સુરત અને ભુસાવળ તરફ જવાની સગવડ મળે છે. જયારે ૨૮ કિ.મી. દૂર સુરત રેલ્વે સ્ટેશનેથી મુંબઈ, અમદાવાદ, દીલ્હી સહિત દેશના અન્ય ભાગોમાં જવા માટે રેલ્વેની સગવડ મળે છે.

વેચાણ બજાર :

ગામમાં આવેલી નાની દુકાનો સહિત સેવા સહકારી મંડળીની દુકાનેથી જીવન ઉપયોથી તમામ ચીજ વસ્તુઓ મળી રહે છે. ગામના લોકોને નજીકના ત્રણ સ્થળના બજારોનો લાભ મળી શકે છે. તેમાં ૧૪ કિ.મી. દૂર આવેલા ચલથાણ, ૧૨ કિ.મી. દૂર આવેલા કામરેજ ચાર રસ્તા અને ૧૦ કિ.મી. દૂર આવેલા કડોદરા બજારનો સમાવેશ થાય છે. આ સિવાય ૨૮ કિ.મી. દૂર આવેલા સુરતના બજારનો લાભ પણ મેળવી શકાય.

ઘંટી/હલર :

ગામમા અનાજ દળવાની ઘંટી છે, હલરની સગવડ નથી.

સહકારી પ્રવૃતિ :

ગામમાં સહકારી પ્રવૃતિનો વિકાસ થયેલા છે. ગામમાં પેસતાજ મોરથાણા સેવા સહકારી મંડળીનું આકર્ષક મકાન આંગતુકનું ધ્યાન ખેંચે છે. આ સેવા સહકારી મંડળીમા જીવન ઉપયોગી ચીજ વસ્તુઓ સહિત

ખાતર અને સસ્તા અનાજની દુકાન દ્વારા અપાતો પુરવઠો આ દુકાનેથી મળે છે.

ગામમા ખેતમજૂર સહકારી મંડળી પણ ચાલે છે. આ સહકારી મંડળીને તાલુકા મામલતદારશ્રી દ્વારા જમીન ટોચમર્યાદા ધારા હેઠળ કાજી પડેલ ૬ એકર જમીન એક વર્ષની મુદત માટે ભાડે આપવામાં આવે છે. આ જમીનમાં ખેતમજૂરો ખેતી કરી શકે તે માટે ખેતીનાં સાધનો, ૧ જોડ બળદ અને એક ગાડું આપવામાં આવ્યું છે. આ ઉપરાંત બિયારણ અને ખાતરની સહાય પણ આપવામાં આવે છે. ક્ષેત્રકાર્ય દરમિયાન મંડળી અંગે ચર્ચા કરતાં જાણવા મળ્યુ હતું કે આ મંડળીમા ઝઘડા ચાલે છે તેની વહીવટ વ્યવસ્થિત નથી અને કારણે ગામમાં ઝઘડા પણ થયા હતા. આમ આ મંડળી હાલમાં ખાનગી મંડળી જેવી બની ગઈ છે.

ડુંગરા ગામ :

ડુંગરા ગામ એકદમ ઉંડાણના ભાગમાં આવેલું છે. અલબત કામરેજ ચાર રસ્તાથી ડુંગરા ગામ સુધીનો પાકો માર્ગ છે જે દ્વારા વાહન-વ્યવહાર ચાલે છે. ડુંગરા ગામ કામરેજ ચાર રસ્તાથી ૬ કિ.મી. અને કામરેજ ગામથી ૪ કિ.મી. દૂર અંદરના ભાગમાં આવેલું છે. ગામ જિલ્લા મથક સુરતથી ૨૬ કિ.મી. દૂર સુરત - ધાટીવા માર્ગ ઉપર આવેલું છે. ગામથી ૧ કિ.મી. દૂર ઉત્તરમા આવેલા ખોલેશ્વર ગામ જે તાપી નદીની નજીકમાં આવેલુ છે. ત્યાંથી રેતી મળતી હોવાથી બારે-માસ વાહનવ્યવહાર ચાલુ રહે છે. અલબત્ત ખૂબ વરસાદ પડે ત્યારે આ વ્યવહાર અટકી જાય છે.

ગામની વિસ્તાર, વસતિ સહિત અનેક વિગતો મળી શકી ન હોવાથી પ્રાપ્ય હોય એટલી માહિતી આપવામાં આવી છે.

માળખાકીય સગવડો :

વાહનવ્યવહાર :

ગામ પાકા માર્ગ સાથે જોડાયેલું હોવાથી બસસેવા અને માલની હેરફેર માટે ટ્રક સેવા મળી રહે છે. ડુંગરાથી કામરેજ ચાર રસ્તા, સુરત વગેરે સ્થળોએ જવા બસની સગવડ છે. જયારે નજીક આવેલા ખોલેશ્વર ગામેથી પસાર થતી ખાનગી ટ્રકોમાં પણ મુસાફરો આવજા કરે છે.

તાર અને ટપાલ સેવા :

ગામમાં પોસ્ટ ઓફિસ આવેલી છે. પરંતુ તાર સેવા ૬ કિ.મી. દૂર કામરેજ ચાર રસ્તાએ આવેલી કચેરીએથી મળી શકે છે.

રેલ્વેસ્ટેશન :

નજીકમા રેલ્વે નથી. નજીકમા રેલ્વે સ્ટેશન સાયણ છે જે ડુંગરાથી ૧૪ કિ.મી. દૂર આવેલું છે.

ઘંટી :

ગામમાં અનાજ દળવાની ઘંટી આવેલી છે.

રાષ્ટ્રિય ધોરીમાર્ગ :

ડુંગરા ગામથી ૬ કિ.મી. દૂર આવેલ કામરેજ ચાર રસ્તા જે રાષ્ટ્રિય ધોરીમાર્ગ ઉપર આવેલું છે.

આરોગ્ય સેવા :

ગામમાં ખાનગી તબીબી સેવા મળી શકે છે. સરકારી તબીબી સેવા માટે કામરેજ ચાર રસ્તા સ્થળે મળી શકે છે.

શિક્ષણ સેવા :

ગામમા ધો.૧થી ધો.૫ સુધીની પ્રાથમિક શાળા છે. આ સિવાય ધો.૮ થી ધો.૧૦ સુધીનું શિક્ષણ આપતી ઉત્તર બુનિયાદી આશ્રમશાળા આવેલી છે. આ સિવાય ગામથી ૩-૪ કિ.મી. દૂર ~~આવેલી~~ કામરેજમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અને ૬ કિ.મી. દૂર આવેલા કામરેજ ચાર રસ્તા સ્થળે આવેલી કોલેજમા ઉચ્ચ શિક્ષણ મેળવી શકે છે.

સહકારી સેવા :

ગામમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળી આવેલી છે. અગાઉ જણાવી ગયા છે તે મુજબ આ વિસ્તારની એકમાત્ર આદિવાસી દૂધ ઉત્પાદક સહકારી મંડળી તાજેતરમાં જ આ ગામમાં સ્થાપવામાં આવી છે. આ મંડળીમાં આસપાસના કેટલાક ગામોના આદિવાસીઓ જોડાયેલા છે. પરંતુ ગામના બિનઆદિવાસીઓ આ મંડળીમાં તેમનું દૂધ આપતા નથી પરંતુ ઉભેળ વિભાગ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રતિનિધિને દૂધ ભરે છે. આમ ગામના બે સ્પષ્ટ ભાગ પડી ગયા છે.

## પ્ર ક ર ણ : ૩

## કામરેજ લઘુ વિસ્તારની સામાજિક સંરચના :

### વસતી :

૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ સુરત જિલ્લાની કુલ વસતિ ૨૪,૯૩,૨૧૧ની હતી જેમાં ૧૨,૯૫,૭૦૮ પુરુષો અને ૧૧,૯૭,૫૦૩ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. તેમાં ગ્રામ્ય વસતિ ૧૪,૨૬,૧૭૨ અને શહેરી વસતિ ૧૦,૬૬,૦૩૯ની હતી. સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પુરુષોની વસતી ૭,૧૯,૯૩૨ અને સ્ત્રીઓની વસતિ ૭,૦૭,૨૪૦ની હતી જ્યારે શહેરી વિસ્તારમાં પુરુષોની વસતિ ૫,૭૫,૭૭૬ની અને સ્ત્રીઓની વસતિ ૪,૯૦,૨૬૩ની હતી.

સુરત જિલ્લાની વસતી જાતિવાર તપાસીએ તો અનુસૂચિત જાતિની કુલ વસતિ ૯૧,૬૪૧ની હતી જેમાં ૪૬,૧૧૧ પુરુષો અને ૪૫,૫૩૧ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. જ્યારે અનુસૂચિત જનજાતિની કુલ વસતિ ૧૦,૩૮,૨૦૦ની હતી જેમાં ૫૨૨,૯૧૩ પુરુષો અને ૫,૧૫,૨૮૭ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

કામરેજ લઘુ વિસ્તાર ધરાવતા કામરેજ તાલુકામાં વસતીની વિગતો તપાસીએ તો ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ તાલુકાની કુલ વસતિ ૧,૦૮,૩૦૭ની હતી જેમાં ૫૫,૦૪૫ પુરુષો અને ૫૩,૨૬૨ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. તાલુકાની ગ્રામ્ય વસતી ૯૭,૫૬૯ની હતી જેમાં ૪૯,૫૯૨ પુરુષો અને ૪૭,૯૮૭ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. જાતિ મુજબ વસતીનું વર્ગીકરણ કરીએ તો તાલુકાની અનુસૂચિત જાતિની કુલ વસતિ ૬,૭૪૬ની હતી જેમાં ૩,૨૮૧ પુરુષો અને ૩,૪૬૫ સ્ત્રીઓ નોંધાયેલી હતી. તાલુકાની અનુસૂચિત જાતિની વસતિમાં ૫,૯૯૬ ગ્રામ્ય વિસ્તારમાં અને ૭૫૦ શહેરી વિસ્તારમાં વસવાટ કરતા હતા.

જ્યારે તાલુકાની અનુસૂચિત જનજાતિની કુલ વસતિ ૪૯,૨૭૫ની હતી જેમાં ૨૫,૦૪૭ પુરુષો અને ૨૪,૨૨૮ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. તાલુકાની અનુસૂચિત જનજાતિનીમાં ગ્રામ્ય વિસ્તારની વસતિ ૪૭,૧૬૫ની અને શહેરી વિસ્તારની વસતિ ૨,૧૧૦ની હતી.

આયોજન અભ્યાસના એક ભાગરૂપે સામાજિક-આર્થિક સર્વેક્ષણ માટે પસંદ કરાયેલા ગામોમાં ૧૯૮૧ની વસતિગણતરી મુજબ કોઠામાં બતાવ્યા પ્રમાણેની હતી. કોઠામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસતિ પણ આપવામાં આવી છે.

## કોઠા નં. ૩:૧

પસંદ કરાયેલા ગામોમા જાતિવાર

| ક્રમ | ગામ | કુલ વસતિ | | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત જનજાતિ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | વેલંજા | ૭૩૨ | ૭૪૮ | ૧૪૮૦ | ૩૬ | ૪૧ | ૩૮૫ | ૩૭૮ |
| ૨. | દેલાડ | ૫૭૪ | ૫૬૬ | ૧૧૪૦ | ૧૧૦ | ૨૫૩ | ૨૫૩ | ૨૩૭ |
| ૩. | શામપુરા | ૧૨૪૮ | ૧૨૦૧ | ૨૪૪૯ | ૭૧ | ૬૨ | ૬૬૨ | ૬૪૩ |
| ૪. | મોરથાણા | ૬૬૦ | ૬૯૪ | ૧૩૫૪ | ૬૭ | ૮૯ | ૨૮૮ | ૨૯૦ |
| ૫. | ડુંગરા | ૫૯૦ | ૫૯૨ | ૧૧૮૨ | ૧૫ | ૧૩ | ૧૫૯ | ૨૮૬ |

**લઘુ વિસ્તારના પ્રજાતીય તત્વો :**

કામરેજ તાલુકાના ગામો સમાવતો કામરેજ લઘુ વિસ્તાર સુરત જિલ્લાનો એક બિન-આદિવાસી તાલુકો છે. તેમ છતાં વિધાનસભા અને લોકસભા એમ બન્ને ગૃહો માટે અનુસૂચિત આદિજાતિની અનામત બેઠક ધરાવતો વિસ્તાર છે એટલે કે આદિવાસી બેઠકનો વિસ્તાર છે.

કામરેજ લઘુ વિસ્તારમાં વસવાટ કરતી નાની-મોટી જાતિઓને બિન-અનુસૂચિત અને અનુસૂચિત જાવિભાગોમાં વહેંચી શકાય. આ ગામોમાં લગભગ તમામ જાતિઓનું વત્તાઓછા પ્રમાણમાં પ્રતિનિધિત્વ જોવા મળે છે. તેમ છતાં ગામમાં આધિપત્ય ધરાવતી જાતિ પણ વસવાટ કરે છે. લઘુ વિસ્તારના ગામો ઉપર આધિપત્ય ધરાવતી જાતિઓમાં કણબી પટેલ અને અનાવિલ ગણાવી શકાય. બન્ને જાતિઓ પ્રગતિશીલ અને દિર્ઘદ્રષ્ટિ ધરાવનારી છે. બન્ને જાતિઓમાં અનેક પાસાઓમાં સામ્યતા જોવા મળે છે. અને આ જાતિઓને પ્રગતિશીલ બનવા ફરજ પાડનારા સામાજિક પાસાંઓ પણ એકબીજા સામે સામ્યતા ધરાવે છે. આ જાતિઓની વધુ વિગતો અલગ અલગ જોઈએ.

<u>પટેલ</u> :

કામરેજ લઘુ વિસ્તારના તમામ ગામોમાં વત્તા ઓછા પ્રમાણમાં અને ઘણા ગામોમાં વર્ચસ્વ ધરાવતી આ જાતિ ગુજરાતની પ્રગતિશીલ, મહેનતુ દિર્ઘદ્રષ્ટિ અને આયોજન બધ્ધ રીતે કામ કરનારી જાતિઓમાંની એક છે. અન્ય વિસ્તારની જેમ કામરેજ લઘુ વિસ્તારના ગામોમા પણ ખેતીની જમીન ઉપર તેમની ઈજારાશાહી છે. તેઓ જમીનધારકો છે પરંતુ ખરેખર ખેડૂતો નથી. એટલે કે તેઓ હળપતિ અથવા બીજા માણસોને રાખીને તેમની દ્વારા ખેતી કરાવે છે. અને તેઓ આયોજન, દેખરેખ, નાણાંકીય વ્યવસ્થા, વેચાણ ખરીદ વગેરે પાસાંઓ સાથે સંકળાયેલા છે. એટલે કે કામ કરનાર મજૂરોને મજૂરી ચૂકવવીને ખેતીના ઉત્પાદન કેન્દ્રમાં તેઓ રહે છે એટલે કે ખેતીના નફાના તેઓ માત્ર માલીક હોય છે. અલબત ખેતી નિષ્ફળ જતાં થતા નુકશાનમાં પણ તેઓ માત્ર માલીક હોય છે.

કામરેજ લઘુ વિસ્તારમાં વરસાદ સારો પડે છે. ઉપરાંત સિંચાઈની પણ પૂરતી સગવડ ઊભી થવાને લઈને આ વિસ્તારના જમીન ધરાવનાર અન્ય જાતિની જેમ પટેલો પણ શેરડી જેવા રોકડીયા પાકની ખેતી કરે છે.

આસપાસના વિસ્તારમાં આવેલી સહકારી ખાંડની મિલો તેમને વાવેતર માટે બિયારણ, સહાય વગેરે આપે છે અને મીલો ~~પોતાના~~ કોન્ટ્રાક્ટર મજૂરો પાસે જ શેરડીની કાપણી કરાવી માલ પોતાના વાહનોમાં ભરીને મીલના સ્થળે લઈ જાય છે. આમ ખેડુતો ખૂબ ઓછી મહેનતે અને ઓછા જોખમે સારી આવક આપતા પાકની ખેતી કરવાની હોવાથી તેમનામાં સારી એવી આર્થિક સમૃધ્ધિ આવી છે. જેને કારણે તેઓએ હીરાઘસાવાની ઘંટી, વ્યાપાર જેવા ક્ષેત્રોમાં પણ મૂડી રોકાણ કરીને પ્રવેશ કર્યો છે. વળી આ જાતિના અનેક કુટુંબોમાંથી સભ્યો વિદેશોમાં રહી કામ કરે છે. તેઓ પણ તેમના કુટુંબોને અન્ય ક્ષેત્રોમાં આર્થિક રોકાણ કરવા માટે મૂડી પૂરી પાડે છે. આમ આ જાતિનું માળખું એવા પ્રકારનું ગોઠવાયેલું છે કે જેમાં તેઓની હંમેશાં આર્થિક સમૃધ્ધિ થતીરહે અને એ રીતે સમાજના સંસાધનો ઉપર તેમનું વર્ચસ્વ જળવાઈ રહે.

કોઈપણ જાતિમાં આર્થિક સમૃધ્ધિ લાવવા અનેક પરિબળો, તેમાં પણ ખાસ કરીને સામાજિક અને ધાર્મિક પરિબળો મહત્વનો ભાગ ભજવતા હોય છે. એ રીતે પટેલ જાતિમાં પણ સામાજિક ક્ષેત્રના રીત રિવાજો ખાસ કરીને લગ્ન માટે છોકરા પક્ષને પૈઠણમાં રોકડ રકમ, સોનાના દાગીના અને આધુનિક મોજશોખના સાધનો આપવા પાછળ ખૂબ ખર્ચ કરવું પડે છે. વળી આ રિવાજ અંગે એવું પણ કહેવાય છે કે જે કુટુંબમાં ત્રણ-ચાર પુત્રીઓ હોય તે કુટુંબતો આર્થિક રીતે ગમે તેટલું સધ્ધર હોય તો પણ આ પુત્રીઓના લગ્ન કરીને ગરીબ બની જાય છે. આમ તો દહેજનું દુષણ લગભગ બધીજ જાતિઓમાં એક યા બીજા પ્રકારે રહેલું જ છે પરંતુ આ જાતિમાં આ દુષણ ભારે છે. આ એક ખૂબજ મહત્વનું પરિબળ છે જે આ જાતિના લોકોને આર્થિક પ્રગતિ તરફ જવા ફરજ પાડે છે. પટેલ જાતિમાં આર્થિક પ્રગતિ તરફ બીજુ પરિબળ સાંપ્રદાયિક પણ કેટલેક અંશે રહેલું છે. પટેલોમાં સ્વામીનારાયણ સંપ્રદાયનો પ્રચાર વધુ જોવા મળે છે અને આ સંપ્રદાય આર્થિક પ્રગતિને ઉત્તેજન આપે છે. આવા નાના-મોટા અનેક પરીબળો આ જાતિનો આર્થિક પ્રગતિ માટે મદદરુપ બને છે.

<u>અનાવિલ</u> :

દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને સુરત અને વલસાડ જિલ્લાના વિસ્તારમાં જમીનધરાવનાર જાતિઓમાંની આ એક મહત્વની જાતિ છે. આ જાતિ પણ પટેલ જાતિની જેમ પ્રગતિશીલ, બુધ્ધિજીવી, આયોજન બધ્ધ રીતે કામ કરનારી અને દિર્ઘદ્રષ્ટિ ધરાવતી જાતિ છે. આ જાતિનું

મહત્વની બાબત એ પણ છે કે આ જાતિમાંથી રાજકીય અને શૈક્ષણિક-ક્ષેત્રે સિધ્ધિ હાંસલ કરનાર સંખ્યાબંધ લોકો છે.

અનાવિલો અને પટેલોમાં મૂલ્યોની બાબતમાં ઘણી બધી સામ્યતા રહેલી છે એ બાબત અગાઉ નોંધી છે. અનાવિલોમાં પણ દહેજ પ્રથાનું દૂષણ મોટાપાયે જોવા મળે છે. અનાવિલો દહેજને 'વાંકડો' કહે છે. તેમનામાં પણ લગ્ન સમયે છોકરા પક્ષને ઠરાવ્યા પ્રમાણેની રોકડ રકમ, ઘરેણાં, મોજશોખની ચીજવસ્તુઓ બન્ને પક્ષો નક્કી કર્યા મુજબ આપવામાં આવે છે. જેમ છોકરાનું શિક્ષણ વધુ, કુટુંબની આર્થિક સધ્ધરતા અને યુવકની સારી આવક આપતી નોકરીને મુજબ વાંકડાની કિંમત હોય છે. આમ અનાવિલ કુટુંબોમાં પણ વધુ કન્યા હોય એવા કુટુંબોના પુત્રીઓના લગ્નની ચિંતા તેમના માબાપને સતત સતાવતી હોય છે. અને સાથે સાથે આર્થિક પ્રગતિ કરવાનું પ્રેરક બળ પૂરુ પાડે છે. પટેલોની જેમ અનાવિલો પણ ખેતી સિવાયના અન્ય ધંધાઓ તરફ પોતાની દ્રષ્ટિ રાખતા હોય છે.

કામરેજ લઘુ વિસ્તારમાં બિનઅનુસૂચિત જાતિઓમાં મહત્વની જાતિઓમાં પટેલ અને અનાવિલ ઉપરાંત અનુસૂચિત જનજાતિમાં મુખ્ય વસતિ હળપતિઓની છે. ગુજરાતની અને સુરત જિલ્લાની હળપતિ જનજાતિ અનેક પાસાંઓના સંદર્ભમાં મહત્વની છે. ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ હળપતિઓની વસતિ ૩,૮૮,૫૮૯ની હતી જે કુલ આદિવાસી વસતિના ૧૦.૪૧% ના પ્રમાણમાં હતી. ગુજરાતમાં વસતિના ક્રમમા પ્રથમ ભીલ પછીનું બીજુ સ્થાન ધરાવતી હતી.

<u>હળપતિ</u> :

મૂળ દૂબળા તરીકે ઓળખાતી અને વંશપરંપરાગત રીતે આ વિસ્તારના જમીનદારો અને ખેડૂતોને ત્યાં વેઠ કરતી આ જાતિને ગુજરાતના લોક-સેવક અને 'વેડછીના વડલાના મોતી એવા સ્વ જુગતરામ દવેએ હળને ધારણ કરનાર એવા 'હળપતિ' તરીકેનું બીરુદ આપ્યું છે. ત્યારથી દૂબળાઓને 'હળપતિ' તરીકે ઓળખવામાં આવે છે. આ જાતિની મુખ્ય વસતિ સુરત જિલ્લાના કામરેજ, બારડોલી, પતસાણા અને ચોર્યાસી તાલુકાઓમા વસવાટ કરે છે. પરંતુ હાલના સમયમાં તો આ જાતિની વસતિ લગભગ બધાજ તાલુકાઓમા અને આસપાસના વિસ્તારો સુધી વસવાટ કરતી જોવા મળે છે. હળપતિઓ વંશપરંપરાગત રીતે હાળી પ્રથાના ચક્રમા ભીંસાતા

રહયા છે. આજે હાળી પ્રથા દૂર કરવામાં આવી છે એવું કહેવામાં આવે છે. પરંતુ અમારા ક્ષેત્રકાર્ય દરમિયાન ત્યાંની પરિસ્થિતિનો અભ્યાસ કરતા એવું સ્પષ્ટ જોવા મળ્યુ હતુ કે હાળીપ્રથાનુ જુનુ સ્વરૂપ ઘણે અંશે બદલાયુ છે પરંતુ હાળીપ્રથા નવીન સ્વરૂપે સંગઠિત સ્થિતિમાં જ રહેલી છે. આ કથનના સંદર્ભમાં ક્ષેત્રકાર્યના અનુભવને આધારે કહી શકાય કે આજે હળપતિઓ પાસે પહેલાંના જેવી વેઠ કરાવવામાં આવતી નથી. આજે રોજીંદા મજૂરની પ્રથા ચાલુ થઈ છે. જોકે કેટલાક જમીનદારો જેમને વિશાળ ખેતીની જમીન છે અને પશુ હોય તેઓ એક બે હળપતિઓને વાર્ષિક ધોરણે ખેતમજૂર તરીકે રાખે છે. પરંતુ મોટાભાગના હળપતિઓ કામ કરવા માટે મુકત છે. અમારા ક્ષેત્રકાર્ય દરમિયાન અનેક ગામડાઓમાં જોવા મળ્યું હતું કે ગામના જમીનદાર કે ખેડૂત પોતાનું વાહન લઈને હળપતિવાસમાં જતા અને જે તે હળપતિભાઈને પોતાને ત્યાં કામ કરવા આવવા કહેતા. કેટલીકવાર તો તેમના આગેવાનનો સંપર્ક કરવામાં આવતો અને તેમના દ્વારા જોઈતી સંખ્યામાં મજૂર મેળવવામાં આવતા. જયારે પહેલાં આમ ખેતમજૂર તરીકે હળપતિને બોલાવવા તેના ફળિયામાં જવાનું નહોતુ પરંતુ આજે આ પ્રથામાં પરિવર્તન આવ્યું છે. તો બીજી તરફ શામપુરા ગામમાં ક્ષેત્રકાર્ય દરમિયાન પસંદ કરાયેલા કુટુંબોની મુલાકાત લેતાં જાણવા મળ્યું હતું કે શામપુરા ગામમા કેટલાક પટેલ ભાઈઓએ હીરાઘસવાનો ઘંટીઓ શરૂ કરી છે અને આ ઘંટીઓ ઉપર ગામના અને આસપાસના ગામોના હળપતિભાઈઓ કામ કરે છે. હીરા ઘસવાના કામમાં ખૂબ સ્પર્ધા ચાલે છે. કુશળ અને ચપળ કારીગરો હોયએ એમને ટકાવી રાખવા ઘંટીના માલીકો અનેક યુકિતપ્રયુકિતઓ અજમાવતા હોય છે. તેમાં સૌથી વધુ પ્રચલિત પ્રયુકિત કારીગરોને એડવાન્સ રકમ ઉચ્ચક ધોરણે આપવાની પ્રથા છે. આ પ્રથાને કારણે હીરા બજાર ઘણું પ્રવાહી સ્થિતિમાં રહે છે. કારણ કે કારીગરો જે શેઠ વધુ પૈસા આપે તેમને ત્યાં કામ કરવા જતા રહે છે. આ હળપતિભાઈઓને રાજીરાખવા થોડી રકમ એડવાન્સ આપવામાં આવે છે. હવે આ રકમ જેટલું કામ જે તે કારીગર પુરતુ ન કરે ત્યાં સુધી તે બીજે કયાંયજઈ ન શકે. વળી તે ગામમાં તો બીજાને ત્યાં કામ કરવા પણ જઈ શકે નહી. આ રીતે આ કારીગરો પોતાને ત્યાંજ કામ કરે એ માટેની પ્રયુકિત અજમાવે છે. આ એક હાળી પ્રથાનું જ સ્વરૂપ છે એ ખૂબજ સ્પષ્ટ અને સૂચક છે. આમ હાળી પ્રથાનું સ્વરૂપ બદલાયુ છે પરંતુ પ્રથા તો ચાલુ છે એના અનેક ઉદાહરણ નરી આંખે જોઈ શકાય છે.

હાળી પ્રથાની સૌથી ઘેરી અને માઠી અસર તેઓના માનસિક વલણો ઉપર સદાય અંકિત રહે છે. તેમના ગુલામી માનસ ધરાવતા વિચારો-માં આમુલ પરિવર્તન કરવાનું ખૂબજ કઠિન છે. તેમનામાં શિક્ષણનો પ્રચાર ખૂબજ ધીમી ગતિએ થઈ રહયો છે. ક્ષેત્રકાર્યના ગામોમાં અભ્યાસ દરમિયાન જોવા મળ્યુ હતું કે ૬ થી ૧૪ વયનાં મોટી સંખ્યામાં બાળકોનાં નામ ગામની પ્રાથમિક શાળામાં નોંધવામાં આવ્યા નથી. અથવા જેમના નામ નોંધાયા છે, તેઓ શાળામાં જતા નથી અથવા તેમના વાલીઓ શાળામાં મોકલતા નથી. માત્ર અમુક કુટુંબના બાળકોજ સારી રીતે ભણી શકે છે અને આગળ પ્રગતિ કરે છે. એજ રીતે આર્થિક ક્ષેત્રમાં ખૂબ થોડા કુટુંબો પશુપાલન, કે જે તેમનો મહત્વનો આર્થિક વ્યવસાય કહી શકાય, તેમાં ખંત-પૂર્વક કામ કરે છે. આમ ગુલામી માનસની આડ અસરો આજે પણ તેમના સામાજિક, આર્થિક, શૈક્ષણિક જીવનમાં જોવા મળે છે. અલબત્ત તેમનામાં રાજકીય જાગૃતિ સરખામણીમાં વધુ છે. એ એક સબળ પાસું ~~આગળ મારુ~~ કહી શકાય.

<u>વસાવા</u> :

અનુસૂચિત જાતિમાં હળપતિ ઉપરાંત વસાવા અને ગામીત જાતિના કુટુંબો થોડી સંખ્યામાં વસવાટ કરતાં જોવા મળ્યા હતા. આ જાતિઓનાં કુટુંબો પણ હળપતિઓની સાથે જ વસવાટ કરતા હતા અને તેમના જીવન સાથે એટલા તો ઓતપ્રોત થઈ ગયા હતા કે બન્ને વચ્ચે સ્પષ્ટ ભેદરેખા નકકી કરવાનું ખૂબજ મુશ્કેલ હતું. માત્ર દેલાડ નામના બે-ત્રણ વસાવા ભાઈઓ સ્વતંત્ર રીતે બોરીંગ કરવાનું કામ કરતા હતા. આ સિવાય બધા ગામોમાં ખેતમજૂરી અથવા છૂટક મજૂરોનું કામ કરતા જોવા મળ્યા હતા.

અનુસૂચિત જનજાતિ એટલે કે હળપતિઓનું દૈનિક જીવન તપાસીએ તો તે ખૂબજ સાદુ અને સરળ હોય છે.

સવારે પોર ફાટતાં જ તેઓ ઉઠે છે. તેમના બાળકો પણ વહેલી સવારેમાંજ ઉઠે છે. ઉઠીને ~~[illegible]~~ બીડીના વ્યસનવાળા લોકો ~~[illegible]~~ ~~[illegible]~~ તમાકુ અને પાનની બીડીવાળીને સળગાવશે. તો આવી ટેવથી મુકત અથવા ઓછી અસરવાળા લોકો દાતણ કરે છે. દાતણ કરતાં કરતાં પણ ઝાડુ મારવું, વાસીદું નાખવા જવું વગેરે જેવા કામો પણ ચાલુ જ રહે છે. રહેઠાણની આસપાસ સવારમાંજ નિયમિત રીતે વાળીને ચોખ્ખી રાખવામાં આવે છે. આ વાળવાનું અને વાસીદું સાફ કરવાનું, દૂધાળા ઢોર હોય તો દોહવાનું કામ ઘરની સ્ત્રીઓજ કરતી હોય છે. સવારે દાતણ બાદ મોટાભાગે દરેક

કુટુંબના ચ્હા પીવામાં આવે છે. કુટુંબની આર્થિક સ્થિતિ અને શોખના પ્રમાણમાં ચ્હાની ગુણવતા હોય છે. ચ્હા સાથે રોટલો કે ગમે તે ખાય છે. નાસ્તા કર્યાબાદ પુરુષો ફરીથી બીડી પીએ છે. બીડી પીતી સ્ત્રીઓ પણ બીડી મોમાં મુકી પાણી ભરવા વાસણ માંજવા કે ગમે તે કામમાં જોડાઈ જાય છે. અથવા જો મજૂરીએ જવાનું હોય તો ત્યાં જાય છે. ખેતમજૂરીએ જનાર પુરુષો બળદ કે એકલે હાથે કામ ઉપર જવા નીકળી જાય છે. શાળામાં ન જતા બાળકો અને ગોવાળિયુ કરતા છોકરાઓ ફળિયાના અને ગામના ઢોર લેતા લેતા ઢોર ચરાવવા ચાલી નીકળે છે. જયારે કોઈ પ્રવૃતિ સિવાયના બાળકો ફળિયામાં બીજા બાળકો સાથે મળી રમે છે. વૃધ્ધો, મજૂરીએ નહિ જનાર વૃધ્ધો ઘેર બેસી રહી કંઈ કામ હોય તો કરે છે.

બપોરે ૧૨ - ના ગાળામાં ખેતમજૂરીએ ગયેલ સ્ત્રી-પુરુષોને જો ખાવાનું આપવામાં આવ્યું હોય તો તે લઈને અથવા ખાલી હાથે ઘેર આવે છે. જો ઘેર કોઈએ રાંધ્યુ હોય તો આ સભ્યો ખાવા બેસે છે. અને જો કોઈ રાંધનાર ન હોય તો સ્ત્રીઓ રાંધવાનું કરે છે અને ત્યારબાદ ખાવા બેસે છે. કેટલીકવાર પુરુષોને ખાવાનું ખેતરમાં પણ પહોંચાડવું પડે છે. ઢોર ચરાવવા ગયેલા ગોવાળિયાઓ પણ ઢોર લઈ પાછા વળે છે અથવા તો ગમે ત્યા વિસામો લે છે અને સાથે ભાતું હોય તે રોટલો વગેરે ખાય છે.

સાંજ થતાં સ્ત્રીઓ જમવાનું બનાવવાના કામાં લાગી જાય છે. ખૂબ ઓછા ઘરમાં વીજળીનો લાભ મળે છે. અને હાલમાં તો જે નવીન વસાહતો ઉભી થઈ રહી છે તેમાં આ કુટુંબો વસવાટ કરે છે. અને આ વિસ્તારોમાં વિજળીની સુવિધા કોઈક જ સ્થળે હોય છે. તેથી પણ આ કુટુંબો સાંજનું વાળુ વેરાસળ પતાવી દેવામાં આવે છે. રાત્રે વાળુ પતાવ્યા બાદ પુરુષો તેમના નાના બાળકો સાથે અથવા એકલા એકબીજા પરિચિતો અને મિત્રોને ત્યાં જાય છે અને દિવસની વાતો કરે છે. અથવા જુદાજુદા વિષયો ઉપર, મોટે ભાગે ચાલુ પ્રસંગો, રાજકારણ વગેરે ઉપર પોતાના સિમિત જ્ઞાનના આધારે અથવા જે કંઈ જાણતા હોય તે આધારે ચર્ચા કરે છે. અને સમય પસાર કરે છે. હળપતિઓમાં ભજનમંડળીઓનું પ્રમાણ નહિવત (બહુ ઓછું) નથી. દારુના વ્યસનીઓ રાત્રે જમ્યા પહેલા દારુ પીએ છે. એટલે રાત્રે ફળિયામાં એકાદ બે કુટુંબમાં અથવા, ક્યારેક સામાન્ય ઝઘડો-ટંટો થતો હોય છે. ક્ષેત્રકાર્ય દરમિયાન અમને

આદિવાસી અને બિનઆદિવાસી આગેવાનો દ્વારા રાત્રીના સમયે હળપતિવાસમાં કોઈપણ સંજોગોમાં ન જવું એવી સૂચના આપવામાં આવતી હતી. સૌ અનુકુળતા મુજબ ૧૦-૧૧-૧૨ વાગે સૂઈ જતા હતા.

ગામોમાં જાતિ આધારિત કોટીક્રમ અને આંતરજ્ઞાતિય સંબંધો :

કામરેજ લઘુ વિસ્તારમાં આદિવાસીઓની વસતિ હોવાથી વિધાનસભા અને લોકસભાની બેઠકો માટે અનામત વિસ્તાર છે. તેમ છતાં આદિવાસી ધારાસભ્ય કે લોકસભાના સભ્ય સિવાય અન્ય ક્ષેત્રમાં ભાગ્યેજ આદિવાસીઓ માનભર્યું અથવા મોભાવાળુ સ્થાન ધરાવતા હોય એવું બને છે. અમારા ક્ષેત્રકાર્ય દરમિયાન તાલુકા પંચાયતના પ્રમુખશ્રીએ એવી માહિતી આપી હતી કે કામરેજ તાલુકો હવે આદિવાસી તાલુકો ગણાશે એ માટેની તૈયારીઓ ચાલુ થઈ ગઈ છે. આ બાબતને મદદનીશ પ્રયોજના વહીવટદાર (ખેતી) શ્રીએ પૃષ્ટિ આપી છે. એટલે કે આદિવાસી ગણાય એવી તાલુકામાં પણ ભાગ્યેજ તેમનુ વર્ચસ્વ હોય એવું લાગે છે. ખરેખર જો જોઈએ તો આ વિસ્તારની તમામ સહકારી મંડળીઓમાં નિયત ઠરાવેલી સંખ્યામાં આદિવાસી સભ્યો કારોબારી સમિતિમાં અને સંચાલન મંડળમાં છે કે કેમ? એ એક પ્રશ્ન છે. આ વિસ્તારના અનેક ગામોમાં શૈક્ષણિક મંડળો દ્વારા માધ્યમિક શાળાઓ વગેરે ચલાવવામાં આવે છે. તો આ સંસ્થાઓમાં પણ એકપણ આદિવાસી સભ્ય છે કે કેમ? એ પણ તપાસનો વિષય છે. ખેતી પણ તેમના હાથમાં નથી. આમ સમગ્ર માળખું બિનઆદિવાસીઓના હાથમાં છે. આમ સૌથી વધુ વસતિ ધરાવતા વિસ્તારમાં પણ કોટિક્રમની દૃષ્ટિએ બિનઆદિવાસીઓ સૌથી ટોચે છે. ગામમાં સારુ અથવા ઉચ્ચ કોટિના મકાનોના માલિક બિનઆદિવાસીઓ છે. સારી દુકાનો, ઘંટી, હોટલ, યાંત્રિક વાહનો, આધુનિક મોજશોખના સાધનો વગેરે બિનઆદિવાસીઓના હાથમાં છે. ત્યારબાદ બીજા સ્તરે ગામની શાળામાં ગ્રામ પંચાયત કે અન્ય કચેરીમાં કામ કરતા સરકારી/અર્ધસરકારી કર્મચારીઓ છે. તેઓને પગાર વગેરે મળવાને કારણે તેમની આર્થિક અને સામાજિક સ્થિતિ સારી હોવાથી તેમનો ટોચે બેઠેલા લોકો દ્વારા સ્વીકાર કરવામાં આવે છે.

ત્રીજા સ્તરે જમીન ધરાવનાર, દુકાન જેવો સ્વતંત્ર ધંધો કરનાર, અથવા જે કુટુંબની આર્થિક સ્થિતિ એકંદરે બહેતર છે, એવા આદિવાસી કુટુંબો આવે છે. કોટીક્રમની ટોચે બેઠેલા વર્ગના લોકો આવાં કુટુંબો સાથે

સાવધાનીપૂર્વક વ્યવહાર કરે છે. એટલે કે તેમની લાગણીઓ ઉપર ઘા કરવાનું ટાળે છે. તેમની સાથે 'ન તો દોસ્તી ન તો દુશ્મની' જેવો વ્યવહાર રાખવામાં આવે છે. આમ એક પ્રકારનું અટૂલાપણુ રાખવામાં આવે છે. અને છેલ્લા સ્તરે આવે છે, તદ્દન નિર્ધન હાલતમાં રહેતા હળપતિઓ અને અસ્પૃશ્ય ગણાતા હરિજનો. સુરત જિલ્લાની એક વિશિષ્ઠ ખાસિયત એ છે કે આ જિલ્લામાં અસ્પૃશ્યતા ખાસ કરીને હરિજનો પ્રત્યેની અસ્પૃશ્યતા સાથે અન્ય ઠેકાણે જોવા મળે છે, એવો વર્તાવ કરવામાં આવતો નથી. પરંતુ તેઓ 'હરિજન' છે. એ રીતે સતેજ રહે છે. આ વિસ્તારના હરિજનોની અસ્પૃશ્યતા સંબંધિ કોઈ ફરિયાદ્ ઓછામાં ઓછું ક્ષેત્રકાર્યના વિસ્તાર પૂરતું તો કરવામાં આવી નહોતી એ મહત્વની બાબત છે. તેઓ ગામમાં ગમે ત્યાં હરીફરી શકે છે. ધંધામાં મુખ્યત્વે ખેતમજૂરી કરે છે. મોરથાણા ગામના હરિજન કુટુંબોમાંના દરેક કુટુંબમાંથી એક બે સભ્યો મુંબઈમાં રહી રેલ્વેમાં નોકરી કરે છે. વૃધ્ધો અને અશકતો મિલ્કત જાળવવા ઘેર રહે છે. તેમની આર્થિક સ્થિતિ સારી હોવાથી તેઓ સારી રીતે રહી શકે છે.

ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં, તાજેતરના વર્ષોમાં મોક્ષમાર્ગ, સ્વામીનારાયણ વગેરે જેવા સંપ્રદાયોનો પ્રચાર ઘણો થયો છે. આ સંપ્રદાયોમાં ચૂસ્તપણે માનનારા લોકો વ્યસન મુકિત મેળવે છે. અને તેમની રહેણી-કરણીમાં પણ ઘણા ફેરફાર લાવે છે. આ સંપ્રદાયોમાં દરેક જાતિના લોકો જોડાતા હોવાથી લોકોમાં એકતા સાધવામાં મહત્વનો ફાળો આપ્યો છે. અને કોટિક્રમની મજબુત પકડના બંધનો ઘણે અંશે ઢીલા પડેલા જોઈ શકાય છે.

<u>આદિવાસી ફળિયાની સંરચના :</u>

ગ્રામ્ય વિસ્તારમાં લોકો પોતાની જાતિના અન્ય કુટુંબો સાથે જે તે એક ઠેકાણે, મોટે ભાગે સ્વતંત્ર ફળિયામાં, રહેતા હોય છે. અને આ ફળિયું જાતિના નામના આધારે ઓળખાય છે. જેમ કે બ્રાહમણ ફળિયુ, પટેલવાસ, હરિજનવાસ વગેરે, શહેરી વિસ્તારમાં પણ આ વલણ જોવા મળે છે. આ રીતે આદિવાસીઓ પણ આદિવાસી ફળિયાઓમાં રહે છે. જેને ગામ લોકો 'દૂબળાવાસ' તરીકે ઓળખે છે. દૂબળા વાસમાં માત્ર દૂબળાઓ જ નથી રહેતા પરંતુ અન્ય જાતિના કુટુંબો પણ રહેતા હોય છે. જો કે તેઓ એક અલગ ભાગમાં રહે છે.

હાલમાં ધીમે ધીમે આદિવાસી ફળિયાઓના સ્થાને આદિવાસી વસાહતો ઊભી થઈ રહી છે. હાલમાં ૨૦ મુદ્દાનો કાર્યક્રમ ચાલે છે. આ કાર્યક્રમ હેઠળ ઘર વિહોણા લોકોને મફત ઘરથાળ પ્લોટ અને રહેઠાણ આપવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ દરેક ગામમાં આદિવાસીઓ, હરિજનો અને અન્ય ગરીબ વર્ગોને ગામની પડતર જમીનમાં પ્લોટ કાઢવી આપવામાં આવ્યા છે. કામરેજ વિસ્તારમાં હળપતિ આવાસ યોજના હળપતિ હાઉસીંગ ~~એ~~ બોર્ડ દ્વારા ચલાવવામાં આવે છે. આ બોર્ડ દ્વારા એક ઓરડો અને વરંડો ધરાવતા મકાન હાલમાં બનાવવામાં આવે છે. મકાનો પાકી ઈંટો અને ચણતરના અને છાપરા ઉપર વિલાયતી નળિયા નાખવામાં આવે છે. જરુરિયાતમંદ કુટુંબો ઘાસ વગેરે દ્વારા મકાનનું વિસ્તરણ કરે છે. જો આદિવાસી વિસ્તાર કે પરું ગામથી દૂર હોય તો વિજળી અને પાણીથી ખૂબ તકલીફ રહે છે. ખાસ કરીને રહેઠાણમાં વિજળી આપવામાં આવતી નથી. શામપુરા ગામમાં આદિવાસી વસાહતમાં રહેઠાણમાં અને ફળિયામાં વિજળીની સુવિધા આપવામાં આવી હતી. પાણી માટે સ્ટેન્ડ પોસ્ટ છે જે કુટુંબોની સંખ્યા અને વસતિ જોતાં તદ્દન અપૂરતાં હતાં. જોકે હાલમાં નવીન ટાંકો બનાવવામાં આવી છે. પરંતુ ગ્રામ પંચાયતના કુવા સાથે જોડાણ કરવામાં આવ્યું નથી. તેથી પાણીની તકલીફ ચાલુ છે. ~~આ સિવાય~~ સંડાસની કયાંય વ્યવસ્થા નથી. આ સિવાય ડુંગરા, વેલંજા, ગામોમાં માત્ર ફળિયામાં વિજળીની સગવડ હતી. પરંતુ રહેઠાણમાં વિજળીની સગવડ નહોતી. જયારે દેલાડ, મોરથાણાના અમુક રહેઠાણોમાં વિજળી હતી. પાણી અપૂરતા પ્રમાણમાં મળતુ હતું. દેલાડ ગામમાં તો આદિવાસી હાઉસીંગ સોસાયટી હેઠળ વ્યવસ્થિત અને છૂટાં મકાનો બનાવવામાં આવ્યા હતા. ત્યાં પાણીનું સ્ટેન્ડ અને વિજળીની સગવડ હતી. બે હાર વચ્ચેની જગ્યાનો ઉપયોગ મોટાભાગે ઢોર બાંધવા, ખાટલા વગેરે જેવી ચીજ વસ્તુઓ મુકવા કે વૃક્ષાનીચે બેસવા જેવો ઉપયોગ કરવામાં આવતો હતો. ફળિયાના રસ્તાઓ પણ ખાડાટેકરાવાળા હતા.

<u>આદિવાસી કુટુંબનું માળખું, તેનું પ્રકાર્ય, સગાઈ સંબંધો :</u>

હળપતિ આદિવાસીઓમાં સંયુકત કુટુંબની પ્રથા પ્રચલિત જોવા મળી નહોતી. મોટા ભાગે લગ્ન બાદ પતિપત્ની અલગ રહે છે. હાલમાં ઘરથાળના પ્લોટ આપવાની યોજનાને કારણે લોકો તેમના કુટુંબના પરણિત અથવા મોટા સભ્ય માટે પ્લોટ નોંધવા માટે પણ અલગ રહેતા હતા. અલબત એક કુટુંબના ભાઈઓ, નજીકના સગાંઓ અને જાતિભાઈઓ ક્રમ પ્રમાણે નજીક

હાલમાં ધીમે ધીમે આદિવાસી ફળિયાઓના સ્થાને આદિવાસી વસાહતો ઉભી થઈ રહી છે. હાલમા ૨૦ મુદ્દાનો કાર્યક્રમ ચાલે છે. આ કાર્યક્રમ હેઠળ ઘર વિહોણા લોકોને મફત ઘરથાળ પ્લોટ અને રહેઠાણ આપવામા આવે છે. આ કાર્યક્રમ હેઠળ દરેક ગામમાં આદિવાસીઓ, હરિજનો અને અન્ય ગરીબ વર્ગોને ગામની પડતર જમીનમાં પ્લોટ ફાળવી આપવામાં આવ્યા છે. કામરેજ વિસ્તારમાં હળપતિ આવાસ યોજના હળપતિ હાઉસીંગ બોર્ડ દ્વારા ચલાવવામાં આવે છે. આ બોર્ડ દ્વારા એક ઓરડો અને વરંડો ધરાવતા મકાન હાલમા બનાવવામાં આવે છે. મકાનો પાકી ઈંટો અને ચણતરના અને છાપરા ઉપર વિલાયતી નળિયા નાખવામાં આવે છે. જરુરિયાતમંદ કુટુંબો ઘાસ વગેરે દ્વારા મકાનનું વિસ્તરણ કરે છે. જો આદિવાસી વિસ્તાર કે પરું ગામથી દૂર હોય તો વિજળી અને પાણીથી ખૂબ તકલીફ રહે છે. ખાસ કરીને રહેઠાણમાં વિજળી આપવામાં આવતી નથી. શામપુરા ગામમાં આદિવાસી વસાહતમાં રહેઠાણમાં અને ફળિયામાં વિજળીની સુવિધા આપવામાં આવી હતી. પાણી માટે સ્ટેન્ડ પોસ્ટ છે જે કુટુંબોની સંખ્યા અને વસતિ જોતાં તદ્દન અપૂરતાં હતાં. જોકે હાલમાં નવીન ટાંકો બનાવવામાં આવી છે. પરંતુ ગ્રામ પંચાયતના કુવા સાથે જોડાણ કરવામાં આવ્યું નથી. તેથી પાણીની તકલીફ ચાલુ છે. ~~આ સિવાય~~ સંડાસની કયાંય વ્યવસ્થા નથી. આ સિવાય ડુંગરા, વેલંજા, ગામોમા માત્ર ફળિયામાં વિજળીની સગવડ હતી. પરંતુ રહેઠાણમાં વિજળીની સગવડ નહોતી. જયારે દેલાડ, મોરથાણાના અમુક રહેઠાણોમા વિજળી હતી. પાણી અપૂરતા પ્રમાણમાં મળતુ હતું. દેલાડ ગામમા તો આદિવાસી હાઉસીંગ સોસાયટી હેઠળ વ્યવસ્થિત અને છૂટાં મકાનો બનાવવામાં આવ્યા હતા. ત્યા પાણીનુ સ્ટેન્ડ અને વિજળીની સગવડ હતી. બે હાર વચ્ચેની જગ્યાનો ઉપયોગ મોટાભાગે ઢોર બાંધવા, ખાટલા વગેરે જેવી ચીજ વસ્તુઓ મુકવા કે વૃક્ષાનીચે બેસવા જેવો ઉપયોગ કરવામાં આવતો હતો. ફળિયાના રસ્તાઓ પણ ખાડાટેકરાવાળા હતા.

<u>આદિવાસી કુટુંબનું માળખું, તેનું પ્રકાર્ય, સગાઈ સંબંધો :</u>

હળપતિ આદિવાસીઓમાં સંયુકત કુટુંબની પ્રથા પ્રચલિત જોવા મળી નહોતી. મોટા ભાગે લગ્ન બાદ પતિપત્ની અલગ રહે છે. હાલમા ઘરથાળના પ્લોટ આપવાની યોજનાને કારણે લોકો તેમના કુટુંબના પરણિત અથવા મોટા સભ્ય માટે પ્લોટ નોંધવા માટે પણ અલગ રહેતા હતા. અલબત એક કુટુંબના ભાઈઓ, નજીકના સગાંઓ અને જાતિભાઈઓ ક્રમ પ્રમાણે નજીક

રહેવાનુ પસંદ ~~કરે~~ કરતા હતા. એક કુટુંબના પરણિત સભ્યો અલગ રહેતા હોય છે. પરંતુ બાપીકી મિલ્કતના ભાગ તો પિતાના મરણ બાદ કરવામાં આવે છે. આ સિવાય તમામ મિલ્કત સંયુકત ધોરણે ચાલે છે. ઘરના સભ્યોની કામગીરીમાં, કુટુંબના વડા કુટુંબની સંભાળ રાખે છે, અને ભરણ પોષણ કરે છે. પત્ની મજૂરી કામ ઉપરાંત ઘરના ઢોરની જાળવણી, પાણી ભરવું, વાસણ માંજવા સહિત અન્ય ઘરગથ્થુ કામ કરે છે. બાળકો શાળામાં જાય છે. અથવા શેરીઓમાં અને આસપાસ રમ્યા કરે છે અને ઘરમાં નાના બાળકોને રમાડે છે. કેટલાક છોકરાઓ ગામના ફળિયાના ઢોર ચરાવવાનું કામ પણ કરે છે.

અન્ય જાતિની જેમ હળપતિ અને અન્ય જાતિઓમાં લગ્ન આધારિત અને લોહી આધારિત સગાઈ સંબંધો સ્થપાતા જોવા મળતા. તેમની વચ્ચેના સંબંધોને બે પેટા વિભાગોમાં વહેંચી શકાય તેમાં (૧) ઠઠ્ઠામશ્કરીના સંબંધો અને (૨) પરહેજ અથવા મર્યાદાના સંબંધો.

(૧) <u>મશ્કરીના સંબંધો</u> :

દિયેર-ભાભી, મામી-ભાણેજ અથવા નજીકમાં રહેતા અને પતિથી નાની ઉંમરનાઓ લોકો વગેરે વચ્ચે મશ્કરીના સંબંધો જોવા મળ્યા હતા. તેઓ મશ્કરીમાં બીજાના ચીઢવે, હાથથી હળવી મારામારી કરે, જોરથી હસે વગેરે પ્રકારના વર્તન દ્વારા આ પ્રકારના સંબંધની અભિવ્યકિત થતી જોવા મળી હતી.

(૨) <u>મર્યાદાના સંબંધો</u> :

આદિવાસી જાતિઓમાં સ્ત્રીઓ માથે ઓઢવાનું અને પડદો પાડવા જેવી પ્રથાઓ ખૂબજ પ્રચલિત છે. ઘરમાં છોકરી ૧૩-૧૪ વર્ષની અથવા નાની ઉંમરમાં શરીરે હુષ્ટપૃષ્ટ થાય એટલે તેણે માથે કપડુ રાખવુ જોઈએ એવી પ્રથા છે. સામાન્ય રીતે પતિના, પિતા, ફળિયામાં રહેતા અને પતિથી મોટી ઉંમરના પુરુષોનું સંબંધ પ્રમાણે પડદો રાખવામાં આવે છે. જેને 'આછુ ઓઢવું' પણ કહે છે. પુરુષ પણ પોતાના નાના ભાઈની પત્ની સહિત ફળિયાના ઉંમરમાં નાના પુરુષની પત્ની સાથે હસી મજાક કરવાનું ટાળે છે.

## કોઠા નં. ૩:૨

પસંદ કરાયેલા કુટુંબનાસભ્યોનું વયજુથ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | ૦ થી ૬ |  | ૭ થી ૧૪ |  | ૧૫ થી ૨૪ |  | ૨૫ થી ૩૫ |  | ૩૬ થી ૬૦ |  | ૬૧ થી વધુ |  |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
|  |  |  |  | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | વેલજા | ગામીત | ૫ | ૩ | ૧ | ૪ | ૩ | ૩ | ૪ | ૨ | ૩ | ૩ | ૩ | – | – |
|  |  | વસાવા | ૩ | ૧ | ૩ | ૩ | ૨ | – | – | ૨ | ૩ | ૧ | – | – | – |
|  |  | હળપતિ | ૧૨ | ૩ | ૭ | ૬ | ૭ | ૫ | ૪ | ૭ | ૬ | ૪ | ૪ | ૧ | ૧ |
|  |  | કુલ | ૨૦ | ૭ | ૧૧ | ૧૩ | ૧૨ | ૮ | ૮ | ૧૧ | ૧૨ | ૮ | ૭ | ૧ | ૧ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૧૦ | ૫ | ૧૧ | ૧૪ | ૬ | ૭ | ૧૩ | ૧૬ | ૯ | ૫ | ૧ | – |
| ૩. | શામપુરા | હળપતિ | ૨૦ | ૧૦ | ૭ | ૯ | ૧૪ | ૧૪ | ૭ | ૧૩ | ૧૪ | ૭ | ૬ | ૩ | ૩ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૬ | ૭ | ૧૨ | ૯ | ૧૧ | ૧૧ | ૧૩ | ૧૩ | ૬ | ૮ | ૨ | ૩ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | ૫ | ૭ | ૯ | ૧૩ | ૬ | ૬ | ૧૨ | ૧૩ | ૫ | ૧ | ૨ | – |
|  | કુલ |  | ૧૦૦ | ૩૮ | ૩૭ | ૫૪ | ૬૨ | ૪૫ | ૩૯ | ૬૨ | ૬૮ | ૩૫ | ૨૭ | ૯ | ૭ |

## કોઠા નં. ૩:૩

પસંદ કરાયેલા કુટુંબના સભ્યોનુ વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | પરણિત | | અપરિણિત | | વિધુર | વિધવા | છુટાછેડા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૭ | ૭ | ૮ | ૬ | – | – | – | – | ૧૫ | ૧૪ |
| | | વસાવા | ૩ | ૩ | ૩ | ૪ | ૫ | – | – | – | – | ૭ | ૮ |
| | | હળપતિ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૧ | ૧૮ | ૧ | ૧ | – | – | ૨૬ | ૨૯ |
| | | કુલ | ૨૦ | ૨૨ | ૨૨ | ૨૩ | ૨૯ | ૧ | ૧ | – | – | ૪૮ | ૫૧ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૨૬ | ૨૬ | ૨૪ | ૨૦ | ૧ | ૨ | – | – | ૫૧ | ૪૮ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૨૬ | ૨૮ | ૨૬ | ૨૧ | ૩ | ૨ | ૧ | – | ૫૬ | ૫૧ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૨૫ | ૨૭ | ૨૪ | ૧૮ | ૨ | ૪ | – | ૧ | ૫૧ | ૫૦ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | ૧૯ | ~~૨૪~~ ૧૮ | ૨૦ | ૨૩ | ૨ | – | – | – | ૩૯ | ૪૦ |
| | | કુલ | ૧૦૦ | ૧૧૮ | ૧૨૩ | ૧૧૭ | ૧૧૧ | ૯ | ૯ | ૧ | ૧ | ૨૪૫ | ૨૪૦ |

<u>કોઠા નં. ૩:૪</u>

પસંદ કરાયેલા કુટુંબના સભ્યોનું શિક્ષણ

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | અભણ | | અભણ | | પ્રાથમિક ૧ થી ૭ | | માધ્યમિક | | ૬ થી ૧૪ વયનં શાળા છોડી દીધેલા બાળકોની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પુરુષ | સ્ત્રી | કુ. | ક. | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | કુ | ક | કુ |
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૨ | ૨ | ૧ | ૭ | ૬ | ૨ | ૧ | – | ૩ | ૧ | ૪ |
| | | વસાવા | ૩ | ૧ | ૨ | ૨ | ૩ | ૧ | – | – | – | – | ૧ | ૧ |
| | – | હળપતિ | ૧૨ | – | ૩ | ૯ | ૧૦ | ૫ | ૨ | – | – | – | ૧ | ૧ |
| | | કુલ | ૨૦ | ૩ | ૭ | ૧૨ | ૨૦ | ૧૨ | ૪ | ૧ | – | ૩ | ૩ | ૬ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૨ | ૩ | ૮ | ૨૫ | ૨૧ | ૫ | ૧ | – | ૫ | ૪ | ૯ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૫ | ૫ | ૨૨ | ૨૫ | ૧૫ | ૫ | ૨ | ૧ | – | ૧ | ૧ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૭ | ૯ | ૨૯ | ૩૦ | ૬ | ૨ | – | – | ૨ | ૮ | ૧૦ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | ૩ | ૧૦ | ૯ | ૧૬ | ૧૦ | ૩ | ૩ | – | ૧ | – | ૧ |
| | | કુલ | ૧૦૦ | ૨૦ | ૩૪ | ૮૦ | ૧૧૬ | ૬૪ | ૧૯ | ૭ | ૧ | ૧૧ | ૧૬ | ૨૭ |

:: ૬૬ ::

<u>કોઠા નં. ૩:૫</u>

પસંદ કરાયેલા કુટુંબોમાં ભણતા બાળકોની સંખ્યા

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | બાલમંદિર | | પ્રાથમિક | | માધ્યમિક | | ટેકનીકલ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | કુ | ક | કુ | ક | કુ | ક | કુ | ક | કુ | ક |
| ૧. | વેલંજા | ગામીત | ૫ | – | – | ૨ | – | – | – | – | – | ૨ | – |
| | | વસાવા | ૩ | – | – | ૨ | ૧ | – | – | – | – | ૨ | ૧ |
| | | હળપતિ | ૧૨ | – | – | ૪ | ૬ | – | – | – | – | ૪ | ૬ |
| | | કુલ | ૨૦ | – | – | ૮ | ૭ | – | – | – | – | ૮ | ૭ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | – | ૧ | ૭ | ૧૧ | – | – | – | – | ૭ | ૧૨ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | – | – | ૬ | ૧૨ | ૧ | – | – | – | ૭ | ૧૨ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | – | – | ૪ | ૧ | ૧ | – | – | – | ૫ | ૧ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | ૧ | ૨ | ૫ | ૨ | ૧ | ૨ | – | – | ૭ | ૬ |
| | | કુલ | ૧૦૦ | ૧ | ૩ | ૩૦ | ૩૩ | ૩ | ૨ | – | – | ૩૪ | ૩૮ |

**આદિવાસી સ્ત્રીઓનો દરજ્જો અને તેની સામાજિક-ધાર્મિક ભૂમિકા :**

આદિવાસી સમાજ જીવનમાં સ્ત્રીઓને ભિન્ન ભિન્ન ભૂમિકા ભજવવાની રહે છે જેમાં અનેક જવાબદારીઓ વહન કરવાની રહે છે. આદિવાસી સમાજ જીવનમાંજ નહિ પરંતુ વ્યાપક જીવન પધ્ધતિમાં પણ ભાગ્યેજ એવી કોઈ જવાબદારી હશે જેમાં આદિવાસી સ્ત્રી સીધી યા આડકતરી રીતે સંકળાયેલ ન હોય. આમ ભૂમિકાની અને જવાબદારીની દ્રષ્ટિએ સ્ત્રીઓનો મોભો આદિવાસી સમાજમાં ઉંચો જોવા મળે છે.

આદિવાસી સ્ત્રીઓની સામાજિક ભૂમિકા જુદી જુદી સામાજિક પ્રવૃતિઓમાં તેના ફાળાથી જાણી શકાય છે. સામાજિક ભૂમિકાના સૌથી પાયામા અને મહત્વની ભૂમિકા પોતાના કુટુંબના સંદર્ભમા જોવા મળે છે. કુટુંબના વડા તરીકેનો મોભો ઘરના વડીલ પુરુષ ભોગવતા હોય છે. પરંતુ કુટુંબના સંચાલનના વડા તરીકે ઘરની સ્ત્રી અથવા સ્ત્રીઓ હોય છે. સૌ પ્રથમ બાળકોના ઉછેરની જવાબદારી, નાના બાળકને દૂધ પીવડાવાથી માંડીને તેની માંદગીના સમયે દવાખાને લઈ જવા સુધીમાં આવતી કામગીરીમાં તે સીધી રીતે સંકળાયેલ છે. ઘરના સભ્યો માટે દિવસ દરમ્યાન રાંધવું, કપડાં ધોવાં, માંદા સભ્ય માટે દવા લાવવી અથવા દવાખાને લઈ જવો, તેને નિયમિત દવા આપવી, ભણતા બાળકોને શાળામા મોકલવા, પાણી ભરવું, ઘરની સ્વચ્છતા જાળવવી, ઘરના દૂધાળા અને અન્ય પશુની જાળવણી કરવી, દૂધ ભરવા જવું, ખેતમજૂરી કે અન્ય મજૂરી કરવા જવું, ઘરવખરી કે જીવનજરુરિયાતની ચીજવસ્તુઓ લેવા દૂકાને જવુ એવી નાની મોટી પ્રવૃતિ કરે છે. કુટુંબ સિવાય સગાંઓને ત્યાં પ્રસંગોચિત જવું, જરુર પ્રમાણે મદદરુપ બનવું વગેરે.

આદિવાસી સ્ત્રીઓની ધાર્મિક ભૂમિકા તપાસીએ તો ઘરમાં ધર્મની રુઢિઓનું પાલન કરવું એ સ્ત્રીઓની જવાબદારી મનાય છે. ઘરમાં બાળક માંદુ પડે અને બાધા રાખવાની જરુર લાગે તો માનતા સ્ત્રી પોતેજ માને છે. અને આ માનતા માટે બાળકોને કે અન્ય સભ્યને મંદિર કે દેવસ્થાને પણ લઈ જાય છે અને માનતા પૂરી કરે છે. તહેવારના દિવસે કરવામાં આવતી ધાર્મિક વિધિમાં ભાગ લે છે. અથવા ધાર્મિક વિધિ પુરુષો કરવાની હોય ત્યારે તમામ પૂર્વ તૈયારીઓ સ્ત્રી દ્વારા જ કરવામાં આવે છે. આમ સમગ્ર રીતે જોઈએ તો તેમના જીવનવ્યવહારમાં ડગેલે અને પગલે સ્ત્રી સીધી યા આડકતરી રીતે સંકળાયેલ હોય છે.

આજ વિસ્તારના માજી ધારાસભ્ય અને તાલુકાની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષા શ્રીમતી ડાહીબેન રાઠોડ તાલુકાના અગ્રણી નેતા છે. તેઓ બે ટર્મ માટે વિધાન સભામાં રહ્યા હતા. આજે સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષા તરીકે પ્રશંશનીય કામગીરી કરે છે. તે ઉપરાંત ખેત વિકાસ પરિષદ નામની સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત શિક્ષણ શાળાના અધ્યક્ષા તરીકે પણ સક્રિય કામગીરી બજાવે છે. તેમનો પણ વિસ્તારના આદિવાસીઓ અને બિનઆદિવાસીઓ ઉપર પ્રભાવિત જોવા મળે છે. કામરેજ લઘુ વિસ્તારના અન્ય ટોચના રાજકીય નેતાઓમાં વિહાણ ગામના રહીશ શ્રી છાણાભાઈ રાઠોડ જેઓ હળપતિ સેવા સંઘના સ્થાપક મંત્રી અને હાલમાં ખેત વિકાસ પરિષદ સંચાલિત શિક્ષણ શાળાના ઉપાધ્યક્ષ છે. તેમણે હળપતિ સેવા સંઘની કામગીરી દરમિયાન ખૂબજ રચનાત્મક કામગીરી બજાવી હતી અને આજે પણ હળપતિઓ તેમનો મોભો જાળવે છે. આ વિસ્તારના બીજા માજી-ધારાસભ્ય શ્રી ધનજીભાઈ રાઠોડ જેઓ વ્યવસાયે ખેડૂત છે. તેઓ હાલમાં રાજકીય રીતે ખૂબ જાગૃત હોય એવું જાણી શકાયું નહિ. વળી તેમની સાથેની મુલાકાતમાં તેમણે લોકોના કલ્યાણની ભાગ્યેજ ચર્ચા કરી હતી. બલ્કે તેમને નડતી મુશ્કેલીઓની જ રજુઆત કરી હતી. ~~તેઓમાં ઊંડી દ્રષ્ટિ હોય એવું પણ જોવા મળ્યું નહોતું.~~ શ્રી ભાણાભાઈ રાઠોડ માજી તાલુકા પંચાયતના સભ્ય હતા. પરંતુ તેઓ હાલમાં પોતાની જીવન નિર્વાહ સિવાયની પ્રવૃતિમાં સક્રિય નથી.

આ સિવાયના ઘણા આદિવાસી નેતાઓ જુદા જુદા સ્થાને છે પરંતુ મુખ્યત્વે તેમની ગરીબાઈને કારણે તેમણે પૂરતી આજીવિકા મેળવવાની ચિંતામાંજ રહેવાનું હોવાથી બીજી પ્રવૃતિ તરફ ધ્યાન આપી શકતા નથી. તેમની આર્થિક સ્થિતિ તેમના વિકાસમાં આડે આવે છે વળી વિસ્તારના બિનઆદિવાસી આગેવાનો જેઓ આર્થિક રીતે ઘણા સુખી છે તેમની સાથે સરખામણી કરી શકતા નથી. ગરીબાઈ ઉપરાંત શિક્ષણનો અભાવ, નેતાગીરીની અન્ય કૌશલ્યતાઓના અભાવને કારણે તેઓ પૂર્ણસ્વરુપે નેતા તરીકે બહાર આવી શકતા નથી.

બંધારણ રીતે લોકસભા અને વિધાનસભા સિવાયની ચૂંટાયેલી સંસ્થાઓમાં આદિવાસીઓ માટે અનામત જગ્યાઓ હોતી નથી તેથી સરપંચ, તાલુકા પંચાયતના પ્રમુખ અને અન્ય સમિતિઓમાં બિન-આદિવાસી નેતાગીરીનું વર્ચસ્વ હોય છે. કામરેજ લઘુ વિસ્તારમાં પણ આ પ્રમાણેની પરિસ્થિતિ છે.

બિન-આદિવાસી નેતાઓમાં સૌથી વધુ પ્રભાવશાળી અથવા તો આદિવાસીએ ઉપર પ્રભાવ પડયો છે એવા શ્રી નારણભાઈ પટેલ અને તેમના પુત્ર શ્રી વનમાળીભાઈ તેમના બહેન શ્રીમતી પુષ્પાબેન પટેલ વગેરે છે. તેમણે મૂળ સર્વોદય કાર્યકર્તાઓ તરીકે ખૂબજ ઉમદા કામગીરી બજાવી હતી. ટીંબા ગામની ઉત્તર બુનિયાદી આશ્રમશાળા અને આશ્રમ શાળાની સ્થાપના માટે પોતાની અંગત જમીન આપવા સહિત સમગ્ર જવાબદારી ઉઠાવી હતી. આ ઉપરાંત સમાજના કુરિવાજો સામે પણ જેહાદ ઉપાડી હોવાથી તેમના પટેલ કળિયાના કુટુંબોએ તેમનો સમાજિક બહિષ્કાર કર્યો છે. પરંતુ તેઓ પોતાની વિચારધારામાં ખૂબજ મક્કમ હોવાથી ઘણા લોકો તેમનાથી પ્રભાવિત થયા છે. ઉપરાંત તેમની જીવન પધ્ધતિ સાદગીભરી હોવાથી લોકોમાં તેમના પ્રત્યે અહોભાવ છે. તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી યુસુફભાઈ કારા વ્યવસાયે વ્યાપારી છે. તેઓનો ગામોના સ્થાનિક નેતાઓ સાથે સંપર્ક છે.

ધાર્મિક નેતાઓ સંબંધિ માહિતી મેળવી શકાઈ નથી. વૃધ્ધો કુટુંબના વડીલ તરીકે કુટુંબના સભ્યોમાં મુખ્ય સ્થાન ધરાવે છે, કુટુંબના સભ્યોને માર્ગદર્શન અને સલાહસૂચન આપવા ઉપરાંત કુટુંબના નાના-બાળકોની સંભાળ રાખે છે, તેમજ જુવાન સ્ત્રી પુરુષો મજૂરીએ ગયા હોય ત્યારે ઘરની સંભાળ રાખે છે, બહારથી આવતા મહેમાનો અને અન્ય લોકોને આવકાર આપે છે, કુટુંબમાં માંદગી કે અન્ય કટોકટીના સમયે કુટુંબના સભ્યોને હિંમત અને ધૈર્ય આપે છે, ઘણા વૃધ્ધોમાં ધાર્મિક વલણ મજબુત હોય તેઓ ધાર્મિક ક્રિયાકાંડમાં રચ્યાપચ્યા રહે છે.

કામરેજ લઘુ વિસ્તારમાં મુખ્યત્વે બે સ્વૈચ્છિક સંસ્થાઓ કામ કરતી હતી તેમના સંપર્કમાં આવવાની તક મળી હતી. આ સંસ્થાઓ (૧) હળપતિ સેવા સંઘ અને (૨) ખેત વિકાસ પરિષદ. આ બન્ને સંસ્થાઓના મુખ્ય મથક બારડોલીમાં છે. સ્વ.પૂ.જુગતરામ દવેની પ્રેરણા અને આશીર્વાદથી હળપતિ સેવા સંઘની સ્થાપના કરવામાં આવી હતી તેના તેઓ પ્રમુખ રહ્યા હતા. આ સંસ્થા દ્વારા હળપતિઓમાં શૈક્ષણિક વિકાસ થાય તે માટે બાલ-વાડીઓ, આશ્રમશાળાઓ, છાત્રાલયો વગેરે ચલાવવામાં આવે છે. આ ઉપરાંત અંબર ચરખા, તાડગોળ સહિત અન્ય પ્રવૃતિઓ પણ ચલાવવામાં આવે છે. ટીંબા ગામમાં ચાલતી આશ્રમશાળા અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનું સંચાલન આ સંસ્થા દ્વારા થાય છે. ખેત વિકાસ પરિષદ હળપતિઓમાં

આવેલી જાગૃતિ અને નેતાગીરીની ફલશ્રુતિ છે. હળપતિ સેવા સંઘની કામગીરીને કારણે તેમનામાં શિક્ષણનો વ્યાપ વધ્યો, તેમનું શોષણ ઘટયું, આર્થિક સ્થિતિમાં પણ સુધારો થતાં તેમનામાં જાગૃતિ આવી. આ જાગૃતિને કારણે હળપતિ સેવા સંઘથી અસંતુષ્ટ બનીને તેના જ મૂળ કાર્યકરો જેઓ અલગ પડયા અને આ સંસ્થાની સ્થાપના કરી છે. આ સંસ્થા ધ્વારા હાલમાં ડુંગરા ગામમાં ઉત્તર બુનિયાદી આશ્રમશાળા શરૂ કરવામાં આવી છે. સંસ્થા ધ્વારા હળપતિ વિસ્તારમાં પાંચ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે. આ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની વિશિષ્ટતા એ છે કે તેના તમામ આચાર્યો હળપતિ જ છે. આ પ્રયોગમાં ઠીક ઠીક સફળતા મેળેલી જણાય છે.

કામરેજ લઘુ વિસ્તારમાં સહકારી પ્રવૃત્તિનો સારો વિકાસ થયો છે. આ વિસ્તારની સૌથી મોટી સહકારી મંડળી છે, ઉંભેળ વિભાગ દૂધ ઉત્પાદક સહકારી મંડળી. આ મંડળી ધ્વારા ૫૪ ગામોમાંથી દૂધ ભેગું કરવામાં આવે છે જે સુમુલ ડેરીમાં મોકલવામાં આવે છે. આ મંડળીનો આર્થિક રીતે ખૂબ સારો વિકાસ થયો છે.

કામરેજ લઘુ વિસ્તારના આદિવાસી નેતાઓની એક ખ્વાઈસ છે કે આદિવાસીઓની બહુમતી ધરાવતા વિસ્તારમાં આદિવાસીઓની અલગ દૂધ મંડળી હોવી જોઈએ જેનું સંચાલન આદિવાસીઓના હાથમાં હોય, જેના નફાનો લાભ આદિવાસીઓને મળવો જોઈએ. પરંતુ આ વિસ્તારની ઉંભેળ વિભાગ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના વાંધાને કારણે આવી મંડળી ઉભી થઈ શકતી નથી. તેમ છતાં તાજેતરમાં ડુંગરા ગામમાં ડુંગરા વિભાગ આદિવાસી દૂધ ઉત્પાદક સહકારી મંડળી ઉભી કરવામાં આવી છે. આ મંડળીના વિકાસ માટે તેના કાર્યકરો ખૂબજ જહેમત ઉઠાવે છે. આસપાસના કેટલાક ગામો આ મંડળીમાં દૂધ ભરે છે અને આ દૂધ ટેમ્પા ધ્વારા કામરેજ લઈ જવામાં આવે છે.

સુરત જિલ્લામાં સહકારી ધોરણે ખાંડ ઉત્પાદન કરવાની મીલો સ્થપાઈ છે. હાલમાં કામરેજ તાલુકામાં આવી કોઈ મીલ ચાલતી નથી પરંતુ છેલ્લી માહિતી મુજબ કામરેજમાં સહકારી ધોરણે ખાંડ મીલ શરુ કરવામાં આવશે.

સેવા સહકારી મંડળી, મોરથાણા અને શામપુરા પસંદ કરાયેલા ગામોમા ચાલતીહતી. આ ઉપરાંત નાની મોટી મચ્છીમારી સહકારી મંડળી, પિયત સહકારી મંડળી, મરઘાઉછેર સહકારી મંડળીઓ ચાલે છે. જોકે તેઓ ખૂબ સંગઠિત ન હોવાથી સારી હાલતમા ચાલતી નથી.

નિશાળો, આશ્રમશાળાઓ, છાત્રાલયો, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, મહા વિદ્યાલયો, તાંત્રિક શિક્ષણ સંસ્થાઓ :

કામરેજ લઘુ વિસ્તારના ગામોમાં શિક્ષણની સુવિધાઓ દિન-પ્રતિદિન વિસ્તરી રહી છે. આ વિસ્તારના બિનઆદિવાસીઓ દ્વારા સ્થાપેલી શૈક્ષણિક સંસ્થાઓ વિવિધ સવલતો મળવાનો કારણે પ્રગતિ થઈ રહી છે.

પ્રાથમિક શિક્ષણની જવાબદારી જિલ્લા પંચાયત સંચાલિત શિક્ષણ સમિતિની છે. તેના દ્વારા ગામોમાં પ્રાથમિક શાળાઓ ચલાવવામાં આવે છે. ગામની જરુરિયાત મુજબ ધો. ૧ થી ધો. ૪ સુધી અથવા ધો. ૭ થી ઓછા ધોરણોવાળી શાળાઓ દરેક ગામમાં ચલાવવામા આવે છે. પસંદ કરાયેલા તમામ પાંચે ગામોમાં પ્રાથમિક શાળાની સગવડ ઉપલબ્ધ હતી. આદિવાસીઓમાં શિક્ષણનો વ્યાપ વધે એ માટે આશ્રમશાળા અને છાત્રાલય ચલાવવાની યોજના છે. તાલુકામાં હાલમાં એક આશ્રમ શાળા ટીંબા ગામમાં અને બે ઉત્તર બુનિયાદી આશ્રમ શાળા અનુક્રમે ડુંગરા ગામમાં અને ટીંબા ગામમા ચાલે છે. ડુંગરા ગામની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનું સંચાલન ગ્રામ વિકાસ પરિષદ, બોરડોલી દ્વારા કરવામા આવે છે જયારે ટીંબા ગામની બન્ને આશ્રમશાળાઓનું સંચાલન હળપતિ સેવા સંઘ, બારડોલી દ્વારા કરવામાં આવે છે. આશ્રમશાળાઓમાં ભણતા બાળકોની માહિતી મેળવી હતી. તમામ આશ્રમશાળાઓમાં હળપતિ બાળકોની સંખ્યા નામપૂરતી અથવા ગણીગાંઠી હતી. તેમાં પણ આ વિસ્તારના ગામોના હળપતિ બાળકો ભાગ્યે જ આ આશ્રમ શાળાઓમાં દાખલ થતા હતા. આ બાળકો સોનગઢ, નિઝર, ઉચ્છલ, વ્યારા મહુવા વગેરે જેવા દૂરના વિસ્તારોમાંથી આવતા હતા. તેઓ મુખ્યત્વે ચૌધરી, ગામીત વગેરે જાતિઓના હતા. આમ આશ્રમશાળા અને હળપતિઓ વચ્ચે અંતર રહેલું છે. હળપતિ બાળકો આ આશ્રમ શાળાઓનો લાભ કેમ લેતા નથી? એ બાબતમા શાળાના શિક્ષકો, ગામના આગેવાનો,

આદિવાસીઓના આગેવાનો વગેરે સાથે ચર્ચા કરી હતી. શિક્ષકોનું કહેવું હતું કે હળપતિઓ તેમના બાળકોને શાળામાં દાખલ કરાવતા ન હોવાથી સંખ્યા મેળવવા બહારથી આવનાર વિદ્યાર્થીઓને દાખલ કરવા પડે છે. બીજી તરફ કેટલાક આદિવાસી નેતાઓએ આ સંસ્થાઓની કામગીરી અંગે પોતાનો વિરોધી સૂર જણાવ્યો હતો. અલબત્ત આ કિસ્સામાં વધુ ઉંડાણથી માહિતી મેળવવી જોઈએ તો જ વધુ પ્રકાશ પાડી શકાય.

આ વિસ્તારમાં શૈક્ષણિક મંડળો દ્વારા ધો.૫ થી ઉચ્ચતર માધ્યમિક સુધીનું શિક્ષણ આપતી શૈક્ષણિક સંસ્થાઓ છે. કામરેજ, ચોરણ, વિહાણ ગામોમા ઉચ્ચતર માધ્યમિક શાળા માહિતી માધ્યમિક શાળાઓ છે. ધો.૫ થી શિક્ષણ આપતી માધ્યમિક શાળાઓ શરુ થતા આસપાસના ગામોની ધો.૭ સુધીની શાળાઓમાં ધો.૬ અને ધા.૭ ના વર્ગો બંધ કરવામાં આવે છે આને કારણે ઘણા કિસ્સાઓમા બાળકો ધા.૫ પછી આગળ હાઈસ્કુલમાં દાખલ થતા નથી. આમ આવી સંસ્થાઓને કારણે આદિવાસી બાળકોની શૈક્ષણિક પ્રગતિને માઠી અસર પહોંચી છે.

તાલુકામાં કામરેજ ચાર રસ્તા સ્થળે કોલેજ આવેલી છે. ત્યાં કોમર્સ, સાયન્સ અને આર્ટસ પ્રશાળાઓનું શિક્ષણ મળે છે.

તાલુકામા તાંત્રિક શિક્ષણ આપતી સ્વતંત્ર સંસ્થા હોય એવું જાણવા મળ્યું નથી. પરંતુ આદિવાસી પેટા યોજના, જિલ્લા પંચાયત વગેરે દ્વારા ટુંકાગાળાના તાંત્રિક તાલીમના વર્ગો ચલાવવામાં આવે છે જે તાલુકા પંચાયતે ઠરાયેલા સ્થળે ચલાવવામાં આવે છે.

# પ્રકરણ : ૪

## કામરેજ લઘુ વિસ્તારની અર્થવ્યવસ્થા

### ૪:૧. લઘુ વિસ્તારના આદિવાસીઓની ભૌતિક સંસ્કૃતિ :

**ઘર :**

આદિવાસીઓની જુદી જુદી મિલ્કતોમાં રહેઠાણ એક મહત્વની મિલ્કત છે. આ મિલકત સામાન્ય રીતે દરેક કુટુંબ પાસે હોય છે. જંગલમાં વસતા આદિવાસીઓના ઘરો છૂટાછવાયા અને પ્રમાણમાં મોટા હોય છે. પરંતુ કામરેજ લઘુ વિસ્તારના ગામોમાં વસતા હળપતિઓ સહિત અન્ય આદિવાસીઓ જાતિઓના ઘરો પ્રમાણમાં સાંકડા અને હારબંધ હોય છે. હાલમાં મફત ઘરથાળના પ્લોટ અને હળપતિ આવાસ યોજના હેઠળ તૈયાર થતાં ઘરો પ્રમાણમાં ખૂબ જ સાંકડા અને લાંબી હારમાં હોય છે. આ સિવાય ગામમાં જુના આદિવાસી ફળિયાઓમાં પરંપરાગત રીતે બાંધેલા ઘરો પ્રમાણમાં મોટાં અને ઘરવખરી વ્યવસ્થિત રાખવાની ગોઠવણીવાળા હોય છે. નવા બંધાયેલા રહેઠાણોમાં ઘરના માળખા સિવાય બીજી કોઈ વધારાની સગવડ હોતી નથી.

**ઘરનો વિસ્તાર :**

આદિવાસી ઘરની ચોકકસ માપ કાઢવાનું મુશ્કેલ હોય છે. નવીન બંધાયેલા ઘરનું માપ કાઢવું સહેલું છે કારણ કે તે માપસર બાંધેલા હોય છે. તેમાં પાછળથી થતા સુધારાવધારાને કારણે તેના ચોકકસ માપમાં ફેરફાર થાય છે. નવીન ઘરમાં આગળના અડધા ભાગમાં ઓસરી જે ૪' x ૫' ના માપમાં હોય છે જયારે બાકીનો ખંડ ૧૦' x ૧૦' અથવા ૧૦' x ૧૫' ની માપનો અથવા ઘરો એનાથી પણ ઓછા માપના છે. નવીન રહેઠાણો વેલંજા, દેલાડ, શામપુરા, મોરથાણા અને ડુંગરા એમ પસંદ કરાયેલા તમામ ગામો સહિત લઘુ વિસ્તારના અન્ય ગામોમાં પણ બાંધવામાં આવ્યા છે. હળપતિઓને રહેઠાણ મળી રહે તે માટે હળપતિ ગૃહ નિર્માણ નિગમ સ્થાપવામાં આવ્યું છે. આ નિગમ દ્વારા હળપતિઓ માટે હળપતિ આવાસ યોજના હેઠળ રહેઠાણો બાંધવાની જવાબદારી નિભાવે છે. આ ઉપરાંત જિલ્લા પંચાયતની યોજના હેઠળ પણ રહેઠાણ બનાવવામાં આવે છે તેવી વિગતો નીચે પ્રમાણે છે.

હળપતિ ગૃહ નિર્માણ નિગમ દ્વારા બાંધવામાં આવતા એક રહેઠાણની કુલ કિંમત રૂા.૨,૦૦૦ હોય છે તેમાં

રૂા. ૧,૫૦૦/- લોન
રૂા. ૫૦૦/- મજૂરી
કુલ : રૂા. ૨,૦૦૦/-

આમ રહેઠાણ મેળવનાર લાભાર્થીએ રૂા.૫૦૦/-ની મજૂરી કરવાની રહે છે. જયારે રૂા.૧,૫૦૦/- લોને પેટે મળે છે. તેમાં રૂા.૭૫૦/- ની સબસીડી એટલે કે ૫૦% સબસીડી અને બાકીના રૂા.૧,૫૦૦/- વાર્ષિક રૂા.૫૦/- હપ્તો ૧૫ વર્ષ સુધી ભરવાનો રહે છે. આ રીતે ૧૫ વર્ષ બાદ તેઓ ઘરની સ્વતંત્ર માલીક બની શકે છે. આ ઘર માટેની જમીન ગ્રામ પંચાયત દ્વારા બોર્ડને ફાળવવામાં આવે છે. દેલાડ ગામમાં હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા ૨૦ ઘરો બાંધવામાં આવ્યા હતા, ૨૦ મુદાના કાર્યક્રમ હેઠળ જિલ્લા પંચાયત દ્વારા ૪૬ રહેઠાણો બાંધવામાં આવ્યા હતા. આ સિવાય ગામમાં એક આદિવાસી હાઉસીંગ કોલોની બાંધવામાં આવી હતી. ૧૧ ગુંઠા જમીનમાં એક ઘર એવા ૨૫ ઘર બનાવવામાં આવ્યા હતા. આ રીતે જુદા જુદા ગામોમાં પણ ઘરો બનાવવામાં આવ્યા હતા.

બાંધકામ સામગ્રી અને રહેઠાણનો પ્રકાર :

લઘુ વિસ્તારના ગામોમાં જુના ફળિયાઓના અને નવા ફળિયાઓમાંના લગભગ તમામ રહેઠાણો કાચા પ્રકારના હતા. તમામ ઘરોમાં ભોયતળિયું લીપણવાળું, રહેઠાણની દિવાલો પાકી ઈંટ અને માટી અથવા સીમેન્ટ રેતીના મિશ્રણવાળા માલથી ચણેલી અને પ્લાસ્ટર વિનાની હતી. અલબત જુના રહેઠાણોની દિવાલોનો કેટલોક ભાગ છાણ-માટીથી લીપેલો હતો. કેટલાક કુટુંબોને મકાનમાં સંકડાશ પડતાં ઘાસ, લાકડાં વગેરેની દિવાલો બનાવી ઘરનું વિસ્તરણ કરેલુ જોવા મળ્યુ હતું. વેલંજા ગામમાં ૨૦ કુટુંબોને સુરતની સ્વામીનારાયણ પંથની સંસ્થા દ્વારા એક ખંડના પાકાં પ્લાસ્ટરવાળા ઘર બાંધી આપવામાં આવ્યા હતા. પરંતુ આ ઘર ખૂબજ સાંકડા હોવાને કારણે આ કુટુંબોએ ઘાસ-લાકડાંનો ઉપયોગ કરી ઘરના આગળના ભાગમાં તેમજ પાછળના ભાગમાં વિસ્તરણ કર્યું હતું. છેવટે જુના અને નવા તમામ રહેઠાણોમાં

વિલાયતી નળિયાં નાંખવામાં આવ્યા હતા. ઘરની ઉંચાઈ ટોચના ભાગે ૧૦ ફૂટની કરી શકાય. વેલંજા ગામની સ્વામીનારાયણ સંસ્થા દ્વારા બાંધાયેલા ઘરોમાં છાપરૂ સીમેન્ટના પતરાંથી ઢાંકેલું હતું. છાપરાનું માળખું લાકડાની વળીઓથી બનાવેલું હતું.

ઘરનું બાંધકામ :

નવીન બંધાતા ઘરોનું બાંધકામ હળપતિ ગૃહનિર્માણ બોર્ડ અથવા જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવે છે એ બાબત અગાઉ નોંધી છે. જયારે જૂના ફળિયામાં અને નવીન રહેઠાણનું વિસ્તરણ અને સમારકામ ઘર માલીકે જાતે કરવાનું રહે છે. હળપતિ આદિવાસીઓના ઘરોનું બાંધકામ જંગલોમાં વસતિ આદિવાસી જાતિઓના ઘરોના બાંધકામની સરખામણીમાં સહેલુ અને સરળ છે. લઘુ વિસ્તાર સપાટ પ્રદેશમાંહોવાથી તેમના ઘરોને પવન અને ભારે વરસાદ સામે રક્ષણ મેળવવાનું હેતું નથી.

ઘરના બાંધકામની પ્રક્રિયા તપાસીએ તો પ્રથમ ઘરમાલીકના કુટુંબના સભ્યો, સંબંધીઓ ભેગા મળીને પાયા ખોદકામ કરે છે. મકાન ઉંચે લેવાનુ ન હોવાથી પાયા ભાગ્યેજ એકાદ ફૂટ ઉંડા હોય છે. ત્યારબાદ ગામના અથવા બહારના કડિયા દ્વારા ચણતર કામ શરુ કરવામાં આવે છે. તેની મદદગારીમાં ઘરનાજ સભ્યો અથવા મજૂરીએ બોલાવેલા મજૂરો દ્વારા ઈંટો પૂરી પાડવી અને માટીનો કાદવ ખૂંદવો અથવા સીમેન્ટ રેતીનો માલ બનાવી તગારામાં કડિયાને પહોંચાડવો. એટલે કડિયો ચણતરનું કામ કરે. માટી ગૂંદવાનું અને સીમેન્ટ રેતીનો માલ તૈયાર કરવાનુ કામ સ્ત્રીઓ અને પુરુષો અનુકૂળતા મુજબ કરે છે. કડિયો ચણતર કામ પુરૂ કરે ત્યારબાદ ઘરમાલીક પોતે અથવા ગામનો જાણકાર અથવા બહારનો કારીગર છાપરાનું માળખું તૈયાર કરવાનુ કામ કરે છે. પ્રથમ ઘરની બરાબર વચ્ચે જયાં ચણતર ~~પ્રથમ~~ ટોચ સુધી થયું છે ત્યાં જાડું લાકડું મુકવામાં આવે છે. જેને મોભ કહેવામાં આવે છે. મોભથી છાપરાના બન્ને છેડા સુધી આવી શકે એવી લાંબી વળીઓ લગભગ ૧ થી ૧ાા ફૂટના અંતરે મુકવામાં આવે છે. આ લાંબી વળી ઉપર આડી રહે એવી પાતળી પટ્ટીઓ અથવા લાકડાં મુકવામાં આવે છે. જેથી તેની ઉપર નળિયા ગોઠવી શકાય. નળિયું ગોઠવવાનું માળખું બંધાઈ રહયા બાદ નળિયાં ગોઠવવાનું કામ જાણનાર વ્યકિત નળિયાં ગોઠવે છે. નળિયા ગોઠવવામાં પણ કૌશલ્યતા અને અનુભવ હોવો જરૂરી છે.

બીનઅનુભવી ધ્વારા ગોઠવાયેલાં નળિયાં વ્યવસ્થિત રીતે ન ગોઠવાતાં થોડા વખતમાં ભાગી જવાની શકયતા રહે છે તેમજ ચોમાસામાં વરસાદનું પાણી ટપકે છે.

કેટલાક લોકો ઘર તૈયાર થઈ ગયાબાદ અથવા ચણતરની સાથે જ દરવાજા અને બાકીના સ્થળે ચોકઠા ગોઠવે છે અને આ કામ પુરું થઈ ગયા બાદ દરવાજા બેસાડે છે. દરવાજા લાકડાના અથવા વાંસની પટ્ટીઓ ગોઠવીને બનાવવામાં આવે છે. બારી ન બેસાડેલી હોય તો ચણતર કરતી વખતે બે ઈંટ વચ્ચે જગ્યા રાખવામાં આવે છે. આવા અનેક બાખાઓ રાખવામાં આવે છે જે બારીની ગરજ સારે છે.

<u>ઘર બાંધકામ ખર્ચ</u> :

સરકારી સંસ્થાઓ ધ્વારા બંધાતા ઘરની કિંમત રૂા.૨,૦૦૦/- ઠરાવેલી છે પરંતુ આ રકમ ઘણીજ અપૂરતી હોય છે. જો આટલી રકમમાં ઘર બનાવવામાં આવે તો માલસામાન તદ્દન હલકી કક્ષાનો વાપરવો પડે અને ઘણી રીતે ઘર અધુરું રાખવું પડે. આથી જે તે કુટુંબ પોતાની સગવડ મુજબ ખર્ચ કરીને પણ ઘર થોડું સારું થાય એની કાળજી રાખે છે.

## કોઠા નં. ૪:૧

### પસંદ કરાયેલ કુટુંબોના રહેઠાણની વિગતો

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | મકાનનો પ્રકાર | | મકાનનું ક્ષેત્રફળ | | | | ઓરડાની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | કાચુ | પાકું | ૧૦'-૧૦' | ૧૦-૧૫' | ૧૫'-૧૫' | ૧૫'-૨૦' | ૧ | ૨ | ૩ |
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૫ | – | – | ૪ | ૧ | – | ૩ | ૨ | – |
| | | વસાવા | ૩ | ૩ | – | ૧ | ૧ | ૧ | – | – | ૩ | – |
| | – | હળપતિ | ૧૨ | ૧૧ | ૧ | ૭ | ૩ | ૧ | ૧ | ૧૦ | ૨ | – |
| | | કુલ | ૨૦ | ૧૯ | ૧ | ૮ | ૮ | ૩ | ૧ | ૧૩ | ૭ | – |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૨૦ | – | ૧૩ | ૭ | – | – | ૧૯ | ૧ | – |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૨૦ | – | ૧૩ | ૭ | – | – | ૧૧ | ૯ | – |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૨૦ | – | ૧૨ | ૬ | ૨ | – | ૨૦ | – | – |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | ૧૪ | ૧ | ૫ | ૮ | ૨ | – | ૧૩ | ૨ | – |
| | | કુલ | ૧૦૦ | ૯૩ | ૨ | ૫૧ | ૩૬ | ૭ | ૧ | ૭૬ | ૧૯ | – |

કોઠા નં. ૪:૨

પસંદ કરાયેલા કુટુંબોના રહેઠાણોની વિગતો

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | દિવાલનો પ્રકાર | | | છાપરાનો પ્રકાર | | | મકાન પોતાની જમીનમાં છે? | | પશુ માટેની છાપરી સાથે છે? | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | માટી | ઘાસ | ઈંટ માટી | દેશી નળીયા | વિલાયતી | અન્ય | હા | ના | હા | ના |
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૪ | – | ૧ | ૧ | ~~×~~ ૪ | ~~×~~ | ~~×~~ ૫ | ~~×~~ | ૨ | ૩ |
| | | વસાવા | ૩ | ૧ | ૨ | – | ૨ | – | ૧ | ૩ | – | ૨ | ૧ |
| | | હળપતિ | ૧૨ | ૫ | ૨ | ૫ | ૧ | ૯ | ૨ | ૧૨ | – | ૬ | ૬ |
| | | કુલ | ૨૦ | ૧૦ | ૪ | ૬ | ૪ | ૧૩ | ૩ | ૨૦ | – | ૧૦ | ૧૦ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૬ | ૯ | ૫ | – | ૨૦ | – | ૧૮ | ૨ | ૮ | ૧૨ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | – | ૩ | ૧૭ | – | ૨૦ | – | ૨૦ | – | ૫ | ૧૫ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | – | ૧ | ૧૯ | – | ૧૯ | ૧ | ૧૮ | ૨ | ૯ | ૧૧ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | – | ૩ | ૧૨ | – | ૧૪ | ૧ | ૧૪ | ૧ | ૧૧ | ૪ |
| | | કુલ | ૧૦૦ | ૧૬ | ૨૦ | ૫૯ | ૪ | ૮૬ | ૫ | ૯૦ | ૫ | ૪૩ | ૫૨ |

પસંદગી કરાયેલા કુટુંબોની ઘરની સ્થિતિનો ખ્યાલ ઉપરના બન્ને કોઠાઓમા દર્શાવેલા આકડા તરફ દ્રષ્ટિપાત કરતાં જણાય છે. પસંદ કરાયેલા ૯૫ કુટુંબોમાંથી ૯૩ કુટુંબોના મકાન કાચાં અને માત્ર બે કુટુંબોના મકાન પાકાં છે. આ ઉપરથી જણાય છે કે તેમના મોટાભાગના કુટુંબો કાચા મકાનમાં જ રહે છે.

મકાનનો વિસ્તાર જોઈએ તો તેમના તમામ મકાનો ખૂબજ સાંકડા અને અપૂરતી સગવડો વાળાં અથવા તો સગવડ વિનાનો જોવા મળ્યા હતાં. પસંદ કરાયેલા ૯૫ કુટુંબોમાંના ૫૧ કુટુંબો ૧૦' x ૧૦'ના, ૩૬ કુટુંબો ૧૦' x ૧૫'ના માપના, ૭ કુટુંબો ૧૫' x ૧૫'ના માપના અને ૧ કુટુંબ ૧૫' x ૨૦' ના માપના મકાનમાં વસવાટ કરતું હતુ. આથી તેઓ આસપાસ ની ખુલ્લી જમીનનો ઉપયોગ કરતા હતા. ઢોર બહાર બાંધતા હતા. પસંદ કરાયેલા કુટુંબોના ૪૩ કુટુંબોને ઘરમાં અથવા બહાર પશુ બાંધવાની છાપરી હતી જ્યારે ૫૨ કુટુંબોને આવી સગવડ નહોતી.

પસંદ કરાયેલા કુટુંબોના મોટાભાગના કુટુંબો એટલે કે ૭૬ કુટુંબો માત્ર ૧ ઓરડાવાળા મકાનમા અને બાકીના ૧૮ કુટુંબો ૨ ઓરડાવાળા મકાનમાં વસવાટ કરતા હતા. બે કરતાં વધુ ઓરડાવાળા એક પણ મકાન પસંદ કરાયેલ કુટુંબ ધરાવતું નહોતું.

મકાનોની દિવાલ મોટાભાગે ઈંટ-માટી અથવા ઈંટ સિમેન્ટની બનાવેલી હતી. ૫૯ કુટુંબોના ઘરની દિવાલ ઈંટ માટીની, ૨૦ કુટુંબોના ઘરની દિવાલ ઘાસની, ૧૬ કુટુંબોના મકાનની દિવાલ માત્ર માટીની બનાવેલી હતી.

મકાનમા છાપરા ઉપર વિલાયતી નળિયા બેસાડવાનો પ્રચાર વધતો જાય છે. નવા બંધાતા મકાનો સહિત જુના મકાનોમાં પણ વિલાયતી નળિયા જ જોવા મળે છે. આ વિસ્તારમા દેશી નળિયાં બનાવાની અનુકુળતા અને કારીગરનો અભાવ હશે.

મકાનમા સંકડાસ હોવા છતાં પણ મકાનમાં અથવા બહારના ખુલ્લા ભાગમા પશુ માટે છાપરી રાખે છે. ૪૩ કુટુંબો પાસે પશુની છાપરી હતી. જોકે પશુપાલન તો ખરેખર ૩૭ કુટુંબો કરતા હતા. જોકે નજીકના ભવિષ્યમાં પશુપાલન રાખનાર કુટુંબોએ પાછળ છાપરીની સગવડ તૈયાર કરી હતી.

## ૪:૨. ઘરનો સરસામાન :

### પહેરવેશ :

હળપતિ આદિવાસીઓ સહિત અન્ય આદિવાસી જાતિઓનો પહેરવેશ સામાન્ય ગ્રામજનને મળતો આવે છે. પહેરવેશમાં પુરુષો ઘોતી ખમીશ અને માથે ટોપી અથવા પેન્ટ-બુશર્ટ અથવા લેંઘો-ખમીશ વગેરે વ્યકિતની ઉંમર મોભો પ્રમાણે પહેરે છે. પરંપરાગત સ્ત્રીઓ સાડી કાછડો મારીને પહેરે છે. સાથે બ્લાઉઝ હોય છે. તો બિનઆદિવાસી સમાજની અસરવાળી સ્ત્રીઓ કમરથી નીચેના ભાગમાં રહે એવો ચણિયો, બ્લાઉઝ અને ઉંમર આગળ પાલવની અથવા ભણેલ-શોખીન સ્ત્રીઓ પાછળ પાલવની સાડી પહેરે છે. આ સિવાય કપડામાં ખાસ વિવિધતા જોવા મળતી નથી. બાળકોમાં છોકરાઓ ચડ્ડી અને બુશર્ટ પહેરે છે. જયારે છોકરીઓ ફ્રોક અથવા સ્કર્ટ, બ્લાઉઝ અથવા નીચે ચણીયો અને ઉપર બ્લાઉઝ પહેરે છે. ૧૨-૧૬ વર્ષની ઉંમરની અથવા શરીરે સશકત છોકરીઓ ચણીયો, બ્લાઉઝ સાથે માથે રૂમાલ કે ઓઢણી જેવું કપડા રાખી માથું ઢાંકેલું રાખે છે. માથે કપડું ન રાખનાર ટીકાપાત્ર બને છે તેથી છોકરીના વાલી આ કાળજી રાખે છે. બધા સભ્યોનો પોશાક સુતરાવ કપડાંનો હોય છે. હીરાઘસુમાં કામ કરતા છોકરાઓ અથવા ભણેલા તેમજ આર્થિક રીતે સારી સ્થિતિ ધરાવતા કુટુંબોનો સભ્યો આધુનિક જાતના કાપડના વસ્ત્રો પરિધાન કરે છે. વસ્ત્રો વ્યકિતની આર્થિક સ્થિતિ, શોખ, શિક્ષણ, મોભો વગેરેનો ખ્યાલ આપે છે. આ કપડાં બજારમાંથી તૈયાર અથવા તો ગામના દરજી પાસે સીવડાવેલા હોય છે.

### ઘરેણાં :

આદિવાસીઓની મોટાભાગની જાતિઓમાં પુરુષો અને સ્ત્રીઓ બન્ને જાતજાતનાં અને ભાતભાતના ઘરેણાં પરિધાન કરવાના ખૂબ જ શોખીન હોય છે. તેઓ ખોરાક ન મળે તો ટકો સુધી ભુખ્યા રહી શકે પરંતુ ઘરેણાં તો અવશ્ય ધારણ કરે. પરંતુ હળપતિ આદિવાસીઓ આ બાબતમાં અલગ પડે છે. વૃધ્ધા, જુવાન કે નાની ઉંમરની છોકરીઓ તેમજ કોઇપણ પુરુષ પરંપરાગત ઘરેણું પહેરતા જોવા મળ્યા નહોતા. સ્ત્રીઓનું એક માત્ર ઘરેણું હાથમાં કાચની

અથવા પ્લાસ્ટીકની બે-ત્રણ બંગડીઓ અથવા ગળામાં પ્લાસ્ટીકના મણકાનો હાર. આ સિવાય અન્ય ઘરેણાં જોવા મળ્યા નહોતા. આર્થિક રીતે સધ્ધર હોય તેવા કુટુંબની સ્ત્રીઓ ગળામાં ચાંદી અને મણકાવાળું મંગળસૂત્ર, પગમાં પાતળા ઝાંઝર અને હાથમાં બંગડી, કાનમાં બીજુ કંઈ પહેરેલું જોવા મળતુ હતું.

ખોરાક :

હળપતિ આદિવાસીઓનો ખોરાક તેમની ગરીબાઈનું પ્રતિબિંબ પાડે છે. જંગલમાં રહેતી આદિવાસી જાતિઓ ખૂબજ ગરીબ હોવા છતાં પણ ઘણે અંશે પૂરતો ખોરાક મેળવી શકે છે. અલબત ઘણા દિવસો સુધી ભુખ્યા રહેવાનું પણ બને છે. પરંતુ સપાટ પ્રદેશમાં અને સારી આર્થિક સ્થિતિ ધરાવતા ગામોમાં રહેવા છતાંપણ હળપતિઓ ખોરાકની બાબતમાં ખૂબજ ગરીબ છે.

સવારે ઉઠીને દાતણ-પાણી પતાવ્યા બાદ ચ્હા પીએ છે અને હોય તો જુવારનો રોટલો ખાય છે. ત્યારબાદ પોતાના કામમાં જોડાય છે. બપોરે ખેડૂતો જમીનદારને ત્યાંથી આપેલો થોડો ભાત, શાક વગેરે લાવીને વહેંચીને ખાય છે અને રોટલા વગેરે બનાવે છે. જેથી બધા લોકો ખાઈ શકે. ઢળતા બપોરે ૪-૫ વાગ્યાના અરસામાં શક્ય હોય તો ચ્હા બનાવાય છે. અને રાત્રે ખીચડી, બટાટા, ડુંગળી, ગવારસીંગ વગેરે જે મળી શકે તેનું શાક અથવા તુવેર, અડદની દાળ ખાય છે. જે કુટુંબો ખીચડી ખાઈ શકે તેવી સ્થિતિમાં નહોય તેઓ જુવારના રોટલા બનાવીને ખાય છે. તહેવારના દિવસે આર્થિક સ્થિતિ અથવા કંઈ આવક થઈ હોય તો સારું ખાવાનું બનાવી શકે છે.

પીણાં અને વ્યસનો :

હળપતિઓ સરખામણીમાં પીણા અને વ્યસનોમાં જોડાયેલા જોવા મળ્યા હતા. સામાન્ય રીતે દરેક કુટુંબ ચ્હાનું પીણું લેવાતુ હતું એટલે ચ્હા એ સર્વસામાન્ય પીણુ હતું. આ સિવાય દારુના પીણાનું વ્યસન ખૂબજ ભારે હતું. કદાચ અન્ય આદિવાસી જાતિઓ કરતાં હળપતિઓમાં વધુ પ્રમાણમાં દારુ પીવામાં આવે છે. યુવાનો, વૃધ્ધો અને સ્ત્રીઓ પણ દારુ પીએ છે. સ્ત્રીઓનું પ્રમાણ ખૂબ જ જૂજ છે.

ક્ષેત્રકાર્ય દરમિયાન દારુ પીધેલી, કોઈપણ સ્ત્રી મળી નહોતી, પરંતુ કેટલાક માહિતીદાતાઓએ જણાવ્યુ હતું શકય છે કે આ બાબત ખોટી પણ હોઈ શકે.

ખેતીના સાધનો :

હળપતિઓ ભાગ્યેજ ખેતીના સાધનો રાખે છે. જમીન ધરાવનાર ખેડૂતને ત્યા હળ, બળદ, રાપડી જેવા સાધનો હોય છે જયારે ખેતમજૂરી કરતા કુટુંબોમા ખેતીનું કોઈપણ સાધન હોતુ નથી.

માછીમારના સાધનો :

મચ્છીમારીના કામમાં રોકાયેલા અને નહી રોકાયેલા એમ બન્ને પ્રકારના હળપતિ કુટુંબોમાં જુદા જુદાં મચ્છીમારીના સાધનો હતાં. મચ્છીમારીનું કામ કરતા કુટુંબોમાં છોકીયો અવશ્ય હતો. મચ્છી પકડવા માટેની જાળ છે. પરંતુ સામાન્ય જાળથી અલગ પ્રકારની હોય છે. મચ્છી મારીનું બીજુ સાધન ખાસ પ્રકારના નાયલોનના દોરાથી ગૂંથેલી જાળ હોય છે. જે માછલા ભરીને બહાર કાઢવાના કામમા તેમજ ઓછા પાણીવાળી નહેરમાં અને તળાવમાંથી માછલી પકડવાના કામમા આવે છે. છોકીયો નદીમાંથી માછલી પકડવાના કામમા આવે છે. આ ઉપરાંત માછલી ભરવાના ટોપલા, કોથળા, કાપવાનું સાધન વગેરે હોય છે. મચ્છીનો વેપાર કરનાર પાસે ત્રાજવું અને વજનીયા હોય છે.

સામાન્ય જાળ ગૂંથણીનું કામ મચ્છીમારીનું કામ જાણનાર અને નહી જાણનાર એમ બન્ને પ્રકારના લોકો કરે છે. કેટલાક લોકો આવી જાળ નવરાશના સમયે ગૂંથે છે, અને વેચે છે. અને પોતા માટે ત્રણ-ચાર જાળ અવશ્ય તૈયાર રાખે છે. સ્ત્રીઓ જાળગૂંથવાની કૌશલ્યતા ખૂબ સારી ધરાવે છે. છોકીયો બનાવવાનું કામ ઘણી મહેનત અને કૌશલ્યતા માંગી લે તેવું હોવાથી મોટાભાગે મચ્છીમારી કરતા કુટુંબના કોઈક સભ્યો જાણતા હોય છે. છોકીયો બનાવવા માટે ખાટલી, લીખોયો, લોખંડના મણકા (એક છોકીયોમાં ૭ શેર વજનના) વપરાય છે. એક વ્યકિત એક થી દોઢ માસમાં એક છોકીયો તૈયાર કરી શકે છે. જે રૂા. ૫૦૦ થી રૂા.૭૫૦/- માં વેચી શકાય.

અન્ય સાધનો :

અન્ય સાધનોમાં અનાજ વગેરે ભરવા માટે લોખંડના (ટીનના) ડબ્બા અને શણના કોથળાનો ઉપયોગ કરવામાં આવે છે. અનાજ ભરવા માટે પરંપરાગત કોઠી એક પણ કુટુંબમાં જોવા મળી નહોતી. મનોરંજનના સાધન તરીકે રેડીયો ઘણો પ્રચલિત છે. દિવસે અને મોડીરાત સુધી શોખીન લોકો રેડીયો વગાડે છે. કપડાં, અગત્યના કાગળો વગેરે રાખવા માટે પતરાની પેટીનો ઉપયોગ કરે છે. ધાર્મિક વૃત્તિ ધરાવતા અથવા મોક્ષમાર્ગ ગ્રહણ કરનાર જુદા જુદા હીન્દુ દેવ-દેવીઓના ફોટા વગેરે કાચમા મઢાવીને ભીંતે લટકાવેલા જોવા મળ્યા હતા તો કેટલાક ઘરોમાં નાના બખોલામા દેવો

હતા જયાં દીવો સળગાવામાં આવતો અથવા અગરબત્તી સળગાવીને લગાવવામાં આવતી હતી. વાસણોમાં બધી ધાતુઓ એટલે કે તાંબા, પિતળ, એલ્યુમિનીયમ વગેરેનાં હોય છે. તેમાં મુખ્યત્વે એલ્યુમિનિયમના વધુ હોય છે તેનું એક કારણ એ પણ હોઈ શકે કે આવાં વાસણોની કિંમત ખૂબ ઓછી હોય છે. વાસણોમાં પીતળની થાળીઓ અથવા એલ્યુમીનીયમની પ્લેટો, વાડકા, ગ્લાસ, પાણી ભરવાના બેડાં, પ્લાસ્ટીકની ડોલ, ચ્હા પીવાના ચીનાઈ માટીના કપ-રકાબી, લાકડાના ઘોડા વગેરે ઘણી નાની મોટી વસ્તુઓ જોવા મળી હતી. અમાએ એ બાબત નોંધી છે કે હળપતિઓની ગરીબાઈ અને સાંકડા ઘરોને કારણે તેઓ ઘરવખરીના ઓછામાં ઓછા સાધનો વસાવે છે. માછીમારીનું કામ કરતા કુટુંબોમાં કેટલાક સાધનો હોય છે. વાહનોમાં સૌથી સામાન્ય એવી સાયકલ હોય છે. જે તેમને અનેક રીતે ખૂબજ ઉપયોગી થઈ પડે છે. આસપાસ નોકરીએ કે વ્યાપારાર્થે જનારને સાયકલ અનિવાર્ય હોય છે. રાત્રે પ્રકાશ માટે વિજળીની સગવડ ન હોય તો દીવો અથવા ફાનસનો ઉપયોગ કરે છે. દુકાનદાર પેટ્રોમેક્ષનો ઉપયોગ કરે છે. દરેક ગામમાં અનાજ દળવાની ઘંટી હોવાથી હાથથી દળવાની ઘંટીઓ નીકળી ગઈ છે. બળતણમાં મોટાભાગે લાકડાં વાપરે છે. જોકે જંગલમાં જે રીતે આદિવાસીઓ લાકડાંનો છૂટથી ઉપયોગ કરે છે તેવું શકય નથી. આ વિસ્તારમાં લાકડાંની ખૂબજ તંગી રહેતી હોવાથી ખેતરમાંથી અથવા આસપાસ જયાંથી મળે ત્યાંથી નાના-મોટાં લાકડાં વીણીલાવી બળતણ તરીકે ઉપયોગ કરે છે. ચોમાસાની ઋતુમાં બળતણની સમસ્યા ખૂબજ સતાવતી હોય છે.

કોઠા નં. ૪:૩

ઘરવખરીના સાધનો (વાસણો)

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | તાંબા | પિત્તળ | એલ્યુ. | સ્ટીલ | માટી | ચિનાઈમાટી | વાસણોની કુલ કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૪ | ૧૩ | ૫૭ | ૩ | ૩૦ | – | ૯૯૦ |
| | | વસાવા | ૩ | ૮ | ૨૩ | ૨૫ | ૬ | ૧૫ | – | ૧૪૦૦ |
| | | હળપતિ | ૧૨ | ૧૫ | ૨૧ | ૧૬૩ | ૨૮ | ૧૨૫ | – | ૪૯૦૦ |
| | | કુલ | ૨૦ | ૨૭ | ૫૭ | ૨૪૫ | ૩૭ | ૧૭૦ | – | ૭૨૯૦ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૩૧ | ૫૨ | ૨૩૫ | ૮૨ | ૧૫૦ | ૮ | ૭૯૫૦ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૪૨ | ૬૯ | ૧૫૫ | ૧૧૫ | ૬૫ | ૧૦ | ૯૧૨૫ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૯ | ૩૩ | ૨૧૫ | ૨૫ | ૧૩૫ | – | ૪૭૪૫ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | – | ૫૫ | ૧૪૦ | ૨૮ | ૯૭ | – | ૩૫૪૦ |
| | | કુલ | ૧૦૦ | ૧૦૯ | ૨૬૬ | ૯૯૦ | ૨૭૭ | ૬૧૭ | ૧૮ | ૩૨૬૫૦ |

:: ૭૯ ::

# કોઠા નં. ૪:૪

અન્ય ઘરવખરીના સાધનો

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | ખાટલા પલંગ | ટેબલ ખુરશી | સાયકલ | ઘડિયાળ | રેડિયો | સિલાઈ મશીન | માછલા જાળ | શિકાર સાધનો | વાજિંત્રો | ફાનસ ચીમની |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૧૧ | ૫ | ૪ | ૩ | ૧ | – | – | – | – | ૬ |
| | | વસાવા | ૩ | ૪ | ૬ | ૪ | ૧ | ૩ | – | ૨ | – | – | – |
| | – | હળપતિ | ૧૨ | ૭ | ૪ | ૧ | ૧ | – | – | – | – | – | ૫ |
| | | કુલ | ૨૦ | ૨૨ | ૧૫ | ૯ | ૫ | ૪ | – | ૨ | – | – | ૧૧ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૨૫ | ૧૨ | ૧૩ | ૮ | ૬ | ૩ | ૮ | – | – | ૧ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૨૫ | ૪ | ૧૫ | ૨૦ | ૧૩ | – | ૩ | – | – | ૬ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૮ | ૧ | ૬ | ૬ | ૬ | ૧ | ૨ | – | – | ૬ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | ૧૦ | ૧ | ૩ | ૪ | ૫ | – | ૧ | – | – | ૧ |
| | | કુલ | ૧૦૦ | ૯૦ | ૩૩ | ૪૬ | ૪૩ | ૩૪ | ૪ | ૧૬ | – | – | ૨૪ |

કોઠા નં. ૪:૪ ચાલુ

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | ટોપલા ટોપલી | ઘંટી ઘરવાની | પ્રાયમસ | પેટી | બેટરી | અન્ય | કુલ કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૯ | – | – | ૨ | – | ૨૫ | ૩૭૧૫ |
| | | વસાવા | ૩ | – | – | ૧ | ૨ | – | – | ૫૧૦૦ |
| | – | હળપતિ | ૧૨ | ૮ | – | – | ૧ | – | ૧૧૫ | ૧૨૪૪૦ |
| | | કુલ | ૨૦ | ૧૭ | – | ૧ | ૫ | – | ૧૪૦ | ૨૧૨૫૫ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૨ | – | – | ૧ | – | ૧૭૫ | ૪૦૯૮૦ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૧૫ | – | ૨ | ૫ | ૪ | ૨૪૦ | ૫૯૨૯૦ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૧૧ | – | – | ૨ | – | ૨૬૫ | ૩૪૧૦૫ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | ૧૪ | ૧ | ૨ | ૭ | – | ૨૨૦ | ૩૭૧૨૦ |
| | | કુલ | ૧૦૦ | ૫૯ | ૧ | ૫ | ૨૦ | ૪ | ૧૦૪૦ | ૧૫૨૭૫૦ |

પસંદ કરાયેલા કુટુંબોમાં વાસણ અને અન્ય ઘરવખરીના સાધનો તરફ દૃષ્ટિપાત કરતાં ખૂબજ સ્પષ્ટ થાય છે કે તેઓ સૌથી વધુ તો માટીનાજ વાસણો વાપરે છે. પરંતુ ત્યારબાદના ક્રમમાં એલ્યુમીનીયમ આવે છે જે આ દિવાસીઓ સહિત આર્થિક રીતે નબળા વર્ગના લોકો આ ધાતુના વાસણો વધુ વાપરે છે, એને પુષ્ટિ આપે છે. ત્યારબાદ થોડું આશ્ચર્ય ઉપજાવે તેવી બાબત એ છે કે તેઓ સ્ટીલના વાસણોનો પણ સારા પ્રમાણમાં ઉપયોગ કરતા થયા છે. અલબત સ્ટીલના વાસણો એવા કુટુંબોમાં જોવા મળ્યા હતા કે જેમની આર્થિક સ્થિતિ સારી હતી અથવા બાંધ્યો પગાર આપતી નોકરી કરતા હોય અથવા સુશિક્ષિત હોય. સ્ટીલનાં વાસણોમાં ગ્લાસ, લોટા, થાળી વગેરે હતાં. ત્યારબાદના ક્રમમાં પીતળની ધાતુના વાસણો આવે છે. આ ધાતુના વાસણોમાં મુખ્યત્વે થાળી, લોટા, ઘડા, બેડા વગેરે જોવા મળ્યાં હતાં. તાંબાની ધાતુના વાસણ પણ સારા પ્રમાણમાં જોવા મળ્યા હતા. ચીનાઈ માટીના વાસણો ખૂબ ઓછા હતાં.

ઘરવખરીના અન્ય સાધનોમાં જોઈએ તો મોટાભાગના સાધનો તો આ પત્રકમાં લીધા સિવાયના હતાં. ત્યારબાદના ક્રમમાં ખાટલા, ટોપલા, ટોપલીઓ, સાયકલ, ઘડિયાળ, રેડિયો, કાનસાઈમની, માછલાં પકડવાની જાળ વગેરે આવે છે.

<u>મિલકત</u> :

કુટુંબના કે વિસ્તારના અભ્યાસમાં તેની મિલકતની વિગતો તપાસવાનું અનેક પાસાંઓથી મહત્વ છે. મિલકત માત્ર કુટુંબની આર્થિક સ્થિતિનો જ ચિતાર આપતી નથી પરંતુ કુટુંબમાં પ્રગતિ, દિર્ઘદૃષ્ટિ, સખત મહેનત કરવાની પ્રેરણા સહિત અન્ય પાસાંઓ સમાવી શકાય.

કોઈપણ કુટુંબની આવકનો સંપૂર્ણ પણે ક્યાસ કાઢવાનું ઘણુંજ મુશ્કેલ છે કારણ કે તેમાં અનેક મર્યાદાઓ રહેલી છે. માહિતીદાતાઓની મનમાં અનેક શંકાકુશંકાઓ રહેલી હોય છે. તેમજ ટૂંકાગાળાની મુલાકાતથી માહિતીદાતા સાથે તેમનો સંપૂર્ણ વિશ્વાસ સંપાદન થઈ શકે એવા ઘનિષ્ઠ સંબંધ કેળવવાનું શકય નથી. તેમ છતાં માહિતીદાતાઓએ આપેલી માહિતી અને ક્ષેત્રકાર્ય દરમિયાન નિરિક્ષણ અને માહિતીની ચકાસણી જેવી પધ્ધતિઓનો ઉપયોગ કરીને શકય એટલી વધુ અને સાચી માહિતી મેળવવામાં પ્રયત્નો કર્યા હતા. પસંદ કરાયેલા કુટુંબમાં જુદી જુદી કેટલી મિલકત હતી તેની વિગતો નીચે મુજબ છે.

કોઠા નં. ૪:૫

પસંદ કરાયેલા કુટુંબોની માલિકીની જમીનની વિગતો

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | જમીન એકર | જમીન ગુઠા | પિયત એકર | પિયત ગુઠા | બિન પિયત એકર | બિન પિયત ગુઠા | જમીનની કિંમત | ખાતેદારની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૪ | – | ૪ | – | – | – | ૨૦૦૦૦ | ૧ |
| | | વસાવા | ૩ | – | – | – | – | – | – | – | – |
| | – | હળપતિ | ૧૨ | – | – | – | – | – | – | – | – |
| | | કુલ | ૨૦ | ૪ | – | ૪ | – | – | – | ૨૦૦૦૦ | ૧ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૪ | – | ૪ | – | – | – | ૨૦૦૦૦ | ૧ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૬ | ૩૦ | ૫ | ૨૦ | ૧ | ૧૦ | ૬૧૦૦૦ | ૫ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | – | – | – | – | – | – | – | – |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | – | – | – | – | – | – | – | – |
| | | કુલ | ૧૦૦ | ૧૪ | ૩૦ | ૧૩ | ૨૦ | ૧ | ૧૦ | ૧૦૧૦૦૦ | |

જમીન :

આદિવાસીઓની સૌથી મોટી અને કિમતી મિલકત ખેતીની જમીન છે. જેમ સામાન્ય સમાજમાં કિમતી મિલકત ખૂબ ઓછી વ્યકિતઓ પાસે હોય છે તેમ જમીન પણ ખૂબ ઓછા સભ્યો પાસે હોય છે. વળી ખેતીની જમીન પણ અનેક પ્રકારની હોય છે. તેમાં મુખ્યત્વે સિંચાઈની સગવડવાળી, સપાટ અને ફળદ્રુપ, સિંચાઈની સગવડવાળી/ વિનાની, પથરાળ, અને બિનઉપજાઉ, ધારાસવાળી, પડતર અને ઝાડીજાંખરાવાળી વગેરે.

પસંદ કરાયેલા કુટુંબોનાં ૧૦ કુટુંબો ખેતીના મુખ્ય વ્યવસાયમાં જોડાયેલા હતા તેમાંથી ૮ કુટુંબો પાસે જમીન હતી બાકીના કુટુંબો ભાગમાં અથવા ભાડેથી ખેતી કરતા હતા. જમીન ધરાવનાર ખેડૂતની જમીન ખૂબજ ઓછી એટલે તમામ ખેડૂતો સીમાંત ખેડૂતો છે. ગામ મુજબ અને જાતિ મુજબ જમીનની માલિકીની વિગતો આ પ્રમાણેછે. વેલ્જી ગામમાં જ ગામીત જાતિના કુટુંબ પાસે ૪ એકર ખેતીની જમીન હતી. આ જમીનમાં સિંચાઈની સગવડ હતી ત્યારબાદ દેલાડગામમાં એક હળપતિ કુટુંબ પાસે ૪ એકર સિંચાઈની સગવડવાળી જમીન હતી. પસંદ કરાયેલા ગામમાં શામપુરામાં સૌથી વધુ એટલે કે પાચ ખાતેદારો હતા. તેમની પાસે બધી મળીને ૬ એકર ૩૦ ગુંઠા જમીન હતી જેમાંની ૫ એકર ૨૦ ગુંઠા જમીનમાં સિંચાઈની સગવડ હતી, જયારે ૧.૧૦ એકર જમીનમાં સિંચાઈની સગવડ નહોતી. તેથી વરસાદ ઉપર અને નજીકના કુવા આધારિત રહેવુ પડતું હતું. આ સિવાય મોરથાણા અને ડુંગરા ગામમાં એક પણ જમીન ધરાવનાર કુટુંબ પસંદ થયું નહોતું. મોરથાણા ગામમાં એક માત્ર માજીધારાસભ્યશ્રી જ ખાતેદાર હતા.

## કોઠા નં. ૪:૬

પસંદ કરાયેલા કુટુંબોની માલિકીના વૃક્ષોની વિગતો

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | મકાનની સંખ્યા | મકાનની કિંમત | વૃક્ષો: આંબા | વૃક્ષો: દાડમ | વૃક્ષો: સાગ/આંબલી | વૃક્ષો: નીલગીરી | વૃક્ષો: ખજૂરી | વૃક્ષો: અન્ય | વૃક્ષોની કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૫ | ૧૫૫૦૦ | ૧ | – | – | ૫ | – | – | ૩૦૦ |
| | | વસાવા | ૩ | ૩ | ૧૩૦૦૦ | – | – | – | – | – | – | – |
| | | હળપતિ | ૧૨ | ૧૨ | ૩૯૭૦૦ | ૪ | – | – | ૧૫ | – | ૮ | ૨૦૦૦ |
| | | કુલ | ૨૦ | ૨૦ | ૬૮૨૦૦ | ૫ | – | – | ૨૦ | – | ૮ | ૨૩૦૦ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૨૦ | ૭૭૦૦૦ | ૩ | – | – | – | – | ૧૩ | ૧૧૦૦ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૨૦ | ૭૮૫૦૦ | ૨૯ | ૧૬ | ૧૨ | ૩ | – | ૩ | ૭૪૦૦ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૨૦ | ૭૪૭૦૦ | ૧ | ૨ | ૪ | ૯ | – | – | ૨૫૦૦ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | ૧૫ | ૬૦૫૦૦ | ૩ | – | – | ૩ | – | ૧ | ૨૦૦૦ |
| | | કુલ | ૧૦૦ | ૯૫ | ૩૫૮૯૦૦ | ૪૧ | ૧૮ | ૧૬ | ૩૫ | – | ૨૫ | ૧૫૩૦૦ |

## કોઠા નં. ૪:૭

પસંદ કરાયેલા કુટુંબોના પશુધનની વિગતો

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | પશુધન ગાય | ભેંસ | બકરાં/ઘેટાં | બળદ | વાછડા પાડા | વાછડી પાડી | મરઘાં | અન્ય | પશુધનની કુલ કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | – | ૩ | ૧૦ | – | – | ૧ | ૧૩ | – | ૧૧૪૮૫ |
| | | વસાવા | ૩ | – | ૨ | ૧ | – | ૨ | – | ૪ | – | ૬૬૦૦ |
| | – | હળપતિ | ૧૨ | ૨ | ૫ | ૬ | – | ૧ | ૮ | ૧૨ | ૫ | ૨૦૬૦૦ |
| | | કુલ | ૨૦ | ૨ | ૧૦ | ૧૭ | – | ૩ | ૯ | ૨૯ | ૫ | ૩૮૬૮૫ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૬ | ૧૫ | – | – | – | ૩ | ૪ | – | ૪૫૩૦૦ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૨ | ૯ | ૧૨ | ૭ | ૪ | ૨ | ૨૩ | – | ૩૩૩૯૫ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૪ | ૧૦ | ૧૫ | – | – | ૪ | ૬ | – | ૩૯૫૭૫ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | – | ૧૨ | ૧૧ | – | ૩ | ૧ | ૫ | – | ૩૭૬૨૫ |
| | | કુલ | ૧૦૦ | ૧૪ | ૫૬ | ૫૫ | ૭ | ૧૦ | ૧૯ | ૬૭ | ૫ | ૧૯૪૫૮૦ |

વૃક્ષો :

હળપતિઓની બીજી મિલકતમા વૃક્ષો ગણાવી શકાય. હળપતિઓના રહેઠાણો આસપાસ ખુલ્લી જમીન ખૂબ થોડી હોય છે. જેથી જુદા જુદા વૃક્ષો ઉછેરવાનું મુશ્કેલ છે. વળી નવી વસાહતો તાજેતરમાં ઉભી થઈ હોવાથી હળપતિઓ પાસે ક્ષેત્રકાર્ય સમયે વૃક્ષો થોડી સંખ્યામા હતા. વૃક્ષો બે પ્રકારના ફળાઉ અને બિન-ફળાઉ હતા . ફળાઉ વૃક્ષોમાં આંબા, દાડમ, વગેરે હતા તો બિન-ફળાઉ વૃક્ષોમાં નીલગીરી, સાગ વગેરે હતા. સૌથી વધુ વૃક્ષો શામપુરા ગામના કુટુંબો પાસે હતા. આજ ગામમાં ફળાઉ વૃક્ષોની સંખ્યા પણ સારી હતી. તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષા આ ગામના છે. આ સમિતિ દ્વારા ફળાઉ વૃક્ષોના છોડ આપવામાં આવ્યા હતા. તેમણે ખૂબ કાળજી રાખી ઉછેર્યા હોવાથી આ વૃક્ષો તૈયાર થયા હતા.

પસંદ કરાયેલા બધા કુટુંબો પાસે જે વૃક્ષો હતા તેમા ૪૧ આંબા, ૧૮ દાડમ, ૧૬ આંબલી/સાગ, ૩૫ નીલગીરી, અને ૨૫ અન્ય વૃક્ષો હતા. આ બધા વૃક્ષોની અંદાજિત કિંમત રૂા. ૧૫,૩૦૦ હતી.

પશુધન :

હળપતિ આદિવાસીઓ પાસે દુધાળા ઢોરોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. તાજેતરમાં ૨૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ તેમજ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ દ્વારા જમીન વિહોણા ખેતમજૂરોને દુધાળાં ઢોર આપવાની યોજના હેઠળ આ કુટુંબોને ગાય, ભેંસ વગેરે આપવામાં આવે છે. જે કુટુંબો કાળજીપૂર્વક પશુપાલન કરે છે તેઓ સારી આવક મેળવે છે. અને ઉત્સાહી કુટુંબો તો એક કરતાં વધુ ભેંસ વસાવવાનો પ્રયત્ન કરે છે. એવા ઘણા કુટુંબો જોવા મળ્યા હતા. જેમની પાસે તો ૭-૮ ગાય, ભેંસ ધરાવતા હોય. પશુપાલનનો ગૌણ ધંધો કરતા કુટુંબોની આવકમાં પશુપાલનની આવક મહત્વની હતી. વધુમાં આ વિસ્તારમાં સહકારી મંડળીની સગવડ હોવાથી ઠેર ઠેર મંડળી દ્વારા દૂધ એકઠું કરવાની વ્યવસ્થા છે. દૂધ મંડળી દ્વારા દાણ, પશુસારવાર વગેરેની સગવડ મળતી હોવાને કારણે લોકો આ ધંધો વધુ પસંદ કરે છે.

પસંદ કરાયેલા બધા કુટુંબોમા મળીને દુધાળા પશુઓમા ૧૪ ગાય, ૫૬ ભેંસ, ૫૫ ઘેટા બકરાં, ૧૯ વાછડી/પાડીનો સમાવેશ થતો હતો. દુધાળા ઢોરો ઉપરાત ખેતી ઉપયોગી પશુઓમા ૭ બળદ અને ૧૦ વાછડા/પાડાનો સમાવેશ થાય છે. આ સિવાય ૬૬ મરઘાં અને અન્ય ૫ પશુ હતા.

## કોઠા નં. ૪:૮

પસંદ કરાયેલા કુટુંબોના ખેતીસાધનોની વિગતો

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | ખેત સાધનો: હળ (લાકડાના) | હળ (લોખંડ) | કરબ | સમાર | વાવણિયો | નાના ઓજાર | ગાડુ | અન્ય | ખેત સાધનોની કુલ કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૧ | – | ૧ | – | – | – | – | ૩૫ | ૮૧૫ |
| | | વસાવા | ૩ | – | – | – | – | – | – | – | – | – |
| | | હળપતિ | ૧૨ | ૧ | – | ૧ | ૧ | ૧ | ૧૦ | – | ૮૫ | ૫૮૦૦ |
| | | કુલ | ૨૦ | ૨ | – | ૨ | ૧ | ૧ | ૧૦ | – | ૧૩૦ | ૬૬૧૫ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | – | – | – | – | – | – | – | ૬૦ | ૩૬૦૦ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૧ | – | – | – | – | ૧૦ | ૧ | ૧૦૦ | ૧૧૬૦૦ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | – | – | – | – | – | – | – | ૪૦ | ૧૫૦૦ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | – | – | – | – | – | – | – | – | – |
| | | કુલ | ૧૦૦ | ૩ | – | ૨ | ૧ | ૧ | ૨૦ | ૧ | ૩૩૦ | ૨૩૩૧૫ |

અનેક તકો રહેલી છે જે આયોજનમાં ઝડપી લેવાનો પ્રયત્ન કર્યો જ છે. પશુપાલનનો વ્યવસાય કરતાં કુટુંબોની સભ્ય સંખ્યા એકંદરે ઓછી છે. તેથી ધંધાનું મહત્વ ઘટતુ નથી.

પસંદ કરાયેલા કુટુંબોના ૨૦ પુરુષો અને ૯ સ્ત્રીઓ સહિત ૨૯ વ્યક્તિઓ જોડાયેલી હતી. સૌથી વધુ સભ્ય સંખ્યા ૮ પુરુષોની મોરથાણા ગામમાં નોંધાઈ હતી જ્યારે સૌથી ઓછી સભ્ય સંખ્યા માત્ર ૩ પુરુષોની દેલાડગામમાં નોંધાઈ હતી.

<u>વ્યાપારીનોકરી</u> :

શિક્ષિત અને દ્રષ્ટિવાળા યુવાનોએ નવા નવા ધંધા તરફ પગરણ માંડયા છે તેમાં વ્યાપાર અને નોકરીનું ક્ષેત્ર પણ એક મહત્વનું ક્ષેત્ર છે. હળપતિમાં વ્યાપારીક કૌશલ્યોની ચર્ચા ધંધાની ચર્ચા સાથે વણી લીધી છે.

પસંદ કરાયેલા કુટુંબોના ૧૬ પુરુષો અને ૩ સ્ત્રીઓ સહિત ૧૯ સભ્યો વ્યાપારી/નોકરીના વ્યવસાયમાં જોડાયેલા નોંધાયા હતા. સૌથી વધુ સભ્ય ૪ પુરુષો અને ૨ સ્ત્રીઓ શામપુરા ગામમાં અને સૌથી ઓછા માત્ર ૨ પુરુષો ડુંગરી ગામમાં નોંધાયા હતા.

હળપતિઓના વિકાસ આયોજનમાં આ ધંધા અંગેની શકયતાઓ તપાસી ~~xxxxx~~ જરૂરી યોજના સૂચવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

<u>મચ્છીમારી</u> :

હળપતિઓના પરંપરાગત વ્યવસાયોમાં ખેતમજૂરી પછી મચ્છીમારીનો વ્યવસાય આવે છે. કામરેજ લઘુ વિસ્તારના ગામોમાં ખાસ કરીને તો તાપી નદીના કિનારાના ગામોમા મચ્છીમારીનો ધંધો ઘણો વિકસ્યો છે. આ સિવાય કાકરાપાડ યોજનાની નહેરોમા અને ગ્રામ્ય તળાવોમાં પણ મચ્છીમારી કરવામાં આવે છે. આ વ્યવસાય આર્થિક રીતે ઘણો પોષણક્ષમ હોવાથી હળપતિઓ માટે રોજગારી વધારવાના આયોજનમાં આ ધંધાનો વિકાસ માટે જરૂરી સૂચનો કરવામાં આવ્યા છે.

અલબત્ત પસંદ કરાયેલા કુટુંબોના ખૂબ ઓછા સભ્યો, માત્ર ૬ પુરુષો આ વ્યવસાયમાં જોડાયેલા નોંધાયા છે. કમાનાર સભ્યોના ધંધા મુજબ વર્ગીકરણમા સૌથી ઓછા સભ્યો મચ્છીમારીના વ્યવસાયમા જોડાયેલા છે. કોઠામાં દર્શાવેલ આંકડા જોતાં સ્પષ્ટ થાય છે. સૌથી વધુ ૨-૨ પુરુષો

ખેતીના સાધનો :

હળપતિ આદિવાસીઓનો મોટોવર્ગ બિન ખેડૂત વર્ગ છે. પસંદ કરાયેલા કુટુંબોમાં પણ માત્ર ૧૦ કુટુંબો જ ખેતીનો વ્યવસાય કરે છે. જો કે ખેતમજૂરી કરનાર હળપતિઓ જમીનદારોના ખેતરોમાં જમીનદારોના સાધનોથી જ ખેતી કરે છે. તેથી ખેતીનો સાધનો વસાવવાની તેમને ખાસ જરૂર પડતી નથી. વળી તેમની આર્થિક સ્થિતિ પણ સારી હોતી નથી કે તેઓ ખેતીના સાધનો વસાવી શકે તેમજ તેમનાં ઘરો પણ એટલા મોકળા નથી કે તેઓ સાધનો રાખી શકે. જંગલમાં રહેતા આદિવાસી કુટુંબોમાં કેટલાક તો જમીન ન હોય તો પણ બળદ રાખે છે. આ બળદ ધ્વારા બીજાની ખેતીમાં કામ કરવાનું મળી રહે છે. તેથી તેને ફાયદારુપ છે. પરંતુ કામરેજ લઘુ વિસ્તારમાં વસતા જમીનદારો અને ખેડૂતો ઉચ્ચતર ગુણવત્તાવાળા સાધનો રાખીશકે છે. ખેડવા ટ્રેક્ટર, ઘણા ખાતેદારો પાસે હતા. આમ હળપતિઓ ખેતીના સાધનો રાખવાનુ કોઈ સબળ કારણ ન હોવાથી તેઓ ખેતીનાં સાધનો રાખતા નથી. જે સાધનો છે તે બીજા ઉપયોગમાં લઈ શકાય તેવા હોવાથી રાખ્યા છે.

કોઠામાં બતાવેલા આંકડા મુજબ ૩ કુટુંબો પાસે લાકડાનું હળ, ૨ કુટુંબ પાસે કરબ, ૧ કુટુંબ પાસે વાવણિયો, ૨૦ કુટુંબ પાસે નાના ઓજારો, ૧ કુટુંબ પાસે ગાડું હતા. અન્ય સાધનોમાં ૩૩૦ સાધનો બધા કુટુંબો મળીને હતાં. આ તમામ સાધનોની અંદાજિત કિંમત રૂા.૨૩,૩૧૫ જેટલી થવા જાય છે.

ઘરેણા અને શેર :

હળપતિ આદિવાસીઓ ખાસ કરીને સ્ત્રીઓ પાસે નહિવત ઘરેણાં હોય છે. ક્ષેત્રકાર્ય દરમિયાન એક એવી છાપ સતત મળતી રહી હતી કે અન્ય આદિવાસી જાતિઓની જેમ હળપતિ સ્ત્રીઓ ઘરેણાંની ખૂબ શોખીન નથી. આ માટે આર્થિક કારણ આગળ ધરવું અજુગતુ લાગે છે કારણ કે જંગલમાં વસતા આદિવાસીઓ ટકો અને દિવસો સુધી ભુખ્યા રહેવા ટેવાયેલા છે અથવા કરજ પડતી હોય છે. તેમ છતા સ્ત્રીઓ ઘરેણાંથી લદાયેલી હોય છે. જે હળપતિ સ્ત્રીઓમાં નથી તે માટે અનેક કારણો હોઈ શકે.

કોઠા નં. ૪:૯

પસંદ કરાયેલા કુટુંબોની અન્ય અસ્કયામતોની વિગતો

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | રોકડ | સોનાના દાગીના | ચાંદીના દાગીના | રુપાના દાગીના | શેર/ અનામત | લેણું | કુલ મિલકત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | – | – | ૧૩૫૦ | – | ૧ | – | |
| | | વસાવા | ૩ | – | – | ૧૭૦૦ | – | ૧ | – | |
| | – | હળપતિ | ૧૨ | – | – | ૩૦૦ | – | ૬ | – | |
| | | કુલ | ૨૦ | – | – | ૩૩૫૦ | – | ૮ | – | |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | – | – | ૭૫૦૦ | – | ૧૬ | – | |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | – | – | ૭૦૦૦ | – | ૧૨ | – | |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | – | – | – | – | ૧૫ | – | |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | – | – | – | – | ૯ | – | |
| | | કુલ | ૧૦૦ | – | – | ૧૭૮૫૦ | – | ૬૦ | – | |

જે આદિવાસી કુટુંબો પાસે ઘરેણાં હતા તેમાં માત્ર ચાંદીના ઘરેણાં જ હતાં. કેટલીક સ્ત્રીઓ બનાવટી ઘરેણાં પરિધાન કરતી જોવા મળી હતી. પસંદ કરાયેલા કુટુંબો પાસે જે ચાંદીનાં ઘરેણાં હતાં તેની કુલ અંદાજિત કિંમત રૂા.૧૭,૮૫૦ થતી હતી.

કામરેજ લઘુ વિસ્તાર સહિત આસપાસના વિસ્તારમાં ડેરી પ્રવૃતિનો સહકારી ધોરણે ઘણો સારો વિકાસ થઈ રહયો છે. આદિવાસીઓ ખાસ કરીને હળપતિ ભાઈઓ જેઓ જમીન વિહોણા ખેતમજૂરો છે તેમને પ્રોત્સાહન આપવા માટે દૂધાળા પશુ આપવામાં આવ્યા છે. તેથી તેઓને દૂધ મંડળીના સભાસદ બનાવવામાં આવે છે. સભાસદ બનનાર સભ્યને મંડળીનો શેર ખરીદ-વાનું અનિવાર્ય હોવાથી તેમને શેર મળે છે. આ ઉપરાંત આસપાસ સહકારી ધોરણે ખાંડના કારખાના ઉભાં થઈ રહયા છે. તેના સભ્ય બનનારે પણ શેર ખરીદવો પડે છે. અને શેર ધરાવનાર સભાસદનેજ શેરડી ઉગાડવાની મંજૂરી મળે છે જે ખાંડ મીલ ખરીદે છે. આમ સહકારી મંડળીઓના સભાસદ બનવાને કારણે તેઓ શેર ધરાવે છે. પસંદ કરાયેલા કુટુંબોમાં કુલ ૬૦ શેર હતા. સૌથી વધુ ૧૬ શેર દેલાડ ગામમાં હતા. ત્યારબાદ ૧૫ શેર મોરથાણ ગામમાં, ૧૨ શેર શામપુરા ગામાં, ૯ શેર ડુંગરા ગામમાં, ૮ શેર વેલંજા ગામમાં નોંધાયા હતા.

૪:૩:૧. : <u>ધંધાઓ</u> :

કામરેજ લઘુ વિસ્તારના આયોજન માટે મર્યાદિત ક્ષેત્રકાર્ય કરવામાં આવ્યુ હતું અને આ સમયગાળા દરમિયાન જે જુદા જુદા ધંધાઓ જોઈ શકાયા હતા કે જેમાં આદિવાસીઓ સામેલ છે એવા મહત્વના ધંધાઓની ટૂંકાણમાં વિગતો નીચે પ્રમાણે છે.

<u>ખેતી</u> :

આ વિસ્તારનો પાયાનો ઉદ્યોગ ખેતી છે. અલબત હળપતિઓનો મહત્તમ ભાગ તો જમીન વિહોણા ખેતમજૂરોનો જ છે પરંતુ ગણીગાંઠી સંખ્યામાં હળપતિઓ ખેતી કરે છે એ હકીકત છે. તેથી આ ધંધા સંબંધિ ચર્ચા કરવાનું અસ્થાને નથી. ખાસ કરીને ખેતીના વ્યવસાયમાં તેમની કૌશલ્યતા કેવી છે તેના ઉપર વધુ ભાર મુકવામાં આવ્યો છે. કામરેજ લઘુવિસ્તારના આયો-જન અભ્યાસ માટે પસંદ કરાયેલા ગામો અને કુટુંબોમાં જાતિ મુજબ ખેતીના

વ્યવસાયમાં રોકાયેલા કુટુંબોની સંખ્યા કોઠા ૪.૧૦ માં બતાવવામાં આવી છે.

હળપતિઓ ખેતમજૂર તરીકે જમીનદારોના ખેતરોમાં કામ કરે છે. તેઓ ખેતી સાથે સંકળાયેલા નાનાં મોટાં તમામ કામો કરતા હોવાથી ખરેખર તો 'ખેતી કરે તે ખેડૂત' એવી વ્યાખ્યા કરીએ તો તેઓ ખેડૂત જ છે. તેઓ ખેતી કામમાં વપરાતાં સાધનો વાપરી શકે છે. અને જાળવણી કરી શકે છે. તેમને ખેતીના પાક, ખાતર, પાણીની જરુરીયાત વગેરે વિષે પણ સારી એવી જાણકારી ધરાવે છે. તેમનામાં ખેતી કરવાની કૌશલ્યતા કેવી છે તે જાણવું હોય તો જમીન ધરાવતા હળપતિઓની ખેતી જોવી પડે. ક્ષેત્રકાર્ય દરમિયાન તેમની ખેતી જોવાની તક મળી હતી. માજીધારાસભ્ય અને તાલુકાની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષા શ્રીમતી ડાહીબેને થોડી જમીનમાં ખૂબ સારી વાડી બનાવી છે તેમની વાડીના આંબા ઉત્તમ ફળ આપે છે તેનો પ્રત્યક્ષ અનુભવ કરવાની તક પણ મળી હતી. શામપુરા ગામના જ યુવાન અને આશ્રમશાળામાં પટાવાળા તરીકે કામ કરતા ભાઈને એક એકર જમીન એક પારસી વૃધ્ધે તેમની દેખભાળ કરવાની શરતે આ યુવાનને આપી છે તેમાં શેરડીની ખેતી ખૂબજ સરસ કરવામાં આવી હતી. દેલાડગામના સરપંચશ્રી પાસે થોડી ખેતીની જમીન છે. તેમાં પોતાના કુટુંબના સભ્યોની મદદથી ખેતી કરે છે. ખેતી અંગે તેમની ચિંતા અને ધગશ કેવા છે તે નીચેના પ્રસંગ ઉપરથી જાણી શકાશે. દેલાડગામમાં ક્ષેત્રકાર્ય દરમિયાન એક રાત્રે રાત્રીસભા રાખવામાં આવી હતી જેમાં આ આયોજન અભ્યાસ માટે તેમના સૂચનો અને અભિપ્રાયો મેળવવાના હતા. આ સભા મોડી રાત્રી સુધી ચાલુ રહી હતી. બીજા દિવસે સરપંચશ્રીના ખેતરમાં ડાંગરની રોપણી કરવાની હતી અને દિવસે વિજળી બંધ રહેવાને કારણે ખેતરમાં પાણી અપાયું નહોતું, તો મોડી રાત્રે સભા પૂરી થયા બાદ તેઓશ્રી પાઈપ અને લાકડી વગેરે લઈ ખેતરે જવા તૈયાર થયા અને બાકીની રાતમાં રોપણીની પૂર્વતૈયારી સંપૂર્ણ કરી હતી. આમ ખેતી સામે તેમની કેવી ઘનિષ્ટ લાગણી છે તે સ્પષ્ટ થાય છે. આમ અનેક ગામોમાં ફરતાં ફરતાં આદિવાસીઓમાં ખેતીની કૌશલ્યતા અને જમીન સાથેના ઘનિષ્ઠ સંબંધ અને લાગણી વ્યક્ત કરતા અનેક કિસ્સાઓ જોવા મળ્યા હતા.

ખેતમજૂરી :

હળપતિઓ પાસે જમીન નથી તેમજ આજીવિકાનું બીજુ કોઇ સાધન નથી. તેથી તેઓની ખૂબ મોટી સંખ્યા ખેતમજૂરી ઉપર નભે છે. તેમનો મુખ્ય વ્યવસાય (સંખ્યાની રીતે) તો ખેતમજૂરી જ કહી શકાય.

ખેતમજૂરી બે પ્રકારની હોય છે જેમાં કેટલાક હળપતિઓ ગામના જમીનદારને ત્યાં વાર્ષિક ધોરણે 'હાળી' તરીકે રહી જમીનદારની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ ખેતી કરે છે. આ સિવાય માલીક બતાવે તે બધા કામ કરે છે. તેમને વાર્ષિક ઠરાવેલ રકમ ઉપરાંત જુના કપડા, ખોરાક, બીડી, ચ્હા વગેરે મળે છે. જો જમીનદાર ઉદાર સ્વભાવના હોય તો ઘણીરીતે મદદરુપ બની શકે છે. બીજા પ્રકારની ખેતમજૂરીમાં આદિવાસીઓ રોજ ઉપર કામ કરે છે. એટલે કે ગામના ખેડૂત કે જમીનદાર જરુર હોય ત્યારે હળપતિ મજૂરોને કામ કરવા બોલાવે છે. અને દિવસ મુજબ રૂા.૪ થી રૂા. ૧૫ સુધી કામ અને મોસમ મુજબ મહેનતાણુ આપે છે. આ ઉપરાંત બે વખત ચ્હા અને મજૂરોની ઈચ્છા મુજબ બીડી આપવાની પ્રથા છે. આ સિવાય કેટલાક ખેડૂતો તેમના મજૂરોને એક સમયનું ખાવાનું પણ આપે છે. હાલમાં તો ખેતમજૂરી કામમાં કામની તકોમાં ઉત્તરોત્તર ઘટાડો થઈ રહયો છે. તેના કારણોની ચર્ચા અગાઉ કરી ગયા હોવાથી પુનરાવર્તન કરવાની જરૂર રહેતી નથી. હાલમાં આવેલા પરિવર્તનોને કારણે વાર્ષિક ધોરણે ખેતમજૂરને બદલે દૈનિક ધોરણે ખેતમજૂર રાખવાની પ્રથા પ્રચલિત બનતી જાય છે. તેમાં ખેડૂતને આર્થિક રીતે ફાયદો રહે છે. તો આદિવાસીઓનું શોષણ થતુ ઘણે અંશે અટકે છે. હળપતિ સ્ત્રીઓ અને પુરુષો એમ બન્ને ખેતમજૂરી સારી રીતે કરીશકે છે. ડાંગરની રોપણીનું કામ સખત મહેનત માગી લે છે કારણ કે મજૂરોએ પાણી ભરેલા ખેતરમાં કામ કરવાનુ હોવા ઉપરાંત કલાકો સુધી કમરેથી વાંકા વળેલી સ્થિતિમાં રહેવાનું હોય છે જે ઘણું જ કઠિન છે.

છૂટક મજૂરી :

ખેતીની મોસમ સિવાયના સમયમાં ખેડૂતો, જમીનદારો સહિત ગામના અન્ય લોકો હળપતિઓ પાસે છૂટક કામ કરવા બોલાવે છે. છૂટક કામોમાં લાકડાં કાઢવા, માલ ચડાવવો-ઉતારવો, નાનાં મોટું સમારકામ કે એવા અનેક કામો ગણાવી શકાય. આવા કામો જોખમવાળા અને સખત મહેનત માગી લે તેવા હોવાથી આદિવાસીઓને બોલાવવામાં આવે છે.

મચ્છીમારી :

કામરેજ લઘુ વિસ્તારમાં તાપી નદી પસાર થાય છે. આથી કિનારાના ગામોમાં વસતા હળપતિઓ મચ્છીમારી કરવા જાય છે. ઉપરાંત આ વિસ્તારના ઘણા ગામોમાંથી કાકરાપાડ સિંચાઈ યોજનાની નહેરો વહે છે. ત્યાં પણ મચ્છીમારી થઈ શકે છે. છેવટે કેટલાક ગામોમાં તળાવો છે. આ તળાવના ઉપયોગ મચ્છીમારી માટે કરવામાં આવે છે. હળપતિઓ માંસાહારી હોવાથી માછલી ખાય છે. ~~તેથી~~ કેટલાક લોકો વેચવા માટે તો કેટલાક લોકો પોતાના ખોરાક માટે મચ્છીમારી કરે છે. પસંદ કરાયેલા ગામોમાં આ ધંધો ઠીક ઠીક પ્રમાણમાં ચાલતો હતો. વેલંજા ગામના ૧૭ હળપતિ યુવાનોને તો મચ્છીમારીના વ્યવસાયની આધુનિક તાલીમ આપવામાં આવી હતી. તેમજ તેનાં સાધનો પણ આપવામાં આવ્યા હતા. પરંતુ ગામનું તળાવ પૂરતી રીતે સમારવામાં ન આવતાં મચ્છીમારી થઈ શકતી નહોતી. દેલાડ, શામપુરા, મોરથાણા, ડુંગરા, ગામોના ઘણા કુટુંબો મચ્છીમારીનું કામ કરીપોતાની આજીવીકા મેળવતા હતા.

વધુમાં જે કુટુંબો આ વ્યવસાયમાં જોડાયેલા હતા તેઓ મચ્છી પકડવાની જાળ ગુંથણીની કળામાં નિપુણ હતા. દેલાડ ગામમાં આ કુટુંબો વધારાની જાળ વેચતા હતા. આ એક પૂરક વ્યવસાય તરીકે મહત્વનો હતો. આવી એક જાળની બજાર કિંમત રુા.૪૫૦ મા મળે છે. જાળ ઉપરાંત બીજુ સાધન છોકીયો છે. આ છોકીયો બનાવવાની કૌશલ્યતા પણ આજ કુટુંબો ધરાવે છે. આ કુટુંબો મૂડી રોકાણનો અભાવ અને વેચાણની કૌશલ્યતાના અભાવને કારણે ધંધાદારી રીતે આવાં સાધનો તૈયાર કરી શકતા નથી. આયોજનનું નવીન ધંધા તરીકે આ ધંધો વિકસાવી શકાય.

હીરા ઘસવા :

હળપતિ યુવાનો નવીન ધંધાઓ અપનાવતા થયા છે તેમાં હીરા ઉદ્યોગ એક મહત્વનો ઉદ્યોગ છે. હળપતિ ભાઈઓની હીરા ઘસવામાં સારી કૌશલ્યતા હોવાથી તેઓને કામ આપવામાં આવે છે. હીરા ઘસવાનો ઉદ્યોગ સુરત શહેર પુરતો મર્યાદિત ન રહેતાં આસપાસનાં ગામોમાં પ્રસરવા લાગ્યા છે. કામરેજ તાલુકામાં કઠોર, કામરેજ, કામરેજ ચાર રસ્તા સહિત અનેક ગામોમાં ઘંટીઓ શરૂ થઈ રહી છે. પસંદ કરાયેલા શામપુરા ગામમાં પણ ઘંટીઓમાંઆસપાસના ગામોના હળપતિ યુવાનો કામ કરવા આવે છે. ઘણા

યુવાનો સુરતમાં હીરા ઘસવા ઉપર છે. દેલાડ ગામના સરપંચના પુત્ર સુરતમાં રહી હીરા ઘસવાનું કામ કરતા હતા.

પશુપાલન :

ખેતીવાડી, ખેતમજૂરી સાથે સંકળાયેલો ધંધો પશુપાલનનો છે. સુરતમાં સુમુલ ડેરીને કારણે ગામડાંઓમાં દૂધ ઉત્પાદકોની સહકારી મંડળીઓ સ્થાપી છે. તેથી લોકો દૂધ વેચી શકે. આ સિવાય જમીન વિહોણા ખેતમજૂરોને દૂધાળાં ઢોર આપવાની યોજના હેઠળ સંખ્યાબંધ કુટુંબોને ભેંસ આપવામાં આવી છે. કેટલાક કુટુંબોને બે ભેંસો આપવામાં આવી છે. અને આ વ્યવસાયમાં વધુ રસ ધરાવતા કુટુંબોએ ખાનગી ભેંસો વસાવી છે. આજે હળપતિ વાસમાં જઈએ તો ઠેર ઠેર ભેંસો બાંધેલી જોવા મળે છે. પહેલાં હળપતિ હાથમાં દાતરડું લઈને ખેતરમાં મજૂરી કરવા જતો જ્યારે આજે હાથમાં દૂધ ભરેલી બરણી લઈને મંડળીએ દૂધ ભરવા જાય છે. આ તેમની આર્થિક સ્થિતિમાં આવેલા પરિવર્તનની નિશાની છે.

પસંદ કરાયેલા તમામ ગામોમાં પશુપાલનનો વ્યવસાય ખૂબ વ્યાપક રીતે અપનાવાયેલો છે. આ સિવાય લઘુ વિસ્તારના ગામોમાં અને તાલુકાઓના અન્ય ગામોમાં દૂધાળા ઢોરની યોજના હેઠળ ભેંસો અપાઈ રહી છે. પસંદ કરાયેલા કુટુંબોએ પશુપાલન મુખ્ય ધંધા અને ગૌણ ધંધા તરીકે સ્વીકારેલ હતો તેના જાતિવાર અને ગામવાર સંખ્યા કોઠા ૪.૧૦ માં જોતાં માલુમ પડે છે. આ વ્યવસાયમાં વિકાસ થાય અને આર્થિક રીતે વધુ પોષાણક્ષમ બની શકે તે માટે તેમજ મંડળીને થતા નફાના ભાગીદાર આદિવાસીઓ બને તે માટે આદિવાસી દૂધ ઉત્પાદક સહકારી મંડળી સ્થાપવાની ઝુંબેશ ચાલે છે. હાલમાં ડુંગરા વિભાગમાં આદિવાસી દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સ્થાપના કરવામાં આવી છે. આજે દૂધાળાં ઢોરોની સંખ્યા વધી છે પરંતુ પશુપાલનના વ્યવસાયને વધુ સંકલિત કરવાની જરુર છે જેથી આ વ્યવસાય ગૌણ વ્યવસાય તરીકે નહિ પરંતુ એક સ્વતંત્ર મુખ્ય વ્યવસાય તરીકે વિકસાવી શકાય. આયોજનમાં આ અંગે કેટલાક વિચારો રજુ કરવામાં આવ્યા છે.

બોરીંગ કામ :

દીર્ઘદ્રષ્ટિવાળા યુવાનો નવા નવા વ્યવસાયો શોધીને તેમાં જોડાય છે. આ વિસ્તારમાં બોરીંગકામનો વ્યવસાય વિકસ્યો છે. ક્ષેત્રકાર્ય દરમિયાન પસંદ કરાયેલા કુટુંબોમાંથી ત્રણ કુટુંબો આ વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

આ ધંધો જોખમવાળો અને કૌશલ્યતા માંગી લે તેવો છે. દેલાડગામના બોરીંગકામ કરતા કુટુંબો પાસેથી મેળવેલી વિગતોના આધારે આ વ્યવસાય અંગે પ્રકાશ પાડી શકાય. બોરીંગકામના ભાવ કુવાના વ્યાસ અને ફુટ ખોદકામ ઉપર આધાર રાખે છે. ક્ષેત્રકાર્ય સમયે ૧ ફુટ ઉંડાઈના કામનો ચાર્જ રુા.૧૧/- હતો. આ વિસ્તારમાં ૪૦ થી ૫૦ ફુટની ઉંડાઈએ પાણી મેળવી શકાય છે. બોરીંગકામ કરનાર કારીગરો જરુરી સાધનો પોતાના જ વસાવ્યા હતા. તેઓ આસપાસના ગામોમાં કામ મેળવી શકતા હતા અને આ ધંધામાંથી સારી આવક મળતી હતી એવો અભિપ્રાય દર્શાવ્યો હતો.

છુટકવ્યાપાર :

હવે આદિવાસી યુવાનોએ વ્યાપારમાં પણ ધીમે ધીમે પરંતુ મકકમ રીતે આગળ જવાની શરુઆત કરી દીધી છે. પસંદ કરાયેલા તમામ ગામોમાં અને તમામ આદિવાસી ફળિયાઓમાં જીવન જરુરિયાતની ચીજ વસ્તુઓ વેચતી નાની નાની દુકાનો આવેલી છે. આ દુકાનો હળપતિ યુવાનો ચલાવે છે. હળપતિ કુટુંબો રોજ પૂરતી વસ્તુઓ ખરીદે છે. એટલે દરરોજ જવું પડે છે. આ દુકાનો તેમના માટે આશીર્વાદ રુપ બની છે. ક્ષેત્રકાર્ય દરમિયાન આવી દુકાનોમાં દુકાનદાર અને ઘરાક વચ્ચેના સંબંધો અને વ્યવહાર અંગેનું નિરિક્ષણ કરતાં સ્પષ્ટ જોવા મળ્યુ હતું કે તેમનામાં વ્યાપારની અનેક કૌશલ્યતા જોવા મળી હતી. આ સિવાય કેટલાક યુવાનો સુરત વગેરે સ્થળેથી લીલી શાકભાજી દરરોજ લાવીને લારીમાં ભરી ગામમાં ફરીને વેચવાનું કામ કરેછે. તેમને પણ મજૂરી કરતાં સારી આવક મળે છે. શામપુરા ગામમાં હળપતિ ફળિયાઓમાં ત્રણ દુકાન અને ૪ શાકભાજીની લારીઓ હતી. ડુંગરા ગામમાં સરપંચની બે દુકાનો હતી. મોરથાણા ગામમાં એક અને વંલેજા ગામમાં એક દુકાન હતી. દેલાડ ગામમાં એક દુકાન હતી.

દરજીકામ :

દેલાડગામમા એક કુટુંબ દરજીકામમાં રાકાયેલું હતું. ઘરના વડા વર્ષોથી દરજીકામ કરતા હતા તેઓ અનુભવી હોવાથી ગામમાંથી તેમને પૂરતું કામ મળી રહેતુ હતું.

જરીકામ :

ક્ષેત્રકાર્ય દરમિયાન પસંદ કરાયેલા ડુંગરા ગામમાં આ વ્યવસાય સારી રીતે ચાલતો હતો. ગામમાં ૧૮ જેટલા યુવાનોએ જરીકામની તાલીમ કારીગર સાથે કામ કરીને મેળવી હતી. અને તેઓ સ્વતંત્ર રીતે કરી શકે એવા સક્ષમ હતા. ક્ષેત્રકાર્ય સમયે પ્રત્યક્ષ રીતે કામ કરતા સાત કુટુંબો જોવા મળ્યા હતા. બીજા યુવાનો કાચો માલ લેવા સુરત જઈ શકતા નથી તેમજ માલ ખરીદવા પૂરતા પૈસા ન હોવાથી તેઓ આ કામ કરતા નહોતા એવું તેમણે જણાવ્યું હતું. જરીકામ ખૂબજ ઝીણવટ અને ચીવટવાળું હોવાથી તે મુશ્કેલ છે. જરીકામ કરતા આ યુવાનો જરી, કાપડ સહિત અન્ય વસ્તુઓ સુરતમાં વેપારીઓ પાસેથી લાવતા અને તૈયાર થયેલ માલ વેપારીઓને આપતા અને વેપારી તેમને નિયત કરેલ ભાવ મુજબ મજૂરી ચૂકવતા. જરીકામમાં એક ફૂલનો ભાગના ૭૫ ન.પૈ. થી રૂ.૩/- સુધી ડીઝાઈન મુજબ મળી શકે છે. એક કુટુંબમાં બે વ્યક્તિઓ આઠ કલાક કામ કરે તો રૂ.૩૦/- થી રૂ.૪૦/- જેટલી મજૂરી મેળવી શકે છે. આ કામ ઘરઆંગણે કરવાનું હોવાથી ઘરની સંભાળ પણ રાખી શકાય છે.

પસંદ કરાયેલા ગામો અને કુટુંબોના વડાઓ સહિત અન્ય સભ્યો જે જુદા જુદા વ્યવસાયોમાં જોડાયેલા છે તે કોઠા નં.૪.૧૦ માં દર્શાવેલ છે.

કોઠા નં.૪:૧૦ માં દર્શાવેલ આંકડા મુજબ ખેતીના મુખ્ય વ્યવસાયમાં ૧૦ કુટુંબો, ખેતમજૂરીના મુખ્ય વ્યવસાયમાં ૫૪ કુટુંબો, પશુપાલનના મુખ્ય ધંધામાં ૨ કુટુંબો અને અન્ય ધંધાઓમાં ૨૮ કુટુંબો, જોડાયેલા છે. આ ઉપરાંત ગૌણ ધંધાઓમાં ૨ કુટુંબો ખેતીકામ, ૨૦ કુટુંબો ખેતમજૂર, ૩૫ કુટુંબો પશુપાલન, ૧૦ કુટુંબો હીરાઘસુ, ૩ કુટુંબ મચ્છીમારી અને અન્ય ધંધાઓમાં ૮ કુટુંબો કામ કરતા હતા. આંકડા મુજબ મુખ્ય ધંધા અને ગૌણ ધંધામાં ખેતમજૂરી અને પશુપાલન અગ્ર સ્થાને છે. હીરાઘસુના કામમાં પણ ૧૦ સભ્યો જોડાયેલા હતા એ ઘણું સૂચક છે.

## કોઠા નં. ૪:૧૦

પસંદ કરાયેલા કુટુંબોના સભ્યોનું મુખ્યધંધા અને ગૌણધંધા મુજબ વર્ગીકરણ

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | મુખ્ય ધંધો: ખેતી | મુખ્ય ધંધો: ખેતમજૂરી | મુખ્ય ધંધો: પશુપાલન | મુખ્ય ધંધો: અન્ય | ગૌણ ધંધો: ખેતી | ગૌણ ધંધો: ખેતમજૂરી | ગૌણ ધંધો: પશુપાલન | ગૌણ ધંધો: હીરાઘસવા | ગૌણ ધંધો: મચ્છીમારી | ગૌણ ધંધો: અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૧ | ૩ | – | ૧ | – | ૨ | ૧ | ૨ | – | – |
| | | વસાવા | ૩ | – | ૨ | – | ૧ | – | ૧ | ૧ | – | – | – |
| | | હળપતિ | ૧૨ | ૧ | ૧૦ | – | ૧ | – | ૩ | ૫ | ૧ | – | – |
| | | કુલ | ૨૦ | ૨ | ૧૫ | – | ૩ | – | ૬ | ૭ | ૩ | – | – |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | – | ૭ | ૨ | ૧૧ | – | ૫ | ૯ | ૨ | ૧ | ૩ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૫ | ૭ | – | ૭ | – | ૪ | ૧ | ૩ | ૨ | ૩ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૩ | ૧૪ | – | ૩ | ૨ | ૪ | ૮ | ૧ | – | ૧ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | – | ૧૧ | – | ૪ | – | ૧ | ૧૦ | ૧ | – | ૧ |
| | | કુલ | ૧૦૦ | ૧૦ | ૫૪ | ૨ | ૨૮ | ૨ | ૨૦ | ૩૫ | ૧૦ | ૩ | ૮ |

<u>કોઠા નં.૪:૧૧</u>

પસંદ કરાયેલા કુટુંબોના સભ્યોનું કમાનાર અને નહિકમાનાર વર્ગીકરણ મુજબ

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | કમાનાર ૧૪ વર્ષથી ઉપરના | | ૧૪ વર્ષથી નીચેના | | નહિ કમાનાર | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | વેલંજા | ગામોત | ૫ | ૮ | ૬ | ૧ | – | ૬ | ૮ |
| | | વસાવા | ૩ | ૩ | ૩ | ૧ | – | ૩ | ૬ |
| | – | હળપતિ | ૧૨ | ૧૬ | ૧૧ | – | – | ૧૦ | ૧૬ |
| | | કુલ | ૨૦ | ૨૭ | ૨૦ | ૨ | – | ૧૯ | ૩૦ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૨૮ | ૨૨ | ૧ | ૩ | ૨૧ | ૨૧ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૩૪ | ૨૧ | ૧ | – | ૨૧ | ૩૦ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૨૬ | ૨૪ | ૮ | ૩ | ૧૭ | ૨૬ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | ૨૩ | ૧૪ | ૨ | ૪ | ૧૫ | ૨૨ |
| | | કુલ | ૧૦૦ | ૧૩૮ | ૧૦૧ | ૧૪ | ૧૦ | ૯૩ | ૧૨૯ |

૪:૩:૨. કામરેજ લઘુ વિસ્તારમાં પસંદ કરાયેલા કુટુંબોના કમાનાર સભ્યો:

કામરેજ લઘુ વિસ્તારના આયોજન અભ્યાસ માટે પસંદ કરાયેલા કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૪૮૫ની હતી જેમાં ૨૪૫ પુરુષો અને ૨૪૦ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. સભ્યોનું વયજૂથ વર્ગીકરણ તપાસીએ તો ૦ થી ૬ વર્ષના વયજૂથમાં ૩૮ કુમાર અને ૩૭ કન્યા, ૭ થી ૧૪ વર્ષના વયજૂથમાં ૫૪ કુમાર અને ૬૨ કન્યા, ૧૫ થી ૨૪ વર્ષના વયજૂથમાં ૪૫ પુરુષો અને ૩૯ સ્ત્રીઓ, ૨૫ થી ૩૫ વર્ષના વયજૂથમાં ૬૨ પુરુષો અને ૬૮ સ્ત્રીઓ, ૩૬ થી ૬૦ વર્ષના વયજૂથમાં ૩૫ પુરુષો અને ૨૭ સ્ત્રીઓ અને ૬૧ કે તેથી વધુ વર્ષ વયજૂથમાં ૯ પુરુષો અને ૭ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે ૧૫ થી ૬૦ વર્ષની વયજૂથના સ્ત્રી અને પુરુષ સભ્યો પોતાની ઉંમર અને શકિત મુજબ કામમાં જોડાયેલા હોય છે. સામાન્ય રીતે આદિવાસીઓમાં અને હળપતિઓમાં વધુ પ્રમાણમાં ૧૪ વર્ષથી નીચેની વયના બાળકો-છોકરા અને છોકરીઓ પણ નાના મોટા વ્યવસાયમાં જોડાય છે. આવા સભ્યો ખાસ કરીને પશુ ચરાવવાનું કામ કરે છે. તેઓ ગામના પશુઓ ચરાવવા લઈ જવાની મજૂરી કરે છે. પસંદ કરાયેલા કુટુંબોમાં ૧૪ વર્ષથી નીચેની વયના ૧૪ કુમાર અને ૧૦ કન્યાઓ કમાનાર સભ્યો તરીકે નોંધાયા હતા. આ સિવાય ૧૪ વર્ષથી વધુ વયના કમાનાર સભ્યોમાં ૧૩૮ પુરુષો અને ૧૦૧ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. મોટી સંખ્યામાં કમાનાર સ્ત્રીઓએ વિચારધારાને પુષ્ટિ આપે છે કે આદિવાસી સમાજમાં સ્ત્રીઓ કુટુંબની આવકમાં પોતાનો હિસ્સો આપે છે.

૧૪ વર્ષથી નીચેની વયના કમાનાર સભ્યોમાં સૌથી વધુ સભ્યો મોરથાણા ગામમાં નોંધાયા હતા. આ ગામના ૮ કુમાર અને ૩ કન્યાઓ કામ કરી આવક મેળવતી હતી. જયારે સૌથી ઓછી સભ્ય સંખ્યા શામપુરા ગામમાં જયાં માત્ર ૧ કુમાર આવક મેળવતો નોંધાયો હતો.

૧૪ વર્ષથી ઉપલી વયજૂથમાં કમાનાર સભ્યોમાં સૌથી વધુ પ્રમાણ શામપુરા ગામમાં નોંધાયું હતું. આ ગામના ૩૪ પુરુષો અને ૨૧ સ્ત્રીઓ કામ કરતી હતી. જયારે સૌથી ઓછું પ્રમાણ ડુંગરા ગામમાં નોંધાયું હતું જયાં ૨૩ પુરુષો અને ૧૪ સ્ત્રીઓ કમાનાર સભ્યો તરીકે નોંધાયા હતા.

કોઠા નં. ૪:૧૨

પસંદ કરાયેલા કુટુંબોના કમાનાર સભ્યોનું ધંધા પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | ખેતી | | ખેતમજુરી | | પશુપાલન | | વ્યાપાર/નોકરી | | મચ્છીમાર | | હીરાઘસવા જરીકામ | | અન્ય બોરીંગ કડીયા સુથારી સિવણ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૧ | – | ૫ | ૫ | – | ૧ | ૧ | – | – | – | ૨ | – | – | – | ૯ | ૬ |
| | | વસાવા | ૩ | – | – | ૨ | ૨ | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૪ | ૩ |
| | | હળપતિ | ૧૨ | ૧ | – | ૮ | ૧૧ | ૪ | ૧ | ૧ | – | – | – | – | – | ૩ | – | ૧૬ | ૧૧ |
| | | કુલ | ૨૦ | ૨ | – | ૧૫ | ૧૮ | ૪ | ૨ | ૩ | – | – | – | ૨ | – | ૩ | – | ૨૯ | ૨૦ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૧ | ૧ | ૧૧ | ૨૨ | ૩ | – | ૩ | ૧ | ૨ | – | ૫ | – | ૬ | – | ૨૯ | ૨૫ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૫ | – | ૧૦ | ૧૬ | ૨ | ૪ | ૪ | ૨ | ૨ | – | ૭ | – | ૩ | – | ૩૫ | ૨૧ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૧ | ૧ | ૧૯ | ૨૨ | ૮ | – | ૪ | – | ૧ | – | ૩ | – | – | – | ૩૪ | ૨૭ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | – | – | ૧૨ | ૧૨ | ૩ | ૩ | ૨ | – | ૧ | – | ૪ | ૬ | – | – | ૨૫ | ૧૮ |
| | | કુલ | ૧૦૦ | ૯ | ૨ | ૬૭ | ૯૦ | ૨૦ | ૯ | ૧૬ | ૩ | ૬ | – | ૨૧ | ૬ | ૧૨ | – | ૧૫૨ | ૧૧૧ |

કમાનાર સભ્યોનું ધંધા મુજબ વર્ગીકરણ :

લઘુ વિસ્તારના પસંદ કરાયેલા કુટુંબોના કમાનાર સભ્ય સંખ્યા ર૬૩ની હતી જેમાં ૧૫ર પુરુષો અને ૧૧૧ સ્ત્રીઓ હતી. આ સભ્યો જુદા જુદા વ્યવસાયોમાં કામ કરતા હતા. તો તેઓના જુદા જુદા ધંધાવાર સંખ્યા તપાસવી ઉપયોગી બની રહેશે.

ખેતી :

કમાનાર સભ્યોમાં ઓછામાં ઓછા સભ્યો ધરાવતા ક્ષેત્રો ખેતી અને મચ્છીમારી છે. ખેતીમાં વ્યવસાયમાં કુલ ૧૧ સભ્યો જોડાયેલા હતા જેમાં ૯ પુરુષો અને ર સ્ત્રીઓ હતી. સૌથી ઓછી સભ્ય સંખ્યા વેલંજા, દેલાડ, અને મોરથાણા ગામમાં નોંધાયા હતા. વેલંજા ગામમાં માત્ર બે પુરુષો, દેલાડ અને મોરથાણા ગામમાં એક એક પુરુષ અને એક એક સ્ત્રી સભ્યો નોંધાયા હતા. જ્યારે સૌથી વધુ ૫ પુરૂષ સભ્યો શામપુરા ગામમાં નોંધાયા હતા.

ખેતમજૂરી :

હળપતિ આદિવાસીઓ જમીન વિહાણા ખેતમજૂરોના વ્યવસાયમાં ખૂબ મોટી સંખ્યામાં જોડાયેલા છે. ખેતમજૂરીએ તેમનો પરંપરાગત વ્યવસાય છે જે આજે પણ ચાલુ રહયો છે. પસંદ કરાયેલા કુટુંબોના કમાનાર સભ્યોના આંકડા તરફ દ્રષ્ટિપાત કરતાં જણાય છે કે કમાનાર સભ્યોની સૌથી વધુ સભ્ય સંખ્યા ખેતમજૂરોના વ્યવસાયમાં નોંધાઈ હતી. કુલ ૧૫૭ સભ્યો ખેતમજૂરી કરતા હતા જેમાં ૬૭ પુરુષો અને ૯૦ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. આ વ્યવસાયમાં સ્ત્રીઓની સંખ્યા પુરુષ સંખ્યા કરતાં વધુ છે એ ઘણું સૂચક છે. સૌથી વધુ ખેતમજૂર સભ્યો મોરથાણા ગામમાં નોંધાયા હતા. મોરથાણા ગામમાં કુલ ૪૧ સભ્યો હતા જેમાં ૧૯ પુરુષો અને રર સ્ત્રીઓ ખેતમજૂરી કામ કરતા હતા. જ્યારે સૌથી ઓછું પ્રમાણ વેલંજા ગામમાં નોંધાયુ હતું. વેલંજા ગામમાં (પુરુષો અને ૧૧ સ્ત્રીઓ સહિત કુલ ૧૯ સભ્યો ખેતમજૂરી કરતાં નોંધાયા હતા.

પશુપાલન :

કામરેજ લઘુ વિસ્તારમાં પશુપાલન મહત્વના અને આર્થિક રીતે પોષણક્ષમ વ્યવસાય તરીકે વિકસી રહયો છે. અને આ વ્યવસાયમાં વિકાસની શ્

અનુક્રમે દેલાડ અને શામપુરા ગામમાં અને સૌથી ઓછા ૧-૧ સભ્યો અનુક્રમે મોરથાણા અને ડુંગરા ગામમાં નોંધાયા હતા.

હીરા ઘસવા અને જરીકામ :

ધંધાની ચર્ચામાં નોંધ્યુ છે કે હળપતિઓ હવે નવા નવા ક્ષેત્રોમાં કામ કરવા માંડયા છે. પસંદ કરાયેલા કુટુંબોના સભ્યો પણ આ વિસ્તારના મોભાવાળા અને આર્થિક રીતે સારી આવક રળી આપે તેવા વ્યવસાયો અનુક્રમે હીરાઘસવા અને જરીકામ કરતા હતા. પસંદ કરાયેલા કુટુંબોના ૨૧ પુરુષો અને ૬ સ્ત્રીઓ સહિત કુલ ૨૭ સભ્યો કામ કરતી હતી. હીરા ઘસુનું કામ માત્ર શામપુરા ગામમાં ચાલતુ હતું અને દેલાડ ગામના હળપતિ યુવાનો સહિત આસપાસની ગામોના યુવાનો પણ કામ કરતા હતા. જયારે જરીકામ માત્ર ડુંગરા ગામમાં ચાલતુ હતું. આ બન્ને ધંધામાં સૌથી વધુ ૧૦ સભ્યો ડુંગરા ગામમાં નોંધાયા હતા જેમાં ૪ પુરુષો અને ૬ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. અને એ નોંધવું જોઈએ કે જરીકામ ખૂબજ બારીક હોવાથી ઘણી કૌશલ્યતા માંગી લે છે. જે હળપતિ સ્ત્રીઓ ધરાવે છે. આ ધંધામાં વિકાસની અનેક શકયતાઓ રહેલી છે. જયારે સૌથી ઓછા ૨ પુરુષો વેલંજા ગામમાં નોંધાયા હતા.

અન્ય ધંધાઓ :

લઘુ વિસ્તારના હળપતિઓ માત્ર પરંપરાગત વ્યવસાયોમાં જ સિમિત નથી. પરંતુ નવા નવા ક્ષેત્રોમાં જઈ રહયા છે એ બાબત ઘણીવાર ચર્ચી છે. પસંદ કરાયેલા કુટુંબોના ૧૨ પુરુષ સભ્યો જોડાયેલા નોંધાયા હતા. આ ધંધાઓ મુજબ વર્ગીકરણની સ્થિતિ તપાસીએ તો સૌથી વધુ ૬ હળપતિ સભ્યો દેલાડ ગામમાં નોંધાયા હતા. દેલાડગામના અન્ય ધંધામાં દરજીકામ ઉપરાંત બોરીંગકામ ગણાવી શકાય. બોરીંગકામનો ધંધો આર્થિક રીતે - તાંત્રિક રીતે વિકસી રહયો હોવાથી આ ધંધામાં જોડાયેલા કુટુંબોની સ્થિતિ આજે તો સારી છે પરંતુ ભવિષ્યમાં ઘણી મજબુત થશે એવી પૂરેપૂરી શકયતા છે. ત્યારબાદ ૩-૩ કુટુંબો અનુક્રમે વેલજાગામ અને શામપુરા ગામમાં નોંધાયા હતા. શામપુરા અને વેલંજા ગામના આ કુટુંબો સુથારીકામ અને સ્વતંત્ર રીતે બાંધકામ રાખીને કામ કરવાનુ કામ કરતા હતા. બન્ને ગામોના આ કુટુંબોની આર્થિક સ્થિતિ ખેતમજૂરી કરતા કુટુંબોની સરખામણીમાં અનેકગણી સારી હતી. વેલંજા ગામમાં ૨૦-૨૨ વર્ષની વય ધરાવતા યુવાનો સુથારીકામ દ્વારા દિવસના રૂા.૪૦/- જેટલું કમાતા હતા. અલબત આવું કામ કાયમ નહોતું મળતું.

## કોઠા નં. ૪:૧૩

### પસંદ કરાયેલા કુટુંબોની સાધનવાર આવક

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | ખેતી આવક | ખેતી ખર્ચ | ખેતી ચો. આવક | ખેતમજુરી આવક | ખેતમજુરી ખર્ચ | ખેતમજુરી ચો. આવક | પશુપાલન આવક | પશુપાલન ખર્ચ | પશુપાલન ચો. આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | – | – | ૬૦૦૦ | – | – | ૬૮૦૦ | – | – | ૬૩૦૦ |
| | | વસાવા | ૩ | – | – | – | – | – | ૫૨૦૦ | – | – | – |
| | | હળપતિ | ૧૨ | – | – | ૨૫૦૦ | – | – | ૨૫૩૦૦ | – | – | – |
| | | કુલ | ૨૦ | – | – | ૮૫૦૦ | – | – | ૩૭૩૦૦ | – | – | ૬૩૦૦ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | – | – | ૨૦૦૦ | – | – | ૧૮૭૦૦ | – | – | ૭૨૦૦ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | – | – | ૧૬૫૦૦ | – | – | ૨૪૨૦૦ | – | – | ૫૭૦૦ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | – | – | ૪૦૦૦ | – | – | ૩૫૨૦૦ | – | – | ૭૦૦૦ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | – | – | – | – | – | ૨૨૦૦૦ | – | – | ૧૩૦૦૦ |
| | | કુલ | ૧૦૦ | – | – | ૩૧૦૦૦ | – | – | ૧૩૭૪૦૦ | – | – | ૩૯૨૦૦ |

## કોઠા નં. ૪:૧૩ (ચાલુ)

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | મચ્છીમારી આવક | મચ્છીમારી ખર્ચ | મચ્છીમારી ચો.આકવ | વ્યાપાર/નોકરી આવક | વ્યાપાર/નોકરી ખર્ચ | વ્યાપાર/નોકરી ચો.આવક | અન્ય આવક | અન્ય ખર્ચ | અન્ય ચો.આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | – | – | – | – | – | ૧૦૪૦૦ | – | – | ૮૬૦૦ |
| | | વસાવા | ૩ | – | – | – | – | – | ૧૫૦૦૦ | – | – | – |
| | | હળપતિ | ૧૨ | – | – | – | – | – | ૩૬૦૦ | – | – | ૫૦૦૦ |
| | | કુલ | ૨૦ | – | – | – | – | – | ૨૯૦૦૦ | – | – | ૧૩૬૦૦ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | – | – | ૮૦૦૦ | – | – | ૧૭૫૦૦ | – | – | ૧૫૪૦૦ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | – | – | ૫૦૦૦ | – | – | ૯૦૦૦ | – | – | ૨૦૦૦૦ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | – | – | ૩૦૦૦ | – | – | ૧૨૦૦૦ | – | – | ૩૦૦૦ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | – | – | – | – | – | ૧૨૦૦૦ | – | – | ૧૬૦૦૦ |
| | | કુલ | ૧૦૦ | – | – | ૧૬૦૦૦ | – | – | ૭૯૫૦૦ | – | – | ૬૮૦૦૦ |

કોઠા નં. ૪:૧૪ (ચાલુ)

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | ચોખ્ખી આવક |
|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૩૮૧૦૦ |
| | | વસાવા | ૩ | ૨૦૨૦૦ |
| | | હળપતિ | ૧૨ | ૩૬૪૦૦ |
| | | કુલ | ૨૦ | ૯૪૭૦૦ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૬૮૮૦૦ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૮૦૪૦૦ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૬૪૨૦૦ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | ૬૩૦૦૦ |
| | | કુલ | ૧૦૦ | ૪૧૧૧૦૦ |

## ૪:૩:૨. કામરેજ લઘુ વિસ્તારમાં કામ કરનાર :

કામરેજ લઘુ વિસ્તારના આયોજન અભ્યાસ માટે પસંદ કરાયેલા૧૯૯ કુટુંબોની કુલ રાજ્ય સંખ્યા ૪૮૫ની હતી જેમાં ૨૪૫ પુરુષો અને ૨૪૦ સ્ત્રીઓ હતી. સભ્યોનું વયજૂથ મુજબ વર્ગીકરણ જોઈએ તો ૦ થી ૬ વર્ષની વયજૂથમાં ૩૮ કુમાર અને ૩૭ કન્યા, ૭ થી ૧૪ વર્ષના વયજૂથમાં ૫૪ કુમાર અને ૬૨ કન્યા, ૧૫ થી ૨૪ વર્ષના વયજૂથમાં ૪૫ પુરુષો અને ૩૯ સ્ત્રીઓ, ૨૫ થી ૩૫ વર્ષના વયજૂથમાં ૬૨ પુરુષો અને ૬૮ સ્ત્રીઓ, ૩૬ થી ૬૦ વર્ષના વયજૂથમાં ૩૫ પુરુષો અને ૨૭ સ્ત્રીઓ અને ૬૧ વર્ષ કે તેથી વધુ વયજૂથમાં ૯ પુરુષો અને ૭ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે ૧૫ વર્ષથી માંડીને ૬૦ વર્ષ સુધીના સભ્યો એક યા બીજા પ્રકારનું કામ કરી શકે છે. પસંદ કરાયેલા કુટુંબોમાં તો ૧૪ વર્ષથી નીચેની ઉંમરના બાળકો પણ કામ કરતા નોંધાયા હતા. દરેક ગામમાં બાળમજૂરોનું પ્રમાણ ઘણું વધુ છે. પસંદ કરાયેલા કુટુંબોના કુલ ૪૮૫ સભ્યોમાંથી ૧૪ વર્ષથી વધુ વયના ૧૩૮ પુરુષો અને ૧૦૧ સ્ત્રીઓ કમાનાર સભ્યો હતા. જ્યારે ૧૪ વર્ષથી ઓછી વયના ૧૦ છોકરા અને ૧૦ છોકરીઓ પણ કમાનાર સભ્યો તરીકે નોંધાયા હતા. આમ કમાનાર વયજૂથમાં ઘણી મોટી સંખ્યા આવે છે તેમ છતાં તેમની રોજીના નીચા દરને કારણે આવક ખૂબ ઓછી જોવા મળે છે.

## ૪:૪:૧. પસંદ કરાયેલા કુટુંબોની સ્ત્રોતવાર આવક :

પસંદ કરાયેલ કુટુંબોની આર્થિક સ્થિતિનો ખ્યાલ મેળવવા મિલકત ઉપરાંત આવક-ખર્ચ અને દેવાની વિગતો મેળવવામાં આવી હતી. મિલકતની જેમ આવક-ખર્ચ અને દેવાની ચોક્કસ માહિતી મેળવવાનું અનેક રીતે મુશ્કેલ હોવાથી ખૂબજ મર્યાદિત માહિતી મેળવી શકાય છે. વળી આવક- ખર્ચ અને દેવાની માહિતી માટે તો કુટુંબના વડા અથવા જવાબદાર સભ્યએ આપેલી માહિતીને જ આધારભૂત ગણવી રહી, કારણ કે તેમાં માહિતીની ચકાસણી અને નિરિક્ષણ પધ્ધતિ ખાસ ઉપયોગી બનતી નથી.

પસંદ કરાયેલા બધા કુટુંબોની કુલ ચોખ્ખી આવક રૂા.૪,૧૧,૧૦૦ની હતી જેમાં વેલંજા ગામની ચોખ્ખી આવક રૂા. ૯૪,૭૦૦, દેલાડ ગામની ચોખ્ખી આવક રૂા.૬૮,૮૦૦, શામપુરા ગામની ચોખ્ખી આવક રૂા.૮૦,૪૦૦, મોરથાણા ગામની ચોખ્ખી આવક રૂા.૬૪,૨૦૦, અને ડુંગરા ગામની ચોખ્ખી આવક રૂા.૬૩,૦૦૦ હતી.

## કોઠા નં. ૪:૧૫

પસંદ કરાયેલા કુટુંબોનો વપરાશી ખર્ચ

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | ખાધાખોરાકી | બળતણ | કપડાં/ પગરખાં | સામાજીક | ધાર્મિક | શૈક્ષણિક | મોજશોખ | દારૂતાડી | બીડી તમાકુ | અન્ય | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૧૨૫૦૦ | ૧૫૦૦ | ૨૯૦૦ | ૧૨૫૦ | ૯૦૦ | – | ૬૨૫ | ૧૯૦૦ | – | ૭૫૦૦ | ૧૯૩૭૫ |
| | | વસાવા | ૩ | ૬૨૦૦ | ૭૦૦ | ૯૫૦ | ૮૫૦ | ૨૬૫ | ૧૦૦ | ૭૦૦ | ૬૫૦ | – | ૧૬૦૦ | ૧૫૬૫૦ |
| | | હળપતિ | ૧૨ | ૧૩૭૦૦ | ૧૯૦૦ | ૨૬૦૦ | ૧૯૫૦ | ૫૫૦ | – | ૧૧૦૦ | ૨૭૦૦ | – | ૧૧૬૦૦ | ૩૬૩૫૦ |
| | | કુલ | ૨૦ | ૩૨૪૦૦ | ૪૧૦૦ | ૬૪૫૦ | ૪૦૫૦ | ૧૭૧૫ | ૧૦૦ | ૨૪૨૫ | ૫૨૫૦ | – | ૨૦૭૦૦ | ૭૧૩૭૫ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૨૧૦૦૦ | ૨૪૭૫ | ૭૫૦૦ | ૩૧૭૫ | ૧૪૫૦ | ૨૦૦ | ૨૮૦૦ | ૫૦૫૦ | – | ૧૮૭૦૦ | ૫૨૩૫૦ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૨૬૨૦૦ | ૩૬૫૦ | ૧૦૪૫૦ | ૨૧૦૦ | ૧૩૫૦ | ૨૦૦ | ૪૪૦૦ | ૬૨૦૦ | – | ૨૦૪૦૦ | ૭૫૦૫૦ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૨૨૦૫૦ | ૨૬૦૦ | ૧૦૦૦૦ | ૧૫૦૦ | ૧૧૫૦ | – | ૧૭૦૦ | ૨૦૦૦ | – | ૨૧૦૦૦ | ૬૨૦૦૦ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | ૧૮૧૦૦ | ૨૧૭૫ | ૮૭૦૦ | ૧૫૭૫ | ૬૫૦ | – | ૧૨૦૦ | ૧૪૦૦ | – | ૨૩૧૦૦ | ૫૬૯૦૦ |
| | | કુલ | ૧૦૦ | ૧૧૯૭૫૦ | ૧૫૦૦૦ | ૪૩૧૦૦ | ૧૨૪૦૦ | ૬૩૧૫ | ૫૦૦ | ૧૨૬૨૫ | ૧૯૯૦૦ | – | ૧૦૩૯૦૦ | ૩૧૭૬૭૫ |

જુદા જુદા સ્ત્રોતો ધ્વારા જે આવક નોંધાઈ હતી તેમાં ખેતીમાંથી ચોખ્ખી આવક રૂા.૩૧,૦૦૦, ખેતમજૂરીમાંથી ચોખ્ખી આવક રૂા.૧૩,૪૦૦ પશુપાલનમાંથી ચોખ્ખી આવક રૂા.૩૯,૨૦૦, મચ્છીમારીમાંથી રૂા.૧૬,૦૦૦ વ્યાપાર અને નોકરીમાંથી રૂા.૭૯,૫૦૦ની અને અન્ય ધંધાઓની ચોખ્ખી આવક રૂા.૬૮,૦૦૦ હતી.

ખર્ચ :

પસંદ કરાયેલા કુટુંબોમાં વર્ષ દરમિયાન જે જુદા જુદા હેતુઓ માટે ખર્ચ કરવામાં આવે છે તેની વિગતો નીચે મુજબ છે.

ખાધાખોરાકી :

પાંચે ગામોના બધા કુટુંબોમાં મળીને કુલ રૂા.૧,૧૯,૭૫૦/- ખર્ચ ખાધાખોરાકી પાછળ થયો હતો જેમાં સૌથી વધુ રૂા ૩૨,૪૦૦ વેલંજા ગામના કુટુંબોમાં અને સૌથી ઓછો ખર્ચ રૂા.૧૮,૧૦૦ ડુંગરા ગામના ૧૫ કુટુંબોમાં થયો હતો. આ સિવાયના ગામોમાં પણ ખાધાખોરાકી પાછળ સૌથી વધુ ખર્ચ થયો હતો.

બળતણ :

પાંચે ગામના બધાં કુટુંબોનો બળતણ પાછળ વાર્ષિક ખર્ચ રૂા.૧૫,૦૦૦ થયો હતો જેમાં સૌથી વધુ રૂા.૪,૧૦૦ વેલંજા ગામમાં અને સૌથી ઓછો ખર્ચ રૂા.૨,૧૭૫ ડુંગરા ગામમાં થયેલો નોંધાયો હતો. વેલંજા ગામની આસપાસ પડતર જમીન કે જંગલ નથી જેથી લોકો બળતણ પેટે લાકડાં મેળવી શકતા નથી. જ્યારે ડુંગરા ગામ ઉંડાણમાં હોવાથી ઝાંખરા અને વૃક્ષોના લાકડાં મેળી રહે છે.

કપડાં :

ખાધાખોરાકી પછીનો સૌથી વધુ ખર્ચ કપડાં પાછળ થાય છે. કુલ ખર્ચ રૂા.૪૩,૧૦૦ થયો હતો. જેમાં સૌથી વધુ રૂા. ૧૯,૪૫૦ શામપુરા ગામમાં અને સૌથી ઓછો ખર્ચ ડુંગરો ગામમાં નોંધાયો હતો. શામપુરા ગામમાં હીરાઘસુમાં કામ કરવાવાળા લોકો કપડાં પાછળ ખૂબ ખર્ચ કરે છે.

સામાજિક :

જુદા જુદા સામાજિક પ્રસંગે પસંદ કરાયેલા કુટુંબોને ખર્ચ કરવું પડે છે

પસંદ કરાયેલા બધા કુટુંબોએ વર્ષ દરમિયાન કુલ ખર્ચ રૂા.૪૩,૧૦૦ કરવામાં આવ્યા હતો જેમાં સૌથી વધુ ખર્ચ વેલંજા ગામમાં રૂા.૬૪૫૦ થયો હતો જ્યારે સૌથી ઓછો ખર્ચ રૂા.૧,૫૦૦ મોરથાણા ગામમાં નોંધાયો હતો.

ધાર્મિક :

વર્ષ દરમિયાન જુદા જુદા પ્રસંગોએ ધાર્મિક વિધિ કરવાનો રિવાજ છે. વળી અમુક સામાજિક પ્રસંગોએ પણ ધાર્મિક વિધિ કરવામાં આવે છે જે પાછળ ખર્ચ કરવામાં આવે છે. બધાં કુટુંબોએ કુલ ૬૩૧૫ રૂા. ધાર્મિક ~~વિ~~ વિધ પાછળ ખર્ચ્યા હતા જેમાં સૌથી વધુ રૂા.૧૭૧૫ વેલંજા ગામમાં અને સૌથી ઓછો રૂા.૬૫૦ ડુંગરા ગામમાં નોંધાયો હતો.

શિક્ષણ :

ખર્ચના જુદા જુદા સ્ત્રોતોમાં સૌથી ઓછો ખર્ચ શિક્ષણ ક્ષેત્રમાં થયો હતો. વર્ષ દરમિયાન બધા કુટુંબોનો કુલ ખર્ચ માત્ર રૂા.૫૦૦/- થયો હતો. જેમાં રૂા. ૨૦૦-૨૦૦ દેલાડ અને શામપુરા ગામમાં અને બાકીના રૂા.૧૦૦ વેલંજા ગામમાં નોંધાયો હતો.

મોજશોખ :

આદિવાસીઓ મનોરંજન અથવા મોજશોખના સાધનો પાછળ ઠીક ઠીક પ્રમાણમાં ખર્ચ કરે છે. તેઓ મોજશોખના સાધનોમાં રેડિયો,ટેપરેકોર્ડર સાથે અન્ય સાધનો વસાવે છે. ખર્ચના આંકડા જોતાં મોજશોખનો ખર્ચનું પ્રમાણ ઉંચુ છે. મોજશોખ પાછળ વર્ષ દરમિયાન બધા કુટુંબોએ કુલ રૂા.૧૨,૬૨૫ ખર્ચ કર્યો હતો. જેમાં સૌથી વધુ ખર્ચ રૂા. ૪૫૦૦/- શામપુરા ગામમાં અને સૌથી ઓછો ખર્ચ રૂા.૧૨૦૦ ડુંગરા ગામમાં નોંધાયેલ હતો.

દારુ-તાડી-બીડી-તમાકુ :

આદિવાસીઓ ખોરાક, કપડાં પછીનું ક્ષેત્ર વ્યસનોનું છે તેઓની કમાણીનો ઘણો મોટો ભાગ તેઓ વ્યસનો પાછળ વેડકે છે. વ્યસનોમાં કદાચ હળપતિ જાતિના લોકો અન્ય આદિવાસી જાતિ કરતાં ઘણા આગળ હશે. તેઓ દારુતાડી પાછળ ખૂબ ખર્ચ કરતા હોય છે. ગામના અન્ય લોકો રાત્રીના સમયે ગમે તેવું કામ હોય તો પણ હળપતિવાસમાં જવાનું

ટાળે છે. ક્ષેત્રકાર્ય દરમિયાન અમને પણ ન જવા જણાયું હતું.

પસંદ કરાયેલા બધા કુટુંબોએ વર્ષ દરમિયાન દારૂ, તાડી અને બીડી પાછળ રૂા.૧૯,૯૦૦નો ખર્ચ કર્યો હતો. શક્ય છે કે આ રકમ બતાવ્યા કરતાં ઘણી વધુ હોય. સૌથી વધુ ખર્ચ રૂા.૬૨૦૦/- શામપુરા ગામમાં અને સૌથી ઓછો ખર્ચ રૂા.૧૪૦૦ ડુંગરા ગામમા નોધાયો હતો.

<u>અન્ય ખર્ચ</u> :

આ જણાવેલા સ્ત્રોતો સિવાય અન્ય છુટક ખર્ચમાં બધા કુટુંબોએ વર્ષ દરમિયાન કુલ રૂા. ૧૦૩૯૦૦નો ખર્ચ કર્યો હતો જેમાં સૌથી વધુ રૂા.૨૩૧૦૦ ડુંગરા ગામમા અને સૌથી ઓછો રૂા.૧૮૭૦૦ દેલાડગામમાં નોધાયો હતો.

<u>કુલખર્ચ</u> :

બધા કુટુંબોનો બધા સ્ત્રોતોમાં મળીને કુલ ખર્ચ રૂા.૩૧૭૬૭૫ થયો હતો જેમાં સૌથી વધુ ખર્ચ રૂા. ૭૫૦૫૦ શામપુરા ગામમા અને સૌથી ઓછો ખર્ચ રૂા.૫૬૯૦૦ ડુંગરા ગામમાં નોધાયો હતો.

ખર્ચની દ્રષ્ટિએ સમગ્ર રીતે જોતાં શામપુરા અને વેલજા ગામ અગ્રેસર રહયાં છે. જયારે ઉંડાણમાં આવેલું ડુંગરા એક માત્ર અન્ય ખર્ચ કરતાં દરેક ક્ષેત્રમાં પાછળ છે. અલબત આ ગામ આવકમાં પણ પાછળ છે.

કોઠા નં. ૪:૧૬

પસંદ કરાયેલા કુટુંબોનું દેવું

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | દેવું છે? હા | ના | 'હા' તો શાહુકાર | વ્યાપારી | સરકાર | સહ. મંડળી | બેંક | સગા-વહાલા | ખાનગી | કુલ દેવું |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૨ | ૩ | ૫૦૦ | ૫૦૦ | ૬૦૦૦ | – | – | – | – | ૭૦૦૦ |
| | | વસાવા | ૩ | ૨ | ૧ | ૫૦૦ | – | ૩૦૦૦ | – | ૨૦૩૫ | – | – | ૫૫૩૫ |
| | | હળપતિ | ૧૨ | ૧૦ | ૨ | ૭૩૦૦ | – | ૧૦૩૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ | – | – | ૨૦૬૦૦ |
| | | કુલ | ૨૦ | ૧૪ | ૬ | ૮૩૦૦ | ૫૦૦ | ૧૯૩૦૦ | ૧૦૦૦ | ૪૦૩૫ | – | – | ૩૩૧૩૫ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૧૮ | ૨ | ૧૫૬૦૦ | – | ૮૦૦ | ૩૯૦૦ | – | – | ૮૦૦ | ૨૧૧૦૦ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૧૬ | ૪ | ૫૧૫૦ | ૪૦૦૦ | ૬૦૦૦ | – | ૭૫૦ | – | ૧૧૭૫૦ | ૨૭૬૫૦ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૧૪ | ૬ | ૨૭૦૦ | ૧૫૦૦ | ૭૦૦ | ૨૪૦૦ | ૧૬૦૦ | – | ૪૭૫૦ | ૧૩૬૫૦ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | ૧૧ | ૪ | ૫૦૦ | ૧૩૦૦ | – | ૧૧૩૦૦ | – | – | – | ૧૩૧૦૦ |
| | | કુલ | ૧૦૦ | ૭૩ | ૨૨ | ૩૨૨૫૦ | ૭૩૦૦ | ૨૬૮૦૦ | ૧૮૬૦૦ | ૬૩૮૫ | – | ૨૪૫૦૦ | ૧૦૮૬૩૫ |

## દેવું :

આર્થિક પરિસ્થિતિના અભ્યાસ માટે છેવટે દેવા વિષાયક પરિસ્થિતિ જાણવા માટે માહિતી મેળવવામાં આવી હતી. પસંદ કરાયેલા કુટુંબોમાંથી ૭૩ કુટુંબો દેવાદાર હતા જયારે ૨૨ કુટુંબો દેવામુકત હતા. પરંતુ ક્ષેત્રકાર્ય દરમિયાન નિરિક્ષણ અને જુદા જુદા માહિતીદાતાઓની મુલાકાત દરમિયાન મેળવેલી વિગતોના આધારે એવું ખૂબજ સ્પષ્ટતાથી કહી શકાય કે અમુક કુટુંબને બાદ કરતા તમામ કુટુંબો વત્તીઓછી રકમના દેવામા ફસાયેલા હોય છે. દેવાનું વિષાચક્ર સતત ચાલતુ રહે છે. ખાસ કરીને ખેતમજૂરી કરતા અને હીરાઘસુ કામમા રોકાયેલા લોકો કાતો તેમના ધણિયાતા પાસેથી અથવા તો ઘંટીના માલિક પાસેથી એડવાન્સ રકમ લે છે આ એક દેવું જ છે. ત્યારબાદ છુટક ચીજ વસ્તુઓ દુકાનેથી ખરીદનાર પણ ઉધારે વસ્તુઓ લાવે છે. આમ તેઓને દેવાના વિષાચક્રમાં જાણ્યે અજાણ્યે ફસાવુ પડે છે. પસંદ કરાયેલા કુટુંબો મુલાકાત દરમિયાન દેવાની માહિતી આપવામા ઘણો હિચકાચ અનુભવતા હતા.

પસંદ કરાયેલા કુટુંબોએ આપેલી માહિતીને આધારે કુલ કુટુંબોના ૭૩ કુટુંબો દેવાદાર અને ૨૨ કુટુંબો દેવા વિનાના હતા. તેમણે જે જુદા જુદા માર્ગે ધિરાણ મેળવ્યુ હતું જેની વિગતો નીચે પ્રમાણે છે.

### શાહુકાર/ધણિયામા :

દેવું મેળવવાનું પ્રાથમિક સ્થાન શાહુકાર અને ધણિયામાની પાસેથી જુદા જુદા આકસ્મિક પ્રસંગોએ, તહેવારે, સામાજીક પ્રસંગોએ તેમજ માંદગીના સમયે જરુર પ્રમાણે નાણાની માંગણી કરે છે. ધણિયામો જે તે વ્યકિતની મહત્વતા, પ્રસંગની ગંભીરતા કે, તે વ્યકિતને પોતાના ખેતરમા કામ કરવા ઈચ્છા રાખે છે કે કેમ? વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને વકિતઓને જરુરિયાતમંદ ખેતમજૂરોનેરકમ ધીરે છે. આ રકમ પાછી વાળવા માટે બન્ને વચ્ચે ઠરાવેલા ધોરણે રકમ ભરપાઈ થાય છે. મોટાભાગે જે તે મજૂરે ધિરનાર ના ખેતરમા કામ કરીને તેમની આવકમાથી ઠરાવેલ ભાગ ધણિયામો ધિરાણ પેટે કાપી લે છે. કરીવાર પ્રસંગ ઉભો થતા હળપતિ ખેતમજૂરને ધણિયામા પાસે નાણાં લેવાની જરુર ઉભી થાય છે. આમ આ રકમ ભરપાઈ કરવા તેને વધુ દિવસ કામ કરવું પડે રહે આમ તેઓ ધણિયામાના દેવાના

વિષચક્રમાં સતત ફસાયેલા રહે છે. આ ઉપરાંત શામપુરા ગામની હીરા ઘસવાની ઘંટીએ કામ કરતા કારીગરો પણ ઘંટી માલીકો પાસેથી અમુક રકમ (ઘણીવાર એક હજાર કે તેથી વધુ) ચૂકવવાના પેટે લાવતા હોય છે. આમ તેઓ તે વ્યકિતની ઘંટી ઉપર કામ કરવા બંધાઈ જાય છે. હીરા-ઘસુએ જે રુપિયા લીધા હતા તેનો મોટાભાગે જે તે વ્યકિતના અથવા કુટુંબના સભ્યોના લગ્ન કરવાના હેતુ માટે લીધા હતા.

પસંદ કરાયેલા બધા કુટુંબોએ શાહુકાર અને ધણિયામા પાસેથી કુલ રુ.૩૨૨૫૦/- લીધા હતા. આ રકમનું ગામવાર વર્ગીકરણ તપાસીએ તો સૌથી વધુ રકમ રુ.૧૫,૬૦૦ દેલાડ ગામના કુટુંબોએ લીધી હતી જયારે સૌથી ઓછી રકમ રુ.૫૦૦ ડુંગરા ગામના કુટુંબોએ લીધી હતી.

વ્યાપારી :

જીવનજરુરિયાતની ચીજો ખરીદવા માટે હળપતિઓ ગામના દુકાન-દાર પાસેથી ઉધાર ખરીદતા હતા અને તેમની સગવડ થયે લેણું ચૂકતે કરતા હતા. વ્યાપારી ~~xxxx xxxxx x~~ હળપતિની લોન ચૂકવવાની શકિત મર્યાદાનો વિચાર કરીને માલ ઉધાર આપતા હતા. સામાન્ય રીતે ઉધાર લીધેલી ચીજવસ્તુઓના ભાવ રોકડ ભાવ કરતાં વધારે રહેતા.

પસંદ કરાયેલા કુટુંબોએ વ્યાપારીઓ પાસેથી રુ.૭૩૦૦/-ની કિંમતની ચીજવસ્તુઓ ખરીદી હતી તેમા સૌથી વધુ રુ.૪,૦૦૦/-ની કિંમતની ચીજવસ્તુઓ શામપુરા ગામના કુટુંબોએ અને સૌથી ઓછી રકમની ચીજ વસ્તુઓ વેલંજા ગામના કુટુંબોએ ખરીદી હતી.

સરકાર :

સરકારની જુદી જુદી યોજનાઓ હેઠળ લોકોએ ધિરાણ મેળવ્યુ હતું. જેમ કે રહેઠાણ, મચ્છીમારી જેવા ધંધા સહિત અન્ય હેતુઓ, પસંદ કરાયેલા કુટુંબોએ ૫ વર્ષ દરમિયાન કુલ રુ. ૨૬૮૦૦નું દેવું કર્યુ હતું તેમા સૌથી વધુ રુ.૧૯,૩૦૦ વેલંજા ગામના કુટુંબોએ અને સૌથી ઓછું ધિરાણ રુ.૭૦૦ નું મોરથાણા ગામના કુટુંબોએ લીધેલ હતું. જયારે ડુંગરાગામના એકપણ કુટુંબને સરકારી દેવું નહોતું.

સહકારી મંડળી :

કામરેજ લઘુ વિસ્તારમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને ખાંડ ઉત્પાદક સહકારી મીલોનો વિકાસ થયો છે. દૂધ ઉત્પાદક સહકારી

મંડળી દ્વારા હળપતિઓને ભેંસ ઉપરાંત દાણ, તબીબી સારવારની સગવડ આપવામાં આવે છે. આ રીતે લાભ મેળવનાર કુટુંબ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના દેવાદાર બને છે.

સહકારી ખાંડ મીલો પોતાનો શેર ધરાવનાર ખાતેદારને અમુક એકર શેરડી ખેતી માટે જરુરી સહાય આપે છે અને આ રીતે ઉત્પાદિત થયેલ પાક ખાંડ મીલના મજૂરો આવીને કાપી જાય છે. આમ જેતે મંડળીનો શેર ધરાવનાર કે ખેડૂત દેવાદાર બને છે.

પસંદ કરાયેલા તમામ કુટુંબોએ સહકારી મંડળીઓ દ્વારા રૂા.૧૮,૬૦૦ નું ધિરાણ મેળવ્યું હતું જેમાં સૌથી વધુ રૂા.૧૧,૩૦૦ ડુંગરા જેવા ઉંડાણના અને નાના ગામમાં લીધેલું નોંધાયું હતું. ડુંગરા ગામમાં તાજેતરમાં ડુંગરા વિભાગ આદિવાસી દૂધ ઉત્પાદક સહકારી મંડળી શરુ કરવામાં આવી છે. આ મંડળી દ્વારા દૂધાળા પશુઓ મોટી સંખ્યામાં આપવામાં આવ્યા હોવાથી દેવાની રકમ વધુ છે. જ્યારે સૌથી ઓછું રૂા.૧૦૦૦/- વેલંજા ગામમાં નોંધાયેલું છે.

<u>બેન્ક</u> :

૨૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ અથવા ગ્રામવિકાસના કાર્યક્રમ હેઠળ કે અન્ય કાર્યક્રમ હેઠળ સમાજના નબળા વર્ગોને ધિરાણ આપવાની બેન્કોને જવાબદારી સોંપવામાં આવી છે. બેન્ક દૂધાળાં ઢોર ખરીદવા, મચ્છીમારીનો ધંધો કરવા, સ્વતંત્ર રોજગાર કરવા, દુકાન-ધંધો શરુ કરવા, સાધનો ખરીદવા સહિત અનેક હેતુઓ માટે ધિરાણ આપે છે. આમ તેઓ બેન્કના લેણદાર બને છે.

પસંદ કરાયેલા બધાં કુટુંબોએ કુલ રૂા.૭,૩૮૫ નું બેન્ક ધિરાણ મેળવ્યું હતું જેમાં સૌથી વધુ રૂા.૪,૦૩૫નું વેલંજા ગામના કુટુંબોએ અને સૌથી ઓછું ધિરાણ રૂા.૭૫૦/- શામપુરા ગામના કુટુંબોએ મેળવ્યું હતું.

<u>ખાનગી દેવું</u> :

મિત્રો, સગાવહાલા સહિત આ સિવાયના અન્ય સ્થળેથી મેળવેલ ધિરાણ આ પ્રકારમાં આવે છે. આ ધિરાણ મેળવવાના હેતુઓ તો શાહુકાર કે ધણિયામા પાસે લીધેલ ધીરાણના હેતુઓ જેવા જ હોય છે પરંતુ જે તે વ્યકિતને ધિરાણ મેળવવાની સગવડ મુજબ મેળવે છે.

પસંદ કરાયેલા કુટુંબોએ ખાનગી વ્યક્તિઓ પાસેથી કુલ રૂા.૨૪,૫૦૦નું ધિરાણ મેળવ્યુ હતું જેમાં સૌથી વધુ રૂા.૧૧,૭૫૦ શામપુરા ગામના કુટુંબોએ અને સૌથી ઓછું ધિરાણ રૂા.૮૦૦ દેલાડ ગામના કુટુંબોએ મેળવ્યું હતું.

બધાજ કુટુંબોએ સૌથી વધુ રૂા.૩૨,૨૫૦નું ધિરાણ શાહુકાર / ધિરાણધીરનાર પાસેથી અને સૌથી ઓછું રૂા. ૬,૩૮૫નું ધિરાણ બેન્ક પાસેથી લીધું હતું.

ગામવાર દેવાની રકમ જોઈએ તો સૌથી વધુ રૂા.૩૩,૧૩૫ વેલંજા, ગામના કુટુંબોએ અને રૂા.૧૩,૧૦૦/- ડુંગરા ગામના કુટુંબોએ મેળવ્યું હતું.

દેવાનો હેતું :

દેવા વિષાયક અભ્યાસનું એક મહત્વનું પાસુ એ છે કે દેવું કરવાનો હેતુ કયો હતો તે પણ જાણવું જોઈએ તો જ દેવા વિષાયક પરિસ્થિતિનું રચનાત્મક મૂલ્યાંકન થઈ શકે.

દેવું ઉત્પાદક અને બિનઉત્પાદક હેતુ માટે કરવામાં આવતુ હોય છે ઉત્પાદકીય હેતુ માટે કરેલું દેવું ભવિષ્યમાં પ્રગતિ થવાની શકયતા બતાવે છે જયારે બીનઉત્પાદકીય હેતુ માટે કરેલું દેવું કુટુંબની વિષાય આર્થિક પરિસ્થિતિનું સુચક છે.

પસંદ કરાયેલા કુટુંબોમાં દેવું કરનાર કુટુંબોએ કયા હેતુ માટે દેવું કર્યું હતુ તેની વિગતો મેળવી હતી. જુદા જુદા કુટુંબોને નીચેના હેતુઓ માટે દેવું કરેલુ હતું.

કુલ ૭૩ કુટુંબોએ દેવું કર્યું હતું. તેમાં ઉત્પાદકીય દેવું પશુ ખરીદવા તેમજ અન્ય હેતુ માટે કરેલુ હતું. પશુ ખરીદવા કુલ ૧૩ કુટુંબોએ દેવું કર્યું હતુ, તેમાં સૌથી વધુ ૪ કુટુંબો ડુંગરાગામમાં અને ઓછામાં ઓછું ૧ કુટુંબ વેલંજા ગામમાં નોંધાયુ હતું. અન્ય હેતુઓ માટે કુલ ૧૩ કુટુંબોએ દેવુ કર્યું હતું તેના સૌથી વધુ ૫ કુટુંબો દેલાડ ગામમાં અને ઓછામાં ઓછું ૧ કુટુંબ મોરથાણા ગામમાં નોંધાયું હતું. જયારે બિનઉત્પાદકીય હેતુ માટે કુલ ૪૭ કુટુંબોએ દેવુ કર્યું હતું. તેમાં ૨૪ કુટુંબોએ ઘરખર્ચ પેટે અને ૨૩ કુટુંબોએ જુદા જુદા સામાજિક પ્રસંગો અંગે કર્યું હતું. ઘરખર્ચ માટે સૌથી વધુ દેવું મોરથાણા ગામના ૭ કુટુંબોએ કર્યું હતું જયારે સૌથી ઓછું દેવું શામપુરા અને ડુંગરા ગામના ૩-૩ કુટુંબોએ કર્યું હતું. સામાજિક પ્રસંગોને કારણે દેવું કરનાર

કોઠા નં. ૪:૧૭

પસંદ કરાયેલા કુટુંબોના દેવાના હેતુઓ

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | ઘરખર્ચ | સામાજીક | પશુખરીદવા | ખેતીમાટે | અન્ય | વ્યાજ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૧ | – | – | – | ૧ | – |
| | | વસાવા | ૩ | ૧ | – | ૧ | – | – | – |
| | – | હળપતિ | ૧૨ | ૩ | ૩ | ૨ | – | ૨ | – |
| | | કુલ | ૨૦ | ૫ | ૩ | ૩ | – | ૩ | – |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૬ | ૬ | ૧ | – | ૫ | – |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૩ | ૮ | ૩ | – | ૨ | – |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૭ | ૪ | ૨ | – | ૧ | – |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | ૩ | ૨ | ૪ | – | ૨ | – |
| | | કુલ | ૧૦૦ | ૨૪ | ૨૩ | ૧૩ | – | ૧૩ | – |

૨૩ કુટુંબોના સૌથી વધુ ૮ શામપુરા ગામના ૮ કુટુંબોએ કર્યું હતું. જયારે સૌથી ઓછું ડુંગરા ગામના ૨ કુટુંબોએ કર્યું હતું.

પસંદ કરાયેલા કુટુંબોની મોટી સંખ્યા બિન-ઉત્પાદકીય હેતુ માટે દેવું કર્યું હતું. એ ઘણું સૂચક અને [illegible] છે.

## ૪:૭. આર્થિક તનાવો-લડાઈ- ઝગડા :

કામરેજ લઘુ વિસ્તારમાં બિન આદિવાસીઓ અને આદિવાસી કુટુંબો વચ્ચેનું આર્થિક અંતર વધતું જાય છે. બિન-આદિવાસીઓ ખેતી, વ્યાપાર, પશુપાલન, ડેરી, સરકારી મંડળીઓ, હીરા ઉદ્યોગ વગેરે ક્ષેત્રોમાં પોતાની સ્થિતિ મજબુત બનાવે છે. તો આદિવાસીઓ ખાસ કરીને હળપતિઓ ખેતમજૂરી, પશુપાલન, છૂટક વ્યાપાર-ધંધા હીરાઘસુ, જરીકામ વગેરે જેવા કામો કરીને આર્થિક રીતે આગળ આવવા ઝઝૂમી રહયા છે. આ વિસ્તારની લોકસભા અને વિધાનસભાની બેઠક આદિવાસી-અનામત હોવાથી આ વિસ્તારના આદિવાસી સભ્યો આ સ્થાને બેઠેલા છે. આમ આ વિસ્તારમાં રાજકીય જાગૃતિ છે, પરંતુ તેમનું વર્ચસ્વ નથી. બીજુ આ વિસ્તારમા હળપતિઓની મોટી વસતિ હોવાથી એકતાની લાગણી અનુભવે છે.

ત્રીજી તરફ સરકાર દ્વારા ૨૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ હળપતિઓને રહેઠાણ, દુધાળા ઢોર, મચ્છીમારી, ધંધા માટે અનેક સહાય સગવડો અપાય છે. તે સિવાય આજીવન સમાજસેવક સ્વ. જુગતરામ દવેએ સ્થાપેલી હળપતિ સેવા સંઘની કામગીરીને કારણે હળપતિઓમાં ખૂબજ જાગૃત બન્યા છે. તેઓ પોતાના હકકો અંગે જાણકારી ધરાવે છે. આમ આર્થિક અને રાજકીય જાગૃતિને કારણે આદિવાસીઓ અને બિનઆદિવાસીઓ વચ્ચે લડાઈ ઝગડા અવારનવાર થતા રહે છે. ઘણા ગંભીર પ્રકારના બનાવો પણ બને છે. માહિતીદાતાઓએ આપેલી માહિતી મુજબ બે વર્ષ પહેલા ટીંબા ગામના ખેતમજૂરોએ મજૂરીના દર સુધારવાની માંગણી માટે આંદોલન ચલાવ્યું હતું. આથી ગામના જમીનદારો અને ખેડુતોએ સામે [illegible] તેમનો બહિષ્કાર કર્યો હતો. ગામના તમામ જમીનદારો અને ખેડૂતોએ તેમના ખેતરોના કે અન્ય કામ માટે તેમને ન બોલાવવા અને તેમને આર્થિક ભીંસમાં ભીડવવા તેમને વધુ હેરાનગતી થાય તે માટે તેમના માણસો દ્વારા હળપતિને પશુ ખેતરમા ઘુસાડી ભેલાણ કરવાનો પ્રયત્ન કરતા. તેથી ખેડૂતોને

કારણ મળે કે હળપતિઓ તેમના પશુ દ્વારા ખેતરોમાં ભેલાણ કરાવે છે. તેથી તેઓ પશુને ગામના ડબ્બામાં પૂરી દેવડાવતા, જે છોડાવવા હળપતિએ દંડ ભરવા ઉપરાંત અનેક યાતનાઓમાંથી પસાર થવાનું રહેતું હતું. ગામના સીમરખાઓ હળપતિઓને હેરાનપરેશાન કરતા અને હિંસક હુમલા પણ કરતા. કેટલાક માહિતીદાતાઓએ તો આ દિવસોમાં મોટા પ્રમાણમાં ખાનગી ગોળીબાર કરવાના કિસ્સા બન્યા હોવનું પણ જણાવ્યું હતું. ટીંબા ગામના ખેડૂતોએ આવો બહિષ્કાર એક વર્ષ કરતાં વધુ સમયસુધી ચાલુ રાખ્યો હતો. આ કટોકટીના સમયમાં દેલાડ ગામના ખેડૂતો અને જમીનદારોએ ટીંબા ગામના હળપતિઓને કામે બોલાવતા અને દેલાડ-ગામના હળપતિઓએ પોતાના અપૂરતા રોટલામાંથી અડધો ભાગ પોતાના ભાઈઓને આપ્યો હતો. ટીંબા ગામનો પ્રસંગ આખરી નથી. આ સિવાય અન્ય ગામોમાં પણ આવા કિસ્સા નોંધાયા છે. અથવા એક યા બીજી રીતે તેમને હેરાન કરવામાં આવે છે. શેરડીની કાપણી જે પહેલા ગામના હળપતિઓ કરતા હતા હવે ખાંડ મીલના ખાનદેશી મજૂરો દ્વારા આ કામ કરાવવામાં આવે છે. આમ તેમની મજૂરીનો મોટો ભાગ તેમના હાથમાંથી છીનવાઈ ગયો છે.

દૂધ ભરનાર હળપતિઓની સંખ્યા મોટી હોવા છતાં ઘણા લાંબા સમય સુધી તેમને માત્ર સામાન્ય સભાસદ તરીકે રાખે છે. એટલે તેમને દૂધની કિંમત સિવાય બીજા લાભ આપવામાં આવતા નથી. તેમજ આ વિસ્તારના હળપતિ આગેવાનો આદિવાસી દૂધ ઉત્પાદક સહકારી મંડળી ઊભી કરવા માંગે છે, તે કયારેય ઉભી ન થાય તે માટેના તમામ પગલા લે છે. હળપતિના રાજકીય નેતાઓ પણ આજે લાચાર સ્થિતિમાં મુકાયા હોય એવું લાગે છે.

## પ્રકરણ : ૫

### કામરેજ લઘુ વિસ્તારના આયોજનના સિધ્ધાંતો અને હેતુઓ :

લઘુ વિસ્તારમાં અભ્યાસમાં જણાવેલા હેતુઓ સિધ્ધ કરવા માટે સાતમી પંચવર્ષિય યોજનાનું આયોજન તૈયાર કરતાં પહેલા તેની સૈધ્ધાંતિક ભૂમિકા સમજી શકાય એ હેતુથી આ પ્રકરણ તૈયાર કરવામાં આવ્યું છે.

### ૫:૧:૧. કામરેજ લઘુ વિસ્તારમાં વિકાસ વિષયક કામગીરી તરફ દ્રષ્ટિપાત:

કામરેજ લઘુ વિસ્તારમાં વસતા હળપતિઓ સહિત અન્ય આદિવાસીઓના વિકાસ માટે કેવા પ્રકારની કામગીરી કરવામાં આવી છે તેનું વિહંગાવલોકન કરવાનું ઉચિત રહેશે. અલબત કામગીરીના મૂલ્યાંકન માટે જરુરી આંકડાકીય માહિતી તાલુકા પંચાયત કચેરીમાંથી મેળવી શકાઈ ન હોવાથી આ ચર્ચા જુદા જુદા મુલાકાતદાતાઓ સાથેની ચર્ચા અને ક્ષેત્રકાર્ય દરમિયાન નિરિક્ષણ કરેલ બાબતો આધારિત છે.

કામરેજ વિસ્તારના ગામમાં ફરતાં ફરતાં સ્પષ્ટ તરી આવે છે કે મોટાભાગના ગામોના હળપતિ કુટુંબો પોતાની આર્થિક સુધારવા નવા નવા ધંધા કરવા લાગ્યા છે. તેમના વાતાવરણની સુધારણા થઈ રહી છે એ પણ એક પ્રક્રિયા છે. સરકાર જુદા જુદા વિભાગો ધ્વારા લઘુ વિસ્તારના હળપતિઓના વિકાસ, ખાસ કરીને આર્થિક વિકાસ, માટે જો કોઈ યોજનામાં સારામાં સારુ કામ થયું હોય તો તે દૂધાળા પશુ આપવાની યોજના. હળપતિ કુટુંબોને પશુપાલન કામનો અનુભવ પોતાના ધણિયામાના ઘેરથી મળેલો છે. બીજી તરફ રહેઠાણ યોજનાનો લાભ મળતાં પશુ રાખવાની થોડી મોકળાશ થઈ છે, ડેરીની સગવડ ગામે ગામ ઉભી થઈ રહી છે. આ બધા પરિબળોને કારણે પશુપાલન વ્યવસાય, બિન-આદિવાસીઓના ભારે વિરોધ વચ્ચે પણ, વિકસી રહયો છે. આ ધંધાને કારણે અનેક પ્રશ્નો, સંઘર્ષો અને હિંસક હુમલા જેવા પ્રસંગો બન્યા હોવા છતાં સરકાર ધ્વારા પશુ આપવાનું ચાલુ જ છે. આમ દૂધાળાં પશુની યોજના જે સારી આવક મેળવી આપે છે તે દિશામાં ઘણી સારી પ્રગતિ થઈ રહી છે. અલબત વિસ્તારના તમામ ગામોમાં આ યોજનાની પ્રગતિ એક સરખી નથી તેમ છતાં સાર પસંદ કરાયેલા કુટુંબોના ૪૮ કુટુંબોને દૂધાળાં પશુ મળ્યા છે.

## કોઠા નં. ૫:૧

પસંદ કરાયેલ કુટુંબોને મળેલ લાભની વિગતો

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | જમીન સંરક્ષણ યોજનાનો લાભ મળ્યો છે? |  | 'હા' તો વિગત | કિટ્સનો લાભ મળ્યો છે? |  | દૂધાળા ઢોરનો લાભ લીધો છે? |  | વિગત |  |  |  |  | મરઘાં યુનિટનો લાભ લીધો છે? |  |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
|  |  |  |  | હા | ના |  | હા | ના | હા | ના | સબસીડી | લોન | ૨ વર્ષ | ૫ વર્ષ | કિંમત | હા | ના |
| ૧. | વેલંજા | ગામીત | ૫ | – | ૫ | – | – | ૫ | ૨ | ૩ | – | – | – | – | – | – | ૫ |
|  |  | વસાવા | ૩ | – | ૩ | – | – | ૩ | ૨ | ૧ | – | – | – | – | – | – | ૩ |
|  | – | હળપતિ | ૧૨ | XX | ૧૨ | – | ૧ | ૧૧ | ૬ | ૬ | – | – | – | – | – | – | ૧૨ |
|  |  | કુલ | ૨૦ | – | ૨૦ | – | ૧ | ૧૯ | ૧૦ | ૧૦ | – | – | – | – | – | – | ૨૦ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | – | ૨૦ | – | ૧ | ૧૯ | ૯ | ૧૧ | – | – | – | – | – | – | ૨૦ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | – | ૨૦ | – | – | ૨૦ | ૮ | ૧૨ | – | – | – | – | – | – | ૨૦ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | – | ૨૦ | – | – | ૨૦ | ૧૩ | ૭ | – | – | – | – | – | – | ૨૦ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | – | ૧૫ | – | – | ૧૫ | ૮ | ૭ | – | – | – | – | – | – | ૧૫ |
|  |  | કુલ | ૧૦૦ | – | ૯૫ | – | ૨ | ૯૩ | ૪૮ | ૪૭ | – | – | – | – | – | – | ૯૫ |

કોઠા નં. ૫:૧

પસંદ કરાયેલ કુટુંબોને મળેલ લાભની વિગતો

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | જમીન સંરક્ષણ યોજનાનો લાભ મળ્યો છે? હા | ના | 'હા' તો વિગત | કિટસનો લાભ મળ્યો છે? હા | ના | દૂધાળા ઢોરનો લાભ લીધો છે? હા | ના | વિગત સબસીડી | લોન | ૨ વર્ષ | ૫ વર્ષ | કિંમત | મરઘાં યુનીટનો લાભ લીધો છે? હા | ના |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | – | ૫ | – | – | ૫ | ૨ | ૩ | – | – | – | – | – | – | ૫ |
| | | વસાવા | ૩ | – | ૩ | – | – | ૩ | ૨ | ૧ | – | – | – | – | – | – | ૩ |
| | – | હળપતિ | ૧૨ | XX | ૧૨ | – | ૧ | ૧૧ | ૬ | ૬ | – | – | – | – | – | – | ૧૨ |
| | | કુલ | ૨૦ | | ૨૦ | – | ૧ | ૧૯ | ૧૦ | ૧૦ | – | – | – | – | – | – | ૨૦ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | – | ૨૦ | – | ૧ | ૧૯ | ૯ | ૧૧ | – | – | – | – | – | – | ૨૦ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | – | ૨૦ | – | – | ૨૦ | ૮ | ૧૨ | – | – | – | – | – | – | ૨૦ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | – | ૨૦ | – | – | ૨૦ | ૧૩ | ૭ | – | – | – | – | – | – | ૨૦ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | – | ૧૫ | – | – | ૧૫ | ૮ | ૭ | – | – | – | – | – | – | ૧૫ |
| | | કુલ | ૧૦૦ | – | ૯૫ | – | ૨ | ૯૩ | ૪૮ | ૪૭ | – | – | – | – | – | – | ૯૫ |

કોઠા નં. ૫:૧ (ચાલુ)

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | શિક્ષણ યોજનાનો લાભ લીધો છે. હા | ના | સ્કોલરશીપ | ગણવેશ | પુસ્તક | મધ્યાહ્ન ભોજન યોજના | અન્ય | માંદગી સહાય મળી છે? હા | ના | વિગત | નવો ધંધો કરવા માંગો છો? હા | ના |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૪ | ૧ | ૪ | ૪ | ૪ | ૪ | – | – | ૫ | – | ૧ | ૪ |
| | | વસાવા | ૩ | – | ૩ | – | – | – | – | – | – | ૩ | – | ૨ | ૨ |
| | – | હળપતિ | ૧૨ | ૭ | ૫ | ૫ | ૬ | ૫ | ૭ | – | – | ૧૨ | – | ૭ | ૫ |
| | | કુલ | ૨૦ | ૧૧ | ૯ | ૯ | ૧૦ | ૯ | ૧૧ | – | – | ૨૦ | – | ૧૦ | ૧૦ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૬ | ૧૪ | ૫ | ૬ | ૬ | ૬ | – | ૧ | ૧૯ | – | ૬ | ૧૪ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૯ | ૧૧ | ૬ | ૭ | ૭ | ૯ | – | – | ૨૦ | – | ૧૧ | ૯ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૧ | ૧૯ | ૧ | ૧ | ૧ | ૧ | – | – | ૨૦ | – | ૧૨ | ૮ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | ૬ | ૯ | ૨ | ૨ | ૨ | ૨ | – | – | ૧૫ | – | ૧૦ | ૫ |
| | | કુલ | ૧૦૦ | ૩૩ | ૬૨ | ૨૩ | ૨૬ | ૨૫ | ૩૩ | – | ૧ | ૯૪ | – | ૪૯ | ૪૬ |

૨૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ ઘર વિહોણા કુટુંબોને ઘરથાળનો પ્લોટ મફત આપવાની યોજના ચાલે છે. ઉપરાંત હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા હળપતિ કુટુંબોને ભાડા પધ્ધતિએ ઘરબાંધી આપવામાં આવે છે. લઘુ વિસ્તારના તમામ ગામોમાં આ યોજનાનો અમલ ચાલુ છે. જીલ્લા પંચાયત દ્વારા પણ મકાન બાંધી આપવામા આવે છે. દરેક ગામોની બિનખેડાણ હેઠળની પડતર જમીન આ યોજના માટે ફાળવવામા આવે છે. જો કે નવીન વસાહતોમાં વિજળી, પીવાનું પાણી, સંડાસ, રસ્તા, શાળા વગેરેની સગવડ હોતી નથી, પરિણામે આ કુટુંબોને ઘણી યાતનાઓ ભોગવવી પડે છે. જો કે કેટલાક ગામો વેલંજા, શામપુરા, દેલાડ, મોરથાણા વગેરેમાં સ્ટેન્ડ પોસ્ટ મુકવામાં આવ્યા હતા જે અપૂરતા પ્રમાણમાં હતા. ઘર બાંધકામમાં ઉતરતી કક્ષાનો માલસામાન વાપરવામાં આવતો હોવાથી ઘરનું બાંધકામ ખૂબજ જર્જરીત પ્રકારનું હતું.

ત્રીજી યોજના મચ્છીમારીની છે. આ યોજનાનો અમલ પસંદ થયેલા વેલંજા ગામ સહિત આસપાસના અન્ય ગામોમા થયો હતો. ગ્રામ્ય તળાવોમા મત્સ્યઉછેર કરવાની તાલીમ મત્સ્ય વિભાગ દ્વારા બેરોજગાર હળપતિઓને આપવામા આવી હતી. આ તાલીમ યોજનાનો લાભ ૧૭ યુવાનોએ લીધો હતો. ઉપરાંત ખાતા દ્વારા તાલીમાર્થી યુવાનોને બેન્ક દ્વારા રૂા.૪૮૦૦ની ધિરાણમેળવી આપવામા મદદ કરી હતી. આ ધિરાણની રકમમાંથી ગ્રામ્ય તળાવોની જરૂરી સમારકામ કરાવવામા આવ્યુ હતું. આ સિવાય મચ્છીમારીના સાધનો આપવામા આવ્યા હતા. પસંદ કરાયેલા વેલંજા ગામના તાલીમ મેળવેલા યુવાનોની મુલાકાત લેતા જણાવ્યું હતું કે ખાતાએ ગામનુ તળાવનુ બરાબર સમારકામ કરાવ્યુ નહોતું જેથી પાણીના જથ્થાનો સંગ્રહ થઈ શકતો નથી. આથી મચ્છીના બીજ વહેતા પાણી સાથે વહી જાય છે. તેથી તાલીમ પામેલા યુવાનો મચ્છીઉછેર કરી શકતા નથી. અન્ય ગામોના સંદર્ભમા એવી માહિતી મળી હતી કે તળાવોમાં બીનઉપયોગી વનસ્પતિ મોટા પાયા ઉપર ઉગી નીકળી હોવાથી ત્યા મસ્ત્યઉછેર થઈ શકતો નથી. આમ યોજના અપૂરતી રીત સંકલિત હોવાથી હળપતિ યુવાનોને ઉપયોગી નીવડી નથી. આ સિવાય કેટલાક યુવાનો મચ્છીમારી કરતા નથી પરતુ મચ્છી લાવીને આસપાસના ગામમાં વેચે છે. તેમને સાયકલ આપવામા આવી છે જેથી ફેરી કરીને વ્યાપાર થઈ શકે.

..૧૨૨..

## સામુહિક ખેતી મંડળી :

જમીન વિહોણા ખેતમજૂરોની સહકારી મંડળીને ખેડવા માટે જમીન ફાળવવામાં આવે છે. તાલુકામાં આવી ૮ મંડળીઓ ચાલે છે. આ મંડળીઓને ગામની જમીન ઉપરાંત ખેતીનાં સાધનો જેવાકે બળદ, ગાડું બિયારણ ખાતર વગેરે, શામપુરા ગામની મંડળીએ તો સિંચાઈ માટે કુવા ઉપર મોટર મુકાવી છે. પરંતુ આ તમામ મંડળીઓ તે પાછળનો હેતુ સિધ્ધ કરવામાં નિષ્ફળ નિવડી છે. શામપુરા અને મોરથાણા ગામોની મંડળીઓ અંગે લોકોમાં વ્યાપક અસંતોષ છે.

## કિટ્સનો લાભ :

હળપતિ ખેડૂતને ખેતીમાં ઉપયોગી બની શકાય તે માટે બિયારણ, ખાતર, દવા વગેરેની કિટ્સ આપવામાં આવે છે. પસંદ કરાયેલા કુટુંબોમાંથી વેલંજા અને દેલાડ ગામના ૧-૧ કુટુંબને આ યોજનાનો લાભ મળ્યો છે.

## શિક્ષણ યોજનાના લાભ :

શૈક્ષણિક રીત નબળા વર્ગોમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે જુદા જુદા લાભ, પ્રોત્સાહનો આપવામાં આવે છે. શિક્ષણની જુદી જુદી યોજના હેઠળ કુલ ૩૩ કુટુંબોને લાભ મળ્યો હતો તેમાં ૩૩ સભ્યોનો સ્કોલરશીપ, ૨૬ બાળકોને ગણવેશ, ૨૫ બાળકોને પુસ્તકો, અને ૩૩ બાળકોને મધ્યાહન ભોજન યોજનાનો લાભ મળ્યો હતો.

## માંદગી સહાય :

ગંભીર રોગ જેવાકે ટીબી, કેન્સર વગેરેમાં સારવાર કરાવવા માટે દર્દીને માંદગી સહાય આપવાની યોજના છે. આ યોજના હેઠળ દેલાડ ગામના એક સભ્યને લાભ આપવામાં આવ્યા હતો.

હળપતિઓમાં નવા નવા ધંધાની સુઝ વધી રહી છે તેની વિગતો ધંધાના વર્ણનમાં આપી હોવાથી પુનરાવર્તનની જરૂર નથી. આમ નવીન ધંધાની દિશામાં કામ થયું છે.

## વ્યસાયીક તાલીમ :

શિક્ષિત બેરોજગાર યુવાનો તાલીમ મેળવી શકીને હુન્નર-ધંધો કરી શકે તે માટે તાંત્રિક તાલીમ આપવાની યોજના હેઠળ તાલુકા પંચાયત કચેરીમાં

વર્ગો ચલાવવામાં આવ્યા હતા. અને આસપાસના ગામોના યુવાનોએ આ યોજનાનો લાભ લીધો હતો. તાલીમાર્થીઓને મફત તાલીમ, સાધનો વગેરે આપવામાં આવ્યા હતા.

પસંદ કરાયેલા કુટુંબોમાંથી એકપણ સમયે આ યોજનાનો લાભ લીધો નથી.

પ:૧:૨. આકાંક્ષાઓ અને આવશ્યકતાઓ :

કામરેજ લઘુ વિસ્તારમાં ક્ષેત્રકાર્યના દરમિયાન કરેલા નિરિક્ષણના આધારે એવું તારણ કાઢી શકાય કે આ વિસ્તારના હળપતિઓમાં વિકાસ પ્રતિ ત્રણ પ્રકારના અભિગમ જોવા મળે છે. જેમાં તેમની આંકાક્ષાઓની પૂર્તિ જોઈ શકાય છે.

સૌ પ્રથમ પ્રકારના અભિગમ ધરાવનાર કુટુંબોની સંખ્યા ખૂબ જૂજ પરંતુ મહત્વની છે. આ કુટુંબોનો અભિગમ ઘણો રચનાત્મક છે. તેઓ ધીમે ધીમે પરંતુ સતત એકધારી રીતે પ્રગતિ કરી રહયા છે. તેમની દ્રષ્ટિ કુટુંબની આવક વધારી તેમની સ્થિતિ સુધારવા તરફ છે. જે કુટુંબોને દૂધાળા પશુ મળ્યા છે તેઓ તેની પૂરી દેખભાળ રાખે છે. નિયમિત ચરાવવા લઈ જાય છે. પશુને આરામ મળી રહે તે માટે એક સંકડાશવાળા ઘરોમાં પણ પશુની છાપરી કે અલગ જગ્યા રાખવાની વ્યવસ્થા કરવામાં આવે છે. માંદગીના સમયે પશુ દાકતર પાસે લઈ જવાની કાળજી રાખે છે. વધુ ઉત્સાહી કુટુંબો એક કરતાં વધુ દૂધાળા પશુ માંગણી કરે છે. હાલમાં બે પશુ આપવામાં આવે છે જેથી એક ભેંસનું દૂધ સતત મળતું રહે. ડુંગરા ગામના કુટુંબોને માત્ર બે ભેંસોથી સંતોષ ન થતાં ત્રણ ભેંસ આપવામાં આવે તો ઘણું સારું એવી રજુઆત મુલાકાત દરમિયાન કરી હતી. તેમની પશુપાલન પ્રત્યેની દ્રષ્ટિ અને ઉત્સાહને કારણે ઘણા આદિવાસીઓ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભાસદો બન્યા છે. તો ડુંગરા વિભાગમાં સ્વતંત્ર દૂધ ઉત્પાદક સહકારી મંડળીની શરુઆત કરી દીધી છે. શામપુરા વિસ્તારની આસપાસના ગામોના હળપતિ આગેવાનો પણ અલગ આદિવાસી દૂધ મંડળી ઉભી કરવાની ઈચ્છા રાખે છે અને આ દિશામાં તેમના પ્રયત્ન ચાલુ છે. આવી મંડળી ઉભી થતા આદિવાસી કુટુંબોને ડેરી યોજનાનો લાભ વધુ પ્રમાણમાં મળતો થશે તેમજ નફા અને વહીવટમાં સીધી રીતે ભાગ લઈ શકશે.

ડુંગરા જેવા ઉંડાણના ગામના હળપતિ યુવાનો સુરતના વેપારીઓ પાસેથી કાચો માલ લાવી જરીકામ કરે છે. કામ ઘણું બારીક અને કૌશલ્યતા માંગી લે તેવું છે જેમા આ યુવાનો અને સ્ત્રીઓએ કૌશલ્યતા વિકસાવી છે. કેટલાક યુવાનોની એવી ઝંખના છે કે વેપારી પાસેથી માલ લાવીને તૈયાર કામ આપતા માત્ર મજૂરી મળે છે. તો તેઓ પોતેજ જરીકામની વસ્તુઓ અને ભરતગૂથણવાળા પડદા, થેલા, રુમાલ વગેરે બનાવે તો સારી આવક મેળવી શકે. આવી કુટુંબોને તમન્ના છે, દ્રષ્ટિ છે, નાણાંનો પ્રશ્ન ગંભીર નથી અથવા ઉકેલી શકાય તેવો છે. જરૂર છે માત્ર તેમને સતત પ્રોત્સાહન પૂરું પાડવાની તેમજ આ માટેનું માળખું તૈયાર કરવામાં દિશાસૂચન અને તેમનો આત્મવિશ્વાસ વધે એવી તાલીમ આપવાની તાતી જરૂર છે.

મોરથાણા ગામના એક યુવાનને ક્ષેત્રકાર્યનો સમયગાળામાં ચાર પૈડાની હાથલારી આપવામાં આવી હતી. જેથી તે શાકભાજી કે અન્ય વસ્તુઓ વેચીને સ્વરોજગારી કરી શકે. આ યુવાન સુરતથી શાકભાજી લાવ્યો હતો અને તેની પત્ની અને માતા શાકભાજી અલગ પાડી લારીમા ગોઠવવાનું કામ કરતા હતા. કુટુંબના બધા સભ્યોમા ખાસ કરીને વિધવા માતામાં એક અનેરો આનંદ હતો. આમ લોકોની વધતી જતી આંકાક્ષાની અનેક ઉદાહરણો જોવા મળ્યા હતા.

બીજા પ્રકારના અભિગમમા પ્રગતિ કરવાની ઈચ્છાની ઝંખના નહોતી. પ્રગતિ કરવી છે એવા કુટુંબોની સંખ્યા પણ ખૂબ ઓછી હતી. તેઓ પ્રગતિ કરવા ઈચ્છતા હોવાથી મહેનત કરી આવક મેળવે છે. પરંતુ આ પ્રક્રિયા સતત ચાલુ રાખવા તરફ ઉડાઉવલણ રાખે છે. શામપુરા અને દેલાડગામના હીરા-ઘસુ કામ કરતા યુવાનો આ કામ ધ્વારા સારી આવક મેળવે છે. પરંતુ તેઓ મોઘા કપડાં પહેરે છે, રેડીયો, ટેપરેકોર્ડર જેવાં સાધનો વસાવે છે, ખૂબ નાની ઉંમરમા લગ્ન ગોઠવે છે, સામાજિક પ્રસંગોમા ખર્ચ કરવામા આવે છે. આમ તેમની આવકનો ઘણો મોટો આવા પ્રસંગોમા વપરાઈ જાય છે. તેઓ ધંટીમાલિક પાસેથી અગ્રિમ પૈસા લે છે. આમ દેવાદાર બને છે. આવુ જ પશુપાલન, મચ્છીમારી વ્યવસાયમાં પણ બને છે.

છેવટે ત્રીજા પ્રકારમાં નકારાત્મક અભિગમ ધરાવતા કુટુંબોનો સમાવેશ થાય છે. આ કુટુંબો પોતાના જીવનધોરણ સુધારવા પ્રયત્ન કરતા નથી. તેઓ જે પરિસ્થિતિમાં છે તેનાથી સંતુષ્ટ છે. હળપતિને ખેડુતો અને જમીનદારોને ત્યા

મજૂરી કે વેઠ કરવા સર્જાયાં છે. એવી પરંપરાગત માન્યતાના મૂળ એટલા તો ઉંડા ઉતરેલા છે કે આ પ્રકારના કુટુંબો માટે તો કઈ યોજના રજુ કરવી એ નક્કી કરવાનું પણ મુશ્કેલ છે. આ પ્રકારના કુટુંબો માટેની તાતી જરુરિયાત તો તેમની જડ કરી ગયેલી માન્યતામાંથી બહાર લાવવવાની છે. વળી આ કુટુંબો એટલા તો શોષિત છે કે તેમને તેમનામાં કઈ કઈ કૌશલ્યતાઓ છે અને આવી કૌશલ્યતાઓ કેવી રીતે વિકસાવી શકાય એ અંગે સાવ અજ્ઞાત છે. તેઓ જમીનદારને ત્યાં દૂધાળા પશુની સારવાર રાખી શકે છે. પરંતુ પોતાને ત્યાં આવુ પશુ પોષી શકતા નથી. એટલે પશુની સંભાળ રાખવાની કૌશલ્યતા છે અથવા વધુ વિકસાવી શકાય પરંતુ આત્મવિશ્વાસનો અભાવ, આવું સ્વતંત્ર કામ કરવા પ્રત્યે ઉપેક્ષા, વ્યવહારૂ દ્રષ્ટિનો અભાવ જેવા કારણોને લઈને સ્વતંત્ર અને જવાબદાર એવું કોઈપણ કામ કરવા આગળ આવવા તૈયાર નથી એવું ખૂબજ સ્પષ્ટ લાગે છે.

કોઠા નં: ૫:૨

પસંદ કરાયેલા કુટુંબોની જરુરિયાતોની વિગતો

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | નવા પ્લોટ | | નવું મકાન | | મકાન સમારકામ | | જમીન સુધારણા | | અન્ય જરુરિયાત: કયારી | | શાકભાજી | | ફળવૃક્ષ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના |
| ૧. | વેલંજા | ગામીત | ૫ | ૧ | ૪ | – | ૫ | – | ૫ | – | ૫ | – | ૫ | – | ૫ | – | ૫ |
| | | વસાવા | ૩ | ૧ | ૨ | – | ૩ | – | ૩ | – | ૩ | – | ૩ | – | ૩ | – | ૩ |
| | – | હળપતિ | ૧૨ | – | ૧૨ | – | ૧૨ | – | ૧૨ | – | ૧૨ | – | ૧૨ | – | ૧૨ | – | ૧૨ |
| | | કુલ | ૨૦ | ૨ | ૧૮ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ | – | ૨૦ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | – | ૧૫ | – | ૧૫ | – | ૧૫ | – | ૧૫ | – | ૧૫ | – | ૧૫ | – | ૧૫ |
| | | કુલ | ૧૦૦ | ૨ | ૯૩ | – | ૯૫ | – | ૯૫ | – | ૯૫ | – | ૯૫ | – | ૯૫ | – | ૯૫ |

કોઠા નં. ૫: ૨ (ચાલુ)

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | ઘાસચારો હા | ઘાસચારો ના | પશુ હા | પશુ ના | ભેંસ | ગાય | બળદ | બકરી | મરઘા અન્ય |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧. | વેલંજા | ગામીન | ૫ | - | ૫ | ૧ | ૪ | - | ૧ | - | - | - |
| | | વસાવા | ૩ | - | ૩ | ૧ | ૨ | - | - | - | ૧ | - |
| | | હળપતિ | ૧૨ | - | ૧૨ | ૨ | ૧૦ | ૧ | - | - | ૧ | - |
| | | કુલ | ૨૦ | - | ૨૦ | ૪ | ૧૬ | ૧ | ૧ | - | ૨ | - |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | - | ૨૦ | - | ૨૦ | - | - | - | - | - |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | - | ૨૦ | ૫ | ૧૫ | ૨ | ૨ | - | ૧ | - |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | - | ૨૦ | - | ૨૦ | - | - | - | - | - |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | - | ૧૫ | ૫ | ૧૦ | ૨ | ૧ | - | ૨ | - |
| | | કુલ | ૧૦૦ | - | ૯૫ | ૧૪ | ૮૧ | ૫ | ૪ | - | ૫ | - |

## કોઠા નં. ૫:૨ (ચાલુ)

| ક્રમ | ગામ | જાતિ | કુટુંબ સંખ્યા | શાકભાજી ની લારી | મત્સ્યઉદ્યોગ પશુપાલન | સુથારી કામ | જરીકામ | અન્ય | નવા ધંધાની જરુરિયાત તાલીમ | નાણાં | સાધનો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેલ્જા | ગામીત | ૫ | – | – | – | – | – | – | ૧ | ૧ |
| | | વસાવા | ૩ | ૧ | ૧ | – | – | – | – | ૨ | ૧ |
| | | હળપતિ | ૧૨ | ૧ | ૪ | ૨ | – | – | ૧ | ૬ | ૫ |
| | | કુલ | ૨૦ | ૩ | ૫ | ૨ | – | – | ૧ | ૯ | ૭ |
| ૨. | દેલાડ | હળપતિ | ૨૦ | ૧ | ૩ | ૧ | – | ૧ | ૪ | ૬ | ૫ |
| ૩. | શામપુર | હળપતિ | ૨૦ | ૬ | ૧ | – | – | ૪ | – | ૧૨ | ૧૦ |
| ૪. | મોરથાણા | હળપતિ | ૨૦ | ૬ | ૨ | ૨ | – | ૨ | – | ૯ | ૫ |
| ૫. | ડુંગરા | હળપતિ | ૨૦ | ૨ | ૨ | – | ૬ | – | – | ૯ | ૧૦ |
| | | કુલ | ૧૦૦ | ૧૮ | ૧૩ | ૫ | ૬ | ૭ | ૫ | ૪૫ | ૩૭ |

કુટુંબોની જરુરિયાતો :

લઘુ વિસ્તારના આયોજન અભ્યાસ માટે પસંદ કરાયેલા કુટુંબોની જરુરિયાતોની માહિતી મેળવવાના પ્રયત્ન કર્યો હતો. હળપતિ કુટુંબોએ માહિતીપત્રકની માહિતી આપવામાં હિચકાટ અનુભવ્યો નહોતો પરંતુ ધંધા વિષાયક અને અન્ય જરુરિયાતો સંબંધિ પૂરતો પ્રતિભાવ આપ્યો નહોતો. આ માટેના કારણોમાં એક મહત્વનું કારણ એ હતું કે પત્રકમાં દર્શાવતી જરુરિયાતો જમીન ધરાવનાર કુટુંબને લાગુ પડે તેવી છે. તેમજ આવી યોજનાઓ પ્રત્યે તેમને ખૂબ જલદી વિશ્વાસ બેસતો નથી. તેમ છતાં જે કુટુંબોએ પોતાની જરુરિયાતો દર્શાવી હતી તેની વિગતો નીચે પ્રમાણે છે. દૂધાળા પશુની જરુરિયાત ૧૪ કુટુંબોએ જણાવી હતી તેમાં પ-પ ભેંસ અને બકરાં તેમજ ચાર ગાયનો સમાવેશ થાય છે. હળપતિ યુવાનો શાકભાજી કે અન્ય વસ્તુઓ લારીમાં ભરીને વેચી શકી આવક મેળવી શકે છે. શાકભાજીની લારી મેળવવા માટે ૧૮ કુટુંબોએ માંગણી કરી હતી. મત્સ્યદ્યોગ કરવા માટે જરુરી સાધનો અને સાયકલ માટે ૧૩ કુટુંબોએ માંગણી કરી હતી. સુથારીકામ કરવા જરુરી સાધનો પૂરા પાડવા માટે પ કુટુંબોએ માગણી કરી હતી. ડુંગરા ગામમાં જરીકામના વ્યવસાય માટે ૬ કુટુંબોએ તાલીમ, સાધનોની માગણી કરી હતી. આ સિવાયના ધંધા માટે પણ ૭ કુટુંબોએ માંગણી કરી હતી. નવા ધંધા માટેની જરુરિયાતો જણાવવામાં આવી હતી. તેમાં વેલંજા ગામના ૨ અને દેલાડ ગામના ૪ કુટુંબોએ ધંધાની તાલીમની જરુરિયાત દર્શાવી હતી. ૪પ કુટુંબોએ નવા ધંધા માટે નાણાંકીય સહાયની જરુરિયાત દર્શાવી હતી. તેમાં સૌથી વધુ ૧૨ કુટુંબો શામપુરા ગામના હતા. છેવટે ધંધા માટેના સાધનો પુરા પાડવા ૩૭ કુટુંબોએ માંગણી કરી હતી તેમાં સૌથી વધુ ૧૦-૧૦ કુટુંબો શામપુરા અને ડુંગરા ગામોના હતા.

પ:૧:૩.

આયોજનનો મહત્વનો સિધ્ધાંત છે કે તેને અમલીકરણ માટે સક્ષમ બની શકે તે માટે વિસ્તારમાં મળી શકે એવી તમામ માનવીય અને ભૌતિક શક્તિઓનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. માનવીય સંપતિમાં જુદા જુદા પરંપરાગત અને નવીન વ્યવસાયો કરનાર વ્યક્તિઓની કૌશલ્યતા, દ્રષ્ટિ, સૂઝ, અનુભવ, ઉત્સાહ, પ્રગતિની ભાવના સહિત અન્ય હતાશાત્મક યા રચનાત્મક પાસાંઓનો સમાવેશ થાય છે. જ્યારે ભૌતિક શક્તિમાં પ્રથમ તમામ પ્રકારની અને ઉપયોથી બની શકાય તેવી માળખાકીય સગવડો, નજીકના ભવિષ્યમાં

ઉભી થનાર માળખાકીય સગવડો અને નજીકના ભૂતકાળમાં અસ્તિત્વ ધરાવતી માળખાકીય સગવડોનો સમાવેશ થાય છે. માળખાકીય સગવડોમાં પાણી, વિજળી, પાકા માર્ગ, બજાર વ્યવસ્થા, સંદેશાવ્યવહાર, વાહન-વ્યવહાર, શિક્ષણ, આરોગ્ય વગેરે જેવી સગવડોનો સમાવેશ થાય છે. જયારે અન્ય સંપતિમાં મોટે ભાગે કાચોમાલ, ખાણ અને ખનીજ, સાધન સરંજામ, તાંત્રિક સેવા વગેરે ગણાવી શકાય. ઉભી થનારી સગવડોમાં ઔદ્યોગિક વસાહતો સ્થાપવી, બજાર સ્થાપવું, વિજળી મથક, પાણી પુરવઠા યોજના બનાવવી વગેરે.જયારે નજીકના ભૂતકાળની સગવડોમાં પહેલાની સગવડો, બિનઉપયોગી બનેલા કૂવા, તળાવ, માર્ગ, વિજળી વગેરે ગણાવી શકાય.

કામરેજ લઘુ વિસ્તારમાં માળખાકીય સગવડો સ્તર દિનપ્રતિદિન વધતી રહી છે. એટલી પ્રગતિની આશા બંધાય છે. પરંતુ બીજી મહત્વની વાત બંધ પડેલી સગવડો ઉપયોગી બનાવવાની વાત કરે છે. આ સંદર્ભમાં કામરેજ લઘુ વિસ્તારમાં કામગીરી કરવાની જરુર છે. આ અંગેના કેટલાક મુદ્દાઓ ક્ષેત્રકાર્ય દરમિયાન ધ્યાનમાં આવી શકયા હતા તેની વિગત નીચે મુજબ છે. (૧) વેલંજા ગામ સહિત અન્ય ગામમાં તળાવો જે બિન ઉપયોગી બનવાને કારણે તેમા મત્સ્યદ્યોગ થઈ શકે તે ચાલતો નથી. વેલંજા ગામના માહિતીદાતાઓએ ખૂબજ સ્પષ્ટ રીતે જણાવ્યુ હતુ કે વેલંજાગામ અને અન્ય જે જે ગામોમાં કુવા, તળાવ, હવડ બની ગયા હોય તે શરુ કરવા જોઈએ. તળાવમાં મત્સ્યઉછેર કરી શકાશે. ઉપરાંત આવા તળાવો અને કુવાના પાણી-થી પડતર જમીનમાં ઘાસ, વૃક્ષો ઉછેરી શકશે તેમજ જો જમીન ખેતી ઉપયોગી હોય તો ખેતી માટે સિંચાઈની સગવડ મળશે જેમાંથી ખેતીનો વિકાસ થશે. ઘાસચારો ઉગાડવાને કારણે પશુ માટે લીલો ઘાસચારો પણ મળી રહેશે છેવટે વૃક્ષો ઉછેરતાં તેના અનેક ફાયદા મળી રહેશે. વળી સ્વચ્છ તળાવના પાણીનો ઉપયોગ ઘરવપરાશ માટે થઈ શકશે અને કુવાનું પાણી પીવા યોગ્ય બનાવાય તો પીવાના પાણીની સગવડ મળી રહેશે. આમ બિનઉપયોગી બનેલા તળાવો/કુવાઓનું સમારકામ કરી ઉપયોગી બનાવવાથી અનેક ફાયદા મળી રહેશે.

કામરેજ લઘુ વિસ્તારમાં સાત ખેતમજૂર સહકારી મંડળીઓ ચાલે છે પરંતુ ક્ષેત્રકાર્ય સમયે ભાગ્યેજ કોઈ મંડળી સંતોષકારક રીતે કહી શકાય એવી સ્થિતિમાં હતી. આ માટે અનેક કારણો જવાબદાર હતા તેમાનું મહત્વનું

કારણ જમીનની નીચી ગુણવત્તા હતી. શામપુરા ગામની મંડળીને જે જમીન આપવામાં આવી હતી તેમાં બેન્ક ધિરાણ મેળવીને સિંચાઈની સગવડ ઉભી કરી ખેતી કરવા પ્રયત્ન થાય છે તેમાં ઠીક ઠીક પ્રગતિ હાસલ કરાઈ છે. તો ખેતમજૂર સહકારી મંડળીઓને અપાયેલ જમીન ઉપરાંત જે હળપતિઓને પાસે થોડી પણ જમીન હોય તો તેને ફળદ્રુપ બનાવવા માટે પગલાં લેવાનું ખાસ સૂચવીએ છે જેથી ખેતીમાં તેમની કૌશલ્યતાનો વધુ વિકાસ થઈ શકે.

<u>૫:૧:૫:</u>

વિકાસના આયોજનમાં પાયાની સગવડોની પૂર્તિ કરવી એ ખૂબ મહત્વનો સિધ્ધાંત રહેલો છે. જ્યાં સુધી તેમને પીવાનું પૂરતું પાણી, રહેવા માટે હવાઉજાસવાળુ અને મોકળાશવાળું ઘર, બાળકો માટે પ્રાથમિક શિક્ષણની સગવડ ઉપરાંત હળપતિ બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે વધુ કરી છૂટવાની જરુરિયાત, આરોગ્ય કુટુંબ નિયોજન અને તબીબી સેવા મળી શકે વગેરે જેવી પાયાની સગવડો પૂરી પાડવામાં આવે તો જ તેમની જીવનધારામાં, વિચારધારામાં પ્રકાશપૂંજ મુકી શકાય.આવી સગવડો તેમનામાં એક પ્રકારનો ઉત્સાહ પેદા કરશે જે ધ્વારા આગળ જવાની પ્રેરણા મેળવશે એવી અપેક્ષા છે.

કામરેજ લઘુ વિસ્તારના ગામોમાં ૨૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ મફત ઘરથાળ પ્લોટ અને રહેઠાણ બાંધવા સહાય આપવાની યોજના ઉત્સાહજનક રીતે વધી રહી હોવાથી દરેક ગામોમાં નાની-મોટી નવીન વસાહતો આકાર લઈ રહી છે. આ વસાહતોમાં પીવાના પાણીની તેમજ વિજળીની સગવડ હોતી નથી અથવા તો અપૂરતા પ્રમાણમાં હોય છે. માર્ગો પણ કાચા,ખાડા-ટેકરાવાળા હોવાથી ચોમાસામાં ભારે વરસાદના સમયે ગામ સાથેનો વ્યવહાર તુટી જાય છે.તેથી સારા માર્ગો, પૂરતા પ્રમાણમાં દુકાનો સહિત બીજી સગવડો પણ ઉભી કરવી જોઈએ. ગામથી દૂર બંધાયેલી વસાહતના બાળકોમાં શાળામાં જવાની અનિયમિતાનું પ્રમાણ વધુ હોય છે. ખાસ કરીને ચોમાસામાં ગામ સાથે જે વ્યવહાર તુટી જવાને કારણે. આમ પાયાની સગવડો વધારવાની જરુરીયાત સંતોષાવી જોઈએ તો જ કુટુંબો સંતોષકારક રીતે વસવાટ કરશે. ૨૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ ગામથી દૂર બંધાયેલી તમામ સ્થળની વસાહતોમાં એવી પરિસ્થિતિ ઉભી થઈ છે કે કુટુંબો ત્યાં રહેવા જતા નથી, માત્ર કુટુંબનો કબજો મેળવે છે. જો પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવે તો જ આ પરિસ્થિતિમાં પલટો આવી શકે તેમ છે.

..૧૩૨..

ખાસ કરીને ગામથી દૂર ઉભી થયેલી વસાહતોમાં જો પૂરતા બાળકો મળી શકે તેમ હોય તો ઓછામાં ઓછા ધો.૧-૨-૩ સુધીના વર્ગો વસાહતમાં અથવા નજીકમાં ચાલી શકે તે માટે વિચારવું જોઈએ.આ વર્ગો માટે શિક્ષક, ઓરડો વગેરેની સગવડ પણ આપવી જોઈએ. આમ કરવાથી નાના બાળકો ખાસ કરીને કન્યાઓને શિક્ષણ મેળવવામાં સુવિધા રહેશે અને તદ્દન નિરક્ષરતાનું પ્રમાણ ઘણે અંશે સુધારી શકાશે.

<u>૫:૧:૭:</u>

લઘુ વિસ્તારની સાતમી પંચવર્ષીય યોજનાના આયોજનમાં હળપતિઓમાં તદ્દન નિચેના સ્તરે રહેલા હળપતિને મદદ પહોંચાડવાનો છે. કલ્યાણ અને વિકાસ યોજનાનો લાભ અગ્રિમતાના ધોરણે આવા કુટુંબોને મળવો જોઈએ.

કામરેજ તાલુકા પંચાયત દ્વારા તાંત્રિક વ્યવસાયોના તાલીમ વર્ગો કામરેજ તાલુકા પંચાયત કચેરીના સ્થળે યોજવામાં આવ્યા હતા. આથી આ તાલીમ વર્ગોમાં માત્ર કામરેજ ચાર રસ્તાની આસપાસના કે નજીકમાં ગામોના યુવાનોએ લાભ લીધો હતો. જયારે ટીંબા, શામપુરા જેવા ઉંડાણના વિસ્તારમાં વસતા હળપતિ યુવાનો આવા તાલીમ વર્ગોનો લાભ લઈ શકયા નહોતા. તાલીમ વર્ગના સ્થળે પહોંચવા નિયમિત બસસેવાનો અભાવ ઉપરાંત ભાડાનો ખર્ચ તેમને મળતી વૃત્તિકા કરતા પણ વધી જવાને કારણે સૌથી ગરીબ કુટુંબોના ઇચ્છુક યુવાનો આવા તાલીમ વર્ગોમાં જઈ શકયા નહોતા. તો આવા તાલીમ વર્ગો વિસ્તારના મહત્વના ગામમાં યોજવા. જેથી દૂરના ગામના યુવાનો પણ આવી શકે. ~~જો કે આ માટે અનેક [illegible] ઉભી થશે પરંતુ તેનો પણ ઉકેલ લાવી શકાય.~~

ઉંડાણના અને થોડી જંગલ સંપત્તિ ધરાવતા ગામોમાં બીડીવાળવાની અને પતરાળા-પડીયા બનાવવાની તાલીમ અને ઉત્પાદન કેન્દ્ર શરુ કરવું જોઈએ તો જ છેલ્લામાં છેલ્લી વ્યક્તિ સુધી યોજના લઈ જવાનો હેતુ સિધ્ધ કરી શકાશે.

<u>૫:૧:૮:</u>

હળપતિના વિકાસમાં હળપતિઓ, સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ ફાળો આપી શકે છે. ઉપરાંત વિસ્તારના બિનઆદિવાસીઓ જેઓ જમીન, વ્યાપાર ધંધા, સહકારી મંડળીઓ સહિત અન્ય સંસાધનો ઉપર પોતાનો અંકુશ જમાવ્યો છે જેને કારણે હળપતિઓને શોષાવુ પડે છે. તેમના વિકાસમાં અડચણો

આવતા વિકાસ રુધાય છે. આ પરિસ્થિતિ એટલી તો વ્યાપક અને ઉંડી ઉતરેલી છે કે તેને નિર્મૂળ કરી દેવાનું તો શક્ય જ નથી.પરંતુ આ પરિસ્થિતિમાં થોડો તો ફેરફાર કરી શકાય. આ સંસાધનો અને સંસ્થાઓ સાથે સંકળાયેલા લોકોએ તેમની વિચારધારામાં અને કામગીરીમાં પલટો લાવવો જોઈએ અને જરુર પડે તો સરકારના જુદા જુદા ખાતાઓના નિરિક્ષકો કાયદાનો અમલ કરવા કડક પગલાં ભરે તોજ થોડો ફેર પડે. વધુ પરિણામલક્ષી પરિબળ વિસ્તારના રાજકીય-સામાજિક હળપતિ આગેવાનોની જાગૃતિ અને ન્યાય અપાવવા કાયેદેસર કાર્યવાહી કરવાની છે. છેવટે હળપતિઓ પોતેજ પોતાના જ સ્વાયત થવાની ઝંખના નહિ જગાડે અને તે માટે વધુ સખત પરિશ્રમ કરવા તૈયાર નહિ થાય ત્યાં સુધી શોષણનું વિષચક્ર તોડી શકાશે નહિ.

ખેડૂતના ઘેર તેના પશુની સારવાર કાળજીથી કરતા હળપતિઓ તેમને મળેલી ભેંસનું જતન કરે કે મત્સ્યઉછેર કરવા આપેલી તાલીમનો ઉપયોગ કરે. શિક્ષિત આદિવાસી યુવાનો ખેતમજૂરી કે અન્ય મજૂરી તરફથી પોતાની દ્રષ્ટિ હટાવી અન્ય ધંધો શીખીને કામ કરશે, રાજકીય અને સામાજિક હળપતિ અને બિનહળપતિ આગેવાનો જરુરિયાતમંદ યુવાનોને માર્ગદર્શન અને સહાય પહોંચાડવા જરુરી મદદ કરી શકે.એવી શોષણ વિરોધી નાની-મોટી પ્રવૃતિઓ કરવામાં આવે તોજ શોષણના વિષચક્રનું પ્રભુત્વ ઘટાડી શકાશે.

૫:૧:૯ – ૫:૧:૧૦ :

કોઈપણ વિસ્તારના આયોજનમાં જયાં સુધી લાભાર્થી જૂથ સામેલ નહિ થાય ત્યાં સુધી આયોજન સફળ થઈ શકવાનું નથી. આયોજનની સફળતાની માત્રાનો આધાર લાભાર્થી જૂથના ભાગીદારીના પ્રમાણમાં હશે. હળપતિઓ આ આયોજનમાં દુર્લક્ષ્ય બતાવે અને કોઈ સહકાર ન આપે તો આયોજન કયારેય સફળ થઈ શકે નહિ. તેથી આયોજન સમયે અને અમલીકરણના સમગ્ર સમય ગાળા દરમિયાન સક્રિય ભાગીદારી ન નોંધાવે ત્યાં સુધી સિધ્ધિ હાંસલ કરવાનું શકય નથી.

આયોજન સફળ બનાવવા માટે ખરેખર તો તેઓ પોતે જ આયોજન તૈયાર કરે એ જરુરી છે. પરંતુ આ એક અવાસ્તવિક ખ્યાલ છે. તેથી ઓછામાં ઓછું આયોજન ઘડતી વખતે હળપતિ આગેવાનો, શિક્ષિતો, ઘંધાદારીઓ

બિન-આદિવાસી આગેવાનો વગેરે જૂથો આયોજકને પૂરતી અને સચોટ માહિતી પૂરી પાડે એ પાયાની વાત છે. યોજનાના અમલીકરણ દરમિયાન તેઓ અમલીકરણ અધિકારીઓ અને સંસ્થાઓને સહકાર આપે.ખાસ કરીને તો નિરક્ષર, ગરીબ હળપતિ જે ઉંડાણના ગામમાં વસે છે, તેની પાસે માર્ગદર્શન અને માહિતીનો અભાવ છે. તેવા હળપતિ કુટુંબો અને અમલીકરણ સંસ્થા અધિકારીઓ વચ્ચે રચનાત્મક રીતે કડીરુપ બની શકે એવા તમામ ક્ષેત્રના આગેવાનો ખૂબ ઉપયોગી ફાળો આપી શકે તેમ છે. હળપતિ સેવાસંઘ, ખેત વિકાસ પરિષદ જેવી સંસ્થાઓ આ વિસ્તારમાં આવેલી આશ્રમશાળાઓ વગેરે ધ્વારા યોજનાઓનું સંકલિત માર્ગદર્શન આપવાની ખૂબજ પાયાની ફરજ બજાવી ઉમદા ફાળો આપી શકે. અન્ય આદિવાસીઓની સરખામણીમાં હળપતિઓમાં જાતિપંચ ખૂબ મજબૂત હોય એવું જોવા મળ્યુ નથી. પરંતુ જો આ સંસ્થા સક્રિય હોય તો અમલીકરણમાં ખૂબ ઉપયોગી ફાળો આપી શકે. આ સિવાય જે જે વ્યક્તિઓ/સંસ્થાઓ ફાળો આપી શકે તેમની શક્તિઅને સહકારનો આયોજકો અને અમલીકરણ અધિકારીઓ/સંસ્થાઓ ઉઠાવે તો જ આયોજન સફળ થયેલું ગણાય. પ્રસ્તુત આયોજન અભ્યાસમાટેના ક્ષેત્રકાર્ય દરમિયાન પસંદ કરાયેલા ગામો અને કુટુંબો ઉપરાંત અન્ય ગામોના સંપન્ન માહિતીદાતાઓનો સહકાર મેળવવામાં આવ્યા હતો. તેમના સૂચનો અને યોજનાઓ આયોજનમાં સમાવી છે. છેવટનો અહેવાલ તૈયાર કરતા પહેલા આ દિશામાં વધુ સૂચનો અને યોજનાઓની માહિતી મેળવવાનો પ્રયત્ન કરાશે જેથી આયોજન વધુ પરિણામલક્ષી બની શકે અને યોજનાના હેતુઓ સિધ્ધ કરવામાં મદદરુપ બની શકે.

<u>૫:૧:૧૨:</u>

છેવટે ગરીબીની રેખા નીચે જીવતા કુટુંબોના પણ કુટુંબોને યોજનાના સમયગાળા દરમિયાન બહાર લાવવાના પાયાના હેતુને સિધ્ધ કરવા અથવા તો આ દિશામાં થોડી પણ કામગીરી કરવા માટે આયોજનની યોજનાઓ ઘડનાર આયોજકે ધ્યાનમાં રાખવાનું મહત્વનું પાસું એ છે કે તમામ પ્રકારની યોજના આવા કુટુંબોને ગરીબીને રેખા ઉપર લાવવામાં મદદરૂપ બને તેવી જ હોવી જોઇએ. જો યોજના સંકલિત હોય તો જ આ શકય બને. ટૂંકાગાળાની મદદ આપે પરંતુ ગરીબીની રેખા ઉપર લાવવામાં કુટુંબને ઉપયોગી ન બની શકે એવી અસક્ષમ યોજનાને આ આયોજનમાં સ્થાન નથી. અલબત વાંચકને અથવા અમલીકરણ અધિકારીઓને સૂચવેલી યોજનાઓ અપૂરતી કે અસક્ષમ

લાગે એ સ્વભાવિક છે. પરંતુ આ યોજનાઓ હળપતિઓના અભિપ્રાયો, સૂચનો, માગણીઓ, તેમજ આયોજકે મેળવેલી માહિતી, નિરિક્ષણને આધારે ઘડાયેલી છે એ નિશંક છે.

હળપતિ કુટુંબોને ગરીબીની રેખા બહાર લાવવા માટે દૂધાળાં પશુ આપવાની યોજના સૂચવાઈ છે. અમલીકરણ અધિકારી/સંસ્થાને એમ લાગે કે આ કુટુંબો પાસે જમીન નથી જેથી ઘાસચારો લાવી શકે, ઘરમાં પૂરતી મોકળાશ નથી કે પશુને રાખી શકે. વગેરે પાસાંઓને ધ્યાનમાં લેતાં યોજના અવાસ્તવિક હોવાનું લાગે. પરંતુ આયોજકે આ યોજના સૂચવવા માટે હળપતિ કુટુંબોની પશુપાલનની કૌશલ્યતા, દ્રષ્ટિ અન્ય સ્થળેથી અથવા ઘરઆગણે ઘાસચારો ઉગાડવાની, ખેતમજૂરી કરતા ખેડૂતના ખેતરમાંથી ઘાસચારો મેળવવાની શકયતા, ડેરી ઉદ્યોગની સગવડ, સંકડાશવાળા ઘરોમાં પણ પશુ રાખવા પોતે અગવડ ભોગવવાની તૈયારી, અને છેવટે પશુ પ્રત્યે પ્રેમ જેવાં અનેક પાસાંઓ ધ્યાનમાં લઈને આ યોજના સૂચવાઈ છે. એ અમલીકરણ સંસ્થા/અધિકારી જાણે એ જરુરી છે. હળપતિઓને જરીકામના વ્યવસાયની તાલીમ, સહાય આપવાની યોજના માટે એવું લાગે કે હળપતિઓ કૌશલ્યતા માંગી લે તેવા આ નવા ધંધામાં સફળ નીવડી શકે નહિ. પરંતુ આયોજકે પોતે ક્ષેત્રકાર્યના ડુંગરા ગામમાં આ વ્યવસાય કરતાં કુટુંબોની મુલાકાત લીધી છે, તેમને કામ કરતા જોયા છે, તેમની સાથે ચર્ચા કરી છે, અને આ ધંધો આર્થિક રીતે પોષાણક્ષામ છે એવી ખાત્રી થતાં આ યોજના સૂચવી છે. આમ તમામ યોજનાઓ લાંબાગાળા સુધી લાભ આપે તેવી અને યોજનાનો મુખ્ય હેતુ સિધ્ધ કરતી છે.

<u>૫:૧:૧૩:</u>

આયોજનમાં સૂચવાયેલી યોજનાઓ ધ્વારા મદદ મેળવેલ કુટુંબો કાયમી અને ઉત્પાદક અસ્કયામતો મેળવી શકે તેનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. પશુપાલનનો વ્યવસાય કરવા ઈચ્છુક કુટુંબને પશુ આપવાથી કુટુંબમાં પશુની અસ્કયામત વધે છે. જે ઉત્પાદકીય પણ છે. વ્યવસાય માટે તાલીમ ઉપરાંત સાધનો પણ કુટુંબની કાયમી અને ઉત્પાદકીય અસ્કયામત બની શકે છે. સૂચવાયેલી તમામ યોજનાઓ કુટુંબ માટે નાની-મોટી અસ્કયામત ઊભી કરી શકે એ પાસાને ધ્યાનમાં રાખવામાં આવ્યુ છે.

આવી અસ્કયામત ઊભી કરવા માટે બે હેતુઓ ધ્યાનમાં રાખવામાં આવ્યા છે જેમાં, ઉત્પાદકીય અસ્કયામતને કારણે સંબંધિત કુટુંબ નિયમિત આવક મેળવી શકે છે અને પોતાની શક્તિ આવડત મુજબ પ્રગતિ કરી શકે છે, આથી આ આવકમાંથી અસ્કયામત માટે લીધેલ બેન્ક ધિરાણની રકમ ભરપાઈ કરવામાં સુગમતા રહે છે. બેન્કને ધિરાણની રકમ પાછી મળતાં આ રકમ બીજા લોકોને ધીરી શકાય અને આમ વિકાસનો ક્રમ અવિરત ચાલુ રહે.

__૫:૧:૧૬ – ૫:૧:૧૭ :__

છેવટે આયોજનને વધુ ને વધુ વાસ્તવિક બનાવવામાં તેમજ અમલીકરણમાં અનેક નાના મોટા અવધરોધો આવવાના છે. આવા અવરોધો નાણાંના હોઈ શકે, વહીવટી તંત્ર સંબંધિ હોઈ શકે, આદિવાસીઓના સહકાર અને ભાગીદારીને લગતા હોઈ શકે, તો આયોજન અને અમલીકરણ આડે આવતા અવરોધો સમજી તેને આવતા અટકાવવાના તેમજ ઉભા થતા અવરોધોને દૂર કરવા માટે સમગ્ર યોજનાનું સતત મૂલ્યાંકન કરવું ખૂબજ જરુરી છે. એ બનવા શક્ય છે કે આયોજનમાં બતાવેલી યોજના આજના સમયગાળામાં સક્ષમ હોય પરંતુ અમલીકરણના સમયે અપૂરતી સક્ષામ લાગે અથવા તો સૂચવાયેલી યોજના સિવાયની વધુ સક્ષામ અને હેતુલક્ષી યોજનાઓ ધ્યાનમાં આવે તો હાલપતિઓમાં ચાલતી પરિવર્તનની પ્રક્રિયાના પરિપ્રેક્ષ્યમાં યોજનાનું સતત મૂલ્યાંકન થાય એ માટેની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. મૂલ્યાંકનની જવાબદારી પણ સક્ષામ સંશોધન સંસ્થાને સોંપવી જોઈએ. આ કામગીરી આદિવાસી સંશોધન અને તાલીમકેન્દ્ર પૂરતી સક્ષામતાથી બજાવશે એમાં શંકા નથી.

## પ્રકરણ : ૬

### કામરેજ લઘુ વિસ્તારનું આયોજન :

આયોજન અભ્યાસના લગભગ છેવટના ભાગમાં લઘુ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ, સામાજિક-આર્થિક પરિસ્થિતિ, ધંધા-રોજગાર, હળપતિ કુટુંબોની આંકડાઓ અને જરુરિયાતો, અને છેવટે હળપતિઓના વિકાસલક્ષી આયોજન માટે જરુરી સિધ્ધાંતો અને હેતુઓની આધારે આયોજનની રુપરેખા આપવામાં પ્રયત્ન કર્યો છે. આ યોજનાઓ ક્ષેત્રકાર્ય દરમિયાનના નિરિક્ષણ, કુટુંબોના વડાઓ અને વિશિષ્ઠ વ્યક્તિઓ અને આગેવાનોના સૂચનોના આધારે સૂચવવામાં આવી છે. તેથી તેમાં સુધારા-વધારાને પૂરતો અવકાશ છે. સૂચવ્યા સિવાયની અનેકવિધ યોજનાઓ ઉમેરી શકાય. આટલી પૂર્વ-ભુમિકા બાંધ્યા બાદ યોજનાઓનું આયોજન આપવામાં આવ્યું છે. યોજનાઓ નીચે જણાવેલ પાસાઓનો સમાવેશ થાય છે.

(૧) હળપતિ કુટુંબોની પાયાની જરુરિયાતો પૂરી પાડવી

(૨) આર્થિક- વિકાસ માટે જુદા જુદા પરંપરાગત અને નવિન ધંધાઓ,

(૩) જુદા જુદા પરંપરાગત ધંધા અને નવિન ધંધાઓ માટે જરુરી કૌશલ્યતા વિકસાવવાની યોજનાઓ.

(૪) ધંધા રોજગાર શરુ કરવા - વિસ્તરણ કરવા માટે જરુરી ધિરાણ મેળવી આપવા.

(૫) ખેતી-વિકાસના કાર્યક્રમો સંબંધિ

(૬) સામાજિક- શૈક્ષણિક પાસાઓ સંબંધિ

(૭) સંસ્કૃતિ પાસાંઓ વગેરે

અહિ દર્શાવેલા પેટા વિભાગો એકબીજા સાથે ખૂબ નજીકથી સંકળાયેલા હોવાથી યોજનાઓ એક કરતાં બે પાસાંઓ એક સાથે સંકળાય એ શકય છે. તેથી પાસા કે પેટા-વિભાગવાર યોજનાઓ ન જોવા મળે એ પણ શકયતા રહેલી છે.

૧) પાયાની સગવડો સબંધિ યોજનાઓ.

૧:૧.

હેતુ : નવીન આદિવાસી વસાહતો અને ગામ વચ્ચે એપ્રોચ રોડ બનાવવા તેમજ ગામ/વસાહત તેમજ રાજયમાર્ગને સાંકળતા માર્ગો બનાવવા જે દ્વારા રાષ્ટ્રિય ધોરીમાર્ગ સાથે જોડાણ થઈ શકે.

...૧૩૮..

સાતમી પંચવર્ષિય યોજનાના સમયગાળામાં તમામ ગામોમાં એપ્રોચ રોડ અને રાજયમાર્ગ સાથેના એપ્રોચ રોડની કામ પુરૂ કરવું જરુરી છે. લઘુ વિસ્તારના ગામોની સંખ્યા ૪૩ છે.

એક વર્ષમાં ૧૦ ગામોમાં કામગીરી કરવી.

૧૯૮૫ ૧૦ પસંદ કરાયેલા મહત્વના ગામો

૧૯૮૬ ૧૦ ગામો

૧૯૮૭ ૧૦ ગામો

૧૯૮૮ ૧૦ ગામો

૧૯૮૯ ૩ ગામ સહિત જે ગામમાં કામ અધુરૂ હોય તે પુરૂં કરી દેવુ.

૧:૨. <u>પીવાનું પાણી</u> :

હેતુ : સાતમી પંચવર્ષિય યોજનામાં લઘુ વિસ્તારના તમામ ગામો અને દૂરની વસાહતોમા પીવાના પાણીની પૂરતી સગવડ ઉભી કરવી.

૧૯૮૫ ૧૦ મોટા ગામો

૧૯૮૬ ૧૦ ગામો

૧૯૮૭ ૧૦ ગામો

૧૯૮૮ ૧૦ ગામો

૧૯૮૯ ૧૦ ગામો સહિત અધુરી કામગીરી પૂરી કરવી.

૧:૩. <u>આવાસ-રહેઠાણ</u> :

હેતુ : લઘુ વિસ્તારના ગામોમાં હળપતિ કુટુંબોને આવાસ યોજનાનો લાભ આપવો. પંચવર્ષિય યોજના દરમિયાન ૨૫૦૦ રહેઠાણ પસંદગી તૈયાર કરવા.

૧૯૮૫ વર્ષ ૫૦૦ રહેઠાણ

૧૯૮૬ વર્ષ ૫૦૦ રહેઠાણ

૧૯૮૭ ૫૦૦ રહેઠાણ

૧૯૮૮ ૫૦૦ રહેઠાણ

૧૯૮૯ ૫૦૦ રહેઠાણ તેમજ બાકીનું કામ પુરુ કરવું.

કુલ: ૨૫૦૦ રહેઠાણ

સાતમી પંચવર્ષીય યોજનામાં બંધાનાર રહેઠાણોમાં મળી શકતી તમામ પાયાની સુવિધા આપવાનો પણ સમાવેશ થાય છે.

**વિજળી :**

હેતું : લઘુ વિસ્તારના તમામ ગામોમાં વિજળીની સગવડ હશે તો જે નવિન આદિવાસી ફળિયા અને વસાહતોમાં રસ્તા અને ઘરગથ્થુ ઉપયોગ માટે વિજળીની સગવડ કરવાની રહેશે. સાતમી પંચવર્ષીય યોજના દરમિયાન ૨૫૦ હળપતિ વિસ્તારો/ફળિયામાં વિજળીકરણનું કામ પુરૂ કરવાનો લક્ષ્યાંક રાખ્યા છે.

૧૯૮૫ ૫૦ ફળિયા/વસાહતો
૧૯૮૬ ૫૦ ફળિયા/વસાહતો
૧૯૮૭ ૫૦ ફળિયા/વસાહતો
૧૯૮૮ ૫૦ ફળિયા/વસાહતો
૧૯૮૯ ૫૦ અધુરા કામ પુરા કરવા.

આ કાર્યક્રમ ગુજરાત વિદ્યુત બોર્ડના ગ્રામ વિદ્યુતકરણ યોજના હેઠળ કરવામાં આવશે. આદિજાતિ વિસ્તાર પેટા યોજના, માંડવી દ્વારા આદિવાસી કુટુંબોને મફત વિજળીકરણની યોજના હેઠળ સહાય આપવામાં આવશે. ઉડાણના ગામોને અગ્ર પસંદગી મળશે.

**આરોગ્ય સુધારણા અને તબીબી સગવડ :**

હેતુ : આરોગ્ય સુધારણાના કાર્યક્રમ હેઠળ રહેઠાણ, ફળિયા/વિસ્તારમાં આરોગ્યપ્રદ વાતાવરણ જળવાઈ રહે એ માટે તમામ અટકાયતના અને સારવારના પગલાં ભરવામાં આવશે. ~~તમામ~~ ૨૫ [illegible] ગામોમાં નિર્ધુમ ચુલા, શોષખાડા, બાબલા ટાઈપ સંડાશ, ચોકડી નાવણિયું, ઉજાશીયું વગેરે ઉપરાંત શક્ય હશે ત્યાં સામુહિક ગોબરગેસ પ્લાન્ટ તૈયાર કરવામાં આવશે. આ યોજનાનો અમલ તાલુકા પંચાયતની ગ્રામસુધારણા કાર્યક્રમ હેઠળ કરવામાં આવશે. આ યોજનામાં કોલેજ/યુનીવર્સીટીમાં ચાલતી રાષ્ટ્રિય સેવા યોજનાની શીબીર ગોઠવીને કામગરી ગોઠવવી જોઈએ. આ યોજના માટે પૂરતો નાણાકીય પ્રબંધ ન થઈ શકે તો ન્યુકલીઅસ બજેટમાંથી પણ રકમ ફાળવવી જોઈએ. આરોગ્ય સુધારણાના કાર્યક્રમમાં સ્થાનિક સામગ્રીનો ઉપયોગ કરી પશુ રાખવા સારી છાપરી બનાવી શકાય તો તેને પણ સમાવવી.

| | | |
|---|---|---|
| ૧૯૮૫ | ૫ | ગામ |
| ૧૯૮૬ | ૫ | ગામ |
| ૧૯૮૭ | ૫ | ગામ |
| ૧૯૮૮ | ૫ | ગામ |
| ૧૯૮૯ | ૫ | ગામ |

યોજનાના અંતભાગમાં પસંદ કરાયેલા તમામ ગામોમાં કામગીરી પૂરી કરી દેવી જોઈએ.

સંદેશાવ્યવહાર :

હળપતિઓમાં સામાન્ય શિક્ષણ પ્રતિ રુચિ વધે,તેમની જાણકારી-માં વધારો થાય એ માટે ગ્રામીણ માહિતી પ્રસારણ યોજના હેઠળ ગ્રામ-પંચાયતોને રેડિયો/ટી.વી. આપવામાં આવે છે. તો આ યોજના લઘુ વિસ્તારના ઓછામાં ઓછા ૫૦% ગામના હળપતિ વિસ્તાર માટે અલગ ઊભી કરવી ખાસ કરીને જે ગામની વસાહત ગામથી ઘણે દૂર છે તેવા વિસ્તારો પસંદ કરવા જોઈએ.

| | | |
|---|---|---|
| ૧૯૮૫ | ૫ | પસંદગીના ગામો |
| ૧૯૮૬ | ૫ | પસંદગીના ગામો |
| ૧૯૮૭ | ૫ | પસંદગીના ગામો |
| ૧૯૮૮ | ૫ | પસંદગીના ગામો |
| ૧૯૮૯ | ૫ | પસંદગીના ગામ |

વાહનવ્યવહાર :

ઊંડાણના વિસ્તારમાં બસની સગવડ હોય તો આ સગવડનો લાભ હળપતિઓને મળે તે જરુરી છે. સાતમી પંચવર્ષિય યોજનામાં તમામ ગામોમાં આ સગવડ મળે એ જરુરી છે જો કે હાલમા મોટી સંખ્યાના ગામો બસ સેવાથી સાંકળી લેવાયા છે તો બાકીના ગામો સાંકળી લેવાય તે માટે જાહેર બાંધકામ ખાતુ અને ગુજરાત રાજય માર્ગવાહન વ્યવહાર નિગમ મળીને આ હેતુ સિધ્ધ કરે.

ટપાલસેવા :

ખાસ કરીને ઊંડાણના વિસ્તારમાં ટપાલ સેવાનું માળખું ખૂબજ અપૂરતું હોવાથી લોકોને નિયમિત ટપાલ મળતી નથી તેમજ લોકોને પત્ર, ટીકીટો પણ મળતી નથી.

આ સેવા મળી રહે એ માટે એવું સૂચન કરવામાં આવે છે કે ગામના શિક્ષિત હળપતિ જે બેકાર હોય તેને પોસ્ટની ટિકીટો, કવર, પત્ર વગેરે વેચવાની પરવાનગી આપવી જોઈએ તેમજ આદિજાતિ વિસ્તાર પેટા યોજના દ્વારા આ યુવાનને સાયકલ આપવામાં આવે તેમજ વર્ષે ૫૦ રુ. રકમ સમારકામ માટે આપવામાં આવે છે. આ ભાઈ દરરોજ બ્રાન્ચ/પોષ્ટ ઓફિસેથી ટપાલ લાવશે અને ગામોની પોષ્ટ લાવશે. આ યોજના પોષ્ટ એન્ડ ટેલીગ્રામ વિભાગ દ્વારા ચાલુ છે પરંતુ એક ગ્રામ્ય ટપાલી પાસે ૪-૫ ગામો હોવાથી તેને ઘણી મુશ્કેલી પડે છે.

આર્થિક વિકાસ વિષાયક યોજના પરંપરાગત ધંધા :

ખેતી વિકાસ :

હળપતિઓને ખેતી કામનો બહોળો અનુભવ અને કૌશલ્યતાઓ છે તેનો ઉપયોગ થાય અને વધુ ને વધુ હળપતિઓ ખેડૂત બને તે માટે આ યોજના સૂચવવામાં આવે છે. ગામની પડતર જમીનને નવસાધ્ય કરીને ખેતી લાયક બનાવી હળપતિઓને આપવી જોઈએ. આ ઉપરાંત જમીન ટોચમર્યાદા હેઠળ ફાજલ પડેલી જમીન પણ આવા હળપતિઓને આપવી જોઈએ. ગામના ખેતમજૂરો સહકારી મંડળી બનાવે તો તેમને જમીન આપવામાં પ્રથમ પસંદગી આપવી જોઈએ તેમજ જરુરી સાધનો, ખાતર, બિયારણ, દવા વગેરે પણ આપવા જોઈએ. વળી જો જમીન ખેતી લાયક ન હોય તો તેમાં વૃક્ષો ઉછેરવાની શક્યતા તપાસી જવી જોઈએ. જેથી બળતણની સમસ્યામાં પણ થોડો ઘટાડો થશે.

લઘુવિસ્તારના ગામોમાં જ્યાં નહેરની સગવડ છે તેની આસપાસની જમીન તદ્દન બિનઉપયોગી પડી રહી છે. તેમાં થોડુ ઘાસ ઊગે છે તે પશુ ચારણ કરી જાય છે. તો યોજના સૂચવવામાં આવે છે કે નહેરની આજુ-બાજુની ભાગમાં જરુરી સંરક્ષણની સગવડ કરીને વૈજ્ઞાનિક ધોરણે ઘાસ ઉછેર કરવો જોઈએ. આ સિવાય પશુઓ ખાઈ શકે એવા પાનવાળા વૃક્ષો દા.ત. લીમડો ભેંસો ખાય છે. તેને ઉગાડવા જોઈએ. આને કારણે આ વિસ્તારમાં ઘાસચારાની તંગી ગંભીર સમસ્યા છે તે હળવી બનશે વળી દિન પ્રતિદિન પશુઓની સંખ્યામાં વધારો થતાં આ સમસ્યા વધુ ગંભીર બનવાની

તમામ શકયતાઓ રહેલી જ છે. અને પશુઓ ભેલાણ કરી જવાના પ્રસંગોને કારણે આ ગામોમાં અંદર અંદર ભારે ઝગડાઓ થતા હોય છે. અને તંગદીલી ફેલાય છે. ટીંબા ગામનો બનાવ જાણમાં પણ ~~ઘાસચારાની તંગીનો~~ પ્રશ્ન ઘણો સૂચક છે.

સાતમી પંચવર્ષિય યોજનાના સમયગાળામાં નહેરની આસપાસની જમીનજે સરકારી માલીકીની હોય તેમાં ઘાસ અથવા પશુ ખાઈ શકે તેના વૃક્ષો ઉગાડવા માટે પશુ ધરાવનારને અમુક જમીન સિંચાઈ ખાતા તરફથી ફાળવી આપવી જોઈએ અને તેમની પાસેથી ભાડા પેટે નિયત રકમ યા ઘાસ લઈ શકાય. આ યોજનામાં ઓછામાં ઓછા ૧૦૦ કુટુંબોને લાભ આપી શકાય.

| | |
|---|---|
| ૧૯૮૫ | ૨૦ કુટુંબો |
| ૧૯૮૬ | ૨૦ કુટુંબો |
| ૧૯૮૭ | ૨૦ કુટુંબો |
| ૧૯૮૮ | ૨૦ કુટુંબો |
| ૧૯૮૯ | ૨૦ કુટુંબો |

આ યોજના નહેર ધરાવતા ગામો પૂરતી મર્યાદિત રહેશે. આ સિવાય ગામના તળાવની આસપાસ જમીન મળી શકે તો તેનો ઉપયોગ પણ કરી શકાય.

<u>પશુપાલન</u> :

હળપતિઓનો સૌથી મહત્વનો પરંપરાગત ધંધો ખેતમજૂરી અથવા જમીનદારોની જમીનમાં ખેતમજૂર તરીકે રહી ખેતી કરવી એ છે. ચાલુ ખેતમજૂરી અને ખેતી બન્ને પરંપરાગત ધંધાઓ છે. આ ઉપરાંત તેમને પશુપાલનના વ્યવસાયનો બહોળો અનુભવ અને કૌશલ્યતા હોવાથી પશુપાલનને પણ તેમના પરંપરાગત વ્યવસાય તરીકે સ્વીકાર્યો છે. કારણ કે પુરુષો ખેડૂતો/જમીનદારોને ત્યાં ખેતી કરે છે તો તેમની સ્ત્રીઓ ઘરે પશુપાલન અને ઘરકામ કરે છે. પશુપાલનના વ્યવસાયમાં તેમનો અનુભવ અને કૌશલ્યતાનું પ્રતિબિંબ હાલમાં પશુપાલન કરતાં કુટુંબોમાં પ્રતિબિંબિત થાય છે.

પશુપાલન માટે દૂધાળાં પશુમાં ભેંસ, ગાય અને બકરાં લાભાર્થીની જરુરિયાતને ધ્યાનમાં રાખીને આપવા જોઈએ. ઘાસની ભારે તંગીવાળા વિસ્તારો માટે ગાય અને બકરાં આપવાનું ઘણું વ્યાજબી છે.

સાતમી પંચવર્ષિય યોજના દરમિયાન લઘુ વિસ્તારના ગામોમાં ૨૫૦૦ કુટુંબોને પશુપાલનની યોજનામાં આવરી લેવાશે. આ યોજના હવે ગામમાં કંઈ કામગીરી થઈ નથી અથવા ઉંડાણના વિસ્તારમાં છે ત્યાંના વધુ ગરીબ કુટુંબોને આપવામાં અગ્રતા આપવામાં આવશે.

નવિન વ્યવસાયો :

નવિન વ્યવસાયોમાં મુખ્યત્વે તાંત્રિક વ્યવસાયો અને અન્ય વ્યવસાયોનો સમાવેશ થાય છે. તાંત્રિક વ્યવસાયેમાં મોટર વાહન ચલાવવા અને સમારકામ- મરામત કરવાની, વાયરમેનની તાલીમ, હીરા ઘસુ, જરીકામ, મોટર રીવાઈન્ડીંગ, પ્લમ્બીંગ, કડીયાકામ, સુથારી કામ, દરજીકામ, લુહારીકામ વગેરે ગણાવી શકાય. આ વ્યવસાયોનું ક્ષેત્ર દિનપ્રતિદિન વિસ્તરતું જાય છે તેથી વધુમાં વધુ યુવાનો પસંદ કરી તેમને સંકલિત તાલીમ આપી શકાય.

## પ્રકરણ : ૭

### સૂચનો

કામરેજ લઘુ વિસ્તાર આયોજન અભ્યાસના અંત ભાગમાં સમગ્ર અભ્યાસના તારણરુપ સૂચનો આપવાનું મુનસિબ માન્યું છે. આયોજન અને સૂચનોના પ્રકરણમાં એક બીજામા ઘણી સમાનતા છે. સૂચનોના મુદ્દાઓ આયોજનમાં આવે જ છે પરંતુ સૂચનો આપવાનો હેતુ એ છે કે આ સ્થળે સૂચનો વિસ્તારપૂર્વક અને સ્પષ્ટ રીતે બતાવવામા આવ્યા છે.

સૂચનો પ્રકરણમાં મોટાભાગે શિક્ષણ, વ્યવસાય જેવા પાસાંઓ ઉપર વધુ ભાર મુકવામાં આવ્યો છે. આ સિવાય અન્ય સૂચનો પણ આપવામાં આવ્યા છે. સમગ્ર અભ્યાસમાં આપેલા મુદ્દાઓ અને ખાસ કરીને સૂચનો ટૂંકાગાળાના ક્ષેત્રકાર્ય, જુદા જુદા સ્તરના અધિકારીગણ, સામાજિક કાર્યકરો, ધારાસભ્ય, માજીધારાસભ્યો, શિક્ષકો, તેમજ આદિવાસી અને બિન-આદિવાસી આગેવાનો સાથેની ચર્ચા દરમિયાન ઉદ્‌ભવેલા સૂચનો તેમજ નિરિક્ષણના આધારે પ્રાપ્ત થયેલા મુદ્દાઓનો સમાવેશ કર્યો હોવાથી અભ્યાસની મર્યાદા છે. સાતમી પંચવર્ષિય યોજનાને અનુરૂપ અભ્યાસમાં બતાવ્યા સિવાયના અનેક સૂચનો અને યોજનાઓ વિસ્તારી શકાય. જો આવી યોજનાઓ વાસ્તવિક હળપતિ કુટુંબોને અનુરુપ અને આર્થિક રીતે પોષાણક્ષમ હોય તો જ આ કુટુંબોને ગરીબાઇની રેખાથી ઉપર લાવી શકાય.

અભ્યાસમાં આપવામાં આવેલા સૂચનો નીચે પ્રમાણે છે.

**શિક્ષણ વિષાયક સૂચનો :**

ગુજરાતી આદિવાસી જાતિઓમાં વસતિની દ્રષ્ટિએ ભીલ પછીનું બીજુ સ્થાન ધરાવનાર હળપતિ જાતિ, શૈક્ષણિક રીતે ખૂબજ પાછળ છે. આ હળપતિઓ સપાટ પ્રદેશમાં તેમજ શૈક્ષણિક રીતે પ્રગતિશીલ એવા બીન-આદિવાસી સમાજ મધ્યે વસતા હોવાછતાં પણ તેઓ શિક્ષણમાં, જંગલો અને ઉંડાણના વિસ્તારોની આદિવાસી વસતિની સરખામણીમાં પણ પાછળ કેમ રહી ગયા છે એ આશ્ચર્ય ઉપજાવે એવી બાબત છે. બિનઆદિવાસીઓના ખેતરોમાં અને ઘરે જુદાં જુદાં કામ કરીને ઘણી કૌશલ્યતાઓ પ્રાપ્ત કરી છે અને દ્રષ્ટિ પણ કેળવી શકયા છે. તેથી તો આજે તેઓ પશુપાલનનો વ્યવાસય વખાણવા યોગ્ય રીતે કરી રહયા છે. હીરાઘસુ જેવા વ્યવસાય પણ અપનાવતા થયા છે. એક માત્ર શિક્ષણ જ એવું ક્ષેત્ર છે જ્યાં તેઓ બિન-આદિવાસી સમાજનું અનુકરણ કરતા નથી. આ દિશામાં માત્ર પસંદ કરાયેલા કુટુંબોમાં જ નહિ

પરંતુ વિસ્તારના આગેવાનો, શિક્ષકો, શિક્ષિત હળપતિઓ, વગેરે સાથે જુદા જુદા સ્તરે ચર્ચા કરી હતી. આ ચર્ચાના તારણરૂપ કેટલાય સૂચનો તારવી શકાયા છે. આવા સૂચનો મુલાકાતદાતાઓએ કર્યા હતા તે રજુ કર્યા છે.

પ્રાથમિક શિક્ષણ :

હળપતિ બાળકોમાં પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ ચિંતા ઉપજાવે એટલી હદે નીચુ રહ્યુ છે. ૬ થી ૧૪ વયના ફરજીયાત શિક્ષણ મેળવવા પાત્ર બાળકોની મોટી સંખ્યા કાંતો શાળામાં દાખલ કરાઈ નથી અથવા તો નામ નોંધાવ્યા બાદ શાળામાં આવ્યા જ નથી, આવ્યા છે તો ક્યારે અટકી જશે એ કહી શકાતું નથી. આ એક વિશાળ સમસ્યા હોવાથી આ સૂચનો ઘણે અંશે મર્યાદિત હોઈ શકે.

(૧) પ્રાથમિક શાળાનું સ્તર સુધારવા માટે સૌ પ્રથમ તૈયારીરૂપે પૂર્વપ્રાથમિક શિક્ષણ આપતી આંગણવાડીઓ વધુને વધુ સંખ્યામાં શરૂ કરવી જોઈએ. આ આંગણવાળીઓ બાળકોમાં શાળા પ્રત્યેની બીક સહિત અનેક ખોટા ખ્યાલો દૂર કરવામાં જ નહિ પરંતુ શાળા પ્રત્યે આકર્ષણ જન્માવે તે રીતે બાળકોને તૈયાર કરવામાં ઘણી સફળ નીવડશે. આવી આંગણવાડીઓ હળપતિઓના કલ્યાણ અને વિકાસ માટે કામ કરતી અને અનુભવી સ્વૈચ્છિક સંસ્થાને ચલાવવા અપાય એ ઈચ્છનીય છે. અલબત આંગણવાળીઓ આવી સંસ્થાઓને આપવામાં કેટલીક મર્યાદાઓ અને મુશ્કેલીઓ ઉભી થવાની શક્યતાઓ તો રહેવાની જ છે. તેમ છતાં આ પ્રયોગ ચાલુ રાખવો યોગ્ય રહેશે.

(૨) જે બાળકો શાળામાં દાખલ થાય છે તેમને ટકાવી રાખવાની જવાબદારી પણ એટલીજ કઠિન છે. ખાસ કરીને એક-બે ધોરણને બાદ કરતા ઉપરના તમામ ધોરણોમાં બાળકોની સંખ્યા ઠીક ઠીક પ્રમાણમાં ઘટતી જાય છે. તો એવું સૂચન કરવામાં આવે છે કે પ્રાથમિક શાળાઓમાં નીચલા વર્ગોમાં એવા શિક્ષકો નિમવા જોઈએ જેઓ આ દિવાસીઓ પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા સિવાય વર્તતા હોય અને તેમના કલ્યાણ અને પ્રગતિમાં રસ ધરાવતા હોય. આવા શિક્ષકો પોતાની કૌશલ્યતા દ્વારા બાળકોની હાજરી સ્થિર રાખવા ઉપરાંત બાળકોના વાલીઓનો પણ સહકાર મેળવી શિક્ષણનું સ્તર સુધારવા પ્રયત્ન કરશે.

શિક્ષક,વાલીઓની અને બાળકોની શાળા પ્રત્યેની ખોટી માન્યતા અને પૂર્વગ્રહોની માહિતી મેળવીને આવા ખ્યાલો દૂર કરવાના સભાન પ્રયત્ન કરશે,જેમાં ગ્રામ પંચાયતના સભ્યો અને આગેવાનોનો પણ સહકાર મળશે. હળપતિ બાળકોમાં શિક્ષણ પ્રત્યેના ખ્યાલો દૂર કરી રુચિ જગાવવાના સભાન પ્રયત્નો કરવામાં આવશે તો બાળકોને આગળના શિક્ષણ માટે પ્રેરણા મળી રહેશે એ નિશંક બાબત છે. આમ વાલી શિક્ષકનો સહયોગ સાધવો ખૂબ મહત્વનું સૂચન છે.

(૩) તાજેતરમાં શરૂ કરાયેલી મધ્યાહન ભોજન યોજના આ દિશામાં કેટલે અંશે ઉપયોગી બની શકે? તેમજ આ યોજનાનું માળખું કેવી રીતે ગોઠવવું જોઇએ કેજેથી બાળકોનો રસ,માત્ર પીરસાનારા ભોજન ઉપરાંત શિક્ષણ પ્રત્યે વધે? ક્ષેત્રકાર્ય દરમિયાન આ પાસાં અંગે જુદી જુદી વ્યક્તિઓ સાથે ચર્ચા કરી હતી. મધ્યાહન ભોજન યોજના અંગે કેટલાક કાલ્પનિક ખ્યાલો હોવા છતાં આ વિસ્તારના તમામ સ્થળોએ આ યોજનાને આવકાર મળ્યો હતો. ખાસ કરીને જે શાળામાં શિક્ષકો આ યોજના પ્રત્યે રચનાત્મક અભિગમ અપનાવીને કામ કરતા હતા ત્યાં શાળામાં બાળકોના સમય બગાડનો કે બાળકોનો માત્ર ખાવામાં રસ છે એવી પરિસ્થિતિ નિવારી શકાઇ હતી. અલબત જે ગામમાં શિક્ષકો નકારાત્મક અભિગમ રાખી યોજનાનો અધકચરો અમલ કરતા હશે અથવા ગામનો સહકાર મળતો નહિ હોય ત્યાં આવા પ્રશ્નો શક્ય છે.જ. મોરથાણા ગામની ગ્રાહક સહકારી મંડળીના મંત્રીશ્રીને શાળાને રેશનનું અનાજ પહોંચાડવામાં નડતી મુશ્કેલીઓનું વર્ણન કર્યું હતું. તેમાં રેશન લેવા ચેક કરતાં વધુવાર ધક્કા ખાવા પડે, તેમજ અપાયેલું અનાજ સારું ન હોય તો શાળાના આચાર્ય સ્વીકારવાની ના પાડે . આમ મંડળીને ઘણી મુશ્કેલીઓ નડતી હતી.તો આ માટે જરૂરી વહીવટી પગલાં લઇને આ યોજના શિક્ષણનો વ્યાપ વધારવાનો હેતુ સિધ્ધ કરી શકે એ રીતે જરૂરી ફેરફાર કરવા જોઇએ.

(૩) આદિજાતિ જૂથના બાળકોને હાજરીના પ્રમાણમાં અનાજ આપવામાં આવે છે. હળપતિ જાતિ પણ શૈક્ષણિક દ્રષ્ટિએ આદિમજાતિ જેવી હોવાથી શાળામાં જતા હળપતિ બાળકોને ઠરાવેલ ધોરણે અનાજ વગેરે આપવું જોઇએ એવું સૂચન છે.

(૪) કામરેજ લઘુ વિસ્તારમા અનેક શૈક્ષણિક મંડળો દ્વારા માધ્યમિક શાળાઓ ચલાવવામાં આવે છે. આ માધ્યમિક શાળાઓ મોટાભાગે ધો.૫ થી શરુ થાય છે.જેથી આસપાસના ગામોની પ્રાથમિક શાળાઓમાં ધો. ૫-૬-૭ ના વર્ગો બંધ કરવામાં આવે છે. મંડળો દ્વારા ચાલતી માધ્યમિક શાળાઓ હળપતિઓ અને બિનઆદિવાસી બાળકોનું શૈક્ષણિક સ્તર સુધારવામા કિંમતી ફાળો આપે છે. તે સાથે સાથે પ્રાથમિક શાળામા વર્ગો બંધ થવાને કારણે જે બાળકો માત્ર ગામની પ્રાથમિક શાળામાંજ ભણી શકે અને ખાનગી શાળામા જવા અશક્તિમાન છે એવા બાળકોને આની માઠી અસર પહોંચે છે. ખાસ કરીને ભણી શકે તેવી કન્યાઓ અને કુમારો ધો.૫ બાદ આગળ ભણવાનું માંડીવાળે છે. તેનું આ એક મહત્વનું કારણ છે. તો આ અંગે એવું સુચવવામાં આવે છે કે પ્રાથમિક શાળાઓમાં આ વર્ગોમાં થોડીપણ સંખ્યા મળી રહે તો આ વર્ગો ચલાવવા જ જોઈએ. જો શકય હોય તો આવા વર્ગો બંધ કરવાનું વલણ ટાળવું જોઈએ.

(૫) સુરત જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં આદિવાસીઓમાં શિક્ષણનો વ્યાપ વધારવામાં આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓએ ખૂબજ કિંમતી ફાળો આપ્યો છે, તે હકીકત છે. પરંતુ કામરેજ વિસ્તારની બે ઉત્તરબુનિયાદી આશ્રમશાળાઓ અને એક આશ્રમશાળામાં મેળવેલી આંકડા જોતાં તેમજ શિક્ષિત હળપતિઓ સાથે ચર્ચા કરતા એવું સ્પષ્ટ જણાય છે કે હળપતિ વિસ્તારની આશ્રમશાળાઓનો લાભ હળપતિ બાળકો ન લેતા નિઝર જેવા દૂરના વિસ્તારના આદિવાસી વિદ્યાર્થીઓ દાખલ થાય છે. આ એક કડવી હકીકત છે.એટલે આશ્રમશાળા કે ઉત્તરબુનિયાદી આશ્રમશાળાની સંખ્યા વધારવાનું આ સ્થળે સુચન કરવાનું ઘણીજ કઠિન છે. અલબત થોડાં વર્ષોબાદ હળપતિ બાળકોમાં થોડુ પણ શિક્ષણ વધશે ત્યારે શિક્ષણની ભૂખ ઉઘડશે. આ સમયે આશ્રમશાળા ખૂબ જરુરી રહેશે એમાં શંકા નથી. હાલમાં આશ્રમશાળાને બદલે છાત્રાલયને પ્રયોગ શરુ કરવાનુ સુચવવામાં આવે છે.

(૬) હળપતિ બાળકોને પાટી, પુસ્તકો, નોટબુકો, ગણવેશ વગેરે સહિત અન્ય શૈક્ષણિક સાધનો વર્ષની શરુઆતમાંજ પૂરતી રીતે પૂરા પાડવા જોઈએ.

માધ્યમિક શિક્ષણ :

હળપતિઓમાં કોઈક કોઈક કુટુંબના બાળકો માધ્યમિક શાળામાં જાય છે. મોટાભાગે આ શાળાઓનું વાતાવરણ ગામની પ્રાથમિક શાળા કરતા ભિન્ન હોવાથી દાખલ થનાર બધા બાળકો આ વાતાવરણમાં અનુકુળ થઈ શકતાં નથી. આ માટે અનેક કારણો જવાબદાર હોઈ શકે હળપતિઓમાં માધ્યમિક શિક્ષણનો વ્યાપ વધારવા કેટલાક સૂચનો આ પ્રમાણે છે.

(૧) દરેક માધ્યમિકશાળા એક નાના છાત્રાલયનું સંચાલન કરે જ્યાં ગરીબ, આ બાળકો રહી શકે, જમીન શકે, અને શાળામાં ભણી શકે. વળી ઉત્સાહી આચાર્યો કે અન્ય શિક્ષકો, શાળાના સમય ઉપરાંતના સમયમાં આ બાળકો પ્રત્યે અંગત ધ્યાન આપીતેમના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક પ્રશ્નો ઉકેલવામાં મદદરૂપ બની શકે તો આ ઘણું ઉપયોગી બની રહેશે.

(૨) માધ્યમિક શાળાઓમાં ભણતા બાળકોનો રસ જાળવી રાખી તેઓ શિક્ષણ પુરુ કરે તે માટે સંગઠિત અને સતત પ્રયત્નો કરવાની જરૂર રહે છે. દા.ત. થોડા દિવસ શાળામાં ગેરહાજર રહેનાર વિદ્યાર્થીઓ શિક્ષક ધ્વારા તપાસ કરાવી યોગ્ય પગલાં લેવાં જોઈએ. શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોની સહાનુભૂતિ ભરી લાગણી ઘણી ફળદાયી બની રહેશે.

(૩) માધ્યમિક શિક્ષણ મેળવતા બાળકોનો રસ જળવાઈ રહે તે માટે તેમને જુદા જુદા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક પ્રોત્સાહનો આપવા જોઈએ.

આવાં સૂચનો ઉચ્ચ શિક્ષણ મેળવનાર હળપતિ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે કરવામાં આવે છે.

આ સિવાય એક મહત્વનું સૂચન કરવામાં આવે છે કે માધ્યમિક શાળા, પ્રાથમિક અધ્યાપન મંદિર, સહિત અન્ય તાલીમી સંસ્થાઓમાં દાખલ થવા આવનાર વિદ્યાર્થીઓ અન્ય વિદ્યાર્થીઓની સરખામણીમાં થોડા ઓછા ટકાને કારણે રહી ન જાય તે જોવાની ખાસ જરૂર છે. મોરથાણા ગામમાં એક કુટુંબમાં એક બહેને સ્નાતક સુધીનું શિક્ષણ મેળવી શિક્ષણ મહાવિદ્યાલયમાં

જવા અરજી કરી હતી. પરંતુ કમનશીબે આદિવાસીઓના હિતોનું જતન કરતી આ સંસ્થામાં વિદ્યાર્થીનીના વાલીની વગ હોવા છતાં પણ આ વિદ્યાર્થીનીને પ્રવેશ ન મળતા તેનામાં ખુબજ નિરાશા આવી હતી. તો આવી પરિસ્થિતિમાં આ દિવાસી બાળકોમાં પણ હળપતિ બાળકોને પ્રોત્સાહન મળે તે જોવું જોઈએ.

તાંત્રિક શિક્ષણ :

કામરેજ લઘુ વિસ્તારમાં ટુંકાગાળાના તાંત્રિક વ્યવસાયની તાલીમ સિવાય સંપૂર્ણરીતે સજ્જ અને નિયમિત તાલીમ આપે એવી સક્ષામ સંસ્થા નથી. તેથી આ વિસ્તારમાં તાંત્રીક શિક્ષણનો વ્યાપ જોવા મળતો નથી.

એવું સૂચવવામાં આવે છે કે કામરેજ લઘુ વિસ્તારમાં સક્ષામ તાંત્રિક તાલીમ આપતી સંસ્થા સાતમી પંચવર્ષિય યોજના દરમિયાન શરુ કરવી જ જોઈએ જેમાં ટુંકાગાળાના અને લાંબાગાળાની અભ્યાસક્રમો ચલાવવા જોઈએ. જેથી કરીને તાલુકાપંચાયત ધ્વારા ચલાવાતા ટુંકાગાળાના અભ્યાસક્રમો જે તાલીમાર્થીને સજ્જ કરવામાં ઉણા ઉતરે છે તે પરિસ્થિતિ નિવારી શકાય આ વિગત અન્ય સ્થળ ચર્ચાઈ છે.

શાળામાં ભણતા બાળકોને છાત્રવૃતિ અને શૈક્ષાણિક સાધનોનો લાભ આપવા બાબત સૂચનો

(૧) પ્રાથમિક શાળામાં, માધ્યમિક શાળામાં ભણતા હળપતિ બાળકોને છાત્રવૃતિ આપવામાં આવે છે. આ સંદર્ભમાં લોકોમાં વ્યાપકપણે કુશંકાનું વાતાવરણ જોવા મળતું હતું. બાળકોને છાત્રવૃતિ ચૂકવવાનો ચોકકસ સમય હોતો નથી. ઘણીવાર તો વર્ષના અંત સુધી પણ છાત્રવૃતિની રકમ ચૂકવવામાં આવતી નથી. એવું સૂચન કરવામાં આવે છે કે વિદ્યાર્થીઓને સત્રદીઠ છાત્રવૃતિની રકમ જે તે સત્રમાં જ મળી જવીજોઈએ. જેથી નાણાકીય ગેરરીતિ અટકાવી શકાય સાથે સાથે લાભાર્થીઓ પણ નાણાનો ઉપયોગ કરી શકે.

(૨) પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને સ્લેટ, પુસ્તકો, નોટબુક વગેરે જેવાં શૈક્ષાણિક સાધનો આપવામાં આવે છે. છાત્રવૃતિની જેમ આ સાધનો આપવામાં પણ ચોકકસ સમયગાળો હોતો નથી તેથી ઘણી શાળાઓમાં સત્રના અંત સુધીમાં પણ આવાં સાધનો મળી રહેતા નથી.

તો બાળકોને આ સાધનો શાળા શરૂ થયાના પ્રથમ પખવાડીયામાં જ મળી જાય એવી ગોઠવણ કરવી જોઈએ.

(૩) માધ્યમિક શાળામાં ભણતા બાળકો માટે પાઠયપુસ્તકો અને એસ.એસ.સી., ઉચ્ચતર માધ્યમિક જેવી પરિક્ષાઓ માટે જુદા જુદા મેગેઝીનો મળી શકે તે માટે દરેક માધ્યમિક શાળામાં એક બુક બેન્ક બનાવવી જોઈએ. આ માટે જે તે શાળાને નિયત ગ્રાન્ટ આપવામાં આવે અને આ બેન્કનું સંચાલન શાળા ધ્વારા કરવામાં આવે તો આ પુસ્તકો, મેગેઝીન વગેરેનો લાભ દલપતિ બાળકોને મળી રહે. આ યોજનાનો લાભ અનુસૂચિત જાતિ અને જનજાતિના બાળકોને અગ્રતાના ધોરણે મળી રહે એવી સ્પષ્ટ સૂચના શાળાઓને આપવી જોઈએ.

(૪) બાળકોના ગણવેશ બાબત

પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને એક વર્ષમાં બે જોડ ગણવેશ આપવામાં આવે છે. ક્ષેત્રકાર્ય દરમિયાન ગણવેશ બાબતમાં એવું સૂચન મળ્યું હતું કે ગણવેશની બે જોડ એક સાથે મળવી જોઈએ. સાથે સાથે એવી પણ રજુઆત કરવામાં આવી હતી કે બાળકોના કપડાં કાંતો ખૂબજ નાની અથવા ખૂબજ મોટી સાઈઝમાં હોવાથી બંધબેસતાં આવતા નથી વળી સિલાઈ કાચી હોવાથી વારંવાર ઉકલી જાય છે.

અને પ્રાયોગિક ધોરણે એવું સૂચવવામાં આવે છે કે શાળાના બાળકોની સંખ્યા મુજબ જરુરી કાપડ શાળાના આચાર્યશ્રીને આપવું જોઈએ તેમજ આચાર્ય ગામના દરજીકામ કરનાર પાસે શાળાના બાળકોના ગણવેશ, માપ મુજબ સીવડાવવાની ગોઠવણ કરે. દરજીને ઠરાવેલા ધોરણે સિલાઈની રકમ ચૂકવવામાં આવે. જો આવી વ્યવસ્થા ગોઠવી શકાય તો સૌ પ્રથમ બાળકોને બંધબેસતાં કપડાં મળી રહે ઉપરાંત ગ્રામ્ય કારીગર-દરજીને પણ સારી આવક મળી શકે. આમ આ યોજના ઘણી ઉપયોગી નીવડી શકે. કામરેજ લઘુ વિસ્તારમાં આ યોજના ઓછામાં ઓછા ૧૦ ગામોમાં માયોગિક ધોરણે શરુ કરવાનું સૂચવવામાં આવે છે જે ગામમાં શાળાના આચાર્યશ્રી ઉત્સાહી અને શિસ્તબધ્ધ હશે ત્યાં આ યોજના એક આદર્શ યોજના બની રહેશે. જરુરી હોય તો ગ્રામ પંચાયત પણ આ કામમાં સહકાર આપી શકે.

(૫) હવે તો માધ્યમિક શાળાઓમાં પણ ફરજીયાત ગણવેશ હોય છે. પરંતુ માધ્યમિક શાળામાં ભણતા હળપતિ બાળકોને ગણવેશ ખરીદવાનું મોંઘુ પડે છે. એવું સૂચવવામાં આવે છે કે માધ્યમિક શાળામાં ભણતા બાળકોને પણ નિયત કરેલા રંગ મુજબના ગણવેશની બે જોડ અથવા નિયત કાપડ આપવું જોઈએ. આ બાળકો માટે ટેરીકોટાદીનું કાપડ પસંદ કરી શકાય. આ યોજનાથી માધ્યમિકશાળામાં ભણતા બાળકો માટે આર્થિક ભાર થોડો હળવો થશે.

<u>વ્યવસાય વિષાયક સુચનો</u> :

કામરેજ લઘુ વિસ્તારના આયોજનમાં પાયાનો ઉદ્દેશ્ય એ છે કે સાતમી પંચવર્ષિય યોજનાના સમયગાળા દરમિયાન ગરીબીની રેખા નીચે જીવતા કુટુંબોના ૫૦% કુટુંબોને ગરીબાઈની રેખાથી ઉપર લાવવા માટે તેમની જરુરિયાતો પૂરી પાડવી, તેમજ તેમની આવકમાં નોંધપાત્ર વધારો થાય તે માટે તેમની અભિરુચી અને કૌશલ્યતા મુજબ જુદા જુદા વ્યવસાયોની તાલીમ આપવી, અને રોજગાર કરી શકે તે માટે જરુરી નાણાંકીય અને સાધન સહાય આપવી જોઈએ. વધુમાં વધુ લોકો માટે રોજીગારોની વધુ તકો પૂરી પાડવા માટે નવીન વ્યવસાયના ક્ષેત્રમાં પણ પ્રદાન આપવું જોઈએ. ક્યા ક્યા નવીન વ્યવસાયો દાખલ કરી શકાય જે આર્થિક રીતે પોષાણક્ષમ હોય અને હળપતિઓની કૌશલ્યતા અને અભિરુચીને અનુરુપ હોય. પરંપરાગત વ્યવસાયના ક્ષેત્રમાં પણ નવીનીકરણની શકયતાઓ શોધીને તેનો ઉપયોગ કેવી રીતે થઈ શકે તેની વિગતો આપવી. આ માટે કેવા પ્રકારનું માળખું ઊભું કરવું જોઈએ વગેરે પાયાઓને ધ્યાનમાં લઈને વ્યવસાય વિષાયક સૂચનો કરવામાં આવ્યા છે.

હળપતિઓના ખૂબમોટી સંખ્યામાં કુટુંબો હાલમાં પણ તેમના પરંપરાગત વ્યવસાયો સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલા હોવાથી આ વિસ્તારના આયોજનમાં પરંપરાગત વ્યવસાયોનું ખાસ મહત્વ છે.

<u>પરંપરાગત વ્યવસાયો</u> :

<u>ખેતી</u> :

(૧) હળપતિઓ ખેતમજૂર તરીકે કામે રહીને જમીનદારો અને ખેડૂતોની ખેતીમાં જુદી જુદી પ્રક્રિયા જેવી કે ખેડ, રોપણી, કાપણી, ડાંગર ઝૂડવી વગેરે સ્વતંત્ર રીતે કરી શકે છે. તેમનામાં ખેતી પ્રત્યે દ્રષ્ટિ છે. તો સાતમી પંચવર્ષિય યોજના દરમિયાન હળપતિ ખેતમજૂરોને

ખેતી વ્યવસાય સ્વતંત્ર રીતે કરી શકે તે માટે ગામની બિનઉપયોગી જમીનનું, જંગલ ખાતાની જમીન જંગલ ઉછેરવાની શરતે, તેમજ જમીન ટોચ મર્યાદા કાયદો અને અન્ય જમીન વિષાયક કાયદા દ્વારા પ્રાપ્ત થતી જમીન હળપતિ ભાઈઓને આપવી જોઈએ. આ માટે જમીનને લગતા જુદા જુદા કાયદાઓનો અમલ કડકપણે કરવો જોઈએ તો જ વધારાની જમીન પ્રાપ્ત થઈ શકે. અને આ જમીનનો કબજો સહકારી મંડળી/વ્યક્તિને ખરેખર સોંપાય છે કે કેમ? તેની મહેસુલ ખાતાએ ખાસ કાળજી રાખવી જોઈએ. જમીન ફાળવણીમાં ખેતમજૂર સહકારી મંડળીઓને પ્રથમ અગ્રતા આપવી જોઈએ.

(૨) સામાન્ય રીતે ફાજલ કરાયેલી જમીન ખેતી લાયક ન હોય. આ સંજોગોમાં આ જમીન નવસાધ્ય કરવી જોઈએ. રાષ્ટ્રિય ગ્રામ્ય રોજગાર કાર્યક્રમ, "બધા માટે અન્ન" વગેરે જેવા કાર્યક્રમો હેઠળ આ કાર્યક્રમ ઉપાડી શકાય. જે વિસ્તારમાં અનાવૃષ્ટિ કે અતિવૃષ્ટિ થઈ હોય ત્યાં આ કાર્યક્રમ અગ્રતાના ધોરણે ચાલુ કરવો જોઈએ.

(૩) આ જમીનમાં સિંચાઈની સગવડ ન હોય તો સિંચાઈની સગવડ ઉભી કરવી જોઈએ. કારણ જ્યાં સુધી સિંચાઈની પૂરતી સુવિધા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ખેતી આર્થિક રીતે પોષાણક્ષમ બનાવી શકાય નહી. એટલે સિંચાઈની સુવિધા કરવી જોઈએ.

(૪) હળપતિઓ ખેતીકામમાં તેમના માલીકના સાધનો વાપરે છે. આમ તેઓ સાધનોનો ઉપયોગ કરવાનું જાણે છે. પરંતુ સાધનો ધરાવતા નથી. તો જરુરિયાતમંદ વ્યક્તિઓ તેમજ જેમને જમીન ફાળવવામાં આવી છે એવી વ્યક્તિઓ/સહકારી મંડળીઓને ખેતીના સાધનો, બિયારણ, ખાતર, દવાના કીટ્સ વધુ પ્રમાણમાં અને નિયત કરેલ તમામ વસ્તુઓ સાથેના આપવા જોઈએ.

છેવટે આવી ઉભી થતી સહકારી મંડળીઓ તેમજ વ્યક્તિઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન મળે એ ખુબજ ઇચ્છનીય છે. જાતિના, ગામના, કાર્યકરો, અને છેવટે જુદા જુદા અધિકારીગણની હુંફ, પ્રોત્સાહન, અને માર્ગદર્શન નહીં હોય તો આ યોજના ક્યારેય સફળ બની શકશે નહિ એ નિઃશંક બાબત છે.

(૫) જે કુટુંબો પાસે ૧-૨ એકર કે તેથી વધુ સિંચાઈની સગવડવાળી જમીન હોય તો તેમને શેરડી ઉગાડવા પ્રોત્સાહિત કરવા જોઈએ. આવા ખેડૂતોને ખાંડની સહકારી મીલોના શેર આપી સભાસદ બનાવવા જોઈએ તેમજ રોપાણ મળે તો આ ખેડૂતો સફળતા પૂર્વક શેરડી ઉગાડી શકશે. ખાંડની સહકારી મીલો હળપતિઓને શેર આપે તે માટે જીલ્લા સબ રજીસ્ટ્રાર ખાસ ધ્યાન આપે તો આ દિશામાં ઉત્તમ કામગીરી થઈ શકે તેમ છે. માત્ર ખાંડ ઉદ્યોગમાં જ નહિ પરંતુ આ વિસ્તારની તમામ પ્રકારની સહકારી મંડળીઓમાં નિયત સંખ્યામાં અનુસૂચિત જાતિના અને અનુસૂચિત જનજાતિના સભાસદો છે કે નહી? તેની મોજણી કરવી જોઈએ અને મોજણીના આધારે જરૂરી પગલાં લેવા જોઈએ તો જ હળપતિઓ સહકારી મંડળીમાં ભાગીદાર બની શકશે.

<u>ખેતમજૂરી</u> :

આ વિસ્તારમાં ખેતમજૂરીની તકોમાં ઉત્તરોત્તર ઘટાડો થઈ રહયો છે તે વિસ્તારથી બતાવવામાં આવ્યું છે. વળી આ વિસ્તારમાં વધતા યાંત્રીકરણ અને રોકડીયા પાકની ખેતીના મજબુત વલણને કારણે હવે આ વિસ્તારમાં ખેતમજૂરીના ક્ષેત્રમાં તકો વધારની શકયતા જણાતી નથી. તેથી આવા જમીન વિહોણા ખેતમજૂરોને પશુપાલનમાં સાંકળવા માટે જે પ્રોત્સાહજન કામગીરી થઈ રહી છે એ દિશામાં આગળ વધવાનું ભારપૂર્વક સૂચવવામાં આવે છે.

ખેતમજૂરીમાં જુદા જુદા કામો હોય છે પરંતુ મજૂરીએ સરખા ધોરણે ચૂકવવામાં આવે છે. તો તેને બદલે કામના પ્રકારદીઠ મજૂરીના દર હોવા જોઈએ.

<u>પશુપાલન</u> :

કામરેજ લઘુ વિસ્તારના ગામોમાં પશુપાલનના વ્યવસાયની ઉજળી તકો રહેલી છે. લઘુ વિસ્તારની સાતમી પંચવર્ષિય યોજનામાં રોજગારીની તકો વધારવાનો હેતુ સિધ્ધ કરવામાં આ વ્યવસાય ઘણો ઉપયોગી ફાળો આપી શકે તેમ છે. એવું ક્ષેત્રકાર્યમાં મેળવેલા અનુભવને આધારે કહેવામાં વાંધો નથી. પશુપાલનના વ્યવસાયમાં હળપતિ કુટુંબોની અભિરુચી, કૌશલ્યતા, અનુભવ, ઉત્સાહ, અને દાણશને ધ્યાનમાં લેતા આ વ્યવસાયને વધુ સંકલિત કરવામાં આવે તેમ એવું ભારપૂર્વક સૂચવવામાં આવે છે. આ વ્યવસાય માટે

જે ઉપયોગી સૂચનો પ્રાપ્ત થાય છે તે નીચે મુજબ છે.

(૧) સુધારેલી ઓલાદના પશુ પૂરા પાડવા. પશુપાલનના વ્યવસાયમાં આરોગ્યપ્રદ અને સુધારેલી ઓલાદના પશુ હોવા જરૂરી છે તોજ દૂધનો ઉતાર સારો મેળવી શકાય. લાભાર્થીઓને સારી જાતના પશુ મળી રહે તે માટે હાલમાં પશુમેળા પધ્ધતિ ધ્વારા પશુ ખરીદવામાં આવે છે. દરેક તાલુકા સ્તરે પશુ ખરીદ સમિતિ નિમવામાં આવે છે, તેમાં તાલુકા વિકાસ અધિકારી, પશુ દાકતર, બેન્કના પ્રતિનિધિ સહિત અન્ય સભ્યો હોય છે. સમિતિ જાતે વેપારી પાસેથી પશુ ખરીદીને લાભાર્થીને આપે છે અથવા તો વધુ સારી જાતના પશુ મળી રહે તે માટે પશુ મેળા યોજવામાં આવે છે. પશુમેળા યોજવાની અપેક્ષા એવી છે કે લાભાર્થીને પસંદગી માટે વિશાળ વ્યાપ મળી રહે. પશુ મેળામાં લાભાર્થીએ પસંદ કરેલા પશુની આરોગ્યની તપાસ કરીને યોગ્ય જણાય તો લાભાર્થીને આપવામાં આવે છે. લાભાર્થીને પશુ પસંદ કરવામાં સુગમતા રહે છે. પરંતુ આવી આદર્શ યોજનાના અનુભવો ઘણા કડવા છે. અનેક વિસ્તારના ક્ષેત્રકાર્ય દરમિયાન આ યોજનામાં થતી ગેરરીતિઓ અને નાણાકીય ભ્રષ્ટાચારની વિગતો મળી હતી. પશુઓના વ્યાપારીઓ ખૂબજ થોડી સંખ્યામાં સારી કક્ષાના પશુ લાવે છે જે લાગવગ ધરાવતી વ્યકિત ગમાઉથી મેળવી લે છે. જયારે મેળામાં મોટાભાગે આસપાસના વિસ્તારના ખેડૂતોએ વેચવા કાઢેલા પશુ હોય છે. લાભાર્થી કુટુંબે આ પશુઓમાંથી પસંદ કરવાનો હોય છે. તેથી પ્રથમ તો હળપતિ કે અન્ય લાભાર્થીને સારી ઓલાદના પશુનો લાભ જ મળતો નથી સાથે સાથે સ્થાનિક પશુઓ પણ ઉંચા બજાર ભાવે વેચાવાને કારણે આવા પશુ લાભાર્થીને ઘણા મોંઘા પડે છે. વળી આવા પશુ ખરીદવાના થોડા દિવસમાંજ દૂધનો ઉતાર એકદમ ઘટાડી દે છે. આવાં પશુઓના મરણ થવાના કિસ્સા પણ વધતા જાય છે. આવાં પશુઓ ટૂંક સમયમાંજ માંદા પડી જતાં હોય છે. આમ આવાં પશુને કારણે લાભાર્થી કુટુંબને આર્થિક રીતે ખોટ સહન કરવી પડે છે. વળી આ પશુઓનો વીમો ઉતારવામાં પણ ઘણી ગેરરીતિઓ થતી હોવાના નકકર પુરાવા ક્ષેત્રકાર્ય દરમિયાન જાણવા મળ્યા હતા. એક સાથે ખરીદાયેલી ભેંસ હોય

તો તેમા અમુક ભેંસનો વીમો મંજૂર થાય છે તો અમુક ભેંસનો વિમો ઉતારતો નથી. પરિણામે આ ભેંસ મરણ પામે તો લાભાર્થી કુટુંબને વીમાની વળતરને લાભ મળતો નથી. આ માટે બે સૂચનો કરવામાં આવે છે.

(૧) પશુમેળાની યોજનામાં વાસ્તવિક ફેરફારો કરવા જોઇએ. તેમા પશુવેપારીઓ, દલાલો, અધિકારીગણ, પશુદાક્તર વગેરે ધ્વારા આચરવામાં આવતી ગેરરીતિઓ અટકાવી શકાય અને લાભાર્થી કુટુંબને સુધારેલી ઓલાદનું પશુ મળી શકે. હાલના ધોરણે ચાલતા પશુમેળા અનેક ગેરરીતિઓના સર્જક હોવાથી તેનું મૂલ્યાંકન કરવું જોઇએ જેથી પ્રમાણિક વ્યાપારીઓ અધિકારીઓ અને પશુદાકતર વગેરેની કારકિર્દીનો અસર ન થાય.

(૨) લાભાર્થી કુટુંબ પસંદ કરેલ પશુને દાકતર તપાસીને મંજૂરી આપવાની સાથે જ પશુનો ફરજિયાત વીમો ઉતારવો જોઇએ. આ વિધિ ખરીદી સાથે જ પૂરી કરવી જોઇએ. પરિણામે પશુદાકતર સામે થતા આક્ષેપો અટકે અને પશુ મરી જતાં લાભાર્થીને વિમાનું વળતર મળી શકે. હાલની વિમા પધ્ધતિ બદલવીજ જોઇએ. જરુર જણાયતો ખરીદી સમિતિમા વીમા યોજનાના પ્રતિનિધિનો સમાવેશ કરવો જોઇએ.

<u>પશુ માટે ધાસચારો અને પશુઆહાર :</u>

પશુપાલનના વિકાસ માટે સારી ઓલાદના પશુ બાદ બીજી જરુરીયાત પૂરતો ધાસચારો અને પશુઆહાર પૂરો પાડવાની છે. જો ધાસચારા અને પશુઆહાર માટે યોગ્ય પ્રયાસ કરવામાં ન આવે તો શકય છે કે આ વ્યવસાયનો વિકાસ અટકી પડે. હાલમા કામરેજ લધુ વિસ્તારના ધણા ગામોમાં પશુઓ ધ્વારા થતા પાકના ભેલાણને કારણે હળપતિઓ અને ગામના ખેડૂતો વચ્ચે ધર્ષણના બનાવો બને છે. અને ધણીવાર ખાનગી ગોળીબાર થવા સુધીની હિંસા થાય છે. તેથી આવાં ધર્ષણો અટકાવવા માટે તેમજ આ વ્યવસાયનો વિકાસ ચાલુ રાખવા માટે ધાસચારો મળી રહે એ માટેનું માળખું ઊભું કર્યા સિવાય ચાલે તેમ નથી. ધાસચારા અને પશુઆહાર સંબંધિ સૂચનો નીચે મુજબ છે.

(૧) નહેરની બન્ને બાજુની જમીનમાં, રહેઠાણ આસપાસની ખુલ્લી જમીનમાં, ગામની પડતર જમીનમાં, અને પાણી મળી શકે એવા ગમે તે સ્થળે વધુમાં વધુ ઘાસ ઉગાડવાની યોજના અમલમાં મુકવી જોઈએ. આ જમીનમાં ઝડપથી ઉગતી જાતનું ઘાસ ઉગાડવું જોઈએ. ઘાસ મોટાપાયે ઉછેરવા માટે સહકારી મંડળી સ્થાપીને અથવા તો વ્યકિતગત ધોરણે કરવું જોઈએ. આ માટે જરુરી સહાય આપવી જોઈએ.

(૨) કામરેજ લઘુવિસ્તારમાં ૧૫ ઘાસ કેન્દ્રો સ્થાપવા જોઈએ જયાં ઘાસ ખરીદવાની તેમજ જરુરિયાતમંદ લોકોને નિયત ભાવે વેચવાની વ્યવસ્થા કરવામાં આવે. આવા કેન્દ્ર સહકારી સંસ્થા દ્વારા અથવા તો શિક્ષિત બેરોજગાર દ્વારા ચલાવી શકાય. આ કેન્દ્રમાં ઘાસ ઉપરાંત દાણની વેચી શકાય એમ હોય તો ઘણું ઉપયોગી બની રહે.

(૩) આ વિસ્તારમાં શેરડી પુષ્કળ પ્રમાણમાં થાય છે. શેરડીના પાનનો ઉપયોગ પશુના ઘાસ તરીકે ઉપયોગ કરી શકાય. એવું સૂચવવામાં આવે છે કે કામરેજ લઘુ વિસ્તારમાં એક-બે શીતગાર કેન્દ્રો સ્થાપવામાં આવે જયાં ઘાસચારો તેમજ શેરડીના પાન સાચવી રાખવામાં આવે અને તંગીના સમયે આ જથ્થાનો ઉપયોગ કરવામાં આવે તો ઘાસચારાનો તેમજ શેરડીના પાનનો કરકરસથી ઉપયોગ થશે અને બગાડ અટકાવી શકાશે.

(૪) પશુઓને પોષણ માટે માત્ર ઘાસચારો પૂરતો નથી તેમજ તેની તંગી પણ રહેશે. આ સંજોગોમાં સ્થાનિક વનસ્પતિમાંથી પશુઆહાર બનાવી શકાય કે કેમ? તેની શકયતા તપાસી જવી જોઈએ. આ માટે કઈ વનસ્પતિ અનુકુળ છે તે શોધવું જ રહ્યું. કેટલાક વિસ્તારમાં ભેંસોને લીમડાના ડાળ નીરવામાં આવે છે. અને તે માફક આવે છે. તો અન્ય વૃક્ષોની ડાળ ખોરાકમાં આપી શકાય કે કેમ? તે પણ સ્થાનિક લોકોએ અનુભવના આધારે શોધવુ જોઈએ.

પશુની સારવાર બાબત :

પશુ પૂરતા પ્રમાણમાં દૂધ આપે તે માટે પૂરતા ખોરાક સાથે તેનું સ્વાસ્થ્ય જળવાઈ રહે એ ખુબજ જરુરી છે. હાલમાં પશુ દવાખાના અને પશુ એકમ દ્વારા સારવારની સેવા આપવામાં આવે છે. પશુ

સારવાર સેવા વધુ સંકલિત કરવી જોઈએ. આ માટે કેટલાક સૂચનો છે.

(૫) ગ્રામ આરોગ્ય રક્ષકની જેમ દરેક ગામદીઠ એક પશુ સારવાર કાર્યકર રાખવા જોઈએ જે ગામમાં પશુ માંદુ પડે ત્યારે પ્રાથમિક સારવાર આપી શકે અને આગળની સારવાર માટે માર્ગદર્શન આપી શકે. આવા કાર્યકરો તૈયાર કરવા માટે એક વર્ષની તાલીમ આપી શકાય જેમાં પશુસ્વાસ્થ્ય, પશુરોગ, અટકાવવાના ઉપાયો, સારવાર વગેરે પાસાઓ વણી શકાય. પશુદાકતર અને નિષ્ણાતો ધ્વારા આવી તાલીમ આપી શકાય. આવા તાલીમ પામેલા કાર્યકરો દરેક ગામદીઠ નીમવા જોઈએ અને તેમને માનદવેતન આપવું જોઈએ તેમજ પ્રાથમિક સારવાર માટે જરુરી દવાઓ આપવી જોઈએ. ટૂંકમાં હાલના તબક્કે ગ્રામ્ય આરોગ્ય કાર્યકર (CHW) કક્ષાના કાર્યકર તૈયાર કરી નિમવા માટે ખાસ ભલામણ કરવામાં આવે છે. આ તાલીમથી ગામના શિક્ષણ પામેલા બેરોજગાર યુવકને થોડી આવક મળી રહેશે.

(૬) આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ધ્વારા યોજવામાં આવતા કરતા તાલીમ વર્ગમાં પણ પશુદાકતરનું વ્યાખ્યાન અવશ્ય ગોઠવવું જોઈએ.આ સિવાય બહેનો માટે પશુ જાણવણી અને સારવાર વિષાયક શિબિરો પણ ગોઠવી શકાય. જેથી હળપતિઓ પરંપરાગત પશુપાલન નહિ પરંતુ આધુનિક અને વૈજ્ઞાનિક ધોરણે પશુપાલન કરતા થાય. તો જ તેમની આવકમાં નોંધપાત્ર વધારો કરી શકાશે.

પશુ માટે સગવડ :

હળપતિઓના ~~xxxxxx~~ ઘર ખૂબ સાંકડા હોવાથી પશુ રાખવાની ખૂબ જ અગવડ પડે છે, જયારે બહાર ખુલ્લામાં રાખવામાં પણ જોખમ સાથે અગવડતા પડે છે. તો પશુને આરામ મળી રહે અને સ્વચ્છતા જળવાઈ રહે એવી આરોગ્યપ્રદ પશુછાપરો બનાવવાનું વિચારી શકાય. ખાસ કરીને જેમની પાસે થોડી જમીન છે તેવા કુટુંબોને છાપરો બનાવી આપવી જોઈએ. આવી છાપરો સ્થાનિક વસ્તુઓનો ઉપયોગ કરીને બનાવવી જોઈએ.

પશુપાલન સંબંધિ અન્ય સૂચનો :

(૭) પશુના છાણનું કિંમતી છાણિયું ખાતર બની શકે છે. પરંતુ જગ્યાના

અભાવે હળપતિઓ નિયમિત રીતે ઉકરડા બનાવતા હોય એવું જાણમાં નથી. અલબત શામપુરા ગામમાં ૭ કુટુંબોએ છાણનો ઉપયોગ થાય એ માટે ગોબર ગેસ પ્લાન્ટ બનાવ્યા હતા. તો ગોબર ગેસ પ્લાન્ટની સંખ્યા વધારવી જોઈએ અને પોષાણક્ષમ કુટુંબો આ માટે આગળ આવે.

(૮) દૂધની ગુણવત્તા જાળવવા જરુરી પગલાં લેવાં જોઈએ નિયમિત આરોગ્ય ચકાસણી કરાવવી જોઈએ.

(૯) હળપતિઓ દૂધ ડેરીમાં ભરે એ પૂરતું નથી. પરંતુ દૂધની બનાવટો વિષે જાણકારી મેળવવી જોઈએ અને વધુ પશુ ધરાવતા કુટુંબો દૂધમાંથી દહીં, છાસ, ઘી, માખણ વગેરે બનાવે અને તેમના ખોરાકમાં ઉપયોગ કરે જેથી તેમનું આરોગ્ય પણ વધુ સારુ બને.

(૧૦) પશુમરણ પામે ત્યારે તેના નિકાલ માટે જરુરી વ્યવસ્થા હોવી જોઈએ.

(૧૧) મૃત પશુના હાડકાં, ચામડુ વગેરેનો ઉપયોગ થાય તે માટે મૃત પશુ ચીરવાનું કામ કરનારને આપવુ જોઈએ.

(૧૨) કામરેજ લઘુ વિસ્તારના કેટલાક ગામો આદિવાસી દૂધ ઉત્પાદક સહકારી મંડળી બનાવવાના પ્રયત્ન કરે છે. આદિવાસી દૂધ ઉત્પાદક સહકારી મંડળી ઉભી થાય એમાં કશું ખોટું તો નથી. પરંતુ જો ઉભેળા મંડળીને માઠી અસર થાય તો નવી મંડળી ઉભી કરવામાં જોખમ છે. આનાથી આ વિસ્તારમાં બીનજરુરી સ્પર્ધા થશે તેને પગલે પગલે બિનજરુરી ઘર્ષણો થશે. આના બદલે ઉભેળા વિભાગ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં હળપતિ ભાઈઓનું નિયત પ્રતિનિધિત્વ જળવાઈ રહે એ ખૂબ જરુરી છે.

(૧૩) ઉભેળા વિભાગ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની શાખાઓમાં નિયમિત દૂધ ભરતા પશુપાલકોને ડેરીના કાયમી સભાસદ બનાવવા માટે શેર આપવા જોઈએ.

(૧૪) દૂધ મંડળી અથવા શાખામાં દૂધ ભરનારને સામાન્ય ફેટના ધોરણે નાણાં ચૂકવવામાં આવે છે જેથી મિશ્રિત દૂધ ભરનારને ખરેખર નુકશાન

જાય છે. તો સંયુક્ત કેટ કાઢવાની પ્રથા બંધ કરીને વ્યક્તિગત ધોરણે કેટ કાઢવાની વ્યવસ્થા હોવી જોઈએ જેથી અન્યાય દૂર કરી શકાય.

(૧૫) દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ તેમને થતા નફામાંથી નિયત ભાગ કલ્યાણ પ્રવૃતિ માટે ખર્ચ કરી શકે છે. તો તેમના કલ્યાણ ફંડમાંથી માધ્યમિક શાળામાં ભણતા બાળકોને, ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને ઘણે અંશે મદદરૂપ બની શકે તેમ છે. તો આ દિશામાં મંડળીએ પ્રદાન આપવું જોઈએ.

મરઘાં ઉછેર :

પશુપાલન સાથે ખૂબ નજીકથી સંકળાયેલો વ્યવસાય મરઘાં ઉછેરનો છે. આ વ્યવસાય ઘણી સારી આવક આપી શકે તેમ છે. પરંત હાલમાં તો આ વ્યવસાય કઢંગી સ્થિતિમાં મુકાઈ ગયો છે. બધા વિસ્તારોમાં મરઘાં ઉછેર કેન્દ્રો બંધ પડતા જાય છે, તેથી કેન્દ્ર બાંધવાનો મોટો ખર્ચ એડે જાય છે. અને લાભાર્થીઓને ભાગ્યેજ લાભ થાય છે. આ વ્યવસાય માટે એવું સૂચવવામાં આવે છે કે આ યોજનામાં ધરમૂળથી ફેરફાર કરવો જોઈએ અને આ યોજના આર્થિક રીતે પોષાણક્ષમ નીવડે, ઈંડાનું ઉત્પાદન વધે, સાથે સાથે યોગ્ય ભાવ મળી રહે તો હળપતિ ભાઈઓ આ ધંધો અપનાવશે. હાલમાં આ વ્યવસાયનું માળખું બદલું જોઈએ તો જ આ વ્યવસાય ચાલશે. બંધ પડેલા કેન્દ્રો શરુ કરવાનું વિચારવું જોઈએ.

નવીન વ્યવસાયો :

હાલમાં ચાલતા અને શરુ કરી શકાય એવા બિન-તાંત્રિક અને તાંત્રિક વ્યવસાયો સંબંધિ સૂચનો આ પ્રમાણે છે.

બિનતાંત્રિક ઉદ્યોગ :

(૧) સુરત જિલ્લામાં આવેલા વાલોડ ગામમાં લિજ્જત પાપડનું કેન્દ્ર આવેલું છે. કેન્દ્રમાંથી ગામની બહેનો કાચોમાલ દરરોજ લાવે છે અને વણેલા પાપડ જમા કરાવે છે અને આ રીતે આવક મેળવે છે. આ સંસ્થાનો દિનપ્રતિદિન વિકાસ થઈ રહયો છે. આ સંસ્થા દ્વારા અથવા તો અન્ય સંસ્થા દ્વારા સહકારી ધોરણે પાપડ વગેરે બનાવવાનું કામ હળપતિ બહેનોને આપવામાં આવે તો તેમાંથી આવક મળશે.

(૨) ઉંડાણના ગામોમાં આવેલા વૃક્ષોના પાનમાંથી પડીયા-પતરાળા બનાવી શકાય. હવે શહેરોમાં અને ગામડામા સામાજિક પ્રસંગોએ પતરાળા-પડીયાનો ઉપયોગ ખૂબ બહોળા પ્રમાણમાં થતો હોવાથી માગ વધે છે.તો હળપતિ બહેનો અને રસ ધરાવતા ભાઈઓને પડીયા-પતરાળા બનાવવાની તાલીમ આપવામા આવે, સાથે સાથે લિજ્જત પાપડની જેમ કાચોમાલ એટલે કે પાન, સળી વગેરે આપવામાં આવે અને તૈયાર માલ ખરીદી, મજૂરી ચૂકવવામાં આવે તો ઘણી બહેનો આ કામ ધ્વારા આવક મેળવી શકશે.

(૩) મચ્છીમારીનો છાંગીયો/જાળ બનાવવા.

ખાસ કરીને મચ્છીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા કુટુંબો છોકીયો અને જાળ ગુંથવાનું કામ જાણે છે. બન્નેમા કૌશલ્યતા અને આવડત હોવી જરુરી છે. છોગીયો બનાવવાના માલસામાન માટે થોડું મૂડી રોકાણ કરવું પડે છે. એજ રીતે જાળ ગૂંથવાના કામમાં પણ મૂડીરોકાણ જરુરી છે. વળી આ રીતે તૈયાર થયેલ જાળ, છોગીયાના ઘરાક મળી રહે છે, એટલે બહાર વેચવા જવાનો પ્રશ્ન નથી. આ બન્ને બનાવટ ધ્વારા સારી કમાણી થઈ શકે છે. આ કામ જાણનારા લોકો આ વ્યવસાયમાં પધ્ધતિસર જોડાય અને ધંધાદારી ધોરણે કામ કરે તો નિયમિત આવક મળી શકે.

(૪) બીડીવાળવાનો ઉદ્યોગ :

કામરેજ લઘુ વિસ્તારના કેટલાક ગામોમા દા.ત. મોરથાણા, માં બીડી વાળવાનો વ્યવસાય ચાલે છે. આ વ્યવસાયના સંચાલકે મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે બીડીવાળવાના કામમાં ઘણા યુવાનોને તે કામ આપી શકે તેમ છે. વળી તેઓ પોતે બીડી ખરીદવા ખર્ચ કરે એના કરતાં હાથે, વાળેલી બીડીનો ઉપયોગ કરે તો ખર્ચમાં થોડો ઘટાડો પણ કરી શકાય અને બીડીવાળવાની મજૂરી ધ્વારા આવક મેળવી શકાય છે.

(૫) જરીકામ/

જરીકામ એક મહત્વનો ધંધો છે. તેમાં સારી આવક મળી શકે છે અને આ કામ મેળવવાની શકયતા ઉજવળ છે. ડુંગરા ગામમાં જરીકામ કરતા કુટુંબોની મુલાકાત લેતાં જાણી શકાયું છે કે હળપતિ ભાઈઓ અને બહેનો જરીકામ ખૂબજ કૌશલ્યતાથી કરી શકે છે. એવું

સૂચવવામાં આવે છે કે ડુંગરા ગામની જેમ અન્ય ગામના લોકો પણ આ કામ શીખે અને અપનાવે.

(૬) સિલાઈકામ અને ભરતગુંથણ :

સામાન્ય રીતે ગરીબ આદિવાસી કુટુંબો તૈયાર કપડાં પહેરવાનું પસંદ કરે છે કારણ કે સિલાઈ આપવાનું પોષાય તેમ નથી. તેમ છતાં જો સગવડ ઉભી થાય તો કપડાં સીવડાવનાર પણ મળી રહે. ખાસ કરીને શિક્ષણ પામેલા લોકો અવશ્ય સીવડાવે. આ ઉપરાંત ભરતગૂંથણમાં કૌશલ્યતા ધરાવતી બહેનો કલાત્મક ભરતના પડદા, થેલા, તોરણ વગેરે જેવી અનેક ચીજવસ્તુઓ બનાવી શકે. આવી વસ્તુઓ ગામના સારી આર્થિક સ્થિતિ ધરાવનાર કુટુંબો ખરીદશે એમાં શંકા નથી. જરુર જણાય તો સ્થાનિક અથવા અન્ય વેપારી પાસેથી જરીકામની જેમ ઉચક કામ મેળવવામાં આવે તો પણ તેમાથી ઠીક ઠીક આવક મળી રહેશે.

તાંત્રિક વ્યવસાયો :

(૧) વાહનચાલક/રીપેરીંગ કામ.

હળપતિઓ માટે આ એક નવું વિકસતું ક્ષેત્ર છે. કામરેજ લઘુ વિસ્તારના ગામોમાં ટ્રેકટર, ટ્રક, ટેમ્પા, મેટાડોર, મોટર સાયકલ, સ્કુટર વગેરે જેવા વાહનોની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહયો છે. વાહનોની સંખ્યા હોવા છતાં નજીકમાં વાહન રીપેરીંગ માટે કે પંકચર સંધાવવા માટે પણ કોઈ કારીગર કે દુકાન નથી. તેથી હળપતિ યુવાનો માટે આ વ્યવસાયની તક ઝડપી લેવા જેવી છે. દેલાડ ગામમાં તેમજ શામપુરા ગામમાં કેટલાક યુવાનોએ ચાલકની તાલીમ લીધી હતી. તેઓ હાલમાં ખેડૂતોના ટ્રેકટર ચલાવવાનું કામ કરે છે. તેમને માસિક રૂા. ૨૦૦/- આપવામાં આવે છે. પરંતુ ભવિષ્યમાં આ વ્યવસાયનો વધુ વિકાસ થશે એવી ઉજળી શકયતાઓ હોવાને કારણે હળપતિ યુવાનોને વાહનચાલક અને રીપેરરની સઘન તાલીમ આપવાનું સુચન કરવામાં આવે છે.

(૨) વાયરમેન/ઈલેકટ્રીશીયન.

કામરેજ લઘુ વિસ્તારના ગામોમાં વિદ્યુતીકરણ થયેલું છે તેથી ગામોમાં વિદ્યુતની સગવડ છે. પરંતુ નવી ઉભી થતી વસાહતોના

રહેઠાણમાં બધાને કનેકશન મળ્યા નથી.તેથી વાયરમેનની તેમજ ઈલેક્ટ્રીકલ સાધનો જેવા કે પંખા, ઈસ્ત્રી જેવા અનેક સાધનોનો ઉપયોગ થાય છે પરંતુ આવા સાધનોની મરામત માટે સગવડ નથી. તો આ વ્યવસાય પણ ઝડપી લેવો જોઈએ. તેમાંથી સારી આવક મળી રહેશે તેમજ આગળ પ્રગતિ કરવામાં મદદરૂપ થશે.

(૩) મોટર રીવાઈન્ડીંગ :

સિંચાઈ માટે વિજળીની મોટર વાપરવામાં આવે છે. હળપતિ ભાઈઓને મોટર રીવાઈન્ડીંગની તાલીમ આપવામાં આવે તો તેમને કામ મળી રહેશે.

(૪) પ્લમ્બીંગ કામ :

લઘુ વિસ્તારના ગામોમાં પીવાના પાણીની સગવડ છે. ગામમાં વારીગૃહ હોય છે. જ્યારે રહેઠાણમાં સ્વતંત્ર જોડાણ અથવા ફળિયામાં સ્ટેન્ડ પોસ્ટ હોય છે. આ બધાં કામ અને તેની મરામત કરનાર કારીગર વર્ગની ઉજળી શકયતા છે.તો આ વ્યવસાયની તાલીમ આપવામાં આવે તો ભવિષ્યમાં ઘણું ઉપયોગી થઈ પડશે. આ તાલીમ માટે સૂચન કરવામાં આવે છે.

(૫) સુથારીકામ/લુહારીકામ

લઘુ વિસ્તારના ગામોમાં સુથારીકામ અને લુહારીકામની ઉજળી શકયતાઓ છે. ખેડૂતોને હળ વગેરે બનાવવા/રીપેરીંગ માટે તેમજ ફર્નીચર બનાવી શકે એવા કારીગરની માંગ હોય છે. તેમને વર્ષ દરમિયાન કામ મળી રહેશે. આ બન્ને વ્યવસાયોની સઘન તાલીમ આપવાનું સૂચન કરવામાં આવે છે.

(૬) હીરાઘસવા :

સુરતમાં તેમજ જિલ્લાના ઉંડાણના ગામ સુધી હીરા ઘસવાનો ઉદ્યોગ દિનપ્રતિદિન વિકસી રહયો છે. સુરતમાં તો આ ધંધાનો એટલો તો વિકાસ થઈ રહયો છે કે ઉત્તર ગુજરાત અને કચ્છનું ભાગ્યેજ એવું ગામ હશે જેમાંની એકાદ વ્યકિત સુરતમાં હીરા ઘસવાનું કામ કરતી હોય. આ ધંધો વિકસતો જ રહેશે.જેથી ભવિષ્યમાં સારા કારીગરની માંગ રહેવાની છે. હળપતિ ભાઈઓ ઘણી મોટી સંખ્યામાં આ ધંધા સાથે સંકળાયેલા છે. હજુ વધુ હળપતિ યુવાનો આ વ્યવસાય-માં અભિરુચી ધરાવતા યુવાનોને એપ્રેન્ટીસ તરીકેની તાલીમ આપી

~~શકાય તેઓ~~

શકાય જેઓ પાછળથી સારા કારીગર બની શકે. આ વ્યવસાયમાં આવક સારી મળે છે. તેથી આ વ્યવસાયમાં જવાનું આકર્ષણ રહે છે.

વ્યવસાય સંબંધિ સામાન્ય સૂચનો :

(૧) હાલમાં વ્યવસાયિક તાલીમ આપવાનું માળખું પાયાથી બદલવું જોઈએ. તેમજ તાલીમ ધ્વારા તાલીમાર્થી ખરેખર કુશળ કારીગર બની શકે તે માટે વ્યવસ્થિત અને નિષ્ણાત અને અનુભવી વ્યકિતઓ ધ્વારા આપવી જોઈએ. માત્ર સૈધ્ધાંતિક નહિં પરંતુ પ્રેકટીકલ તાલીમ પણ પૂરેપૂરી આપવી જોઈએ.તોજ તાલીમાર્થીઓ આત્મ-વિશ્વાસ આવશે અને ભવિષ્યમાં તાલીમનો ઉપયોગ કરી શકશે.

ખાસ કરીને તાંત્રિક વ્યવસાયના તાલીમાર્થીઓને સઘન તાલીમ મળી રહે તેમજ પૂરતું પ્રેકટીકલ જ્ઞાન મળે એ માટે એવું સૂચવવામાં આવે છે કે પ્રથમ,ટૂંકાગાળાના અભ્યાસક્રમોમાં ફેરફાર કરીને ઓછામાં ઓછા એક વર્ષનો રાખવા જોઈએ. દરેક વ્યવસાયમાં પ્રેકટીકલ ફરજીયાત હોવું જોઈએ. એક વર્ષની તાલીમ માં બે મહિના માટે આ તાલીમાર્થીઓને જેતે વ્યવસાય સાથે સંકળાયેલા વિભાગમાં સીધી તાલીમ માટે લઈ જવા જોઈએ. દા.ત. ડ્રાઈવરની તાલીમ મેળવનારને કોઈપણ સરકારી કચેરીમાં ડ્રાઈવર સાથે રાખીને તેને પ્રત્યક્ષ તાલીમ આપવી જોઈએ. ઈલેકટ્રીશીયનની તાલીમ મેળવનારને ઈલેટ્રીકના સાધનો બનાવતા કારખાનામાં કે અન્ય સ્થળે મોકલવા જોઈએ તોજ તાલીમ સઘન બનશે અને તાલીમાર્થીઓ વિશ્વાસ સાથે બહાર આવતાં આગળ વધી શકશે.

(૨) તાલીમાર્થીને અન્ય વિદ્યાર્થીઓને મળવાપાત્ર તમામ પ્રકારના લાભો આપવા જોઈએ.

(૩) તાલીમાર્થીને વૃતિકાની ચૂકવણી નિયમસર થવી જોઈએ તેમજ જો સાધનો આપવાના હોય તો તાલીમના અંત ભાગમાંજ આપી દેવા જોઈએ.

(૪) આ વિસ્તારમાં ચાલતા સરકારી,પંચાયતના કામોમાં આવા તાલીમાર્થીઓ લાભ મેળવી શકે એમ હોય તો તેમને અગ્ર પસંદગી આપવી જોઈએ. દા.ત. એક ગામમાં સરકારી મકાન બન્યુ છે. તો તેના વાયરીંગનું કામ આવા તાલીમ પામેલા અને સક્ષમ હોય એવા યુવાનને આપવાનું વિચારી શકાય. બીજા વ્યવસાયમાં પણ આવું વિચારી શકાય.

## કામરેજ લઘુ વિસ્તારની ગામવાર વસતિ-૧૯૮૧

| ક્રમ | ગામ | કુલ વસતિ | | | અનુ.જાતિ | | અ.જ.જાતિ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | શેખપુર | ૧૦૫૦ | ૫૩૪ | ૫૧૬ | ૨૯ | ૨૧ | ૨૨૪ | ૨૩૩ |
| ૨. | અંતરોલી | ૬૮૭ | ૩૩૧ | ૩૫૬ | ૧૪ | ૩૫ | ૧૯૪ | ૧૯૭ |
| ૩. | ધોરણ | ૪૮૪ | ૨૩૭ | ૨૪૭ | ૧ | ૧ | ૧૩૮ | ૧૫૨ |
| ૪. | આખાખોલ | ૩૪૪ | ૧૭૬ | ૧૬૮ | ૧ | - | ૧૬૧ | ૧૫૩ |
| ૫. | કરજણ | ૧૮૮૩ | ૯૪૨ | ૯૪૧ | ૬૩ | ૫૧ | ૪૩૬ | ૪૬૦ |
| ૬. | જોઓર | ૧૮૦ | ૮૯ | ૯૧ | ૧૨ | ૧૪ | ૧૦ | ૫૪ |
| ૭. | ખોલવર | ૧૦૫૫ | ૫૨૮ | ૫૨૭ | ૬૪ | ૫૭ | ૨૫૬ | ૨૪૬ |
| ૮. | વેલંજા | ૧૪૮૦ | ૭૩૨ | ૭૪૮ | ૩૬ | ૪૧ | ૩૮૫ | ૩૭૮ |
| ૯. | આંબામા | ૧૬૧૬ | ૮૩૯ | ૭૭૭ | ૪૨ | ૪૦ | ૪૦૩ | ૩૫૭ |
| ૧૦. | દેલોદ | ૧૮૪૯ | ૯૩૮ | ૯૧૧ | ૧૨ | ૧૧ | ૬૮૭ | ૬૭૦ |
| ૧૧. | નનસાડ | ૧૮૨૭ | ૯૦૯ | ૯૧૮ | ૮ | ૧૧ | ૬૯૨ | ૬૯૬ |
| ૧૨. | ધાતવા | ૮૫૦ | ૪૨૫ | ૪૨૫ | ૧૪ | ૧૬ | ૨૫૭ | ૨૬૪ |
| ૧૩. | માછી | ૩૧૬ | ૧૫૦ | ૧૬૬ | ૨૩ | ૨૬ | ૧૧૪ | ૧૩૦ |
| ૧૪. | ટીંબા | ૨૧૮૧ | ૧૧૫૭ | ૧૦૨૪ | ૬૪ | ૭૨ | ૭૫૨ | ૬૫૦ |
| ૧૫. | શામપુરા | ૨૪૪૯ | ૧૨૪૮ | ૧૨૦૧ | ૭૧ | ૬૨ | ૬૬૨ | ૬૪૩ |
| ૧૬. | દેલાડ | ૧૦૪૦ | ૫૭૪ | ૫૬૬ | ૧૧૦ | ૨૫૩ | ૨૫૩ | ૨૩૭ |
| ૧૭. | જાત ભરથાણા | ૩૯૧ | ૨૦૫ | ૧૮૬ | - | - | ૧૨૩ | ૧૧૬ |
| ૧૮. | ધારુઠા | ૫૨૬ | ૨૭૦ | ૨૫૬ | ૩૮ | ૩૫ | ૧૨૭ | ૧૧૪ |
| ૧૯. | સોમાડી | ૭૨૭ | ૩૬૩ | ૩૬૪ | ૩૫ | ૫૭ | ૧૭૨ | ૧૫૨ |
| ૨૦. | સરથાણા | ૧૭૫ | ૮૬ | ૮૯ | ૫ | ૪ | ૬૧ | ૫૯ |
| ૨૧. | પાસોદરા | ૭૬૭ | ૩૯૨ | ૩૭૫ | ૪ | ૭ | ૨૩૭ | ૨૨૨ |
| ૨૨. | ખડસદ | ૨૭૭ | ૧૪૨ | ૧૩૫ | - | - | ૯૯ | ૮૭ |
| ૨૩. | કોસમાડી | ૧૩૪૨ | ૬૭૩ | ૬૬૯ | ૩૩ | ૫૪ | ૪૨૨ | ૪૦૬ |
| ૨૪. | મોરથાણા | ૧૩૫૪ | ૬૬૦ | ૬૯૪ | ૬૭ | ૮૯ | ૨૮૮ | ૨૯૦ |
| ૨૫. | સેગવા | ૮૧૪ | ૪૩૨ | ૩૮૨ | ૧૧ | ૮ | ૨૨૨ | ૧૬૭ |

..૨..

| ક્રમ ગામ | કુલ વસતિ | | | અનુ.જાતિ | | અ.જ.જાતિ | |
|---|---|---|---|---|---|---|---|
| | કુલ | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૨૬. સેવણી | ૪૦૧૩ | ૨૦૧૭ | ૧૯૯૬ | ૫૪ | ૫૬ | ૧૨૪૩ | ૧૨૩૦ |
| ૨૭. દેથલી | ૧૭૨ | ૯૦ | ૮૨ | - | - | ૮૮ | ૮૦ |
| ૨૮. કુંઢવાડા | ૪૧૩ | ૨૦૮ | ૨૦૫ | ૨ | ૩ | ૧૩૩ | ૧૨૭ |
| ૨૯. નગોદ | ૧૨૦૬ | ૬૦૬ | ૬૦૦ | ૫૦ | ૪૦ | ૩૫૭ | ૩૪૪ |
| ૩૦. ચીખલી | ૧૧૮૨ | ૫૯૦ | ૫૯૨ | ૧૫ | ૧૩ | ૧૫૯ | ૨૮૬ |
| ૩૧. ડુંગરા | ૯૪૬ | ૫૯૦ | ૫૯૨ | ૧૫ | ૧૩ | ૧૫૯ | ૨૮૬ |
| ૩૨. ખાનપુર | ૮૭૨ | ૪૩૯ | ૪૩૩ | ૨૭ | ૩૬ | ૧૯૬ | ૧૮૧ |
| ૩૩. મીરાપુર | ૨૧૧ | ૧૧૬ | ૯૫ | - | - | ૪૯ | ૪૩ |
| ૩૪. વાંસદારૂઢી | ૬૩૧ | ૩૦૭ | ૩૨૪ | ૪ | ૫ | ૧૬૭ | ૧૬૯ |
| ૩૫. પાલી | ૧૦૪૫ | ૫૨૫ | ૫૨૦ | ૧૮ | ૨૫ | ૨૬૯ | ૨૪૫ |
| ૩૬. ઝુડુરા | ૪૦૨ | ૧૯૯ | ૨૦૩ | ૧૦ | ૧૪ | ૮૩ | ૯૪ |
| ૩૭. વલણ | ૧૦૪૯ | ૫૧૮ | ૫૩૧ | ૩૦ | ૩૫ | ૨૬૧ | ૨૬૭ |
| ૩૮. માંકણા | ૧૧૩૭ | ૫૫૪ | ૫૮૩ | ૭૬ | ૮૦ | ૨૧૭ | ૨૪૬ |
| ૩૯. વલથાણ | ૭૦૮ | ૩૪૮ | ૩૬૦ | ૭ | ૧૦ | ૨૦૭ | ૨૧૫ |
| ૪૦. છેડછા | ૧૯૦ | ૯૮ | ૯૨ | ૨ | ૨ | ૪૬ | ૫૦ |
| ૪૧. ઓવિયાણ | ૪૩૬ | ૨૧૨ | ૨૨૪ | ૨૩ | ૧૮ | ૧૩૩ | ૧૪૮ |
| ૪૨. ઉભેળ | ૩૫૬૮ | ૧૮૧૭ | ૧૭૫૧ | ૧૨૪ | ૧૨૦ | ૮૦૬ | ૮૦૧ |
| ૪૩. પરબ | ૧૪૪૪ | ૭૪૪ | ૭૦૦ | ૩૦ | ૩૦ | ૪૧૯ | ૩૯૬ |

પરિશિષ્ટ : ૨

## આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪

### આદિવાસી પોકેટ વિસ્તારમાં માળખાકીય સગવડોની માહિતી :

૧. પોકેટ વિસ્તારનું નામ :

૨. આદિવાસી પેટા યોજના :

૩. આ પોકેટ વિસ્તારનાં ગામોની સંખ્યા :

૪. પોકેટનાં ગામોમાં કુલ આદિવાસી વસ્તી :

૫. પોકેટ વિસ્તારમાં વસતી આદિવાસી જાતિઓનાં નામ:

૬. પોકેટનાં ગામોમાં વસતી અન્ય જાતિઓ :

૭. પોકેટનાં ગામોમાં પ્રાથમિક સુવિધાઓ

| | હા | ના | કુલ |
|---|---|---|---|
| ૧. વીજળી | | | |
| ૨. પાણી પૂરવઠો | | | |
| ૩. વાહન વ્યવહાર | | | |
| ૪. ટપાલ અને તાર | | | |
| ૫. આરોગ્ય કેન્દ્ર/એકમ | | | |
| ૬. શૈક્ષણિક (પ્રાથમિક) | | | |
| ૭. '' (માધ્યમિક) | | | |
| ૮. '' (ઉ.મા/કોલેજ) | | | |

૮. પોકેટના ગામોમાં લેવાતા મુખ્ય પાક/ગૌણ પાક

૯. પોકેટનાં ગામોમાં સિંચાઈનો સગવડ

૧. કૂવા

૨. વિદ્યુત મોટર

૩. નહેર

૪. પંપ

૫. અન્ય

૧૫. પોકેટના ગામોમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ શિક્ષણ અને તાંત્રિક શિક્ષણ પામેલાની સંખ્યા.

પ્રાથમિક

માધ્યમિક

ઉચ્ચ માધ્યમિક

કોલેજ

ટેકનીકલ

૧૬. પોકેટના ગામમાં આશ્રમશાળાઓની સંખ્યા

૧૭. પોકેટ વિસ્તારના માહિતીપત્રમાં દર્શાવેલા જુદા જુદા વ્યવસાયોમાં રોકાયેલા આદિવાસીઓની અંદાજિત સંખ્યા

૧૮. પોકેટના ગામોમાં સ્વતંત્ર ધંધા ઉદ્યોગ હોય તો તેમની માહિતી

૧૯. પોકેટનાં ગામોમાંથી આદિવાસી યુવકો પરદેશમાં નોકરી કરવા ગયા છે?

ત્યાં શું કામ કરે છે?

કેટલીક આવક મેળવે છે?

નોંધ : ઉપરોક્ત દર્શાવેલ માહિતીના નોંધ પોકેટ વિસ્તારમાં આવતાં સમગ્ર ગામોની લેવાની છે.

૧૦. પૉકેટના ગામોમાં ચાલતા જુદા જુદા ગૃહોદ્યોગોની માહિતી

૧. માટીકામ હા / ના

૨. સુથારીકામ હા / ના

૩. લુહારીકામ હા / ના

૪. બીડી વાળવી હા / ના

૫. અન્ય હા / ના

૧૧. પૉકેટ વિસ્તારમાં ચાલતા લઘુ ઉદ્યોગો

૧. હીરા ઘસવા સંખ્યા

૨. ઘંટી / હલર

૩. છાપકામ

૪. જીનીંગ અને પ્રોસેસીંગ

૫. ક્વોરી / પથ્થરકામ

૬. વાહન/સાધનોની મરામત

૧૨. પૉકેટ વિસ્તારમાં પશુપાલન વ્યવસાયો

૧. મરઘાં ઉછેર

૨. બકરા / ઘેટાં ઉછેર

૩. ડેરી ઉદ્યોગ / દૂધની બનાવટો

૪. પશુઆહાર

૧૩. પૉકેટનાં ગામોમાં મજૂરી

૧. ખેતમજૂરી

૨. છૂટક મજૂરી

૩. કારખાના/ઉદ્યોગમાં મજૂરી

૧૪. પૉકેટના ગામોમાં આદિવાસી કલ્યાણ અને વિકાસ કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓનાં નામ અને કાર્યક્રમ.

## પરિશિષ્ટ : ૩

### આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪

### ગામપત્રક

### ગામની સામાન્ય માહિતી દર્શાવતું પત્રક

૧. ગામ :

૨. સામાન્ય માહિતી :

| અનુ.નં. | વિગત | નામ | અંતર કિ.મી. | વિ.નોંધ |
|---|---|---|---|---|
| ૧. | જિલ્લાનું મથક | | | |
| ૨. | તાલુકાનું મથક | | | |
| ૩. | ગામનો વિસ્તાર | | | |
| ૪. | રેલ્વે સ્ટેશન | | | |
| ૫. | બસ સ્ટેશન | | | |
| ૬. | શહેરી-અર્ધ શહેરી વિસ્તાર | | | |
| ૭. | હાઈવે-સ્ટેટ હાઈવે | | | |
| ૮. | પોસ્ટ/ટેલીગ્રાફ ઓફીસ | | | |
| ૯. | વેચાણનું બજાર | | | |
| ૧૦. | અઠવાડિક બજાર | | | |
| ૧૧. | ઘંટી / હલર | | | |
| ૧૨. | સહકારી મંડળી(પ્રકાર જણાવો) | | | |
| ૧૩. | મંડળીમાં આદિવાસી સભાસદ/હોદ્દેદારોની સંખ્યા | | | |
| ૧૪. | દવાખાનું : સરકારી/ખાનગી | | | |
| ૧૫. | યુકતાહાર કેન્દ્ર | | | |
| ૧૬. | શૈક્ષણિક સંસ્થા : પ્રકાર જણાવો | | | |
| ૧૭. | પંચાયત : પ્રકાર જણાવો | | | તેમાં આદિવાસીઓની સંખ્યા |
| ૧૮. | ગામની સરહદે આવેલાં ગામો | | | |

૩. વસ્તી :

અ. કુલ

| ક્રમ | વસ્તી | વર્ણ |
|---|---|---|
| ૧. પુરુષ | | |
| ૨. સ્ત્રી | | |
| કુલ | | |

બ. જાતિવાર વસ્તી

| ક્રમ | જાતિ | ઘરોની સંખ્યા | કુલ વસ્તી |
|---|---|---|---|
| કુલ | | | |

ક. અક્ષરજ્ઞાન

| ક્રમ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૧. શિક્ષિત | | | |
| ૨. અશિક્ષિત | | | |
| કુલ | | | |

૩. (ડ) વસ્તીનું ધંધા પ્રમાણ વર્ગીકરણ

| ક્રમ | ધંધા પ્રમાણે વર્ગીકરણ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ખેતી | | | |
| ૨. | ખેતમજૂરી | | | |
| ૩. | પશુપાલન, જંગલકામ, મત્સ્ય ઉદ્યોગ, પ્લાન્ટેશન વગેરે | | | |
| ૪. | ખનીજ અને ખાણકામ | | | |
| ૫. | ઉત્પાદન પ્રક્રિયા સર્વીસીસ અને સમારકામ | | | |
| | ૧. ગૃહોદ્યોગ | | | |
| | ૨. ગૃહોદ્યોગ સિવાય | | | |
| ૬. | બાંધકામ | | | |
| ૭. | વેપાર-વાણિજ્ય | | | |
| ૮. | વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહાર | | | |
| ૯. | અન્ય સેવાઓ | | | |
| | કામ કરનારાઓ | | | |
| | કામ નહિ કરનારાઓ | | | |
| | કુલ | | | |

નં. ૩ (ડ)ની વિગત સેન્સસમાંથી મેળવવાની છે.

શાળાની માહિતી (ધોરણવાર)

| ધોરણ | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|

આદિવાસી

| ધોરણ | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|

૪. જમીનનો વપરાશ (એકરમાં)

| ક્રમ | વિગત | એકર |
|---|---|---|
| ૧. | ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર | |
| ૨. | જંગલ - સરકારી / ખાનગી | |
| ૩. | ખેડવા યોગ્ય પડતર જમીન | |
| ૪. | ગૌચર અને ઘાસની જમીન | |
| ૫. | અન્ય | |
| ૬. | એક કરતાં વધુ વખત ખેડાણ હેઠળ આવેલ જમીન | |
| ૭. | ચાલુ પડતર | |
| ૮. | ચોખ્ખી ખેડાણ હેઠળ જમીન | |
| ૯. | કુલ પાક નીચેનો વિસ્તાર | |
| ૧૦. | પિયત હેઠળનો વિસ્તાર | |
| | કુલ | |
| ૧૧. | અન્ય સાધનો( ) | |

(૫) પાકનું માળખું (એકરમાં)

| ક્રમ | પાક | ચોમાસુ | | શિયાળુ | | ઉનાળુ | |
|---|---|---|---|---|---|---|---|
| | | પિયત | બિન પિયત | પિયત | બિન-પિયત | પિયત | બિન-પિયત |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |

૬. જમીનનું કદ (એકરમાં)

| જમીનનું કદ(એકરમાં) | કુલ ખાતેદારો | વિસ્તાર |
|---|---|---|
| ૧-૩ | | |
| ૩-૫ | | |
| ૫-૧૦ | | |
| ૧૦-૧૫ | | |
| ૧૫-૨૫ | | |
| ૨૫-૫૦ | | |
| ૫૧ અને તે કરતાં વધુ | | |
| કુલ | | |

૭. સાધન પ્રમાણે સિંચાઈ હેઠળનો વિસ્તાર

| ક્રમ | સાધનો | વિસ્તાર(એકરમાં) |
|---|---|---|
| ૧. | સરકારી નહેર | |
| ૨. | ખાનગી નહેર | |
| ૩. | તળાવ | |
| ૪. | કૂવાઓ | |
| ૫. | પાતાળ કૂવાઓ | |
| ૬. | અન્ય સાધનો | |
| ૭. | કુલ સિંચિત વિસ્તાર (ચોખ્ખો) | |
| ૮. | એક કરતાં વધુ વખતનો સિંચિત વિસ્તાર | |
| ૯. | ચોખ્ખો સિંચિત વિસ્તાર | |

૮. સહકારી મંડળીઓ

| ક્રમ | મંડળીનો પ્રકાર | રજીસ્ટ્રેશન વર્ષ | કેટલા ગામોને આવરી લે છે. | મુખ્ય કાર્ય | સભાસદો | શેર મૂડી | કાર્યકારી મૂડી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |

૮.૧ સહકારી ધિરાણ મંડળી

કુલ ખાતેદારો

૧. કુલ સભાસદો

(૧) આદિવાસી

(૨) બિનઆદિવાસી

૨. લોન લેનાર

(૧) આદિવાસી

(૨) બિનઆદિવાસી

૩. વર્ષની શરુઆતમાં કુલ બાકી લહેણું

૪. વર્ષ દરમ્યાન ધિરાણ(રુપિયામાં)

૫. વર્ષ દરમિયાન કેરચૂકવણી

૬. વર્ષના અંતમા બાકી લહેણું

૭. લાંબા સમયનું લહેણું (રુપિયામા)

:::::

## પરિશિષ્ટ : ૪

ક્ષેત્રકાર્ય દરમિયાન મુલાકાત લીધેલ મહાનુભાવોની વિગત.

પદાધિકારી :

| ક્રમ | વ્યકિત/સંસ્થાનું નામ અને હોદ્દો | નોંધ (કાર્ય) |
|---|---|---|
| ૧. | શ્રી સી.એન. ઠાકર - તાલુકા વિકાસ અધિકારી | ક્ષેત્રકાર્ય ગોઠવણી આયોજન |
| ૨. | શ્રી શેખ - આંકડા મદદનીશ | ગામોની પસંદગી ક્ષેત્રકાર્ય |
| ૩. | શ્રી બાબુભાઈ પટેલ - સમાજ કલ્યાણ નિરિક્ષક | ક્ષેત્રકાર્ય આયોજન |
| ૪. | શ્રી પુનમભાઈ સોલંકી - વિસ્તરણ અધિકારી સહકાર | સહકારી પ્રવૃતિની વિગતો, આયોજન |
| ૫. | શ્રી બાલુભાઈ પટેલ - તલાટી-કમ-મંત્રી-વેલંજા | આયોજન, આંકડાકીય માહિતી |
| ૬. | શ્રી અંબુભાઈ પરમાર - " " દેલાડ | " " |
| ૭. | શ્રી રાઠોડ " " મોરથાણા | " " |
| ૮. | શ્રી દલપતભાઈ " " શામપુરા | " " |
| ૯. | શ્રી શાંતિલાલ પટેલ - સરપંચશ્રી - વેલંજા | આયોજન |
| ૧૦. | શ્રી ચીમનભાઈ રાઠોડ " દેલાડ | " |
| ૧૧. | શ્રી પટેલ " મોરથાણા | " |
| ૧૨. | શ્રી રાઠોડ " ડુંગરા | " |
| ૧૩. | શ્રી યુસુફભાઈ કારા - પ્રમુખ, તાલુકા પંચાયત કચેરી | " |
| ૧૪. | શ્રી નારણભાઈ રાઠોડ- ધારાસભ્યશ્રી-કામરેજ | " |
| ૧૫. | શ્રી છાણાભાઈ રાઠોડ - ~~ધારાસભ્યશ્રી~~ સામાજિક કાર્યકર, (ખેત-વિકાસ પરિષદ) | શિક્ષણ, રોજગારી આયોજન |
| ૧૬. | શ્રી ધનજીભાઈ રાઠોડ -માજીધારાસભ્ય, ખેડૂત | " |
| ૧૭. | શ્રીમતી ડાહીબેન રાઠોડ- માજીધારાસભ્ય, અધ્યક્ષા સામાજિક ન્યાય સમિતિ | શિક્ષણ, રોજગારી આયોજન |
| ૧૮. | શ્રી ભુલાભાઈ રાઠોડ- માજી તાલુકા પંચાયત, મોરથાણા | આયોજન |
| ૧૯. | શ્રી પરેશ પટેલ (રાઠોડ)-ખેત વિકાસ પરિષદ | શિક્ષણ-આયોજન |
| ૨૦. | શ્રી ઈશ્વરભાઈ પટેલ - આચાર્યશ્રી ઉ.બુ.આ.શા. તા.નવસારી | " " |

~~૨૧.~~

..૨..

| ક્રમ | વ્યક્તિ/સંસ્થાનું નામ અને હોદ્દો | નોંધ |
|---|---|---|
| ૨૧. | શ્રી ભાણાભાઈ કાછીયા – આચાર્યશ્રી ઉ.બુ.આ.શા. ટીંબા | આયોજન |
| ૨૨. | શ્રી બાલુભાઈ પટેલ – ખેતી શિક્ષક, ઉ.બુ.આ.શા. ટીંબા | '' |
| ૨૩. | શ્રી ગોવિંદભાઈ રાઠોડ– પ્રાથમિક શાળાના શિક્ષક | શિક્ષણ |
| ૨૪. | શ્રી નારણભાઈ પટેલ– ઉ.બુ.આ.શા.ના સ્થાપક ટીંબા | '' |
| ૨૫. | શ્રી વનમાળીભાઈ પટેલ – મુખ્ય શિક્ષક, પ્રાથમિકશાળા | '' |
| ૨૬. | શ્રી રાઠોડ '' '' શામણરા | '' |
| ૨૭. | શ્રી બાલુભાઈ પટેલ '' '' દેલાડ | '' |
| ૨૮. | શ્રી મગનભાઈ વસાવા–ડ્રાઈવર એસ.ટી. સામાજિક કાર્યકર, બેડીજા | શિક્ષણ આયોજન |
| ૨૯. | શ્રીમતી સવિતાબેન રાઠોડ – આચાર્યશ્રી, ઉ.બુ.આ.શા ડુંગરા | '' |
| ૩૦. | શ્રી રમણભાઈ રાઠોડ – શિક્ષક ઉ.બુ.આ.શા. ડુંગરા | '' |
| ૩૧. | શ્રી ફકીરભાઈ વસાવા– મંત્રીશ્રી ડુંગરા વિભાગ આદિવાસી દૂધ ઉત્પાદક સહકારી મંડળી, ડુંગરા | આયોજન |
| ૩૨. | શ્રી રાઠોડ શનાભાઈ–પ્રમુખ '' '' | '' |
| ૩૩. | શ્રીમતી કંચનબેન પટેલ – શિક્ષિકા ઉ.બુ.આ.શા. ટીંબા | '' |
| ૩૪. | શ્રી ચમનભાઈ પટેલ – ખેત વિકાસ પરિષદ, સામાજિક કાર્યકર | '' |
| ૩૫. | શ્રી શંકરભાઈ પટેલ – '' '' | '' |
| ૩૬. | શ્રી જયંતિભાઈ રાઠોડ– ગ્રામ પંચાયત સભ્ય | શિક્ષણ–આયોજન |
| ૩૭. | શ્રી સુકાભાઈ કરસનભાઈ રાઠોડ – સરપંચશ્રી | |
| ૩૮. | શ્રી બુધુભાઈ ચીમનભાઈ રાઠોડ–સામાજિક કાર્યકર, દેલાડ | '' '' |